# ધર્મ કૌશલ્ય



લેખક:-

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા 'મૌક્તિક'

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નં. ૯૬
સલોત ફૂલચંદ ત્રિકમભાઈ ગ્રંથમાળા પુષ્પ બીજું

# ધર્મ કૌશલ્ય

: લેખક :
સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

મૂલ્ય : રૂા. ૧.૭૫

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પ્રથમાવૃત્તિ સં. ૨૦૧૫
આત્મ સંવત ૬૪

: મુદ્રક :
હારલાલ દેવચંદ શેઠ
આનંદ પ્રિ. પ્રેસ
ભાવનગર



न्यायाम्भोनिधि जैनाचार्य १००८ श्रीमद्विजयानंदसूरीश्वर
“आत्माराम”जी महाराज

THE LAXMI ART—BHAVNAGAR.

## શ્રીયુત જગજીવનદાસ ફૂલચંદનો

# જીવન પરિચય

દીર્ઘ ગવેષણા, ઊંડું તત્ત્વચિંતન, આપમેળે આગળ વધવાનું નિશ્ચય બળ, સહૃદયતા, સાદાઈ અને ધાર્મિક ભાવનાથી પોતાના જીવનને ધન્ય બનાવી ગયેલ શેઠ જગજીવનદાસ ફૂલચંદ સલોત ભાવનગર શહેરના એક આગેવાન વેપારી હતા અને સંઘના એક અગ્રગણ્ય ગૃહસ્થ હતા.

તેઓશ્રીનો જન્મ સં. ૧૯૩૪માં ભાવનગર મુકામે વિસાશ્રીમાળી જ્ઞાતિના આગેવાન ગૃહસ્થ શેઠ ફૂલચંદ ત્રિકમને ત્યાં થયો હતો.

જરૂરી અભ્યાસ કરી તેઓશ્રી વ્યાપાર-વ્યવસાયમાં જોડાયા ત્યારે સંયોગો સામાન્ય હતા, પરંતુ સાહસવૃત્તિ અને કાર્યકુશળતાથી તેઓશ્રી ધીમે ધીમે આગળ વધ્યા અને આપબળે તેઓશ્રીએ સારા પ્રમાણમાં લક્ષ્મી પ્રાપ્ત કરી, અને એક પ્રતિષ્ઠિત વેપારી તરીકેની સુવાસ સૌરાષ્ટ્રભરમાં ફેલાવી.

તેમના વ્યાપાર-વ્યવસાયમાં એક ખાસ વિશિષ્ટતા એ હતી કે તેઓ પોતાની દુકાનના પરિવાર તરફ હંમેશા વાત્સલ્યભરી મીઠી નજર રાખતા, અને પોતાના કુટુંબના સ્વજનોની જેમ સૌને પોતાના

માનોને સાચવતા. દુકાનનો પરિવાર પણ એકનિષ્ઠ અને એટલો જ વફાદાર રહેતો. પરસ્પરમાં પ્રેમ-ભાવભર્યું આ દર્શન મીઠા સ્મરણોથી ભરપૂર રહેતું અને હંમેશા સુંદર લાગતું.

વ્યાપારક્ષેત્રે આ રીતે જેમ તેઓશ્રીએ પ્રગતિ સાધી તેમ જીવનનું સંસ્કાર-ધન પણ બીજી બાજુ વધતું જ આવતું હતું.

• બાળપણથી જ તેઓશ્રીનું જીવન ધાર્મિક સંસ્કારોથી રંગાએલ હતું. અને કુદરતી રીતે એ સમયના ભાવનગરના અગ્રગણ્ય વિદ્વાન પુરુષો શેઠ ઝવેરભાઈ ભાઈચંદ, વોરા અમરચંદ જસરાજ, શેઠ કુંવરજી આણંદજી, વકીલ મૂલચંદ નથુભાઈ, શેઠ ફતેહચંદ ઝવેરભાઈ વિગેરેનો સમાગમ તેઓશ્રીને મળતો રહેતો, એટલે આ સમાગમથી તેઓશ્રીની તત્ત્વજ્ઞાનપિપાસા વધતી આવી. ભાવનગર પધારતા ગુરુદેવોની સાથે જિજ્ઞાસુભાવે જ્ઞાનવિનિમય કરવાની તક જેમ જેમ મળતી ગઈ તેમ તેમ એ તકનો લાભ લઈ જ્ઞાનચર્ચામાં તેઓ જીવનનો આનંદ માનતા હતા.

એકધ્યાનથી હંમેશા પ્રભુ-ભક્તિ, ગુરુભક્તિ કરવી અને હંમેશા એક સામાયિક કરી તે પ્રસંગે જ્ઞાન-સંપાદન કરવાનો તેઓશ્રીનો નિયમ હતો. શ્રીયુત ફતેહચંદભાઈ સાથે તત્ત્વાર્થની ટીકા વગેરે તત્ત્વ-સાહિત્ય વાંચતા અને તેના ઉપર ચર્ચા કરતા. પરિણામે તેઓશ્રી પંચ પ્રતિક્રમણ, જીવ-વિચાર, નવતત્વ, દંડક આદિ પ્રકરણો અને અન્ય તત્વગ્રંથોનો સારો અભ્યાસ કરી શક્યા હતા, અને તીર્થ-ભક્તિને અંગે તેઓ દર પુનમે સિદ્ધગિરિની યાત્રા નિયમિત કરતા અને ગુરુ-ભક્તિ કરવાનો મૂંગો લાભ પણ મેળવતાં. આ રીતે તેઓશ્રીનું જીવન ધાર્મિક સંસ્કારોથી ભર્યું હતું તેમ તેઓશ્રીની જ્ઞાન-પિપાસા પણ ઉચ્ચ પ્રકારની હતી.

આ સભાના તેઓ સ્તંભ સમા હતા, તેમના મિત્રો શ્રી વલ્લભદાસભાઈ ગાંધી, શ્રી ગુલાબચંદભાઈ આણંદજી, શ્રી ફતેહચંદભાઈ વગેરે



શેઠશ્રી જગજીવનદાસ પુલચંદ સલોત.

જન્મ સં. ૧૯૩૪ સ્વર્ગવાસ સંવત ૨૦૦૨

સાથે તેઓ સભાના હિતાહિતની વાતો કરવા બેસતા, સભાની કાંઈ ગુંચ હોય તો પોતાની વ્યવહારબુદ્ધિથી તેનો ઉકેલ લાવતા અને સભાના ઉત્કર્ષમાં પોતાનાથી બનતો ભોગ આપતા. આ સભા ઉપરના પ્રેમને અંગે જ તેઓશ્રીએ રૂપિયા એક હજાર જ્ઞાન-વૃદ્ધિ માટે આપી, પોતાના પિતાશ્રી ફુલચંદ ત્રિકમના નામે સાહિત્ય-સીરીઝ શરૂ કરાવી હતી.

તેઓશ્રીની વિચારસરણી હંમેશા આધ્યાત્મિક ભાવનાથી ભરપૂર હતી. અને જગતની સાચી ઉન્નતિ આધ્યાત્મિક ભાવથી જ થવાની છે, તેમ તેઓ દૃઢપણે માનતા, કોઈ વખત કોઈ વ્યક્તિ એમને કહેતી કે આજે વિજ્ઞાન વિકસી રહ્યું છે, એન્જીન વગેરે સાધનો શોધાઈ રહ્યા છે અને જગત ઉન્નતિના પંથે છે ત્યારે તેના જવાબમાં તેઓ કહેતા કે આજનું વિજ્ઞાન જે આકાર લેતું આવે છે તેમાં જગતની ઉન્નતિ નથી, એ તો ભૌકિતકવાદ છે તેમાં આપણી ઉન્નતિ ન સંભવે. આપણી સાચી ઉન્નતિ આધ્યાત્મિકવાદમાં છે. જ્યાં સુધી આપણે સાચો આધ્યાત્મિકવાદ નહિ કેળવીએ ત્યાં સુધી સાચું સુખ, સાચી શાન્તિ જગત નહી અનુભવી શકે. ઘણા લાંબા સમય પહેલાં દીર્ઘદ્રષ્ટિથી ઉચ્ચારાએલ આ સત્ય આજે આપણે અનુભવીએ છીએ.

આ આધ્યાત્મિક પ્રેમ તેઓશ્રીના જીવનમાં પણ પરિણમ્યો હતો, તેમની નમ્રતા, સાદાઈ, સંયમ નિરભિમાનતા, મૂક સેવાભાવના, પારકાનું ભલું કરવાની વૃત્તિ સંયમ વગેરે ગુણો તેના પ્રતીક સમાન હતા.

આપબળે તેઓશ્રીએ લક્ષ્મી પ્રાપ્ત કરી, તેમ તેનો સદ્વ્યય પણ તેઓ કરતા ગયા. સામાન્ય રીતે તેઓ કીર્તિદાનમાં ખાસ રસ ધરાવતા ન હતા. અને હંમેશા દીન-દુઃખી કુટુંબને ગુપ્ત મદદ કરવામાં તેમને રસ વધારે હતો, એટલે તેમની સખાવતની યશગાથા લોકજીભે ઓછી ચડી છે. એમ છતાં સસ્તાભાડાની ચાલી, તળાજા તીર્થ, સિદ્ધગિરિ,

ભાવનગર સ્વામિવાત્સલ્ય ફંડ વગેરે શુભ કાર્યોમાં લગભગ અડધા લાખની સખાવત તેઓશ્રી નોંધાવતા ગયા છે.

આ રીતે અનેક શુભ સંસ્કાર પોતાના જીવનમાં એકત્ર કરી, સં. ૨૦૦૨ના માગશર શુદ ૨ના તેઓશ્રીએ પોતાની જીવનયાત્રા સંકેલી. એક સંસ્કાર-દીપક બુઝાયો

કુટુંબે એક વાત્સલ્યઘેલું છત્ર ગુમાવ્યું.

મિત્રોએ જીવનનો સાચો સલાહકાર ગુમાવ્યો.

સંઘે અને સમાજે એક મૂક સેવક ગુમાવ્યો.

એક વ્યવહારકુશળ, નીતિપરાયણ અને ધર્મપ્રેમી સજ્જનની આપણને સૌને ખોટ પડી.

શ્રી વિનયચંદભાઈ, શ્રી શાન્તિલાલભાઈ, શ્રી મોહનલાલભાઈ અને શ્રી નંદલાલભાઈ એમ તેમના ચાર પુત્રરત્નો.

ભાઈશ્રી મોહનલાલભાઈ અને શ્રી નંદલાલભાઈએ મૂળ વહિવટ સંભાળી પોતાના પિતાશ્રીના ઉજ્જવળ નામને વધુ ઉજ્જવળ બનાવ્યું છે. આપસમાં બન્ને ભાઈઓ પોતાની બુદ્ધિ, અનુભવ અને ભાગ્ય-બળે સારી પ્રગતિ કરી રહ્યા છે તેમ કેળવણી, સમાજસેવા અને રાષ્ટ્રભક્તિના કામોમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી સદ્દગતના નામને શોભાવી રહ્યા છે. ધર્મ અને રાષ્ટ્રોન્નતિના શુભ કાર્યો તેઓના હાથે વધુ ને વધુ થાય અને એ રીતે એમના જીવન પણ ધન્ય બને એમ ઇચ્છીએ

# નિ વે દ ન

તત્ત્વજ્ઞાનના ગમે તેવા કઠણુ વિષયને પણ સરળ ભાષામાં રજૂ કરી, જનતાને તત્ત્વચિન્તનની દિશામાં રસ લેતી કરવામાં સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાના સાહિત્યે ઘણી સુંદર સેવા બજાવી છે તે આપણે જાણીએ છીએ અને તેથી આજે તેઓશ્રીનું સાહિત્ય સૌ કોઈ પ્રેમ-પૂર્વક વાંચે છે અને તેમાંથી આધ્યાત્મિક રસનું પાન કરે છે.

જૈન સાહિત્યના ઘણાં કઠણુગ્રંથોને તેઓશ્રીએ પોતાની લોકભોગ્ય સરળ શૈલીએ તૈયાર કરી જનતા સમક્ષ મૂકયા હતા. તેમ પોતાના હાથે તૈયાર કરેલ, કેટલુંક અપ્રગટ સાહિત્ય આજે પણ પ્રગટ થઈ રહ્યું છે. અને જનતા તેનો પ્રેમપૂર્વક આદર કરે છે.

હિન્દી–મહાસભા જ્યારે ભારતની સ્વતંત્રતા માટે લડી રહી હતી અને અનેક રાષ્ટ્ર–સેવકો જ્યારે સ્વેચ્છાએ રાષ્ટ્રને માટે જેલવાસ સ્વી-કારતા હતા ત્યારે શ્રીયુત મોતીચંદભાઈએ પણ જેલવાસ સ્વીકાર્યો હતો, અને તે દરમિયાન જેલમાં બેઠાબેઠા વ્યાપક દૃષ્ટિએ કેટલુંક સાહિત્ય તૈયાર કર્યું હતું. આ પ્રસંગે "વ્યવહાર-કૌશલ્ય" "વ્યાપાર–કૌશલ્ય," અને "ધર્મ–કૌશલ્ય આમ સો સો બોધક સૂત્રોના ત્રણ નાના ગ્રંથો રચાયા, તેમાંથી "ધર્મ-કૌશલ્ય"ની લેખમાળા 'શ્રી આત્માનંદ પ્રકાશ'માં પ્રગટ થતી હતી. અને વાચકોને તે ગમી હતી.

શ્રી ફુલચંદ ત્રિકમ સલોતની સ્મૃતિ અર્થે, શ્રી જગજીવનદાસ ફુલચંદ સલોત તરફથી આ સભાને એક હજાર રૂપિયા મળતા એક

સાહિત્ય સિરિઝ શરૂ કરવામાં આવેલ. અને 'પંચપ્રતિક્રમણ સૂત્ર'નુ પ્રકાશન તેના પ્રથમ પુષ્પ તરીકે કરવામાં આવેલ. આ ગ્રંથ ખપી જવાથી સીરીઝનું બીજું પુષ્પ પ્રગટ કરવાનો સભાને પ્રસંગ પ્રાપ્ત થયો. અને તેના બીજા પુષ્પ તરીકે "ધર્મ-કૌશલ્ય'ની લેખમાળા ગ્રંથાકારે પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો જે જનતા સમક્ષ રજૂ કરતા અમોને આનંદ થાય છે.

સ્વ. મોતીચંદભાઈએ, ઉપરોક્ત ત્રણે લેખમાળાના એક સો સો સૂત્રો લખ્યા હતા. એટલે 'ધર્મકૌશલ્ય'ના એક સો સૂત્રો જ હોવા જોઈએ, પરંતુ તેનો પૂર્ણ ભાગ અમોને પ્રાપ્ત થઈ શક્યો નથી એટલે પ્રાપ્ત થએલ બાણું સૂત્રો પ્રગટ કરી અમો કૃતાર્થતા અનુભવીએ છીએ.

ધર્મ એ તો પ્રાણી-માત્રને તરવાનું એક નાવ છે, જે ધર્મને ધર્મના ખરા સ્વરૂપમાં ઓળખે, ધર્મનો-માનવતાનો મર્મ જીવનમાં ઉતારે અને પોતાના જીવનને ધન્ય બનાવે તેણે જ સાચી 'ધર્મ-કૌશલ્યતા' કેળવી ગણાય. સ્વ. મોતીચંદભાઈએ આ સાદું સત્ય પોતાની કુશળતાથી આ ગ્રંથમાં સરળ ભાષામાં રજૂ કર્યું છે. આબાલ-વૃદ્ધ સૌ સમજી શકે તેવી સરળ તેમની શૈલી છે. અને તેનો ખરો રસ તો તેના વાચકો જ અનુભવી શકે.

આ ગ્રંથ પરત્વે વધુ કહેવાની અગત્ય અમને લાગતી નથી. વાચકો આ ગ્રંથ અભ્યાસની દૃષ્ટિએ વાંચે અને ધર્મનો મર્મ પોતાના જીવનમાં ઉતારે તો આ ગ્રંથ પ્રકાશનનો શ્રમ વધુ સાર્થક બને. આશા છે કે સૌ કોઈ આ વાત પ્રેમપૂર્વક અપનાવશે.

પ્રકાશક

## (૧)

**પ્રાણી ધર્મના પ્રતાપે ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે,**
**એ જ ઐશ્વર્યથી જો એ ધર્મનો ધ્વંસ કરે**
**તો તો એ સ્વામીદ્રોહ કરવાનું પાતક કરે છે,**
**એવા સ્વામીદ્રોહીને સારાં વાનાં કેમ થાય ?**

અત્યારે જે કાંઈ સારાં વાનાં છે તેનું કારણ શું ? અગાઉથી કોઈ કમાણી કરી આવ્યા છીએ, તેથી સુંદર મનખા દેહ, ઇંદ્રિયોની અનુકૂળતા, વ્યાધિ રહિત શરીર, મગજમાં સમજવાની શક્તિ, પરિવારની અનુકૂળતા, સામગ્રીની સહકારિતા વગેરે વગેરે અનેક બાબતો મળી છે. બાજુના પ્રાંતમાં હજારો માણસો ભૂખે ટળવળે અને મરે ત્યારે પેટ ભરીને અનાજ આપણને મળે છે. પોતાને સમાજમાં, સગાંઓમાં, સંબંધીઓમાં કોઈ સ્થાન છે—આવી આવી અનુકૂળતાઓ અનેક છે. એ સર્વની પાછળ ઇતિહાસ છે, એ સર્વની પાછળ પ્રયત્ન છે, એ સર્વની પાછળ ત્યાગ, સંયમ કે અર્પણ છે અને એ સર્વની પાછળ ધર્મનો પ્રભાવ છે. દાન, શીલ, તપ સર્વ પ્રયત્ન માગે છે, ભોગ માગે છે અને આગળ જતાં એનો બદલો આપે છે. એટલે આપણી વર્તમાન અનુકૂળ પરિસ્થિતિનું કારણ પૂર્વકાળમાં આપણે આચરેલ ધર્મ છે. ધર્મ શબ્દ અહીં વિસ્તૃત અર્થમાં સમજવો. આપણા સારા વિચારો, ઉચ્ચ વર્તમાન, પ્રમોદ, સંયમ, ત્યાગ, સત્ય, અહિંસાનું પાલન એ સર્વ વ્યવહારના ધર્મને વિશાળ અર્થમાં સમજી લેવા. એટલે આપણી સારી પરિસ્થિતિ ધર્મના પ્રતાપે થઈ.

હવે એ જ ધર્મનાં પરિણામોથી આપણે ધર્મનો નાશ કરીએ તો આપણા જેવા સ્વામીદ્રોહી બીજા કોણ કહેવાય? ધર્મથી લક્ષ્મી મળે અને એ લક્ષ્મીથી નાચમુજરા કે રખડાઉપણું પ્રાપ્ત થાય, લક્ષ્મીનો ઉપયોગ જુગાર ખેલવામાં થાય કે આવડતનો ઉપયોગ તકરાર કરવામાં કે અર્થ વગરના ઝઘડા કરવામાં કે નાસ્તિકપણાનો પ્રચાર કરવામાં થાય કે બોલવાની ચતુરાઇનો ઉપયોગ વાદવિવાદમાં થાય કે લેખનનો ઉપયોગ ઝઘડા જમાવવામાં થાય તો તો આપણે મોટો સ્વામીદ્રોહ કર્યો કહેવાય. ધર્મથી મળેલાં સાધનોનો ઉપયોગ ધર્મનાશ કરવામાં થાય તો બહુ ખોટું કહેવાય. એમાં આપણો શક્કરવાર વળે નહિ અને એ માર્ગે આપણો ઉદય થાય નહિ.

સ્વામીદ્રોહ જેવું દુનિયામાં પાપ નથી અને ધર્મ-દ્રોહ કરીને ઊંચા આવવાની ધારણા જેવી અન્ય મૂર્ખાઈ નથી. ધર્મથી–સદ્વર્તનથી મળેલ અનુકૂળતાનો ઉપયોગ સારો થાય તો જ આપણી પ્રગતિ થાય, નહિ તો આપણે ચક્રભ્રમણમાં પડી જઇએ, ખાડામાં ખુંચાઇ જઇએ, અને ઊંડા ઊતરતાં આપણો આરો ન આવે. મળેલ સામગ્રીનો ઉપયોગ જમે પાસું વધારવામાં કરે તે જ ધર્મકુશળ પ્રાણી કહેવાય.

---

धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहन्ति यः ।
कथं शुभायतिर्भावी स स्वामीद्रोहपातकी ॥

( સુભાષિત )

(૨)

**૧. વિપત્તિ વખતે કામ લાગે માટે ધન સાચવવું.**
**૨. શ્રીમાનોને વળી વિપત્તિઓ કેવી ?**
**૩. કદાચ ભાગ્ય ફરી જાય-દૈવ રૂઠે ?**
**૪. ( દૈવ કોપે તો ) સંઘરેલ સંપત્તિ પણ નાશ પામે છે.**

અસ્તવ્યસ્ત લાગતા આ શ્લોકમાં ભારે વિચારગૂંથણી કરી છે. એની પાછળ ભોજરાજાની ઉદારતાની ઉદાત્ત કથા છે. ભોજ રાજા સુંદર કાવ્ય કરનારને ભારે રકમ આપતા હતા. એક વખત તો નદીકાંઠે ઊતરતા માણસનો **जानुदघ्न** ગોઠણપ્રમાણ પાણી નદીમાં છે એવો શબ્દનો સુંદર પ્રયોગ સાંભળીને ભોજરાજાએ એને લાખ સોના મહોર આપી દીધી. કોઇ કવિને શિરપાવ, તો કોઇને વર્ષાસન, કોઇને સભામાં સ્થાન તો કોઇને સોના હાથીનાં દાન. એનો દાનપ્રવાહ ધોધબંધ ચાલ્યા જ કરે. મંત્રીઓ આટલી મોટી ઉદારતા સહન ન કરી શક્યા એટલે એક સમયે એમણે રાજાના પ્રવેશદ્વાર ઉપર પ્રથમનું પદ લખ્યું. **આપત્તિ વખતે કામ લાગે માટે માણસે ધનને જાળવવું,** એકઠું કરવું-એને ઉડાડી ન દેવું, એવો એનો ભાવ હતો.

ભોજરાજાએ તુરત પોતાને હાથે લખ્યું કે **નશીબદાર શ્રીમાન-ને આપદા કેવી ?** મતલબ એ હતી કે ધનવાનને આપદા હોય જ નહિ. ધનવાનને ને આપદાને વિરોધ જ હોય, એને તો પાણી માંગે ત્યાં દૂધ મળે. ત્યાં વળી દુ:ખની વાત કેવી ?

ભોજ રાજાના અમલદારો પણ ભણેલા હતા. મંત્રીઓએ તેની નીચે ત્રીજું ચરણ ઉમેર્યું. ધારો, કે દૈવ કોપે તો ? નસીબ ફરી જાય તો ? ભોળા દિવસો આવે તો ? આમાં આડકતરી ચેતવણી અને

ગર્ભિત ઠપકા જેવું હતું. સર્વના એકસરખા દિવસો જતા નથી, પણ અંધારી રાતનો હોંકારો થઈ પડે તેવું ધન રક્ષવું-બચાવવું-સંઘરવું ઘટે.

પણ મહારાજા ભોજ પોતે વિદ્વાન, સત્ત્વશાળી અને વિચારક તત્ત્વજ્ઞાની હતા. એમણે એની નીચે ચોથું ચરણ ઉમેર્યું કે— **દૈવ કોપે ત્યારે એકઠો કરેલો પૈસો** કે જાળવી રાખેલી સંપત્તિ **પણ નાશ પામી જાય.** જ્યારે દિવસ ઊઠે છે ત્યારે તો મોટા ભૂપ હોય કે રાજા મહારાજા હોય કે મોટા શેઠીઆ હોય એના ઘરમાંથી ધન પગ કરીને ચાલ્યું જાય છે; માટે હોય ત્યાં સુધી વાપરો, દાન કરો અને નામના કરો. શેઠના ઘરમાંથી ધન ચાલવા માંડ્યું ત્યારે હાથમાં એનો આંકડો રહી ગયો તે પણ બીજે દિવસે બીજાને ઘેર જમવા જતાં તેના થાળમાં ચોંટી ગયો. ધન જવા બેસે ત્યારે તો દોકડા પેકે ચાલ્યું જાય છે, પણ સારાં કામમાં હોય ત્યાં સુધી ખરચ્યે જ રાખો, **ખાધું ખૂટશે, પણ આપ્યું ખૂટશે નહિ,** અને સારી બાબતના ખર્ચના નશીબ પણ મોટા જ હોય છે, માટે હોય ત્યારે આપો, આપો અને ન આપો તો અમારા જેવા ન આપનારના હાલ જુઓ એમ ભિક્ષુક બોધ આપે છે. તેના જેવા ન થવું હોય તો **રાજા ભોજને અનુસરો.**

---

आपदर्थं धनं रक्षेत्, श्रीमतां आपदः कुतः ? ।
कदाचित् कुपितो दैवः, संचितं चापि नश्यति ॥

( ૩ )

**દેશ કયો છે? કોણ મિત્રો છે? સમય કયો વર્તે છે? આવક અને વ્યય કેવા છે? હું કોણ છું? મારી શક્તિ કેવી છે? આ વાતનું ચિંતવન વારંવાર કરવું.**

પ્રાણીએ જો પોતાનું શ્રેય સાધવું હોય તો **આત્મચિંતવન વારંવાર** કરવું જોઇએ. પોતાની શક્તિની ખરી તુલના, પોતાની મર્યાદાનો ખરો ક્યાસ, પોતાની શક્તિનો થતો હ્રાસ, પોતાની તકોનો થતો વિનાશ, પોતાની આવડતનો નિરર્થક નાશ અને પોતાની ગણતરી કે સ્પષ્ટ ખ્યાલની ગેરહાજરીમાં થતો અલ્પ લાભ જો માણસ વિચારે તો ઘણો ફેરફાર કરી આખા જીવનપ્રવાહમાં મોટો ફેરફાર કરી શકે. હકીકત એવી બને છે કે વિચારણાની કે તપાસની ગેરહાજરીમાં માણસ પવન આવે તેમ દોરવાય છે, ઝપાટા આવે તેમ ઝડપાય છે અને ઘણે ભાગે પાછળથી ધક્કો લાગે અને ગાડી આગળ ચાલે તેવી તેની દશા થાય છે, અને સઢ વગરના વહાણની પેઠે એ ભરદરિયે આમતેમ કૂટાય છે. પોતાની શક્તિનો, પોતાની તકોનો, પોતાના દેશ કાળનો, પોતાના સંબંધોનો, પોતાની અલ્પતાઓનો, પોતાના ઉત્તેજકોનો, પોતાના નિંદકોનો, પોતાના હિતસ્વીઓનો અને પોતાની ખાસ સગવડો અને અનુકૂળતાઓનો જે પ્રાણી વિચાર કરે છે તે નિરર્થક પ્રયત્નોને તિલાંજલિ આપી શકે છે, શક્તિનું માપ લઇ તદનુસાર પોતાની બાજી માંડે છે અને પોતાને ગોટે ચઢાવનાર, ખુશામતીઆ કે વિરોધીને બરાબર ઓળખી તેમનું માપ કરી પોતે પોતાના કદ પ્રમાણે કપડું કાપે છે અને ગજ કાતરનો સાચો અને સારો ઉપયોગ કરે છે.

આ આત્મચિંતવનની આખી રીત અતિ ઉપયોગી છે. એમાં માણુસને પોતાની શક્તિનું ભાન થાય છે અને સાથે મર્યાદાઓનો પણ ખ્યાલ આવે છે. ધોરણુ વગરના ઉપરછલ્લું કામ કરનારા માણુસો કોઇ વાર ફાવી જતા દેખાય તો તે અકસ્માત સમજવો. સમજુ માણુસ સામે જોવાને બદલે પગ તરફ જુએ છે, સામાનો ધોખો કરવાને બદલે પોતાની સમજણુ કે ગણુતરીમાં ક્યાં સ્ખલના થઇ તેની આંકણી કરે છે. એમ કરનાર કદી માર ખાતો નથી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને વિચારનાર, પોતાને બરાબર પીછાણુનાર અને દરેક નાના મોટા બનાવમાં રહેલ રહસ્ય તારવનાર આખરે ફાવે છે, એની પ્રગતિ થાય છે અને એ સાધ્ય સન્મુખ કૂચ કરે છે. જે વ્યાપારમાં થોડી ખોટે સરવાળે વધારે આવક થાય તેવો વેપાર તે કરે, થોડી ખોટ તો દરેક વ્યાપારમાં થાય જ છે એ વાત તે સ્વીકારે અને એકંદરે થતા લાભ તરફ નજર રાખે.

આત્મચિંતવન, સ્વપરીક્ષા, લાભાલાભની ગણુતરી અને વિકારોનું તારતમ્ય સમજનાર અંતે આગળ વધે છે અને છેવટે એનું જીવન-સાધ્ય સફળ થાય છે. પોતે કોણુ છે? પોતાની શક્તિ કેટલી છે? પોતાની સહાયક વ્યક્તિઓ અને ગુણો કેવા છે અને પોતે કયા પ્રદેશમાં અને કયા કાળમાં છે તે ઊંડા ઊતરી વિચારનાર અંતે ફાવે છે. ધર્મકુશળ માણુસની એ સર્વસંમત રીત હોય છે.

---

को देशः कानि मित्राणि, कः कालः कौ व्ययागमौ ? ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥

( સુભાષિત )

## (૪)

### વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ પોચાં એવાં અસાધારણ માણસોનાં મન જાણવાને કોણ શક્તિમાન થાય છે?

અસાધારણ માણસોના સંબંધમાં આવ્યા વગર આ વાતનો સાચો ખ્યાલ આવે તેમ નથી. પરીક્ષા કે પિછાન માટે પ્રથમ તો સાચા લોકોત્તર પુરુષને ઓળખવા જોઇએ. જે દુનિયાદારીના ચાલુ વ્યવહારથી પર હોય, છતાં હકીકત સમજનાર હોય, જે મારા તારાની મમતાથી મુકાયલા હોવા છતાં શ્રેયને સ્વીકારનાર હોય, જેની જાહેરાતની વૃત્તિ નાશ પામેલી હોવા છતાં પ્રેમીની ભક્તિની પિછાન હોય, જેનાં મનના વિચાર, વચનના ઉચ્ચાર અને ચારિત્રના વર્તનમાં એકતા હોવા છતાં ભીષણ નીતિના માર્ગની બરાબર ખબર હોય, જેનામાં સમતા સાર્વત્રિક હોવા છતાં ખામીનાં સ્થાનો ઓળખવાની અને તેને પ્રેમભાવે બહલાવવાની આવડત હોય, એવા **લોકોત્તર પુરુષોને** જાણવા જોઇએ, ઓળખવા જોઇએ, પિછાનવા જોઇએ, એમાં ઢોંગને સ્થાન નથી, ખોટા દેખાવને સ્થાન નથી, દંભ કે માયાને સ્થાન નથી, પોતાનાં પારકાંને અવકાશ નથી, ગુપ્તતા કે ગોટાળાને સ્થાન નથી. આવા લોકોત્તર પુરુષથી દુનિયા ઊજળી થાય છે, એની ગૂંચવણો ઊકલી જાય છે, એનાં વાણાંતાણાં સમાન સુયોગ્ય સ્થાને આવી જાય છે અને એની વિજયી જ્વલંત પ્રભા ચારે તરફ વિસ્તરી દિગંતમાં પ્રસરે છે, એમાં સ્નાન કરનારને પવિત્ર કરે છે, એમાં રાચનારમાં મહા પરિવર્તન કરે છે, એના વિચારમાં સૌમ્ય પ્રસરાવે છે અને એના સાનિધ્યમાં શાંતિ, વાતાવરણમાં એકરસ, વિચારપ્રદેશમાં સ્થિરતા અને સાર્વત્રિક વિસ્તારમાં અમૃતનું પાન એ સિંચી આપે છે.

આવા લોકોત્તર પુરુષોના આશીર્વાદમાં અનહદ શક્તિ હોય છે, વિચાર–વાતાવરણમાં તથ્યાંશ હોય છે અને વર્તનમાં એકાંત સદ્ગુણનો વિસ્તાર તરવરી આવે છે. એની સુગંધ ચોતરફ વિસ્તરે ત્યારે જગત શાંત થઈ જાય છે. આવા પુરુષોનાં માનસનો અભ્યાસ કર્યો હોય તો તેમાં અનહદ શાંતિ, અકલ્પ્ય અહિંસા, અસાધારણ ગુણાનુરાગ, અનિર્વચનીય ગુણપ્રમોદ અને અનુપમેય માધ્યસ્થ્ય દેખાય છે. આવા મૃદુ માનસવાળા જ્યારે દુર્ગુણો સામે સામનો કરે છે, દુરાચાર તરફ નજર કરે છે, પાપ તરફ આલોચના કરે છે, નાની બાબતમાં પણ ચોક્કસ થાય છે ત્યારે તેમનાં મન વજ્રથી પણ વધારે આકરા દેખાય છે, ભારે કઠોર જણાય છે અને પ્રાણાંતે પણ લાલચને વશ ન થવાની તેમની રીત ભારે આકર્ષક બને છે. આવા દૃઢ નિશ્ચયી માણસો જે સૌમ્ય અને કઠોર બની શકે છે તેને જાણવા, શોધવા, ઓળખવા મુશ્કેલ છે, પણ એવા લોકોત્તર પુરુષોને જ દુનિયા પૂજે છે અને એમની અસર યુગો સુધી પહોંચે છે. જે યુગમાં આવા લોકોત્તર પુરુષો થાય છે તે ધન્ય ગણાય છે અને એ યુગનો મહિમા પણ વર્ષો સુધી ગવાય છે. આવા લોકોત્તર પુરુષને શોધી તેને અનુસરે તે માણસ આંતરદૃષ્ટિએ સાચો 'ધર્મી' બને છે અને એનું જીવન સફળ થવા ઉપરાંત એ પ્રગતિને પંથે ચડી જઈ સ્વકલ્યાણ સાધવાના માર્ગદ્વારા જનતાનું કલ્યાણ પોતાના જીવતાં દૃષ્ટાંતથી કરે છે. આપણે આવા ધન્ય યુગમાં છીએ તેનું મૂલ્યાંકન વાતોમાં ન થાય, સક્રિય અનુસરણમાં એની સફળતા છે.

---

वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि, को हि विज्ञातुमर्हति ? ॥

## (૫)

**સંપત્તિ આવે ત્યારે ગર્વ કરે નહિ, અને આફતમાં આવી પડે ત્યારે દુઃખ ધરે નહિ. મહાપુરુષનું એ લક્ષણ છે. દ્રવ્યની પ્રાપ્તિથી કોઈ મહાપુરુષ થતો નથી.**

ચાલુ વ્યવહારથી—દરરોજની ઘરેડથી જે ઉપરવટ જઈ પોતાને માટે ઉચ્ચ માર્ગ સ્વીકારે અને અનુસરે, જે ચાલતે ગાડે બેસી ગમે તેમ જીવન વહન કરવાની રીતથી આગળ વધે, જેના આદર્શ ભવ્ય હોય, જેનો પ્રયાસ એ આદર્શે પહોંચવાનો હોય, જે સારા વખતમાં કમળ જેવા પોચા હૃદયનો હોય, જે આફત વખતે મહાન પર્વતની શિલા જેવા કર્કશ હૃદયનો હોય, જે પૈસા કે સંપત્તિ, વિભૂતિ કે માનકીર્તિ મળે ત્યારે ફૂલાઈ જાય નહિ, જેને માથે દુઃખની નોબતો ગડગડે ત્યારે મનથી જરા પણ હીણો ન થઈ જાય, જેના મન-વચન-ક્રિયામાં એકવાક્યતા હોય, જેને જેમ જેમ ઉશ્કેરવામાં આવે તેમ તેમ એનામાંથી શાંતિ, સુગંધ અને નિર્મળતાના ફુવારા ઊડે—આવા પુરુષ હોય તે **મહાપુરુષ** કહેવાય છે, દુનિયા એને નમે છે, એના નામના ગુણગાન કરે છે, પ્રભાતમાં એનાં નામસ્મરણથી દિવસ સારો જવાની આગાહી કરે છે અને એ જીવતાં માનપ્રતિષ્ઠા અને નમન પામે છે અને એની હયાતી બાદ **એનાં નામનાં મંદિરો** બંધાય છે, એનાં નામોચ્ચારણમાં જનતા જીવનસાફલ્ય માને છે અને એનું જીવન ભાગ્યશાળી—પુણ્યશાળી થાય છે, સાચા જીવનના નામને યોગ્ય થાય છે અને અંતે એ શ્રેયનો માર્ગ સ્વીકારી પ્રેયને પ્રાપ્ત કરે છે. અને માનસિક કે આર્થિક સંપત્તિ મળે એમાં ખરેખરું રાચવા જેવું છે પણ શું? એ તો **ચાર દહાડાનું ચાંદરણું** છે અને એની પાછળ ઘોર અંધારી રાત છે. જે સંપત્તિ અહીં રહી જવાની છે, જેને મેળવવામાં અનેક

ઉપાધિ થાય છે, જેને જાળવવામાં મહા આર્ત્તધ્યાન થાય છે, જે સગા ભાઈઓમાં વિરોધ કરાવે છે અને જેના સંસર્ગને પરિણામે સંભાળ ન રાખી હોય તો અનેક દુર્ગુણો ઘર કરી બેસે છે–તેવી સંપત્તિ મળી જાય તો તેમાં હરખ શો કરવો ? એમાં ગર્વ શો કરવો ? એમાં છાતી કાઢીને કેવું ચાલવું ? અને સંચિતનાં ફળ તરીકે આફત આવે, ગરીબાઈ આવે, તંદુરસ્તી ખલ્લાસ થઈ જાય કે યાવત્ એકને એક પુત્ર ચાલ્યો જાય તો તેમાં દુઃખ શેનું માનવું ? એ તો કર્મ ભોગવી હળવા થવાનો માર્ગ છે અને અનુકૂળતાએ ભોગવાઈ જાય તો તેટલા પૂરતું દેવામાંથી છૂટી જવાય છે.

જેનું મન સારા કે ખરાબ સંયોગોમાં એકસરખું રહે, જે મોટા હોય તો મલકાઈ ન જાય, જેને નસીબે હાસ્યભાવે ઝાડુ કાઢવાનું આવે તો દીન દુઃખી ન થઈ જાય, જેને દોલત હાથી પર ન ચઢાવે, જેને દીનતા માયકાંગલો ન બનાવે–એ મહાપુરુષ છે, ખરો જાતવાન સજ્જન પુરુષ છે, વ્યવહારમાં વસતો સાચો યોગી છે, દાખલો લેવા લાયક સંત છે અને એવા પુરુષને પગલે ચાલવાથી કે એનો દાખલો લેવાથી જીવન સફળ થાય છે. સાચા મહાપુરુષની બલિહારી છે ! બાકી પૈસા મળવાથી મહાપુરુષ થવાય છે એ ભ્રમ છે. મહત્તા મહાન ગુણ છે અને તેને પ્રાપ્ત કરવાની ચાવી અહીં સાંપડે છે.

---

सम्पत्तौ विस्मिता नैव, विपत्तौ नैव दुःखिताः ।
महतां लक्षणं ह्येतन्न तु द्रव्यसमागमात् ॥

तत्त्वामृत १७१

( ૬ )

**આશા નામની એક ભારે આશ્ચર્યકારક બેડી છે. એનાથી બંધાયેલા માણસો દોડાદોડ કરે છે અને એનાથી મુક્ત થયેલા માણસો પાંગળાની જેમ સ્થિર થઈ જાય છે.**

માણસને સજ્જન થવા માટે, ગૃહસ્થ ગણાવા માટે બાર ગુણોનો આશ્રય કરવાની ખાસ જરૂર છે. **પ્રથમ ગુણ** 'તૃષ્ણાછેદ' નો ગણવામાં આવ્યો છે. આખી જિંદગીનો કિસ્સો તૃષ્ણાની ન્યૂનાધિકતા પર રહે છે. એ(તૃષ્ણા)ને વશ પડી જાય તો પછી એના હાથમાં લાખો આવે તો એને કરોડ કરવાની ઇચ્છા થાય છે અને કરોડે છપ્પન ઉપર ભેરી વગાડવાના મનોરથ થાય છે. આશાનું માપ નથી, છેડો નથી, અંત નથી. એ તો જેમ ફાવતી જાય તેમ વધતી જાય છે. આકાશનો છેડો આવે તો એનો છેડો આવે, જે ભિખારીને આજે પચીશ રૂપીઆ મળે તો લીલાલહેર થઇ જાય છે તે એક વાર નવાણુંને ધક્કે ચઢે તો પછી એને હજારે અને લાખે લેખાં કરતાં પણ સમધારણ થતી નથી અને ગમે તેટલો વધારો થાય તો પણ એને હાશ કરીને બેસવાનો વખત આવતો નથી.

ગમે તેટલા પરદેશ વેઠાવે, રાત દહાડો જંપ વાળી બેસવા ન દે, અકાળે સફાળો જગાડે, સ્નેહ સંબંધ કે સગપણને વિસરાવે, એક માના જણ્યા સગા ભાઇઓમાં વૈર કરાવે અને નજીવી બાબતમાં ધર્મના સોગન ખવરાવે એવી એ **તૃષ્ણા બાઇ** છે. એમાં આડાં ઊભાં ચક્કરોને આરે ચઢનાર પ્રાણી લખચોરાસીમાં ઘસડાઈ જાય છે અને પોતાની જાતને ભૂલી જાય છે. માણસની વય વધતી જાય, શરીરમાં શિથિલતા આવે, હાથપગ કામ ઓછું આપે ત્યારે તૃષ્ણા

જુવાન થતી જાય છે, વધારે મક્કમ બનતી જાય છે, ઘરબાર કરીને પોતાનું સ્થાન પાકું કરી જામતી જાય છે. અભિલાષા, આશા, લાલસા અને તૃષ્ણા વચ્ચે ઘણો ફેર છે. મહત્વાકાંક્ષા અમુક હદ સુધી શ્રેયમાર્ગે પણ લઇ જાય છે પણ તૃષ્ણા તો **એક સરખા ગુણનો નાશ જ** કરે છે. લોભનું એ પર્યાયવાચી નામ છે અને સર્વ વિનાશનું મૂળ એનામાં પ્રચ્છન્ન રીતે રહેલું હોય છે. આખો વખત હાય બળતરા કરાવનાર, કોઈ પણ વખતે શાંતિનો આસ્વાદ પણ ન થવા દેનાર, મધલાળનાં આકર્ષણોને ખડાં કરનાર એ ભૈરવી દેવી માણસને લાભ મળે ત્યારે વર્ષોપાત કરાવે છે, ધારેલ લાભને બદલે હાનિ થયે કકળાટ કરાવે છે અને લાગ આવે ત્યારે પ્રાણીને ઊંધો પાડી એ સર્વસ્વ હરણ કરી જાય છે. એના પાસામાં પડેલા પ્રાણી ઉપદેશને અવગણે છે, હિતશિખામણને હસી કાઢે છે અને પાગલ માણસની જેમ એની પાસે અનેક સારાં માઠાં કાર્યો હારબંધ કરાવે છે.

'સજ્જન' થવાની ઇચ્છાવાળાએ તૃષ્ણાનો ત્યાગ કરવો. વ્યાધિ-ગ્રસ્ત માણુસ, છોકરા વગરનો માણુસ અને વૃદ્ધ માણુસ ઉપર એની અસર ઘણી વધારે થતી હોવાથી એમણે એનાથી ખાસ ચેતવું અને સંતોષીને સાચું સુખ છે અને તૃષ્ણા દેવીનું ખપ્પર કદી ભરાતું નથી એ વાત ધ્યાનમાં રાખી એના પર વિજય મેળવવો. સાચે રસ્તે--ધર્મમાર્ગે-સજ્જન પંથે ચઢવાનું આ પહેલું પગથિયું છે.

---

आशा नाम मनुष्याणां, काचिदाश्चर्यशृंखला ।
यथा बद्धाः प्रधावन्ति, मुक्तास्तिष्ठन्ति पङ्गुवत् ॥

(૭)

**ભિખારીઓ ભીખદ્વારા ઘેર ઘેર ફરતાં ભીખ માગતા નથી, પણ શિક્ષાપાઠ આપે છેઃ "દરરોજ આપો, આપો; દો, દો. ન દેનારાના ફળ આવા (મારા જેવાં) થાય છે.**

વહેવારુ ડાહ્યો માણસ ગમે તે બાબતમાંથી સારો અર્થ કાઢે છે, ત્યારે મૂર્ખ માણસ સારામાં સારી હકીકતને વિરૂપ અને બેધારી કે બેસૂર બનાવી દે છે. જેમ દુનિયામાં ધાન્યને ધૂળ કરીને ખાનારા જોવામાં આવે છે તેમ સુઘડ સ્ત્રી ધૂળને ધાન્ય કરી ખવરાવી શકે છે, નદીનાં પાંચીકાનું શાક બનાવી સ્વાદિષ્ટ વાની પૂરી પાડી શકે છે. એમાં ચતુરાઈ, આવડત અને ઉચ્ચગ્રાહી માનસિક વલણનો મહિમા જરૂર દેખાઇ આવે છે. તેના દષ્ટાંતરૂપે એક વાત છે.

આપણી સામે ઊભા રહી, ઘરને આંગણે કકળાટ અને દુઃખની લાગણી બતાવનાર ભિખારીને **ભિખારી** ન માનવો ઘટે. એ તો ખરેખરી રીતે આપણા **ઉપદેશદાતા** છે. ઉપદેશ આપનાર જ્ઞાની આપણને કોઇ વસ્તુ રોકડી કે ઉધાર આપતા નથી, પણ એ પૃથક્કરણદ્વારા આપણને ચોખવટ કરી આપે છે, વસ્તુ કે સંબંધને એના સાદા અને સાચા આકારમાં બતાવે છે, વસ્તુની અંદરના મર્મને આપણી પાસે પ્રકટ કરે છે અને નવાં દષ્ટિબિન્દુથી વસ્તુ કે સંબંધને આપણને દેખાડે છે. આપણે મુંઝાયા હોઇએ ત્યાં એ માર્ગદર્શન કરાવે છે, આપણે ઉપર ઉપરના વ્યામોહમાં પડયા હોઇએ ત્યાં એ આપણને અંદર જોતા કરે છે, આપણે સામાને જોતા હોઇએ ત્યાં એ આપણને પોતાની અંદર જોતાં શીખવે છે.

એ રીતે અવલોકતા ભીખ માગનાર પણ યાચક નથી, પણ એ

આપણો શિક્ષાગુરુ છે, એ આપણો ઉપદેશક છે, એ આપણો હિતમાર્ગદર્શક છે. એ કહે છે કે મારા અન્નદાતા ! મારા શેઠ ! મારા મુરબ્બી ! તમને કર્મના પ્રભાવે કે કુદરતની કૃપાએ લક્ષ્મી મળી છે, તમે સાધનવાળા છો, તમારે ત્યાં છપ્પન ઉપર ભેરી વાગે છે, તમારે ત્યાં ક્રોડ ધનની નિશાની બતાવનાર ધજાઓ ઊડે છે, તમે બડેજાઓ કહેવાઓ છો–તો તમે આપો, દો, લક્ષ્મીનો લહાવો લઈ લો. તમે શુભ ક્રિયા કરી સારાં કર્મોને પરિણામે સંપત્તિ સાધનવાળા થયા છો તો તેને અંગે મારા જેવાને આપો. દુનિયાના દુઃખો દૂર કરો, સાહિત્ય કેળવણીની સંસ્થા કાઢો, સારી કમાઇનો લાભ લો, ખરચો, વાપરો, દાનવીર થઇ જાઓ. અને નહિ આપો તો એનાં ફળ કેવાં થશે તે જાણી લેવા મારા સામું જુઓ. નહિ આપો તો મારા જેવા થશો, બીજા પાસે હાથ લંબાવવો પડશે. મેં આપ્યું નથી, તેથી આવો થયો છું. તમારે મારા જેવા થવું હોય તો રાખી મૂકો, ભરી રાખો, સંઘરો કરો, ચોકી કરો. અંતે તમે મારા જેવા (ભિખારી) થશો. ન દેનાર મારા જેવા થાય છે. મુઠ્ઠી વાળી બેસી જનાર અંતે મૂકીને ચાલ્યા જાય છે અને પછી એ હાથ લાંબા કરી અમારી જેમ ભીખ માંગે છે, પરવશ પરાશ્રયી અવતાર રગીરગીને પૂરો કરે છે. એવા ન થવું હોય તો ઉદાર બનો. આવી શિખામણ આપનાર ભિખારી આપણને ઠેકાણે રાખે છે, દાનનો મહિમા શીખવે છે, વખતસરની ચેતવણી આપે છે અને દાન આપવા પ્રેરણા કરી સાચું રહસ્ય શીખવે છે.

---

बोधयन्ति न याचन्ते, भिक्षाद्वारा गृहे गृहे ।
दीयतां दीयतां नित्यमदातुः फलमीदृशम् ।

(૮)

## જ્ઞાનનું ફળ ત્યાગભાવ સ્વીકાર છે.

માત્ર 'જાણવું' એટલે વસ્તુને ઓળખવી. એક ગાયને જાણવા માટે એનાં રંગ, શીંગડાં, પૂંછડું વગેરે જાણવાં જોઇએ અને અમુક આકાર ધારણ કરે તે ગાય કહેવાય. આવા જ્ઞાનમાં પણ ઘણી જાત અને ભાત હોય છે. કોઇનું જ્ઞાન પૃથક્કરણપ્રાધાન્ય હોય છે, કોઇનુ સમુચ્ચય પ્રાધાન્ય હોય છે, કોઇનું લાગણીપ્રધાન હોય છે અને કોઇનું આંતરલક્ષ્યવેધી હોય છે. એ ઉપરાંત કોઇને માત્ર વિષય જાણવાં પૂરતું જ જ્ઞાન હોય છે, કોઇને એ ગળે ઊતરેલ જ્ઞાન હોય છે અને કોઇને તેણે પચાવેલ જ્ઞાન હોય છે.

માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાન હોય તો તેનાથી વસ્તુ ઓળખાય છે, ઓકસીજન, હાઈડ્રોજન વગેરે સમજાય છે, પણ એની અસર અંદર કાંઇ થતી નથી. જે જ્ઞાનને પરિણામે માણસ સરસ વાતો કરી શકે, સુંદર ભાષણ કરી શકે, વસ્તુસ્વરૂપ અન્યને જણાવી શકે તેની અસર જો તેના હૃદયમાં થઇ ન હોય, માત્ર વિનોદ કે વિલાસ પૂરતું જ્ઞાનમાત્ર હોય, સભારંજન કે પરરંજન સુધી જ એની હદ ગયેલી હોય તો તે જ્ઞાન **વિષયપ્રતિભાસ**ની કોટિમાં આવે છે. બાકી સ્વપરનું માત્ર જ્ઞાન થાય, પણ તદ્યોગ્ય પ્રવૃત્તિ ન થાય તે જ્ઞાન **આત્મપરિણતિમત્** જ્ઞાન કહેવાય છે. માણસ જેવું જાણે તેવી જે જ્ઞાનથી તદ્યોગ્ય સુપ્રવૃત્તિ કરે, વિપરીત કાર્યથી નિવૃત્તિ કરે અને સાધ્યને માર્ગે ચાલે, તે જ્ઞાનને 'તત્ત્વસંવેદન' જ્ઞાન કહેવામાં આવે છે.

આવી રીતે જ્ઞાનના અનેક પ્રકાર થાય છે. ~~ખરું જ્ઞાન તત્ત્વ-~~ સંવેદન જ્ઞાન છે. એમાં જ્ઞાનનું સંવેદન ~~થાય છે,~~ જાણ્યા પ્રમાણે

સાચે માર્ગે પ્રવૃત્તિ થાય છે, રખડપાટી વધારનાર પ્રવૃત્તિનો ત્યાગ થાય છે અને સાચે રસ્તે આગળ વધાય છે. આ સાચું જ્ઞાન છે, જ્ઞાનનું ફળ બતાવનાર વિશિષ્ટ જ્ઞાન છે, ન્યાય માર્ગે પ્રવૃત્તિ કરાવનાર જ્ઞાન છે અને જ્ઞાનનું સાચું ફળ અપાવનાર જ્ઞાન છે.

માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાનના કેવાં ફળ બેસે છે તે અણુબોંબના યુગમાં વર્ણવવાની ભાગ્યે જ જરૂર રહે છે. એવા જ્ઞાનથી સંહાર-શક્તિનો વધારો થાય છે, સંસાર સન્મુખ વિશેષ વેગથી પ્રવેશાય છે અને આત્મદર્શનથી પ્રાણી દૂર દૂર થતો જાય છે. **જ્ઞાનનું ફળ વિરતિ છે.** વિરતિ એટલે પૌદ્ગલિક ભાવથી દૂર જવું તે. સાચા જ્ઞાનીને વિષય અને કષાયો બરાબર ઓળખાય એટલું જ નહિ, પણ એનો બનતો ત્યાગ કરવાની એની તીવ્ર ભાવના અને પ્રયત્ન ચાલુ રહે. અને જ્ઞાન પામ્યાનું ખરું ફળ એ જ છે, જ્ઞાન મળવાનો સાચો ઉપયોગ એ જ છે. જેટલે અંશે વિરતિભાવ આવે તેટલે અંશે સાચું જ્ઞાન થયું છે એમ સમજવું. પચાવેલ **જ્ઞાનની કિંમત ત્યાગભાવ અને આત્મદર્શન સન્મુખ વૃત્તિ** પર નિર્ભર રહે છે. ત્યાગનો–વિરતિ–ભાવનો સ્વપરવિવેચનનો જેટલો ઉપયોગ તેટલું સાચું જ્ઞાન સમજવું. જ્ઞાનની તેમાં કસોટી છે, જ્ઞાનની તેમાં ઉપયોગિતા છે. બાકી સમજ્યા–પચાવ્યા વગર ગમે તેટલું બોલી કે લખી જવાય તેમાં તેનું ખરું ફળ બેસતું કે મળતું નથી.

---

**नाणस्स फलं विरइ ।** **શ્રી ઉત્તરાધ્યયન.**

(૯)

**શાંત ચિત્તવાળા સંતોષ અમૃતથી ધરાયલા મનુષ્યોને જે સુખ છે તે અહીંતહીં દોડાદોડ કરતા ધનના લોભીને ક્યાંથી હોય ?**

જીવનયાત્રામાં સંતોષીને જે સુખ છે તે ધનની લાલસાવાળાને, કીર્તિની પાછળ દોડવાવાળાને, અહીંથી લઉં કે પણેથી લઉં, આની પાસેથી લઉં કે પેલાની પાસેથી પડાવી લઉં એવી ઇચ્છાવાળાને મળતું નથી. બાજરાનો રોટલો ખાઈ પાણીથી પેટ ભરનારને સુખે જે ઊંઘ આવે છે તે લક્ષ્મીની સેવા કરનાર અને તેની પાછળ દોડનાર લાખોની ઉથલપાથલ કરનારને કલ્પનામાં પણ આવતી નથી. ધનની ઇચ્છાવાળા અને લાખોની હેરવણીફેરવણી કરનારને **શાંતિ** મળતી નથી, હાશ કરીને બેસવા વારો આવતો નથી અને આશાતૃષ્ણાના દાસભાવમાંથી એનો છૂટકારો નથી.

અને **સંતોષની વાતો** વિચારતાં પણ શાંતિ થઈ જાય છે. ગરીબાઇને ખાદીની સાડી મળે અને જે સંતોષ થાય તે કપાટમાંથી એક પછી એક સેંકડો સાડીમાંથી એક પહેરવા માટે શોધનારને થતો નથી અને પાડોશીની નવી સાડી તરફ લલના લાગે તે વખતે કપાટમાંની સો પચાસ સાડીઓ નકામી થઈ પડે છે. મનમાં સંતોષ થઈ જાય તો પછી ખાદીની સાડી કે બનારસી સોનેરી સાડીમાં કે વાયલમાં કાંઇ ફેર પડતો નથી. એ તો મનના વાંધાઓ છે અને કલ્પનાના તરંગો છે. સંતોષ ખરેખર અમૃત છે, બત્રીશ કોઠે દીવા કરનાર અમી છે, આનંદરસમાં ઝબોળી દેનાર અમોઘ વીર્ય છે અને આખી જિંદગીમાં તાઝગી લાવનાર વિશુદ્ધ રસરાજ છે. જેને એ રસમાં આનંદ આવે છે તે જીવનની લહાણુ પેટ ભરી ભરીને પીએ છે.

આવા સંતોષીના મનોરાજ્યો જોવાં જેવા હોય છે, એને અન્ય પાસે પૈસો જોઇ પોતાની સ્થિતિ માટે ખેદ થતો નથી, સામા તરફ ખાર થતો નથી, કોઇની અદેખાઇ આવતી નથી અને એનાં મુખ પર અને હૃદયમાં એક એવી આનંદ લહરી નિરંતર પ્રસરતી રહે છે કે તેના વાયરામાં એ હિલોળા લીધા કરે છે. ધનલોભી કે કીર્તિલોભી જ્યારે જ્યાં ત્યાં માથાં માર્યાં કરે છે, અને કોભાંડો રચ્યા કરે છે, સામસામી સોગટીઓ ગોઠવ્યા કરે છે અને કયા ત્રણ ભરીને કઇ કુકરીને ઝરું, કોની કુકરીને ઘર ભેગી કરું એવા ખ્યાલ કર્યા કરે છે અને તે ખાતર અનેક દેખાવો, ખુશામતો અને કારસ્થાનો કરે છે. ત્યારે સંતોષી જીવ આનંદમાં મગ્ન રહે છે, હોય તેનાથી રાજી રહે છે અને પ્રેમસમુદ્રમાં શાંત ડુબકી મારે છે. શ્રીપાળનો સંતોષ અને ધવળ શેઠનો લોભ જ્યારે વિચારીએ છીએ ત્યારે શેઠના જીવના વલોપાતો, ઉકળાટો અને હાયવરાળો શ્રોતાને માટે ખેદકારક નીવડે છે. સંતોષીને સમાજમાં માન છે, જિંદગીમાં ચમન છે, સ્વાસ્થ્યમાં નિરાંત છે અને પ્રેમમાં મસ્તી છે. સંતોષીના મનનો મહિમા વર્ણવવો મુશ્કેલ છે. મન સંતોષ પામે પછી કોણ ગરીબ અને કોણ ધનવાન ? જ્યાં ધનવાન અને ગરીબનો ફેર જ રહેતો નથી ત્યાં પછી અંતરભાવનાં ચિત્રો શા વર્ણવવાં બાકી રહે ? સજ્જન તૃષ્ણાનો ત્યાગ કરે, સંતોષમાં મહાલે અને હોય તેનાથી રાજી થાય. પ્રગતિનું આ પહેલું સોપાન છે.

---

संतोषामृततृप्तानां यत्सुखं शान्तचेतसाम् ।
कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ॥

( ૧૦ )

**જે પૈસાને તું યોગ્ય સત્પાત્રને દાનમાં આપે, અથવા**
**જે પૈસાનો તું દિવસાનુદિવસ ખાવા દ્વારા ઉપ-**
**ભોગ કરે–તે પૈસા તારા છે એમ હું માનું છું.**
**બાકીના પારકા છે અને પારકા માટે તું તેની ચોકી કરે છે.**

પૈસાનો એક આ ખ્યાલ ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે. એનો યોગ્ય પાત્રને દાન આપવામાં ઉપયોગ થાય, જરૂરિઆતવાળાને આફત-માંથી મુક્ત કરવામાં વ્યય થાય, દીન દુઃખીનો ઉદ્ધાર કરવામાં વપરાશ થાય, દુકાળ રેલસંકટના કામમાં લગાડાય, અથવા કેળવણી, ઇસ્પીતાલ, નિરાશ્રિત આશ્રમ, વિધવા સંકટ નિવારણ જેવી સંસ્થાઓને દાનમાં અપાય, અથવા કળાકેન્દ્રો, પુસ્તકાલયો, વિદ્યાલયો, અભ્યાસ-ગૃહોનાં સ્થાપન કે સંચાલનમાં વ્યય થાય તે **તારા પોતાના પૈસા** છે એમ ગણજે. બાકી તારે દરરોજ નિયમિત ખાવા માટે જરૂરી ખરચ કરવો પડે તેને પણ કદાચ તું તારા પોતાના પૈસા ગણજે.

એટલે **વિવેકપૂર્વકનાં દાન** અને **જરૂરજોગાં પોતાના ખર્ચને** અંગે વપરાતાં પૈસા તો પોતાના ગણી શકાય. એમાં દાન આપવામાં વિવેકની ખાસ જરૂર છે. એક રૂપીયો વાવીને સોનો લાભ અપાવી શકાય, ખાસ જરૂરિઆત હોય તેને દુઃખમાંથી તારતાં–ઊંચા લઇ આવતાં તેનો હજાર લાખોગણો લાભ થાય, સામાની આંતરડી કકળતી બચે તેના ખ્યાલથી સ્વાત્મસંતોષ થાય અથવા વિદ્યાધામોમાં વ્યય થાય તે તારા પોતાના પૈસા ગણાય. **ચિત્ત, વિત્ત ને પાત્ર** ત્રણેનો યોગ મળે તે સદ્દાન કહેવાય અને તેમાં ધનનો વ્યય થાય તે તારા પોતાના પૈસા થયા, કારણ કે પૈસાનો દાન કે ભોગમાં ઉપયોગ ન થાય તો કાં તો તેનો ત્રીજો માર્ગ નાશમાં પર્યવસાન આવે છે,

અથવા તો એના ઉપર ચોકી કરીને આખી જિંદગી એની તાપણી તાપ્યા કરે, ભૈયાની જેમ એની ચોકી કર્યા કરે અને મોત આવે ત્યારે કોઇ પારકાને આપી ઊઘાડે હાથે ચાલ્યા જવાનું થાય. આ પૈસા પારકાના થયા અને પારકાના રહ્યા. ખાધું કે ખવરાવ્યું નહિ, પેટ બાળ્યું, છોકરાઓને દુભવ્યા અને અંતે આખી રાજધાની કે સંઘરો અહીં મૂકી ચાલ્યા જવું એ પારકાના દોરડા-જોતરા ખેંચવાનું જ કાર્ય છે.

અને ખરી વાત તો એ છે કે માણસને ખાધે ખૂટતું નથી, અને દે તેના કરતાં વધારે તુરતમાં મળે છે. પણ મુંજી સ્વભાવના માણસો લાંબી નજરે જોઈ શકતા નથી. આપવાની વખતે 'શક્તિ નથી.' એવા બહાના કાઢે છે, મન નથી, ભાવ નથી, ઈચ્છા નથી-એ વાત ગોપવે છે અને કાકાનો સપાટો લાગે ત્યારે વાંદરાના હાથમાંથી ગાગરમાંના બોર છૂટી જાય તેમ સર્વ છોડી દેવું પડે છે. આવા પારકા પૈસા પર માણસ શા માટે ગાંડોઘેલો થઇ જતો હશે? હોય ત્યારે લહાવો શા માટે નહિ લેતો હોય? પારકાને માટે વલખાં શું કામ મારતો હશે? આ સર્વ કોયડા છે. પૈસાનું આખું તત્ત્વજ્ઞાન ઊંધી ખોપરી પર-વિચારશૂન્યતા પર-દીર્ઘદૃષ્ટિના અલ્પભાવ પર રચાયલું છે. તે જે જાણે, વિચારે, વિસ્તારે, તે અંતે ફાવે.

---

यद्ददासि विशिष्टेभ्यो यच्चाश्नासि दिने दिने ।
तत्ते वित्तमहं मन्ये शेषमन्यस्य रक्षसि ॥

ભગવાન વ્યાસ

(૧૧)

**વૈભવ હોય તો દેવું, ભોગવવું, સંઘરો ન કરવો. જુઓને ! મધમાખીઓનો કરેલો સંચય અંતે બીજા હરણ કરી લઈ જાય છે.**

પૈસા ભેગા કરવાનો ખરી રીતે કાંઇ અર્થ નથી. હોય ત્યારે ભોગવવું અને દેવું, પોતાનો હાથ ઠારવો અને અન્યને ઉપકાર નીચે રાખવા. એક પ્રસંગે જણાવ્યું છે કે ખવરાવ્યું તે ખરું ખાધું અને ખાધું તે ખોયું. બીજે દિવસે સવારે જંગલ જાય ત્યારે ખાધેલ તો ખલાસ થઇ જાય છે, પણ આપેલ દાન વાવણીની પેઠે એક દાણામાંથી સેંકડો ઉપજાવે છે અને તેની પરંપરા ચાલતાં ઉત્તરોત્તર વધારો જ થતો જાય છે. અને સંઘરો કરી કરીને કેટલો કરો ? કયાં સુધી ચાલે ? અને જ્યારે એ સંઘરો જવા બેસે છે ત્યારે પગ કરી ચાલ્યો જાય છે અને એની આડા ગમે તેટલા હાથ દેવામાં આવે તોપણ એ જરૂર રસ્તે પડી જાય છે. અને પરાધીનતા થયા પછી ડહાપણ આવે તેની કાંઇ કીંમત નથી. માખીઓ ફૂલે ફૂલે બેસી મધ એકઠું કરે છે, પોતે ખાતી નથી, કોઇને ખવરાવતી નથી, પોતાનાં બચ્ચાંને પણ ટટળાવે છે, પણ એક દિવસ મધપૂડા નીચે ધૂમાડો થાય, ત્યારે સર્વ મૂકીને હારેલા જુગારીની માફક હાલી નીકળવું પડે છે. વેપારમાં ગમે તેમ એકઠાં કરેલાં નાણાં એક ખોટા વેપાર થતાં વેરણછેરણ થઇ જાય છે અને બીજો તમાચો લાગતાં માણસ કડભર થઇ જાય છે. એટલા માટે સંઘરવાનો કોઇ અર્થ નથી, સંઘરો કરનાર તો ચોકીદાર ભૈયો છે, તિજોરીનો રક્ષક પહેરેગીર છે, પારકા માટે એકઠું કરનાર કરવૈયો કે ટ્રસ્ટી છે.

એટલા માટે વૈભવ હોય તો આપો, ખૂબ દાન કરો, યોગ્ય પાત્રને શોધી તેમાં ઠાલવતા જાઓ, વ્યવસ્થિત સંસ્થાને પલ્લવિત

કરો. વિવેકપૂર્વક તપાસ કરી ધનનો ઉપયોગ કરો. યોગ્ય માર્ગે ખરચેલ કદી ખૂટવાનું નથી, સુપાત્રે કરેલ દાન કદી નિરર્થક જતું નથી, યોગ્ય પાત્રને જરૂરને વખતે કરેલ મદદ કદી ઊગી નીકળ્યા વગર રહી નથી, માટે હોય ત્યારે ખૂબ આપો, દુકાળનો કે દારિદ્રનો ભય માથા પર ન રાખો, છોકરાં નમાલાં ગરીબડાં પરાધીન અને વ્યાજવડીએ જીવવાના છે એમ ન ધારો. આપો, વાપરો, ખરચો અને ઘણું મળશે અને નહિ મળે તો મનમાં ઓરતો તો નહિ જ રહી જાય. માત્ર વાપરવામાં કે દેવામાં વિવેકની પૂરી જરૂર છે. ઉકરડામાં દિવેલ કે ઘી નાખવાથી ઊગે નહિ. પણ લોટ સાથે મળે તો જરૂર પુષ્ટિ કરે. બાકી એને ડબામાં પૂરી રાખવામાં આવે તો બે ચાર માસમાં એ ખોરું થઇ જાય અને અંતે એને રેતીમાં રગદોળવું પડે કે ઉકરડે નાખી દેવું પડે. આવેલ વખતને ઓળખે એ જાણકાર, છતે પૈસે હાથને ઠારે તે જ્ઞાની, ગરીબ ગરબાની હાય સમજે તે અક્કલવાન અને આવતા દિવસને ઓળખે તે સમજુ; બાકી તો કંઇક આવ્યા ને કંઇક ગયા, નંદરાજાની સોનાની ડુંગરીઓ પણ અંતે અહીં રહી ગઇ અને પોતાને રસ્તે ઉઘાડે હાથે ચાલ્યા ગયા. ધનનું ફળ દાન છે. ત્યાગમાર્ગની એ શરૂઆત છે અને મહાત્યાગની આદિ રચના છે.

---

दातव्यं भोक्तव्यं सति विभवे सञ्चयो न कर्तव्यः।
पश्येह मधुकरीणां सञ्चितमर्थं हरन्त्यन्ये ॥

(૧૨)

**અંતે તો પૈસા એ પણ અપેક્ષિત વસ્તુ છે, કારણ કે જેની પાસે થોડાં હોય અને થોડાંની જ એની ઇચ્છા હોય તે વધારે ધનવાન છે, જ્યારે જેની પાસે ઘણાં હોય અને છતાં વધારેની ઇચ્છા કરે તે પેલાના પ્રમાણમાં ઓછો ધનવાન છે.**

એક સુંદર સુભાષિતમાં ભર્તૃહરિએ ભાખ્યું છે કે 'અમે વલ્કલ વસ્ત્રોથી સંતોષ પામી જઇએ છીએ, તમે રેશમી વસ્ત્રોથી સંતોષ પામો છો. આમાં સંતોષ તો બન્નેની બાજુએ સરખો છે અને બન્ને વચ્ચેનો તફાવત મુદ્દા વગરનો છે. બાકી જેનાં હૃદયમાં તૃષ્ણા ચાલી આવતી હોય અને પ્રસાર પામતી હોય તે ખરેખર ગરીબ છે. એક વાર મનમાં સંતોષ થઇ ગયો, પછી કોણ દરિદ્રી અને કોણ તાલેવંત !' આવી સુંદર ભાષામાં એક ત્યાગીના મુખમાં અત્યંત વિશિષ્ટ વિચારો મૂકીને મહાન સત્ય જગત સન્મુખ રજૂ કર્યું છે. વૈરાગી ત્યાગી મોટા કરોડાધિપતિ ચમરબંધીને કહે છે કે જો તમારા મનમાં હજુ પણ વધારે ધર ભેગું કરવાની વૃત્તિ હોય તો તમે **આશાદાસીના બાળક છો, ભિખારી છો, પરાધીન છો,** દાસીપુત્ર છો. મારે તો મહેલ અને ઝૂંપડું સરખાં છે, મારે શાલદુશાલા કે ઝાડની છાલનાં વસ્ત્ર સરખાં છે. મારે દૂધપાક, કૂરકપૂર કે હલવા મેવા મીઠાઇ અથવા કુશકા કે ઘેંસ સરખાં છે, મારે નોબત, બીન, તંબુરો કે એકતારો સરખાં છે. આવી રીતે મન પર સંતોષની છાયા ફરી વળી એટલે પછી ધનવાન કે ગરીબનો, શેઠ કે નોકરનો, સેવ્ય કે સેવકનો, ઉપરી કે તાબાના માણસનો, તફાવત રહેતો નથી.

અને આશા તૃષ્ણા એ તો એવી ચીજ છે કે એને વધારવા

માંડી તો પછી તે પાઘડીપને લાંબી ને લાંબી થતી જ જાય છે અને આકાશનો છેડો આવે તો જ તેનો છેડો આવે છે. ધનનું પણ એવું જ છે. હજારે ન ઠરે, તેને લાખ થયે ધરવ થતો નથી અને લાખવાળાને દશ લાખે મન ભરાતું નથી. એટલે ધનવાન કોણ અને ગરીબ કોણ એનો નિર્ણય કરવાનો જ હોય તો તેનું **મૂલ્યાંકન** તેની પાસે કેટલું છે તેનાથી થતું નથી, પણ એના મનની **આશા ઈચ્છાઓ કયાં સુધી** પહોંચી છે અને એને હજુ કેટલું ડોળાણુ બાકી છે તે પર એનો નિર્ણય થાય છે.

આશા તૃષ્ણાની તરતમતા અથવા કમી જાસ્તીપણા પેર ધનવાન ગરીબના વર્તુલનો નિર્ણય થતો હોવાથી જેની પાસે વધારે મોટી ઇચ્છા તેને ગમે તેટલું હોય તો પણ એ હજુ ધસડાશા જ કરે છે, અંધારી રાત્રે બાર વાગે પણ એ એની પાસે નદીમાંથી લાકડાં ખેંચાવે છે અને માથે એક બાલ કાળો ન રહ્યો હોય તેવાને પણ જેફ વયે સરવૈયા કઢાવે છે. એટલે ગરીબાઈ કે તાલેવંતપણું એ પણ **અપેક્ષિત** બાબત છે. અભ્યાસ ઘટે, આશા હઠી જાય, મનમાં તોષ થઇ જાય તો તે રાજા મહારાજા છે અને નહિ તો સોનાનો હીરાજડિત બળદનો શેઠ હોવા છતાં એ મમ્મણ શેઠ છે. આ દૃષ્ટિએ સંતોષીને સાચું સુખ છે. એ મહારાજા તાલેવંત છે, એ એનાં રાજ્યમાં મહાલે છે, જ્યારે તૃષ્ણાવાન પારકી આશાનો દાસ બને છે.

---

Wealth, after all, is a relative thing, since he that has little, and wants less is richer than he that has much but wants more.

COLTON.

## (૧૩)

### અશક્ત માણસનું બળ ક્ષમા છે. શક્તિશાળી માણસનું ભૂષણ ક્ષમા છે, ક્ષમા લોકમાં વશીકરણ છે. ક્ષમાથી શું સાધી શકાતું નથી ?

સજ્જનપણાનું, ગૃહસ્થાઈનું બીજું લક્ષણ ક્ષમા છે. એટલે કે જે મનુષ્યંને પોતાની ગણના ગૃહસ્થમાં કરાવવી હોય અથવા જેની ભાવના કે જેનો આદર્શ ગૃહસ્થ ( gentleman ) થવાનો કે રહેવાનો હોય તેણે ક્ષમા રાખી જીવનનો આખો ઝોક ઘડવો જોઇએ. જે માણસ જરા પોતાની ઇચ્છા વિરુદ્ધ કોઈ વર્તન કરે, કોઈ જરા પોતાનો અવર્ણવાદ બોલે, જરા ઘસાતું બોલે, જરા વેપારમાં નુકશાન કરે કે તેના ઉપર ગુસ્સે થઇ જાય તે માણસ ફાવે નહિ, તે માણસમાં ચારિત્ર રમણ કરે નહિ, તે માણસ પ્રગતિ માર્ગમાં આગળ પગલાં ભરી શકે નહિ, તેનું પ્રયાણ સાધ્યને માર્ગે આગળ ધપે નહિ.

માનસવિધાની નજરે જોઇએ તો ક્ષમા મન ઉપર ભારે અંકુશ બતાવે છે, મનોવિકાર પર વિજય સૂચવે છે અને અશક્તને પણ બળ આપે છે. એક વાત ખૂબ ચીવટથી સમજવા જેવી છે. નબળા કાચાપોચા માણસો ક્ષમાવાન હોતા નથી, થઈ શકતા નથી અને ઢોંગ કર્યે ક્ષમા પોતાને વરી શકતી નથી. અશક્તિમાન મનુષ્ય સાધુપણાનો સ્વાંગ ધારણ કરે તો થોડા વખતમાં એ અણીને વખતે પોતાના મૂળ સ્વરૂપમાં પ્રકટ થયા વગર રહી શકતો નથી. ખરો સશક્ત માણસ હોય તે જ ગમે તેવા સાદા કે આકરા પ્રસંગમાં પોતાના મન પર કાબૂ રાખી શકે છે અને એ વાતની ટેવ પડ્યા પછી તો ગમે તેવા ઉત્તેજક પ્રસંગો આવે ત્યારે પણ એ પોતાની જાત પર અંકુશ

મૂકી શકે છે. ગજસુકુમાળના માથા પર ખેરના અંગારા એનો સગો સાસરો મૂકે ત્યારે પણ ક્ષમા રાખે તે તો અતિ ઉચ્ચ કક્ષાનો દાખલો ગણાય, પણ દરરોજના પ્રસંગોમાં સામો ધમધમાટ કરતો આવે ત્યારે મગજનો કાબૂ ન ગુમાવનાર તો ઘણા જોઈએ છીએ અને તેમાં એની નિર્બળતા કે અશક્તિ ગણાતી નથી. એની શક્તિ સામા પર અને જોનાર પર જરૂર છાપ પાડે છે અને તેટલા માટે ક્ષમાને બહાદૂર માણસનું ભૂષણ ગણવામાં આવી છે.

સામો ઘા કરે, તમે ગુસ્સે ન થાઓ, સામાનો ઘા ખાલી જાય અને તમે મ્હોં બગાડવા કે દાંતિયાં કાઢવાને બદલે હસી પડો કે ઉપેક્ષા કરો ત્યારે તેની અસર સામા ઉપર વશીકરણ જેવી થાય છે અને તે જો જરા પણ વિચારક કે કુશળ માણસ હોય તો તમને નમી પડે છે, તમારાં ચરણને ભેટી પડે અને તમારો અને એનો સંબંધ જીવતો થઇ જાય છે, જામી જાય છે, તમારા જીવનનો ભાગ બની જાય છે, માટે આવા વશીકરણને યાદ રાખજો, એને પોતાનું બનાવજો, એનાથી રાચજો અને એના પડખાં સેવવામાં તમારો અહીં અને સર્વત્ર વિજય છે, તમને એમાં અખૂટ આનંદ છે અને તમારી સાચી શક્તિનાં એમાં મૂલ્ય છે એમ સમજજો. ક્ષમાથી સંબંધ બંધાય છે, ક્ષમાથી ગયેલ સંપત્તિ મળે છે, ક્ષમાથી ચારિત્રનું સામ્રાજ્ય મળે છે અને ક્ષમાથી સર્વ મળે છે; માટે એ મહાદેવીને પોતાની બનાવશો તો લક્ષ્મી સીધી ઘેર ચાલી આવશે.

---

क्षमा बलमशक्तानां शक्तानां भूषणं क्षमा ।
क्षमा वशीकृतिर्लोके, क्षमया किं न सिध्यति ॥

સુભાષિત.

(૧૪)

**અનર્થોનું મૂળ ક્રોધ છે; સંસારમાં બંધન કરાવનાર ક્રોધ છે; ધર્મનો ક્ષય કરનાર ક્રોધ છે. તેટલા માટે ક્રોધનો ત્યાગ કરવો.**

સંસારનું મૂળ કષાયો છે. ક્રોધ, માન, માયા અને લોભ એ એનાં નામો છે. એમાં તરતમતા ઓછી વધતી હોય છે, પણ એ ચારેની જડ જ ઘણી આકરી હોય છે. એને ઓળખવાની બહુ જરૂર છે, કારણ કે કષાયથી મુક્તિ મેળવવી એ સાચી મુક્તિ છે. બાહ્ય સૃષ્ટિમાં ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ થાય અને આંતરસૃષ્ટિમાં કષાય મનોવિકારો પર વિજય થાય તો વસ્તુતઃ મુક્તિ જ છે, એટલે સંસારવૃક્ષનું મૂળ કષાય છે એમ વારંવાર કહેવામાં આવ્યું છે. ક્રોધ અને લોભ ઉઘાડા દોષો છે અને પરીક્ષા કરતાં પકડી પાડી શકાય તેવા છે.

ઉપદેશતરંગિણીમાં તેના ગ્રંથકારે બરાબર કહ્યું છે કે 'શ્વેતાંબરપણામાં કે દિગંબરપણામાં, તત્ત્વવાદમાં કે તર્કવાદમાં અથવા તો એકપક્ષ (ગચ્છ–સંઘાડો)નો આશ્રય લેવામાં મુક્તિ નથી, કષાયથી મુક્તિ એ જ ખરી મુક્તિ છે.' એટલે ગચ્છના પાસામાં કે તર્કજાળમાં કે તત્ત્વની મોટી મોટી વાતો કરવામાં કોઇ છૂટકારો માનતો હોય તો તેમાં તેની ભૂલ થાય છે. કષાયને ઓળખી તેના પર વિજય મેળવવામાં સંસારનો અંત છે. 'કષ' એટલે સંસારનો તેમાં 'આયઃ' એટલે લાભ થાય છે. આ ચાર કષાયો પૈકી ક્રોધને ઓળખવો એ એક જરૂરી બાબત છે.

આંખ લાલ થવી, જાત પરનો કાબૂ ખોઇ દેવો, એલફેલ બોલવું, ગમે તેને મારવા મંડી જવું, પોતાની જાતને પથ્થર સાથે

અફળાવવી એ ક્રોધના વ્યક્ત સ્વરૂપો છે. રીસ કરવી, અબોલાં લેવાં, ઉગ્ર સ્વરૂપ ધારણ કરવું કે બકબકાટ કરવો એ એના આવિર્ભાવો છે.

આવી જાતના ક્રોધથી પોતાની જાત પર અંકુશ ચાલ્યો જાય છે, વિવેકને તિલાંજલિ મળે છે, યદ્વાતદ્વા વચન અને વર્તન થઈ જાય છે અને સંયમનો નાશ થઇ જાય છે અને સંયમ ગયો એટલે ધર્મનું એક આખું મુખ્ય અંગ નાશ પામી ગયું. અહિંસા, સંયમ અને તપ પર ધર્મની રચના છે, તેમાં ક્રોધને અને સંયમને વિરોધ છે અને પરિણામે અહિંસાનો પણ નાશ થઇ જાય છે. તપ કરનાર ક્રોધ કરે તો અજીર્ણ થઇ જાય છે અને ધર્મશરીર માંદું પડી જાય છે. એટલે સંસારના બંધનને પાકું કરાવનાર ક્રોધ છે અને આખા ધર્મનો જ જે ક્ષય કરી નાખે તે પછી કાંઇ રાખી શકતો નથી. ક્રોધી રાજાઓ પતિત થઇ જાય છે, ક્રોધી મુત્સદ્દી ન કરવાનું કરી બેસે છે, ક્રોધી સેવક સેવાભાવ વિસારી આળપંપાળમાં પડી જાય છે અને ક્રોધી માણસને ઘરનાં સગાંસ્નેહી કે મિત્રો સાથે ચાલુ કલેશ થાય છે. તેટલા માટે ધર્મરત્નને મેળવવાની ઇચ્છાવાળાએ પોતાના સ્વભાવ પર કાબૂ પ્રાપ્ત કરવો ઘટે અને ક્રોધનો સર્વથા ત્યાગ કરી ક્ષમાગુણ વિકસાવવો ઘટે. એ રીતે સર્જન-ગૃહસ્થ થઈ શકાય.

---

क्रोधो मूलमनर्थानां, क्रोधः संसारबन्धनम् ।
धर्मक्षयकरः क्रोधस्तस्मात्क्रोधं विवर्जयेत् ॥

સુભાષિત

(૧૫)

**કોઈ પણ માણસ ગુસ્સે થઇ શકે છે એ સહેલી વાત છે, પણ તદ્યોગ્ય માણસ પર ગુસ્સે થવું, ગુસ્સે થવામાં પારો કેટલો ચડાવવો, કયા વખતે ગુસ્સે થવું, ખરા કારણે-પ્રસંગે થવું અને બરાબર રીતે ગુસ્સે થવું, એ એટલી સહેલી વાત નથી.**

ગુસ્સે થવું એ તો બહુ સહેલી વાત છે. જેના ખ્યાલમાં ક્રોધનું સ્વરૂપ ન આવ્યું હોય, જે ક્રોધને બોધના અટકાવનાર તરીકે કે સંયમના ઘાતક તરીકે ન ઓળખતા હોય તે જરા ઉત્તેજક પ્રસંગ મળે કે ક્રોધ કષાયને વશ પડી જાય છે. વહેવારમાં ક્રોધ કરવાના પ્રસંગો કોઇ કોઇ વાર આવી જાય છે, તેવે સમયે ક્ષમાગુણ કેળવવો એ તો બહુ સારી વાત છે, પણ જેનાથી તે ન બને તેણે ક્રોધ કરવામાં પણ અક્કલ રાખવી પડે છે, નહિ તો ઓડનું ચોડ વેતરાઇ જાય, સામો માર ખાઇ જાય, તેના પર નાલેશીની ફોજદારી થાય, મોટી રકમ દંડ કે નુકશાનીની આપવી પડે અને દુનિયામાં અપયશ ફેલાઇ જાય; માટે ક્રોધ કરનારે પણ ઘણો વિવેક રાખવા જેવો છે. તેમાં રાખવાની સંભાળ પર વિચાર કરતાં ક્ષમાગુણ માટે નીચેની બાબત વિચારવા જેવી થઇ પડે છે.

(૧) ગમે તેના પર ગુસ્સે ન થવાય. નોકર શેઠ પર ગુસ્સે થાય તે પાલવે નહિ, તેમાં તે ફાવે નહિ. કાં તો નોકરી જાય અથવા માર ખાઇ બેસે. સામો ગુન્હેગાર હોય, મોટો ગુન્હો કરતાં પકડાઈ ગયો હોય તો તેના પર ગુસ્સે થવું એ સમજી શકાય તેવી વાત છે. બાકી જ્યાં ત્યાં દુર્વાસાની જેમ ફુંફાડા મારવા નહિ. (૨) આટલી જ મહત્ત્વની વાત ગુસ્સો કેટલો ચઢાવવો તેની વિચારણામાં આવે છે. ચાળો કરનારને યોગ્ય

મરાય નહિ, રૂની પૂણી ચોરનારને લાફો મરાય નહિ અને છોકરાને સોળ ઊઠે તેટલો મરાય નહિ. ક્રોધનો પારો વખત, પાત્ર અને પ્રસંગને અનુરૂપ હોવો જોઇએ. (૩) અને ગુસ્સો ગુસ્સાને વખતે શોભે. પંગતમાં જમવા બેઠા હોઇએ અને પીરસનાર જરા ભૂલ કરે ત્યાં ઊઠીને તમાચો મારનારના ગૌરવની હાનિ થાય અને નીચ હલકા ગોલાના મ્હોંમાંથી ગાળ નીકળે તેને ઉત્તર દેતાં દશ વધારે ગાળ સાંભળવી પડે. (૪) અને ગુસ્સાની બાબત કે ઉદ્દેશ ગુસ્સાને યોગ્ય હોવો જોઈએ. સામાની સુધારણા કરવાની પોતામાં તાકાત હોય, સામો માણસ સારા અર્થમાં સમજે તેવો હોય ત્યાં ગુસ્સો કદાચ શોભે; બાકી ઉદ્દેશ વગરનો ગુસ્સો કરવાથી ઘા ખાલી જાય અને પોતાનો હાથ લચી પડે. (૫) અને ગુસ્સો બરાબર યોગ્ય રીતે કરવો ઘટે. જ્યાં માત્ર ભવાં ચઢાવવાથી ચાલે તેવું હોય ત્યાં તમાચો લગાવવા હાથ ન ઉઠાવાય અને જ્યાં હુંકાર કરવાથી પતે તેવું હોય ત્યાં નિર્ભર્ત્સનાનું વચન બોલવું ન ઘટે.

આ પ્રમાણે ગુસ્સે થવામાં પણ વિવેક વાપરવાની જરૂર છે, તુલના કરવાની આવશ્યકતા છે અને સમજણ રાખવાની જરૂર છે. ક્ષમાની મોટી વાત છે. તે બને તેણે પોતાની મર્યાદામાં રહેવા ખાતર અને સ્વમાનની જાળવણી ખાતર મન પર કાબૂ તો જરૂર રાખવો ઘટે. સજ્જનને ક્રોધ હોય નહિ, હોય તો ઝાઝો વખત ટકે નહિ અને ટકે તો તેને તેનાં વિરૂપ ફળો સુધી ખેંચી જાય નહિ.

---

Anybody can become angry–that is easy; but to be angry with the right person, and to the right degree, and at the right time, and for a right purpose and in the right way–that is not so easy;

—Aristotle.

(૧૬)

## નિત્ય મિત્ર સમાન શરીર છે, પર્વ મિત્ર સમાન સ્વજનો છે અને પ્રણામ મિત્ર સમાન ધર્મ છે અને તે ખરો બાંધવ છે.

મિત્રો-સ્નેહીઓ અનેક પ્રકારના હોય છે: નિત્ય મિત્ર, પર્વ મિત્ર, તાળી મિત્ર વગેરે. જેનો દરરોજ પરિચય થતો હોય તે નિત્ય મિત્ર, જે વાર તહેવારે કે રજાના દિવસે મળે તે પર્વ મિત્ર, જે વગર ગોઠવણે અનાયાસે મળી જાય તે તાળી મિત્ર. શરીર આખા જીવન સુધી સાથે રહે છે તેથી તે નિત્ય મિત્રની કક્ષામાં આવે, સગાંસંબંધી કોઈ કોઈ વાર મળે તે પર્વ મિત્રની કક્ષામાં આવે અને વહેવારમાં જેને મિત્ર ગણવામાં આવે છે તે સર્વ તાળી મિત્રની કોટિમાં આવે. આવા તો બીજા મુસાફરીના મિત્રો, તાળી મિત્રો વગેરે ઘણા હોય, પણ વ્યવહારમાં કહેવાય છે 'સગપણ તે સોનું, પ્રેમ તે પિત્તળ' આ કહેવત પણ વિચારવા જેવી છે. અમુક અણીને વખતે મિત્રો દૂર રહે છે, ખરાં અંતરનાં સગાં હોય તે જ તેવે વખતે કામ આવે છે. એવા સગાંને 'બાંધવ' કહેવામાં આવે છે. જ્યારે ઘોર વાદળાં વિંટાઇ પડ્યા હોય તેવે વખતે ખરો સગો ભાઇ બાજુએ આવી હાથ પકડી ઊભો રહે છે અને તેને 'બંધુ' કહેવામાં આવે છે. આવો બંધુ જો કોઇ હોય, જે ખરી આફત વખતે પડખે ઊભો રહે અને જેના પર પાકી ગણતરી કરી શકાય તો તે ધર્મ છે. એ ભયંકર તોફાન વખતે, આખા ભવમાં રાત્રે અને દિવસે, આ ભવમાં અને પરભવમાં બરાબર પડખે આવીને ઊભો રહે છે, ભલે એ મિત્રની જેમ ટોળટપ્પાં ન હાંકતો હોય, એ સારે અવસરે સાથે મહાલતો ન હોય પણ ચારે તરફ આફત વરસતી હોય ત્યારે એ બરાબર પડખે આવી ઊભો રહે છે. એની સાથે લટક સલામનો સંબંધ હોય, એની સાથે ઘરોબો ન રાખ્યો હોય, એની સાથે મીઠાં વચનોની આપલે ન કરી

હોય તો પણ તે અણીને વખતે બરાબર કામ આપે છે અને તેથી તેને ખરો બંધુ 'ગણવામાં' આવે છે અને ધર્મનું બંધુત્વ તો ખરેખર આશ્ચર્ય પમાડે તેવું છે. એમાં ઢોંગ ન હોય, એમાં ગોટાળા ન હોય, એમાં દેખાવ ન હોય, એમાં દોરદમામ ન હોય, એમાં ધાંધલ ન હોય, એમાં ખાલી ઠઠારો ન હોય. એ તો ખરો સગો ભાઈ થઈને બરાબર ટેકો આપે છે અને જરૂરી અવસરે ખાસ કામ આપી આખા જીવનપંથને અને જીવન પછીના ભવિષ્યના પંથને ઉજાળે છે, મહિમાવંતો કરે છે, માર્ગદર્શન કરાવે છે અને પ્રગતિને પોષે છે.

બીજા કોઈની ઉપેક્ષા પાલવે, ધર્મની ઉપેક્ષા ન પાલવે. એને વિસરવાથી કે એને ઉવેખવાથી માર્ગ બગડી જાય, મતિ બગડી જાય, પરભવ બગડી જાય અને ખાનાખરાબી થઈ જાય. આ ધર્મને–આત્મ-ધર્મને ઓળખી જે એને અપનાવે તે જન્મ–જન્માંતરમાં તેનો ટેકો મેળવે અને એ ટેકાથી પોતાનો રસ્તો સરળ અને સાધ્ય સન્મુખ કરે. આવા પ્રણામ મિત્ર સરખા બાંધવને કેમ તરછોડાય ?

---

नित्यमित्रसमो देहः स्वजनः पर्वसन्निभः ।
प्रणाममित्रसमो ज्ञेयो धर्मः परमबान्धवः ।

સુભાષિત

૧૭)

**સોનામાં જડવાને યોગ્ય હીરો કદી લોઢામાં જડવામાં આવે તો તે હીરો કાંઇ રહી ઊઠતો નથી તેમજ શોભતો પણ નથી. માત્ર એના યોજકને ઠપકો ઘટે છે.**

દશ પંદર હજાર ખરચીને એક મોટા ધનવાને હીરો લીધો. અત્યંત ચળકાટ મારનાર મૂલ્યવાન પાણીદાર હીરાને એણે કાળા લોઢાની વીંટીમાં મઢાવ્યો. આમાં મૂલ્ય કોનું થાય ? હીરો પોતે તો બોલતો નથી, કકળાટ કરતો નથી, ફરિયાદ પણ કરતો નથી, પણ આંખ ઉઘાડી જોનાર માણુસ તુરત કહી દે છે કે એનો માલીક ગાંડો હોવો જોઈએ કે અક્કલનો ઓથમીર હોવો જોઇએ. કિંમતી હીરાને કોઇ લોઢામાં જડે ? એને તો પ્લેટીનમ કે સોનાની અંદર સુંદર નખીઆંની અંદર જડાય. ત્યાં એના તેજમાં વધારો થાય, ત્યાં એ સોનાનું મૂલ્ય વધારે, ત્યાં એ દીપી-ઓપી નીકળી શકે.

એવી જ રીતે દેશની ગુંચવણુ કાઢનાર કે મહામુત્સદીગીરી કરનાર અસાધારણુ વિદ્વાન નેતાને તમે શાક મોળવા બેસાડી દો, બે હજારના માસિક પગારવાળા પ્રાધ્યાપકને ‘ સારી ચોપડીઓ શૌભાય ’ની કવિતા શીખવવાનું કામ આપો, કે હજાર માણુસની રસોઇ તૈયાર કરી શકનાર મોટા રસોયાને ભજીયાં તળવાં બેસાડો, તો એ કામ તો એ કરી આપે અને એના મુખ પર ખેદ કે વિષાદ પણુ ન બતાવે, પણુ એવી ગોઠવણુ કરનાર તમારી કિંમત થઇ જાય. તમે ગાંડા છો. આવડત વગરના છો, ‘બુંદા’ છો, એમ ચોખ્ખું દેખાઇ આવે.

આટલે સુધી વાત બેસી જાય તેવી છે. હવે જરા આગળ

વધીએ. અનંત જ્ઞાન દર્શનનો ધણી, મહાન્ શક્તિમાન, તેજસ્વી, ઉદાત્ત આત્મા જ્યારે વિષયકષાયમાં પડી જાય છે, જ્યારે ક્રોધથી લાલચોળ થતો દેખાય છે, જ્યારે કપટજાળની ગૂંચમાં અટવાઇ જાય છે, જ્યારે સ્ત્રી સાથે વિષયસેવન કરે છે, ટૂંકામાં સંસારના કામમાં ઓતપ્રોત થતો દેખાય છે, ત્યારે કનકભૂષણમાં જડવા યોગ્ય હીરાને લોઢામાં જડ્યા જેવો એ દેખાય છે. આ ભારે ખેદનો વિષય છે, જોતાં ગ્લાનિ ઉપજાવે તેવા તેના ભવાડા કરાવે તેવી બાબત છે. એમાં પડનાર અને યોજનાર એ પોતે જ છે. માત્ર એને ચેતવનાર કોઇ મળતો નથી. નહિ તો અનંત વીર્યના ધણીના આવા હાલહવાલ હોય ? મહાન્ તેજસ્વી સૂર્યની આગળ આવા અંધારા હોય ? ભવ્ય વ્યોમમાં ઉડ્ડયન કરનાર આવી ભૂમિમાં આળોટતા હોય ? આ અતિ ખેદ કરાવે તેવી બાબત છે; અયોગ્ય મેળથી દિલ ઉશ્કેરે તેવી બાબત છે અને જરા વિચારવાથી કે આંતરચક્ષુ ખોલવાથી દેખાઇ આવે તેવી હકીકત છે; માટે વિચારો. સોનામાં બેસવા યોગ્યને સોનામાં બેસાડો. કનક ભૂષણને યોગ્યને મૂલ્યવાન ધાતુમાં મૂકો. એમ કરવામાં તમારી અલ્પ આવડત અને અણઘડપણાની કિંમત થાય છે. હાથી તો રાજદરબારે શોભે, એને ઉકરડે બંધાય નહિ અને એવી કોઇ ભૂલ કરે તો ભૂલ કરનારમાં મીઠાની ખામી છે એમ વાત થાય.

---

कनकभूषणसङ्ग्रहणोचितो, यदि मणिस्त्रपुणि परिधीयते ।
न स विरौति न चापि हि शोभते, भवति योजयितुर्वचनीयता॥

પંચતંત્ર

( ૧૮ )

**જીવનમાંથી આપણે માટે જેટલું બધું મળી શકે તે લેવા માટે આપણે અહીં આવ્યા નથી, પણ બીજાના જીવનને વધારે સુખી કરવા માટે બનતો પ્રયાસ કરવા અહીં આવ્યા છીએ.**

આપણે અહીં શા માટે આવ્યા છીએ? બને તેટલો પૈસો એકઠો કરવા, કે બેન્ક ખાતામાં મોટી પુરાંત બતાવવા કે રાત્રે સ્વચ્છંદે રખડવા કે પરિણામની વિચારણા કર્યા વગર અકરાંતીઆ થઈ માલમિષ્ટાન્ન ખાવા કે ન પીવા યોગ્ય પીણાં પી જાત પરનો કાબૂ ખોઈ બેસવા? અથવા તો આપણો ઉદ્દેશ અહીં ગાયનો કે સંગીત સાંભળવા માટેનો છે કે આખો દિવસ અફળાઇફૂટાઇ વેપારધંધાના એકદેશીય ચકરાવામાં કચરાઈ મરવાનો છે? કે શો હેતુ છે? કે નામના કરવા માટે છાપામાં કોઇ રીતે નામ પ્રકટ કરાવવાનો કે માનપત્રો મેળવવાનો કે કોઇ અજાણ્યા ખૂણે પડેલી કોઇ સંસ્થાના પ્રમુખ કે હોદ્દેદારનું બિરુદ મેળવવાનો છે કે સરકાર પાસેથી ખાનબહાદુર, રાવ-સાહેબ કે રાયબહાદુરનો ઇલકાબ મેળવવાનો છે? કે તદ્દન નાના વર્તુળના શેઠીઆ ગણાવાનો કે મોટા સટ્ટા, રેસ કે જુગારમાં હજારોને પાયમાલ કરી અંતે પોતાને પાયમાલ કરવાનો છે? આપણો ઇરાદો શું છે? કેટલા મળે તો મોક્ષ થયો ગણાય? કેટલા ડુંગરા ખડકાય તો જીવન સફળ ગણાય? ખરી રીતે આ સર્વમાં આપણો સ્વાર્થ છે, આપણી માન્યતા પ્રમાણે આપણી નામના છે અને આપણી મહત્તામાં માનેલું સાચું ખોટું ગૌરવ છે. આ સર્વમાં મધ્યસ્થાને 'હું' અને 'મારું' છે, એમાં મમતા અને માયા છે, એમાં ચોખ્ખા સ્વપણાનો આગ્રહ છે, એમાં નિર્ભેળ અલ્પ સત્ત્વનું પ્રદર્શન છે.

જીવન જીવવું હોય તો પરાર્થે જીવો, બને તેટલી બીજાને સગવડ કરી-કરાવી આપો. બને તેટલાં જનહિતનાં કામોને અમલમાં મૂકો, અન્યને તેમ કરવા પ્રેરણા આપો, ઉપદેશ કરો અને પારકાને કરી કરાવી આપેલી સગવડોમાં સુખ માનો. ખાવુંપીવું, એશઆરામ-ચમન કરવો એ તો માત્ર ટૂંકી બુદ્ધિ છે, અલ્પ નજર છે, સ્વાર્થનો આંતરપટ છે. બીજાના જીવનને સેવાથી, સલાહથી, મદદથી સુખી કરવાના પ્રયાસમાં પણ સાચો આનંદ છે. બાકી નંદરાજાએ સોનાની ડુંગરીઓ બનાવી તે સર્વે અંતે અહીં રહી ગઈ અને પાંચસો વહાણોનો માલેક ધવલ શેઠ એક પણ વહાણને સાથે ન લઈ ગયો! બીજાને ખવરાવ્યું તે ખરું ખાધું, બાકી ખાધું તે તો ખોયું. એ વાતને સમજે તે પરોપકારી જીવનમાં જ રસ લે અને સમાજ ખાતર અનુકૂળતા પ્રમાણે ભોગ આપવામાં, યાતના સહન કરવામાં, ભૂખ તરસ વેઠવામાં કે જેલનાં દુઃખો ખમવામાં જે મોજ લે તેનું જીવન એ સાચું જીવન છે અને માત્ર બેન્કમાં કરોડો કે લાખોની લેવડદેવડમાં જ રાજી થઈ જનાર માટે તો આ માત્ર એક ફેરો છે, આંટો છે, ખેપ છે. બને તેટલું પારકા માટે જીવવામાં રસ લો, પારકી સેવા એ ખરેખરી પોતાની સેવા છે એ સૂત્ર બરાબર સમજો અને બને તેટલું પરાર્થે જીવન જીવવામાં રસ જમાવો. બાકી તો કાગડો પણ જીવે છે, ખાય છે અને મોત આવે ત્યારે મરી જાય છે. એવા જીવન માટે આપણે અહીં આવ્યા નથી. આપણે તો અહીં પોતાનો વિકાસ સાધવો છે અને પોતાને ભૂલી પરને માટે જીવન વહન કરવું એ એનો રાજમાર્ગ છે.

---

We are not here to get all we can out of life for ourselves, but to try to make the lives of others happier.

Sir William Osler

(૧૯)

**કોઈ કોઈ માણસો મરણના બિછાના સુધી પોતાની સખાવતો મુલતવી રાખે છે. આવા માણસો માટે બરાબર વિચાર કર્યો હોય તો જણાશે કે તેઓ પોતાના ધન કરતાં પારકાના પૈસા પર ઉદારતા દાખવી રહેલ છે.**

'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' અને 'લોભે લક્ષણ સઘળાં જાય' એ સર્વ જાણીતી કહેવતો એક બાબત જરૂર બતાવે છે કે માખી આખો દિવસ મહેનત કરી, મહિનાઓ સુધી ફૂલે ફૂલે બેસી મધ એકઠું કરે, પોતે ખાય નહિ, બચ્ચાંને ખાવા ન દે—આ સર્વ જાણીતી વાત છે, ત્યારે એ મધ કોનું ?

અને આખો દિવસ રાત મજૂરી કરી પૈસા એકઠા કરે અને પોતે સુખે ખાય નહિ, ખાવામાં તેલ ને ચોળાં આરોગે અને મરતી વખતે મારી પાછળ ચોરાસી જમાડજો કે ગામમાં એક ચબૂતરો કરી પારેવાંને જાર નાખજો કે કૂતરાને રોટલા ખવડાવજો—એ ધન કોનું ? એ તો જાણે છે કે અહીં બધું મૂકીને જવાનું છે અને પછી તો કૉર્ટ, દરબાર, વકીલ, પ્રોબેટ ડ્યુટિ, ડેથ ડ્યુટિ—એમાં ઘસડાઇ જવાનું છે.

આવી સ્થિતિ નજીક દેખાય ત્યારે વકીલને બોલાવે, મારા ફલાણા સગાને ૫૦૦ આપજો, મારા નામનું સદાવ્રત થાપજો, વગેરે ખરચો કરવા ફરમાવે—એ પૈસા કોના ? એના તો ન જ કહી શકાય. મરી ગયા પછી એ ઘેર આવે તો તેને કોઈ ઘરમાં પેસવા પણ ન દે, અને જૂના જમાનાના હોય તો પાણી મંત્રીને છાંટે, કે ઘરના બહારના ગોખલામાં ખીલા ઠોકે, કે ભૂલભૂલમાં પણ ઘરમાં બાપાનું ભૂત રાત વખતમાં પણ પેસી ન જાય.

ત્યારે આ તો પારકાના પૈસા થયા. એ તો કોઇ રીતે પોતાને

એક રૂપિયાના ચાર આના પરભવમાં મળે તો સગા છોકરાને પણ રખડાવે, પણ જ્યારે ઉપાય ન હોય ત્યારે કાંઇ નહિં તો થોડું ઘણું આવતા ભવમાં મળશે, એવી માન્યતાને આધારે એ થોડો ધર્માદો કરે છે, પણ આવી રીતે કરેલ ધર્માદો એ ખરી રીતે પારકા પૈસાનો ધર્માદો છે, હક્ક ઊઠી ગયા પછી હક્ક સ્થાપવાનો વ્યામોહ છે, બળતું ઘર કૃષ્ણાર્પણ કરવાના અખાડા છે, મળે તેટલું પચાવી પાડવાનો ધનનો મોહ છે. ધનની અસ્થિરતા સમજનાર, ખરચ્યું તે સાથે આવશે એ પાઠનો સંવ્યવહાર કરનાર આ રીતે છેલ્લી ઘડી સુધી પૈસા ખરચવાની વાત મુલતવી રાખે નહિ અને રાખે તો તેને પૂરું ફળ મળે નહિ.

**'હાથે તે સાથે'** એ વાત સમજવા જેવી છે, **વાવવાથી લણાય છે** એ વાત ધ્યાનમાં લેવા જેવી છે, પોતે કરેલ સખાવતના લાભ નજરે જોવાથી અનુમોદનનો લાભ પણ થાય છે અને કરેલ કાર્યનો બદલો હજારગણો અહીં ને અહીં મળે છે.

માટે જે કરવું હોય તે આજ કરો. નાણાં વેડફાઇ જતાં વાર લાગતી નથી. પુત્ર કુપુત્ર થાય તો કઇક વસીયતનામા તિજોરીમાં સડી ગયા છે અને વકીલોની નજર મોટી મિલકત પર હોય છે. આ સર્વમાંથી બચવું હોય, પરસેવાના પૈસાનો લાભ લેવા પાકી ઇચ્છા થઇ હોય તો જે કરવું હોય તે તુરત કરો, પાછળવાળા કરશે એ વ્યામોહ છે, મૂળથી જ ખોટો ખ્યાલ છે અને અનુભવથી કષ્ટસાધ્ય છે. ખરચ્યું તે તમારું છે, બાકી બધાં ભામા છે.

---

He that defers his charity till he is dead, is, if a man weighs it rightly, rather more liberal of another man's food than his own.

Bacon.

( ૨૦ )

**ધર્મનું વ્યાખ્યાન ચાલતું હોય તે વખતે જે બુદ્ધિ થાય, સ્મશાનમાં બળતી ચિતાની છાયા વખતે જે વૈરાગ્ય બુદ્ધિ પોષાય, વ્યાધિવાળા રોગીને મંદવાડ દરમ્યાન ત્યાગની જે બુદ્ધિ થાય, તે જો નિશ્ચલ હોય-પાકી હોય તો બંધનથી મુક્ત કોણ ન થઈ જાય ?**

શુદ્ધ ત્યાગી, હૃદયથી બોલનાર, ખરેખરા અભ્યાસી અને જેના વિચાર, વાણી અને વર્તનમાં ત્યાગભાવ રમી રહેલ હોય તેવા વક્તા સંતપુરુષ સાદી મીઠી ભાષામાં ધર્મનું રહસ્ય સમજાવતા હોય, પ્રભાતનો ઊગતો પહોર હોય, ગજસુકુમાળ અને કરકંડુ જેવાના દાખલા આપ્યે જતા હોય અને શ્રોતા વૈરાગ્યના રસમાં તરબોળ હોય ત્યારે કેવી બુદ્ધિ થાય ? એ નંદરાજાની સોનાની ડુંગરીની વાત કરે, એ મુંજ જેવા મોટા રાજાને ભિખ માંગતો બનાવે, એ દ્વીપાયન ઋષિએ કરેલ દ્વારકાદહનની વાત કરે કે એ સ્થૂલિભદ્રનો ત્યાગ વર્ણવે ત્યારે કેવી બુદ્ધિ થાય ? વિષયસુખો કેવાં લાગે ? કષાયપરિણતિ પર કેવી ચીઢ ચડે ? સ્વપરની કેવી ઓળખાણ થાય ?

અથવા સ્મશાનમાં ભાઈની, પુત્રની, સ્ત્રીની, મિત્રની કે સંબંધીની 'ચે' બળતી હોય, સાચા સંવેગી લૌકિકે આવનાર વધારે દુઃખીના દાખલા આપી ધીરજ આપતા હોય, અંતે સર્વને મરવું ચોક્કસ છે અને આ જમાવેલ સૃષ્ટિ આખી અહીં ને અહીં રહી જવાની છે અને સાથે એક નાળિયેર કે એક સુતરનો દોરો કે સોનાની વીંટી પણ આવનાર નથી એવી વાતનું વાતાવરણ જામ્યું હોય ત્યારે પોતાના મનમાં કેવી બુદ્ધિ થાય ? કેવો વિચાર ઘોળાય ? ૧૦૪-૧૦૫

ઊંચી તાવ આવ્યો હોય, ઉધરસ આવ્યા કરતી હોય, વૈદ્ય દાક્તર હિંમત આપે તેમાં આશા નિરાશા વચ્ચે ઝોકાં ખવાતાં હોય, ગળે પાણી ઉતારવામાં પણ શ્રમ પડતો હોય, ત્યારે મનમાં વિચાર આવે કે આ વ્યાધિમાંથી ઊઠું તો આ ચોતરફથી દાવાનળ લાગેલા સંસારમાંથી નાસી છૂટું! તે વખતે જમાવેલ રિયાસત, એકઠી કરેલ પૂંજી, ગોઠવેલ સગપણ, સર્વ તરફ કેવી બુદ્ધિ થાય? પોતાનો તેમની સાથેનો સંબંધ કેવા પ્રકારનો, કેટલા વખત માટેનો અને કેવાં પરિણામ લાવનારો છે તેને અંગે કેવા વિચારો આવે? શા શા નિર્ણયો સૂઝે?

આ મટક વૈરાગ્ય, ક્ષણિક ત્યાગબુદ્ધિ, કામચલાઉ વિચારણા જો સ્થાયી સ્વરૂપ લે તો કામ થઈ જાય, સર્વ બંધન ખલાસ થાય, મનુષ્ય પોતાના અખંડ સ્થાને પહોંચી જાય. પણ ઘણાખરા તો વ્યાખ્યાનગૃહમાંથી નીકળતી વખતે જ શાહુકાર બની જાય. સ્મશાનમાંથી પાછા ફરતાં યુરોપ કે અમેરિકાની વાતે ચઢી જાય, રોગ પૂરા થાય ન થાય ત્યાં તો વેપાર–ધંધાના ઑર્ડરો આપવા લાગી જાય, અને અંતે 'ઘર દી અને ઘર દહાડા' થાય. તેમાં શું રળ્યા? તેથી શું વળે? એમાં કઇ જાતનો સ્થાયી લાભ થાય? માટે આવા ટૂંકે વખતના વિચારને સ્થાયી રૂપ આપતાં આવડે, આત્મવંચના અને દંભને તિલાંજલી અપાય અને તેમાંથી સ્થાયી લાભ મેળવાય તો ત્યાં સાચો ધર્મ આવીને વસે; બાકી ઉપરચોટિયા ભાવનાનો કાંઇ અર્થ નથી, સ્થાયી લાભ નથી તેમ તેથી પૂર્ણ પ્રગતિ પણ નથી.

---

धर्मस्थाने स्मशाने च, रोगिणां या मतिर्भवेत् ।
यदि सा निश्चला बुद्धिः, को न मुच्येत बन्धनात् ? ॥

(૨૧)

**મહામુશ્કેલીએ મળી શકે એવો મનખા જનમ જે મનુષ્ય આળસ–પ્રમાદમાં પડી નકામો ગુમાવી દે છે તે મનુષ્ય કાગડાને ઉડાડવા માટે પોતાના સગા હાથથી મહામૂલું ચિંતામણિ રત્ન ફેંકી દે છે.**

મહામુશ્કેલીએ આ મનુષ્યજન્મ પ્રાણીને મળે છે. અંતઃકરણથી પરમાત્માની સેવા કરી હોય ત્યારે આવા ધર્મક્ષેત્ર ભારતભૂમિમાં અવતાર થાય છે, ખૂબ પરિસેવના કરી હોય ત્યારે ધર્મ સમજવાની ગૃહણશક્તિ–મગજશક્તિ પ્રાપ્ત થાય છે, ખૂબ એકાગ્રતા કરી હોય તો વિશુદ્ધ દેવગુરુનો યોગ મળી આવે છે. સારી રીતે જીવદયા પાળી હોય તો શારીરિક અને માનસિક તંદુરસ્તી સાંપડે છે. આવી રીતે ઉત્તમ કુળ, અનુકૂળ સ્વજન, સારું ક્ષેત્ર, પુસ્તકાદિ જ્ઞાનનાં સાધન વગેરે પ્રત્યેક ચીજ મળવી મુશ્કેલ છે, અતિ મુશ્કેલ છે. અનેક રખડપટ્ટી પછી કોઈ વાર આવો સાધનસંપન્ન મનખા દેહ મળી આવે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં એને માટે દશ દ્દષ્ટાંતો આપી મનુષ્યભવની દુર્લભતા અસરકારક રીતે બતાવી છે. એક એક દૃષ્ટાંત વાંચતાં મનુષ્યભવ મળવાની મુસીબતો માનસપટ પર ચિત્ર પાડી દે છે.

આવો મનખા દેહ, આવી મુસીબતે મળે તેવું માનુષ્ય, આવો દોહિલો નરભવ મળે અને પછી મનુષ્ય તેને વેડફી નાખે તેની અક્કલની શી કિંમત થાય ? ખાવાપીવાના આરંભમાં, રેસ અને સટ્ટાના જુગારમાં, ઢીંચી ઢીંચીને દારૂ પીવાની પાર્ટીઓમાં, રેસરંગ લેવામાં, મોડી રાતે શંકાસ્પદ ચાલચલગતવાળી પારકી નધણીઆતી સ્ત્રીઓ સાથે રમણ કરવામાં જે જીવન વેડફી નાખે, અથવા કાવાદાવા, કારસ્તાન અને

દંભ માયાના પૂતળાસમી રાજદ્વારી ગૂંચવણોમાં ખેલ ખેલ્યા કરે કે સ્પર્શસુખમાં કાળ નિર્ગમન કરે કે અતિ મોટા વેપારની ગડમથલમાં ઘરની, પોતાની કે સંતતિની વિચારણા કરવાનો વખત પણ ન મેળવી શકે. આવી પ્રવૃત્તિમય ધમાલમાં ધોરણસરની કે ધોરણ વગરની દોડધામમાં પૂરો વિચાર પણ ન કરી શકે અથવા મહા આળસ કે પ્રમાદમાં પડ્યો રહે, ગામગપ્પાં હાંકયા કરે, કુથલી કર્યા કરે, મુદ્દો સમજ્યા વગર લડાઈની, અર્થશાસ્ત્રની કે દેશની કથા કર્યા કરે. આવી રીતે જિંદગી વેડફી નાખનાર આ અતિ મુશ્કેલીએ મળેલા દુર્લભ મનુષ્યભવનો લાભ ઉઠાવવાને બદલે એને ખોઈ બેસે છે, એને અર્થશૂન્ય બનાવી દે છે અને અંતે હારેલ જુગારીની જેમ લડથડિયાં ખાતો પડદાની અંદર પેસી જાય છે, મનુષ્યભવ ગુમાવી બેસે છે.

આવા મનુષ્યનું વર્તન ઘરમાં બેઠા હોઈએ અને બારીએ કાગડો કા કા કરતો હોય તેને ઉડાડવાના કામમાં મહામૂલ્યવાન ચિંતામણિ રત્નનો ઉપયોગ કરવા બરાબર છે. ઇચ્છિત વસ્તુ લાવી આપનાર ચિંતામણિ રત્નનો આવો ઉપયોગ ઘટે ? છતાં અંતરને તપાસજો, પોતે આ મનુષ્યદેહનો કેવો ખોટો ઉપયોગ કરી રહ્યા છો તે વિચારજો, આવી અનુકૂળતા મળવી મુશ્કેલ છે તે વિભાવજો અને મૂર્ખાની પંક્તિમાં બેસી બાજી હારી ગયા પછી પસ્તાવું ન પડે તેવું કાંઇ કામ કાઢી લેવા નિર્ણય કરજો. બાકી તો કેંક આવ્યા, કેંક ગયા. અનેક ભવની પેઠે પોતાનો આંટો-ફેરો જ ગણાવવો હોય તો મરજીની વાત છે.

---

चिन्तारत्नं विकिरति° कराद्वायसोड्डायनार्थम् ।
यो दुःप्रापं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ॥

सिंदूरप्रकर, गाथा ९, ઉત્તરાર્ધ.

## ( ૨૨ )

## મહાનુભાવ પુરુષો સંપત્તિમાં અને વિપત્તિમાં એક સરખા જ હોય છે.

ખરેખરા મહાન પુરુષો હોય છે તે સંપત્તિ મળવાથી અભિમાનમાં આવી જતા નથી, પોતે મોટા કે ઊંચા છે એમ ગણતા નથી, આફત-માં કે ગરીબીમાં આવી જાય તો મુંઝાઈ જતા નથી, કકળાટ કરી ક્લેશ કરતા નથી કે આત્મહત્યા કરવાનો વિચાર કરી કર્મફળ ભોગવવા કરતાં તેનાથી દૂર નાસી જતા નથી. સારા વખતને એ બરાબર ઓળખે છે, સારી સ્થિતિનો પૂરતો લાભ લે છે, વિવેકપૂર્વક વ્યય કરે છે, અને આખો વખત આનંદ અને ઉમંગમાં રહી લહેર કરે છે. તેઓ વિપરીત દશા આવી પડે તો એ દશાથી દબાઇ જતા નથી, પોતાનું આત્મધન શોક કરીને ગુમાવતા નથી અને ગરીબ ગણાવામાં ગૌરવહાનિ માનતા નથી. એ તો સૂર્ય જેમ ઉદય વખતે લાલ હોય છે, તેમ અસ્ત વખતે પણ લાલ જ હોય છે.

મોટા માણુસને સંપત્તિ આવે અને મોટાને જ આફત આવે. એ તો 'જીસ ઘર બહોત વધામણાં, ઊસ ઘર મોટી પોક.' જેને ઘેર પુત્રજન્માદિ વખતે હજારો સેંકડો વધામણી દેવા આવે, અભિનંદન આપવા આવે, તેને ઘેર જ્યારે મરણુ થાય ત્યારે ઘણા આભડનારા હોવાથી પોક પણુ મોટી જ પડે. ચંદ્ર વધે છે અને ઘટે છે પણુ ચંદ્ર જ. તારાઓ તો ત્રણે કાળ તારા જ રહે છે એટલે નાના મોટા થવું એ તો મોટાઈનું લક્ષણ છે.

અને ગમે તેવા મોટા થવાનું બની આવે કે ગમે તેટલું કચરાઇ જવાનું ભાગ્યને ફાળે આવે, પણુ જેના મનમાં, વચનમાં કે વર્તનમાં

જરા પણ ફેર પડે નહિ, જેના વિચારમાં કે વ્યવહારમાં તલ જેટલો પણ તફાવત પડે નહિ, જે અનુકૂળ કે વિપરીત સંયોગોમાં હરખાઇ કે મુંઝવાઇ જાય નહિ તે જ ‘ મહાન ’ના નામને યોગ્ય છે. આફતમાં એ લાંબો હાથ ન કરે, આફતમાં એ છાતી કૂટવા બેસી ન જાય, અગવડમાં એ ગાંડોઘેલો ન થઇ જાય, કમાણીની ચઢતીમાં એ ફૂલીને ફાળકા ન થઇ જાય, લાખોના વૈભવ કે હવેલીના વાસ દરમિયાન એને પોતાની પહોળાઈના પ્રમાણમાં શેરી સાંકડી ન લાગે.

આવી રીતે ખરા મોટા માણસમાં સારા ચઢતા દહાડામાં જેવી ગૃહસ્થાઇ હોય, જેવી સભ્યતા હોય, જેવી સજ્જનતા હોય, જેવો વિવેક હોય તેવો જ તેવા જ આકારનો વિવેક અને તેવી જ ગૃહસ્થાઇ, સભ્યતા અને સજ્જનતા મોળાવાંકા દિવસમાં પણ હોય. અને એ જ એની મહત્તા છે. જે માણસ આફતમાં હાંફળોફાંફળો થઈ જાય, જે પૈસા જતાં કે ઘરમાં આકરું મરણ થતાં માથું કૂટવા માંડે કે કૂવે પડવા દોડી જાય તેનામાં ‘ મહાનતા ’ નથી એમ સમજવું. જે ત્રણ કાળમાં એકસરખો રહે, જેની એકાંતમાં અને જાહેરમાં જીવનસરિતા એકસરખી વહે, જે કટાક્ષ કે કડવાશથી દૂભાઇ ન જાય, જે પ્રશંસા કે ખુશામતથી ફૂલી ન જાય, જે નિંદાથી ગભરાઈ ન જાય, જે બિરુદાવલીના શ્રવણથી છલકાઇ ન જાય, **તે મહાન છે, તે સજ્જન છે, તે સત્પુરુષ છે;** તે શ્લાઘ્ય છે, પ્રશંસનીય છે, વંદનીય છે, ધર્મરત્નની પ્રાપ્તિને યોગ્ય છે અને અંતે અનંત સુખ પ્રાપ્ત થાય તે માર્ગે ચઢી ગયેલ છે.

संपत्तौ च विपत्तौ च महतामेकरूपता ।

## ( ૨૯ )

**જેવું મન (મનના વિચાર) હોય તેવી વાણી હોય, અને જેવી વાણી હોય તેવી જ ક્રિયા–કાર્યપ્રવૃત્તિ હોય: ચિત્તમાં, વચનમાં અને ક્રિયામાં સાધુપુરુષોની એકરૂપતા હોય છે.**

સજ્જન અને પ્રાકૃત અથવા પતિત કે દુર્જનની વચ્ચે એક મોટો તફાવત છે અને તેના પર અહીં મુદ્દામ રીતે ધ્યાન ખેંચવામાં આવ્યું છે. ચાલુ વહેવારુ માણસ હશે તે ધર્માખ્યાન વખતે, નવરાશની વાતો વખતે કે પાંચ માણસમાં બેઠો હશે ત્યારે તો એવા ઠાવકા વિચારો બતાવશે અને બીજાની પંચાત કરતી વખતે એવી મોટી મોટી વાતો કરશે અને સદ્‌ગુણો પર એવા વિચારો અને ભાષણો આપશે કે સાંભળનારને જરૂર એમ જ લાગે કે એ ભાઈ તો રાજા હરિશ્ચંદ્રના અવતાર છે, કે એ ભાઈ ધર્મરાજાની બીજી આવૃત્તિ છે. પણ એ વર્તન કરે ત્યારે એને કાળાં બજાર કરતાં આંચકો નહિ આવે, એને માલની ભેળસેળ કરવામાં ખંચકો નહિ આવે, એને ઓછો માલ તોળી આપવામાં સંકોચ નહિ થાય, એને પાકો રંગ કહી વેચવાની ચીજ પાણીમાં પડે કે એમાંથી રંગના પ્રવાહો ચાલશે; એ ઉત્તર દિશા બતાવી પશ્ચિમે દેખાશે, એ ધણીને કહેશે ધાડ અને ચોરને કહેશે નાશ–આવા લક્ષણવાળા અને કોઈ જાતના વિશુદ્ધ આદર્શ વગરના પોતાના ગોળા ગબડાવનાર પ્રાકૃત માણસ પણ હોય છે. એ 'હે ચેતન! હે ચેતન!' કરતો જાય અને પોથીમાંના રીંગણાં અને ઝોળીમાંના રીંગણાં વચ્ચે તફાવત છે એમ એના વર્તનથી અને વ્યવહારથી બતાવી આપે.

જ્યારે ખરેખરો સજ્જન હશે તે વિચારશે તેવું બોલશે, બોલશે તે પ્રમાણે વર્તશે અને એને ગમે તેટલો તાવો, એની

કસોટી કે અગ્નિપરીક્ષા કરો; પણ એ ત્રણ કાળમાં એક સરખો દેખાશે અને એના હૃદયમાં ઝેર, વેર, કદાગ્રહ કે દ્વિધાભાવ કદી જોવામાં, જાણવામાં કે કલ્પવામાં આવશે નહિ. એને કોઇ કાપી નાખે, કોઇ એને પારાવાર નુકસાન કરે કે કોઇ એની નિંદા કરે તોપણ એનાં વર્તન, ભાષણ કે વિચારમાં નરી એકરૂપતા દેખાશે. એને ઢોંગ ન હોય, એને દેખાવ ન હોય, એને ગોટાળા ન હોય, એના બિલોરી પારદર્શક મનમાં કદર્થના, હીનતા, દીનતા કે આશાભાવ ન હોય, એને મનમાં સાચું લાગે તેનો ઉચ્ચાર કરવામાં સંકોચ ન હોય, અને એની લેવડદેવડ, વ્યવહાર કે ભાષામાં કદી એવડો ભાવ ન જ આવે, કદી ઉપરથી એક અને અંદરથી અન્ય એવો દ્વિધાભાવ ન આવે અને એ ત્રણ કાળમાં એક સરખો સીધો સરળ નિરાડંબરી અને સત્યશીલ રહે. આવા બીજા પ્રકારના પુરુષને સાધુનું નામ શોભે, એ ખરો સજ્જન કહેવાય, એ સંત તરીકે જીવે અને વગર બોલે પણ પોતાનાં વર્તનથી જગતને ઉપદેશ આપે, દાખલો પૂરો પાડે અને અનુકરણીય બને. આવા સંતપુરુષોથી દુનિયા શોભે છે, આવા મહાન આત્માથી જગત રહેવા લાયક બને છે, આવા પુરુષો **ખરા ધર્મી** છે. બાકી તો અનેક આવ્યા અને ઘણાખરા તણાઈ ગયા તેનાં નામનિશાન કે એંધાણ રહ્યાં નથી.

---

यथा चित्तं तथा वाचो, यथा वाचस्तथा क्रिया ।
चित्ते वाचि क्रियायां च, साधूनामेकरूपता ॥

કુમારપાળ પ્રબંધ

( ૨૪ )

**પરોપકારી પુરુષ સર્વ પ્રાણીઓનાં કાર્યો કરતો રહે છે. એ પોતાના અંગત કામમાં આળસુ રહે છે, જ્યારે પારકાનાં કામો કરવામાં તત્પર રહે છે. આવો પરોપકારી માણસ કોને વહાલો ન લાગે ?**

આવા ઘર બાળીને તીરથ કરનારા પણ હોય છે. કોઇ એને નાનું કામ બતાવે કે એ તે કામ પાછળ લાગી જાય છે, પારકાનાં કામની એને એટલી દરકાર હોય છે કે એ કરતાં એને પોતાનાં ભૂખ, તરસ, તકલીફ કે ઉજાગરા ખ્યાલમાં પણ રહેતાં નથી, અને એને કામ કરવામાં એટલો આનંદ આવે છે કે એનું વર્ણન થાય નહિ. સામો માણસ એનો આભાર માને તો એને ઊલટી શરમ લાગે છે અને પોતાના હૃદયથી એ કામ કરવામાં પોતે ઉપકાર કરે છે એવું એને જરા પણ લાગતું નથી, નિઃસ્વાર્થભાવે માંદાની માવજત કરનાર દાઇ કે ગાઢ જંગલમાં પાણીનું પરબ માંડનાર ડોસીને નથી હોતી પ્રશંસાની ઇચ્છા, કે નથી જોઈતી અન્યની પ્રેરણા. સેવાભાવે નિઃસ્વાર્થ-વૃત્તિએ કીર્તિની આશા કે ઇચ્છા વગર વ્યાખ્યાનો કરનાર, જનતાના સુખ માટે સમર્પણભાવે શોધખોળ કરનાર વૈજ્ઞાનિક કે રાતના બે વાગે માંદાને જોવા જનાર ફી કે બદલાની આશા વગરના વૈદ્ય કે ડૉક્ટર આ કક્ષામાં આવે છે. આવા પારકાને માટે જીવનારા પરોપકારી જીવડાને જોયા હોય તો એની ગંભીરતા, નમ્રતા અને સહિષ્ણુતા માટે માન થયા વગર રહે નહિ. એવા મનુષ્ય એના સ્વભાવને લઇને જ સર્વને વહાલાં થઈ પડે છે, સર્વ એના તરફ ઉમળકાથી જુએ છે અને એવાનો પડચો બોલ ઉપાડી લે છે.

અને જીવનનો હેતુ પણ શો છે? મહાપ્રવૃત્તિ કરવી, બને

તેટલા ધનના ઢગલા કરવા, ગોટા વાળેવા, કાળાં બજાર કરવાં, અને મૃત્યુ આવે ત્યારે સર્વ અહીં મૂકી હારેલ જુગારીની જેમ ચાલ્યા જવું કે કાંઇ પરને માટે કરી જવું, કાંઈ પોતાની જાતને વિસરી જવી, કાંઈ નિઃસ્વાર્થભાવે સમર્પણ દૃષ્ટિએ કરવું કે આપવું. સ્વાર્થ અને પરમાર્થના, પેટી ભરવાના અને કોથળી ઉઘાડી મૂકવાના, ખૂબ ખાવાના કે પુષ્કળ ખવરાવવાના રસ્તા દુનિયામાં વેરાયેલા પડ્યા છે. બાકી તો 'કાકા ! માંધાતા જેવા મોટા રાજાઓ ગયા, તેની સાથે પૃથ્વી નથી ગઈ પણ તમારી સાથે તો જરૂર આવશે !' આવા કુમાર ભોજના ઉદ્ગારોને સમજવાની જરૂર છે. નંદરાજાની સોનાની ડુંગરી પણ અંતે અહીં જ રહી ગઇ અને છ ખંડને રાડ પડાવનારા પણ અંતે રસ્તે પડી ગયા, જીવન હારી ગયા અને હાથ ઘસતા ઠેકાણે પડી ગયા. એવા મનુષ્યો જીવતા હોય ત્યારે કોઇને ગમે નહિ, મરી ગયા પછી એને કોઇ યાદ કરે નહિ અને સંસારના ચકરાવામાં તણાઈ ફસડાઇ જાય. ભામાશા, પેથડશા પણ ગયા અને ધવલ શેઠ પણ ગયો. પણ ઉપકારી શેઠોનાં નામો ઉચ્ચારતાં મનમાં શાંતિ થાય છે, કલમમાં જોમ આવે છે, એમના જીવનની મીઠી ફોરમ વરસો પછી પણ આહ્લાદ ઉપજાવે છે. એનું નામ જીવન કહેવાય, એનું નામ વિકાસ કહેવાય, એનું નામ પ્રગતિપંથ કહેવાય. જગતને વલ્લભ થવાના લહાવા લેવા જેવું છે, એની શાંતિ ઓર છે, એની તમન્ના અદ્ભુત છે, એવું જીવન ઇચ્છનીય છે, સફળ છે, વ્યાપક છે, ઇષ્ટ છે, સ્પૃહણીય છે.

---

जनस्य सर्वस्य समीहितानि, कार्याणि कुर्वन्नुपकारकारी ।
स्वार्थे प्रमादी प्रगुणः परार्थे, न कस्य कस्येह स वल्लभोऽभूत् ? ।

धर्मकल्पद्रुम.

( ૨૫ )

**ચંદનનો બોજો વહન કરનાર ગધેડો ભાર-
ને જાણે છે, પણ ચંદનને જાણતો નથી-
તે પ્રમાણે ઘણાં શાસ્ત્રને ભણેલા પુરુષો જો
ક્રિયા રહિત હોય તો તે ગધેડાની માફક
શાસ્ત્રના ભારને વહન કરનાર થાય છે.**

બહુ મોટી મોટી વાતો કરે, પંડિતાઈનું ઘમંડ રાખે, વ્યાખ્યાન કરે તો સભાને છક કરી દે, પણ વર્તન કરવાનો વખત આવે ત્યારે ગળિયો બળદ થઇ જાય, આળસુ બનીને થાક્યો દેખાય, કરે તો મન વગર ઉપર ઉપરનો ડોળ કરે, પણ અંદર કોરો ધાકોર હોય.

અથવા વાત કરે પ્રમાણિકપણાની, અને સામાનું ગળું કરતાં જેના દિલમાં જરા સરખી અરેરાટી પણ ન થાય; અથવા વાત કરે નમ્રતા, સ્થિરતા કે આર્જવની, અને વાત કરવા બેસે ત્યારે સામાના છતા અછતા દુર્ગુણની, તેની ગેરહાજરીમાં, નિંદા કરતાં કે તેના અવર્ણવાદ બોલતાં એની જીભ પર જરા સરખું ચોકડું ય ન લાગે; અથવા સત્ય, શીલ, દયા કે સજ્જનતા પર ભાષણ આપીને નીચે ઊતરતાં જ કોઈને ગાળ આપતાં, તુચ્છકાર સાથે હુકમ કરતાં, તોછડાઈથી સામાને તોડી પાડતાં કે પોતાની મહત્તા બતાવતાં, પોતાની નરમાશ બતાવવાનો દાવો કરતાં જેના દિલમાં અરેરાટી પણ ન થાય.

આવા પુરુષો દુનિયામાં નકામો જ્ઞાનનો બોજો ઉપાડે છે, ભાર વેંઢારીને હેરાન થાય છે, ખોટો દાખલો બેસાડી બીજાને પતિત થવાનો માર્ગ સરલ કરી આપે છે અને જાતે નિર્ધ્વંસ થઈ, તીવ્ર કર્મ બાંધી, ગળે પથ્થર વીંટી, મહાન ભવસમુદ્રમાં ઊંડા ડૂબી જાય છે; એવાનો

આરો આવતો નથી, એમને માર્ગ મળતો નથી અને જાતે અંધ કૂવામાં પડતાં પડતાં બીજાને પોતાની સાથે ખેંચી જાય છે.

ગધેડાને ચંદનની ગંધ આવતી નથી. એની પીઠ પર સુખડ લાદ્યું હોય કે ધૂળના ઢેફાં ભર્યાં હોય એ બંને એને મન સરખાં છે, એને પથ્થરનો ભાર લાગે છે તેટલો જ ચંદનનો લાગે છે, એ ચંદનની સુગંધથી બેનસીબ રહે છે. એના પર ચંદનનો ભાર આવ્યો એનો એને કોઇ જાતનો લાભ મળતો નથી. તેજ પ્રમાણે સમજુ જાણકાર જ્ઞાની માણસ ક્રિયા ન કરે, કરે તો સાચી સમજીને ન કરે, તો એનાં જ્ઞાનનો કશો અર્થ નથી. એકલું જ્ઞાન પાંગળું છે, એકલી ક્રિયા આંધળી છે. જ્ઞાન અને ક્રિયાનો સહચાર હોય ત્યાં જ ખરી મજા જામે છે, બાકી જ્ઞાન વગરની ક્રિયા હોય તો તેનો વિનિપાત થતાં વાર લાગતી નથી અને હેતુ રહસ્યના અજાણપણામાં ક્રિયાનો સાચો લાભ મળતો નથી અને જાણી સમજીને બેસી રહે, ગજના ગજ માપે, પણ એક તસુએ કાપે નહિ—એ જ્ઞાનનો પણ અર્થ નથી. માત્ર જ્ઞાન બોજારૂપ છે, માત્ર ક્રિયા આંધળી છે. એવા અર્થ, હેતુ કે પરિણામ વગરના જ્ઞાનના કે એવી વગર સમજણની ક્રિયાના સંવ્યવહારમાં કોઇ જાતનો લાભ થતો નથી. માટે કરો તે સમજીને કરો, સમજો તેનો બરાબર અર્થ કરો અને નકામી મજૂરી ને વેઠમાં કાંઇ ફેર નથી એ વાતનું રહસ્ય સમજો. ગતાનુગતિક થવામાં માલ નથી તેમજ સમજીને બેસી રહેવામાં પણ માલ નથી. ગધેડાની જેટલી મજૂરી કરવી અને અવસર મળે છતાં સુગંધ પારખવી પણ નહિ એ સાચા ધર્માર્થીની બાબતમાં શોભારપદ ન ગણાય.

---

यथा खरश्चन्दनभारवाही, भारस्य वेत्ता न तु चन्दनस्य ।
तथैव शास्त्राणि बहून्यधीत्य, क्रियाविहीनाः खरवद्वहन्ति ॥

સુશ્રુત.

( ૨૯ )

**હસતી ગેલ કરતી જરા (વૃદ્ધાવસ્થા) વાઘણની જેમ સામે રાહ જોઈ રહેલ છે; દુશ્મનના જેવા રોગો શરીરને હાલબેહાલ કરી રહ્યા છે; ભાંગેલા ઘડામાંથી દ્રવતા પાણીની માફક આઉખું ટપકયા કરે છે; છતાં લોકો અહિત કર્યા જ કરે છે, એ ખરેખર આશ્ચર્યકારક છે.**

જરા વાત વાતમાં પારકાનું સત્યાનાશ કાઢવામાં માણસને જરા ય આંચકો થતો નથી. એને કોઈ જાતનો લાભ હોય કે ન હોય, પણ બીજાને એનાથી નુકશાન કેટલું થશે એનો એ વિચાર પણ કરે નહિ. એ તો ગમે તેમ ભરડે રાખે, ગમે તેવું એ બદામનું બોલી સામાને હજારોના નુકશાનમાં ઉતારે,. પોતાને બે આનાનો લાભ થતો હોય તો સામાને સેંકડોનું નુકશાન થાય તેમાં એને ખેદ પણ ન થાય. એ સિવાય કોઇની નિંદા કરવામાં, કોઇનાં અવર્ણવાદ બોલવામાં, કોઇના સંબંધી બનાવટી વાતો કરવામાં, કોઇને હલકા પાડવામાં જરાએ સંકોચ પણ ન થાય, ગમે તે રીતે પોતાનાં ખીસ્સાં ભરાય, અને તેની અસર અન્ય પર કેવી થાય છે તેનો ખ્યાલ પણ ન આવે એ તો ભારે નવાઇની વાત છે.

માણસે વિચારવું ઘટે કે બીજાનું બગાડીને પોતાનું સુધારવું એ તો નરી બાલિશતા છે. ખ્યાલમાં રાખવું જોઇએ કે એવી અધમ રીતે મેળવેલ લાભ ઘણો વખત ટકતો નથી. ભિખનાં હાંલ્લાં કદી શીંકે ચઢતા નથી. પણ બાકી કેટલીક વાર અનાચાર કે અત્યાચારનાં ફળને માટે રાહ જોવી પડે છે, પણ ખ્યાલમાં રહે કે અંતે તો 'ચોરને પાટલે ધૂળની ધૂળ જ રહે છે' અને કેટલીકવાર તો ઘરની પોતાની વસ્તુ પણ તેમાં તણાઇ જાય છે. લુચ્ચાઇ કે દોંગાઇથી હજાર મેળવ્યા હોય ત્યારે

કેટલાકને સારું લાગતું હશે પણ તેનાથી એનું એટલું નૈતિક અધઃપતન થાય છે કે એ થોડાં માસ કે વર્ષ પછી પોતાની ઘરની પૂંજી પણ ખોઈ બેસે છે.

માણસે યાદ રાખવું જોઈએ કે દરેક દિવસે આઉખું ઘટતું જાય છે, જુવાનીનો લટકો ચાર દહાડાનો છે, તેની બીજી બાજુએ ઘડપણ રાહ જોઈને બેઠું છે અને નજીક આવતું જાય છે, ટાઈફોઈડ, ક્ષય, પ્લેગ, કૉલેરા જેવા દરદો વીખરાયલા પડેલા છે, અને એનો ભોગ થતાં રાંધ્યા રઝળશે અને ગમે તે રીતે મેળવેલ પૈસા કે વીવિલ લાભો અહીં પડ્યા રહેશે અને પોતાને ઊઘાડે હાથે પગ ઘસતાં ચાલ્યા જવું પડશે. તે વખતે ગેરવાજબી લાભો સાથે નહિ આવે, પૈસા અહીં પડ્યા રહેશે અને કોઈ જગ્યાએ ઘડી ઘડીના અને પળપળના હિસાબ આપવા પડશે. અહીં કરેલાં ખોટાં કામના ભરપટ્ટે બદલા ભરવા પડશે ત્યારે સ્વાધીન દશા પણ કદાચ નહિ હોય. આમ છે તો પછી પારકાનું અહિત કેમ કરાય? શા માટે કરાય? કેટલાએ જવાબ તો અહીં ને અહીં આપવા પડે. શરીરમાં વાળા નીકળે, વિસ્ફોટક થાય, નામ ન લેવાય તેવા, કાળી બળતરા કરાવે તેવા રોગો થાય. ત્યારે એ સર્વ કોના માટે? અને અંતે જવાનું તો નક્કી છે, તો પછી આંખ ઊઘાડો, વિચાર કરો અને જરા આગળ નજર કરો. દાવાનળમાંથી નીકળી જવું હોય, વ્યાધિમાંથી બચવું હોય, આંટાફેરા અળસાવવા હોય તો આખો રાહ બદલી નાખો, નવો રાહ પકડી લો અને જીવનને પલટો આપી દો. પરહિત બને તેટલું કરો અને તેની અંતરની મોજ જુઓ. તમને પોતાને જ સુંદર પલટો અનુભવાશે અને તત્ત્વજ્ઞાનીના આશ્ચર્યને છેડો આવશે.

---

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती, रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम्।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो, लोकस्तथाप्यहितमाचरतीति चित्रम्॥

भर्तृहरि

( ૨૭ )

**જે કોળિયો ભરવા જતાં પોતાના ગલોફામાં સમાઈ શકે તેવો હોય, જે કોળિયો ભરી લીધા પછી પોતાથી જીરવાય તેવો હોય અને જેનાથી પરિણામે પોતાનું હિત હોય તેવો અને તેટલો જ કોળિયો આબાદી ઇચ્છનારે ભરવો ઘટે.**

સામે અનાજ, શાક કે મીઠાઇના ઢગલા પડ્યા હોય માટે બૂકડા ભરાતા નથી. એમાંથી આપણા ગલોફામાં માઇ શકે તેટલું જ મ્હોંમાં મૂકાય. સામે પાણીનું મોટું સરોવર હોય તેથી આપણા મ્હોંમાં ઘડો પાણી એકી સાથે નાખી શકાય નહિ. એ જ પ્રમાણે આપણું ગલોફું ભરવામાં પણ આપણી પાચનશક્તિનો ખ્યાલ કરવો ઘટે. ઘરડો માણસ બે ચાર લાડવા ખાઇ જાય તો લાંબો થઈ જાય. પોતાને ફાવે, પચે અને પોતાથી જીરવાય તેટલો જ ખોરાક ગલોફામાં મૂકાય. ઊધ-રસવાળા મરચું ખાઇ ન શકે અને કમળાવાળો ઘી તેલ ખાઇ ન શકે. વસ્તુ સામે પડી છે કે પોતાને ઉપલબ્ધ છે, માટે મ્હોંમાં ઝોંસવા માંડે, તો માણસ ખલાસ થઈ જાય. જે જુવાન માણસ હોય અને પાચન-શકિત સારી હોય તેણે પણ પરિણામે પોતાને લાભ કેટલો થશે તેની ગણતરી કરીને ખોરાક મ્હોંમાં મૂકવો જોઈએ. ચઢતે લોહીએ તો ઘડીભર પથરા પણ પચી જાય એમ લાગે અને કાચતે કચકચાવીને હોજરી સુધી મોકલી શકાય, પણ એ સર્વ અત્યાચારોની અસર હોજરી પર થયા વિના રહેતી નથી અને જુવાનીની એવી મૂર્ખાઈઓ ઘડપણમાં ભરપટ્ટે વસુલ આપવી પડે છે; માટે તમારી ગલોફાની શકિત, તમારી પચાવવાની તાકાત અને તમારી લાંબી નજરની હિતદૃષ્ટિ લક્ષમાં રાખવામાં જ તમારું હિત છે, તે રીતે જ તમે શરીર બાંધી શકો, જાળવી શકો અને તેની પાસેથી પૂરતું કામ લઇ શકો.

આ વાત એકલી ખાવાને જ લગતી નથી. કોઇ ક્રિયા કરો,

કોઇ વિચાર બતાવો, કોઇ ધારણા કરો તો તેમાં પોતાની શક્તિ, પોતાની પચાવવાની તાકાત અને પરિણામે પોતાને થવાનો લાભ વિચારીને ક્રિયા, વર્તન કે ઉચ્ચાર કરો. પોતાનું સાચું શ્રેય કરવાનો એ જ માર્ગ છે. નકામા તણાઇ મરવાથી લાભ ન થાય. શક્તિ વિગોપન કરવાથી જેમ લાભ ન થાય તેમ શક્તિનો અતિશયોક્તિ ભરેલો ખ્યાલ બાંધવાથી પણ લાભ ન થાય. ત્યાગમાં, અંદરમાં, ક્રિયા કરવામાં, દાન લેવાદેવામાં અને વ્રત નિયમ કરવામાં પોતાની શક્તિનું માપ કરવું, પોતાની પચાવવાની શક્તિનો ક્યાસ કરવો અને પરિણામે પોતાને લાભ થવાનો પાકો હિસાબ કરવો. જે કાર્યમાં લાભ વધારે દેખાય અને જે કરવાની પોતાની શક્તિ હોય તે કામ વગર સંકોચે કરવું, તેનાં લાંબા પરિણામો નજરમાં રાખવાં અને પોતાની શક્તિ હોય તો તેને છુપાવવી કે અવગણવી નહિં. માત્ર દેખાવ કરવાનો કે અંધ અનુકરણનો રસ્તો ન લેવો, પણ પોતાનો અંગત હિસાબ મૂકવો. ઘર બાળીને તીરથ કરવું એ જેમ અક્કલ વગરની વાત છે, તેમ હંમેશાં ઘરમાં જ વિચાર કરી, બહાર કે આગળ પગલું જ ન ભરવું એ પણ બાલિશતા જ છે. પોતાનું શ્રેય ઇચ્છનારે પોતાની શક્તિ, પોતાની પરિસ્થિતિ અને પોતાની પરંપરા–લાભ ગણી કામ કરવું અને એમ કરવામાં સાચો માર્ગ જરૂર જડી આવશે. પારકાની હવેલી જોઇ, પોતાના ઝૂંપડાં બાળી ન નાખવાં પણ ઝુંપડાંને સારા બનાવવાની શક્યતા હોય તો તેને જતી પણ ન કરવી. ધર્મમાર્ગે પ્રગતિ કરનારનો આ સાચો રસ્તો છે, લાભકારી છે, ઇચ્છિત સ્થાને લઇ જનાર છે.

---

यच्छक्यं ग्रसितुं ग्रासं ग्रस्तं परिणमेच्च यत् ।
हितं च परिणामे स्यात्तत्कार्यं भूतिमिच्छता ॥

વ્યાસ મુનિ

શેઠ હઠીસિ

(૨૮)

**ક્રૂર માણસો દયાના ખૂબ પ્રેમી હોય છે, લોભી માણસો ઉદારતા તરફ પ્રેમ બતાવે છે, અભિમાની માણસો નમ્રતાના ઉપાસક છે પણ તે બીજામાં–પોતામાં નહિ.**

દંભના દાખલાઓ વિચારો, બહારના દેખાવની ભીતરના ગોટાળા તપાસો અને તમને આ દુનિયા પર ખરેખર કંટાળો આવશે. દંભીના ઢોંગ કઈ કઇ જાતના થાય છે તે જરા અવલોકો. તમે એક મૂંજી માણસ પાસે પૈસા ભરાવવા, ફંડફાળામાં નાણાં આપવા વિનવવા જશો તો એ પારકાની ઉદારતાના ભારોભાર વખાણ કરશે. ભાઇ ! એની તે શી વાત થાય ? એ તો કર્ણનો અવતાર છે, દાનવીર છે વગેરે. પછી તેને પૈસા ભરાવવાનું કહેશો તો અનેક બહાનાં કાઢશે. પોતે લાખોનો વેપાર કરતો હશે તો પણ ભાઈ દેશમાં ગયા છે, બાપાને જવાબ લખવો પડશે વગેરે અનેક બહાનાં બતાવશે. પછી એ હમણાં હમણાં ટીપ ટપારાની સંખ્યાની વાતો કરશે. પોતે એક પાઇ આપી નહિ હોય, છતાં આખા મુંબઇનો બોજો પોતાના માથા પર આવી પડ્યો હોય તેવી વાત કરશે અને અંતે અન્યની ઉદારતાની દાંભિક વાત કરનાર તમને પાણીચું નાળિયેર અને સૂકો ગોળ આપશે. પારકી ઉદારતાના વર્ણનની નીચે કેવો દંભ ભરાયેલો છે તેનો તમને અભ્યાસ-પાઠ મળશે. આવા પારકાની વાતમાં પહોળા થઈ જનાર પોતાને એ ઉદારતાની પ્રશંસા સાથે કાંઇ લેવાદેવા નથી એમ બતાવે અને 'ભાઇ ! આપ તો ખૂબ ખરચી શકો છો, તમારી તે વાત થાય ? તમારા પેંગડામાં અમારો પગ આવે ?'–આવું આવું બોલી પોતાનું દાંભિક માનસ બતાવી આપશે.

તે જ પ્રમાણે નિર્દય માણસ બીજાની દયાના વખાણ કરશે, અને

પાકા અભિમાની માણસો અન્યની નમ્રતા વખાણશે, પણ એને તે વખાણ સાથે કાંઇ લેવાદેવા હોતા નથી. એ પ્રશંસાને પોતાથી એક હાથ દૂર જ રાખે. એને તો પારકાની પ્રશંસાના ઓળા નીચે પોતાનો ગોટાળો ચલાવી લેવો છે, પોતાની હૃદયહીનતા છુપાવવી છે, પોતાની મલિનતાની આગળ આડો પડદો ધરવો છે. આવા નૈતિક નજરે દીવાળીઆ માણસો પોતાની જાતને ઘણો અન્યાય કરે છે, ખોટા દેખાવ કે બોલીના પ્રપંચની ઓથે રહી પોતાનો આખો વિકાસ માર્ગ ડહોળી નાખે છે. માત્ર બોલીમાં કાંઇ વળે નહિ. ગુણની પ્રશંસા સાચી કરવી હોય તો ગુણને પોતે જીવી બતાવવાના છે. બાકી વાણીવિલાસ ાય તો એ તો ગુણની મશ્કરી જ છે, પોતાની વગોવણી છે અને સંક્ષેપમાં એ ખરેખરો ગુણદ્રોહ જ છે. દંભ અંતે ઉઘાડો પડ્યા વગર રહેતો નથી; અને તેમ થાય ત્યારે ઘણું મોટું નુકશાન થાય છે. મોટી વાતો કરવી અને પોતે અંદરથી કોરો ધાકોર હોય તે તો ખરો ગુણચોર ગણાય છે અને ગુણચોરને નૈતિક રાજ્યમાં સ્થાન નથી. ધાર્મિક જીવન જીવવાની ઇચ્છાવાળાએ સ્વાન્વયી બનવું, પરની પ્રશંસાની મશ્કરી ન કરવી અને કાંઈ ન બને તો મૌન રહેવું. ખાલી બોલીથી નિર્ધ્વંસ પરિણામ થઈ જાય છે અને અરીસા જેવી દુનિયા અંતે છેતરાતી નથી એ યાદ રાખવું.

Cruel men are greatest lovers of mercy, avaricious men of generosity, and proud men of humility; that is to say, in others, not in themselves.

COLTON

## (૨૯)

## પહેલોપુરુષ એક વચન-સર્વનામ

મારા મનમાં જે અનેક ગોટાળા વળતાં હોય તે કહેવાની શોધ કરું છું અને તે સાંભળે તેવા મિત્રને શોધું છું, પણ જે કોઇ મિત્ર મળે છે તેને પોતાને પોતાની અનેક ગૂંચવણો, આફતો, ફરિયાદો અને મૂંઝવણો હોઇને એને મારી વાત સાંભળવામાં ખરો રસ પડતો નથી.

હમણાં હમણાં મેં એક એવો શ્રોતા શોધી કાઢ્યો છે કે જે મારે કાંઈ પણ કહેવું હોય ત્યારે પોતાના કાન માંડે છે અને જો કે કોઈ કોઈ વાર તેને સાંભળવામાં અધીરપ આવી જાય છે, પણ તેને મારું કહેવું બધું સાંભળવું જ પડે છે.

પછી હવે તો હું તેની પાસે ખૂબ છૂટથી વાતો કરું છું. એ પોતે અગાઉ કેવો મૂરખો હતો, કેટલો ગંદો હતો અને પ્રયત્ન કરે તો એ કેટલો સાફ થઇ શકે તેવો હતો તે તેને કહું છું અને એ સર્વ હકીકત તેને સાંભળવી પડે છે. સાંભળતાં સાંભળતાં એ જરા છણુકી પણ જાય છે, પણ હું જે કહું તે સર્વ એ બરાબર સાંભળે છે.

હું એમ કહું છું કે આખા જીવનના એણે જે ગોટા વાળ્યા છે, એણે જે ભાંગરાઓ વાળ્યા છે અને એણે જે હડિયાપાટી કરી છે એ સર્વ તેની પોતાની જ સ્ખલનાઓ છે અને તેને માટે તે એકલો જ જવાબદાર છે. આવી આવી વાતો તેને સંભળાવું છું અને તે બરાબર સાંભળે છે, વિચારે છે, અવધારે છે.

અને પછી હું એના ઉપર દયા ખાઉં છું. એને કહું છું કે એ ભાઇશ્રી તો જન્મથી જ એવા છે. આવું આવું કહીને હું એને

વધારે દિલગીર બનાવું છું અને એને પશ્ચાત્તાપનો ભોગ બનાવું છું. આ સર્વ એ ભાઇ સાંભળી લે છે.

અને પછી વળી હું એને જરા ઉત્સાહિત કરું છું, એણે એકાદ સારું કામ કર્યું હોય તે એને યાદ આપું છું, કોઈ સ્નેહીને જરૂર વખતે મદદ કરી હોય તે તેના ધ્યાન પર લાવું છું. એના જીવન-સમુદ્રની ખારાશમાં રહેલી એકાદ મીઠી વીરડીની લહરીઓ તેના લક્ષ પર લાવું છું ત્યારે પણ હું એને જે કહું છું તે સર્વ એ સાંભળી લે છે.

અને વળી કોઇ વાર એની અણુછતી નબળાઇઓ એના ધ્યાન પર લાવું છું, એનાં કાળાં ધોળાં એની પાસે રજૂ કરું છું, એના સ્વભાવની ક્લિષ્ટતા, એની ઇર્ષ્યા, અસૂયા અને અંતરના રોગો એની પાસે ગણી બતાવું છું અને આ સર્વ વાત તે ભાવભીના હૃદયે સાંભળે છે.

આવી આવી ચોખ્ખી વાત જેને કરું છું તેને હું ઓળખું છું, અથવા હું માનું છું કે એને હું બરાબર ઓળખું છું, હું માનતો આવ્યો છું કે હું એને વર્ષોથી ઓળખું છું: આ ભાઇશ્રી જેની સાથે હું સ્પષ્ટતાથી ઉઘાડી રીતે આટલી બધી વાત કરું છું, તે કોણ ? એ તમે જાણો છો ? તમે અનુમાન કરો, ધારો : “ તે હું પોતે. ”

---

First Person Singular

(૩૦)

**એ પારકાનાં દૂષણ બોલી બતાવે નહિ, એ પારકાના નાના ગુણને વારંવાર બોલી બતાવે, એ પારકાની ઋદ્ધિ જોઈને સંતોષ ધારણ કરે, એ પારકાને થતી પીડા જોઇને મનમાં ખેદ-બળાપો કરે, એ પોતાના વખાણ કદી ન કરે, એ વિનયનો ત્યાગ ન કરે, એ ઉચિતને ઓળંગે નહિ, અને કોઇ એને ન ગમે તેવું (અપ્રિય) બોલે તો પણ એ ક્રોધ ન કરે.**

**આનું નામ ગૃહસ્થાઈ-સજ્જનતા કહેવાય.**

સજ્જનતા ખરી રીતે હૃદયની વાત છે, ગૃહસ્થાઇ અને ખાનદાનીનાં પગરણ છે, ઉચ્ચગ્રાહી જીવનના નાના મોટા દરેક પ્રસંગમાં બાપોકાર જાહેરાત કરતી શાંત નદી છે, પ્રાણીની નાની વાતોનો સરવાળો એ સજ્જનતાનું પ્રતીક છે. એને માટે મોટા મેળાવડા કરવા પડતા નથી, એને પોતાની કરવા મોટાં સંભાષણો બોલી બતાવવાં પડતા નથી, એને હસ્તગત કરવા ખોટા સાચા દાવા, ઢોંગ કે દેખાવો કરવા પડતા નથી, સાચી સજ્જનતા કે ગૃહસ્થાઇ એ મનુષ્યના જીવન સાથે ઓતપ્રોત થઇ ગયેલ હોઇ, એના પ્રત્યેક વર્તન પ્રસંગે તરી આવે છે, પ્રત્યેક વાણીવિલાસે ઝળકી આવે છે, પ્રત્યેક આંખના અણસારામાંથી સમજાઇ આવે છે. સારા માણસનું વર્તન સાચે માર્ગે જ થાય, સારે માર્ગે જ થાય. એ પોતાનો માર્ગ બરાબર સંભાળી લે અને એની વિશાળતા, સહૃદયતા અને ગંભીરતા એને સારે માર્ગે, સાચે માર્ગે, વિશુદ્ધ માર્ગે લઇ આવે. એવા સજ્જનો ગમે તે સંયોગમાં હોય, તોપણ એનો વિકાસ એને સાચો રસ્તો સુઝાડી દે અને એ પોતાનો યથાર્થ માર્ગ વગર ધાંધલે, વગર પ્રયાસે, વગર માગણી કર્યે શોધી લે અને તે રસ્તે જ આગળ ધપે.

સજ્જનના લક્ષણો ઉપર રજૂ કર્યાં છે તેના પર વિવેચન કરવાની ભાગ્યે જ જરૂર હોય. એ સુગ્રાહ્ય છે, સ્વયં સ્પષ્ટ છે, કાળસિદ્ધ છે. એમાં ખૂબી એ છે કે સજ્જનને માર્ગે પ્રયાણ કરવામાં જરા પણ પ્રયાસ કરવો પડતો નથી, એની વિશુદ્ધિ કે સુગ્રાહ્યપણા માટે ચર્ચા કરવી પડતી નથી અને એની આદેયતા માટે ઉપદેશ આપવાની આવશ્યકતા રહેતી નથી. નવાઇની વાત એ છે કે આવો સીધોસાદો સમજાય તેવો સરલ માર્ગ મૂકી માણસ આડેઅવળે માર્ગે કે ઊલટે પંથે કેમ પડી જતો હશે? શા માટે એ કાવાદાવા કરી જીવનને ઝેર કરતો હશે? શા માટે એ પ્રયાસ કરી ન ટકી શકે તેવી પરિસ્થિતિનો બચાવ કરવાના ખોટા માર્ગે ચઢી જતો હશે?

સજ્જનતાના માર્ગો સીધા છે, આંટીઘુંટી વગરના છે, જાતે તદ્દન નરવા છે. સ્વતઃ નૈસર્ગિક છે અને અંતરને પ્રફુલ્લ બનાવી ચેતનરાજનો નિસ્તાર કરનારા છે. એના રસ્તા લેવામાં કાંઇ ગોટા વાળવા પડતા નથી, એને અપનાવવામાં કોઇ પ્રકારની કૃત્રિમતા ધારણ કરવી પડતી નથી, એને છુપાવવા કોઇ જાતના દંભો કે દેખાવોને માર્ગ આપવો પડતો નથી. એ સીધી સડક છે. એ કુદરતી વલણને પોષનારા સહજપ્રાપ્ત ધર્મો છે. એ ઉન્નતિ બીજનાં ઊમળકા છે. ધર્મમાર્ગે ચઢવાનાં એક પણ સોપાનને ન ચૂકે તે એ માર્ગે પરંપરાએ સાચું શાશ્વત સુખ પામે અને હંમેશ માટે નિરવધિ આનંદ માણે.

---

न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहम्,
संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।
स्वश्लाघां न कराति नोज्झति नयं नौचित्यमुंल्लघय-
त्युक्तोऽप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम् ॥

સિંદૂરપ્રકર. ૬૪

( ૩૧ )

**ભયંકર અટવીમાં રખડે છે, દેશ પરદેશ આંટા મારે છે, મોટા આકરા દરિયામાં બાથોડાં ભરે છે, આકરી ખેતી કરે છે, કરપી શેઠીઆઓની સેવા ઉઠાવે છે, ભયંકર યુદ્ધમાં ઝંપલાવે છે. આ સર્વ લોભની ચેષ્ટાઓ સમજવી.**

લોભની ચેષ્ટાઓ અને ચાળાઓનો પાર નથી. સુભાષિતમાં બતાવેલા પ્રસંગો બરાબર સમજાય તેવા છે. તેને સમજવા માટે બસો વર્ષ પૂર્વેની હિંદની સ્થિતિનો ખ્યાલ કરવામાં આવે તો મોટા અરણ્યો, હાથી, પદાતિ અને રથો તથા ઘોડાની સેનાની લડાઇઓ, જાનમાલની અસ્થિરતા અને પરદેશમાં કમાવાની આશા, શેઠીઆઓનો દોર અને દરિયાની સફરોનો ખ્યાલ કરવો એટલે લોભના ચાળા પોતાની આંખ સન્મુખ ખડા થઇ જશે. તૃષ્ણાદેવી માણસ પાસે અનેક પ્રકારના નાચો કરાવે છે, ન કરવાનાં કામો કરાવે છે અને બે બદામના માણસોની ખુશામત કરાવે છે.

એ તો જૂના જમાનાની વાત થઇ, પણ ચાલુ જમાનામાં આ તૃષ્ણાદેવી ભારે ગજબ કરે છે, કાળાં બજારની ઝીણવટ જાણનારા માણસોનાં કામોને વર્ણવવામાં આવે તો રૂંવાં ઊભાં થાય તેવી વાતો છે. એમાં મનુષ્યદયા કે રાષ્ટ્રભાવના ઉપર હડતાળ મૂકાય તેવા બનાવો બની ગયા છે અને આબરૂદાર દેખાતા માણસોએ દેશદ્રોહ, મનુષ્યદ્રોહ અને આત્મદ્રોહ કરવામાં બાકી રાખી નથી અને લોભને વશ પડીને પ્રાણીઓ ભાઇ ભાઇનાં ગળાં કાપે, રાતદિવસ કારખાનાં ચલાવે, ગરીબોની ગરજનો બેવડો તેવડો લાભ લે, ઇન્કમટેકસમાંથી બચવા સાચા ખોટા ચોપડા તૈયાર કરે, માલમાં ભેળસેળ કરી ઘીમાં વેજીટેબલ, દૂધમાં પાણી, બાજરામાં છોતરાં અને ઘઉંમાં કાંકરા નાખે, રેલ્વેના

વેગનો મેળવવા કે સપ્લાઇ ખાતામાંથી માલ મેળવવા કે લડાઇમાં ઑર્ડરો મેળવવા મોટી નાની રકમની લાંચો આપે, બારે માસ અને બત્રીશે ઘડી ધન માટે આકુળતા ધારણ કરે, સાચાખોટા દસ્તાવેજો તૈયાર કરે, ભળતી કે જૂઠી સાક્ષી આપે વગેરે અને એવાં એવાં અનેક કાર્યો કરી ખોટી સાચી વાતો કરી ગજવાં ભરે, ભરાવે અને છતાં આબરૂદાર કે ઉદારમાં ખપવા એકાદ સારી રકમની સખાવત જાહેર કરી પોતાનાં જીવનને કૃતકૃત્ય માને, અતિલોભને કારણે લાખો મળે તો પણ જીવને શાંતિ ન રાખવા દે અને નિરંતર ધનની આશાએ મહા-આરંભનાં મોટી હિંસાના કામ કરે, આદરે, ઉપદેશે અને ધનની વિચારણા અને ચિંતવનામાં આર્ત્તધ્યાનમાં જીવન વ્યતીત કરે. આ સર્વ લોભના ચાળા છે, સંતોષની ગેરહાજરીનાં પ્રદર્શન છે. અશાંતિનાં આવિષ્કરણ છે, નીચ ગતિ તરફ પ્રયાણ કરવાનાં પ્રસ્થાનો છે અને તુચ્છ હૃદયના અધમ એંધાણો છે. એને ઓળખી એનાથી ચેતીને ચાલે તેની ધર્મી ગણાવાની યોગ્યતા થાય; બાકી તો દુનિયા ઝૂકતી ચાલે છે અને ઘણાખરા તેની સાથે ઘસડાય છે. એનું નામ જીવન ન કહેવાય. એ તો આવવાની આફત અને થનારા અધઃપાતનાં મંગળાચરણ છે. લોભના ચાળાનો પાર નથી અને આપણી ચારે બાજુ તે વિલાસ કરતાં દેખાય છે.

---

यद्दुर्गमटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरम्,
गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसञ्चरम्,
सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फुर्जितम् ॥

સિંદૂર પ્રકર ૫૭

( ૩૨ )

**ધર્મનો ઉપદેશ આપનાર હોય અથવા વયમાં વૃદ્ધ હોય અથવા ઘણા મોટા વિદ્વાન હોય અથવા ધર્મશાસ્ત્રમાં ખૂબ પ્રવીણ હોય; આમાંના કોઈ પણ પ્રકારના માણસો વારંવાર સેવવા યોગ્ય છે.**

જેના સહવાસમાં આવવાનું વધારે બને તેના જેવા મનુષ્યો થાય છે. હલકાની સોબતે એ ઢીલો પડતો જાય છે અને અંતે વર્તનની બાબતમાં તળિયે બેસે છે. સારા વાતાવરણમાં એને વિચાર પણ સારા આવે છે. પ્રવૃત્તિનું મૂળ વિચારવાતાવરણ પર બહુધા રહે છે. કોઈ પણ કાર્ય પ્રથમ વિચારમાં જ ઉદ્ભવ લે છે, પછી કાર્યમાં એ છેવટે અવસાન પામે છે; માટે સત્સંગ બહુ મોટી વાત છે, સીધી અસર કરનાર તત્ત્વ છે. અને ચીવટ રાખી અનુસરવા યોગ્ય ગુણપ્રાપ્તિ માટેનું પ્રબળ નિમિત્ત છે. એક માબાપના બે પુત્ર હોય તેમાં સોબતને યોગે એક મહત્તાના શિખરે ચઢે છે, બીજો દુર્વ્યસન, રખડપાટ અને નીચતાનો દાખલો બને છે. પોપટનાં બે બચ્ચાં–એક સંતના મઠને દરવાજે અને બીજું ચોરની પલ્લીને દરવાજે પાંજરામાં પડેલ. તે સોબતને યોગે બોલવામાં ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવે બેસી જાય એમાં સોબત જ કારણભૂત છે એ વાત ઊઘાડી છે, પ્રત્યક્ષ અનુભવે દેખી શકાય તેવી છે અને સોબતનાં પરિણામે દરરોજનાં જીવનમાં ભાત પડે તેવી છે.

એક કવિરાજે સજ્જનસંગનો મહિમા ગાતાં કહી દીધું છે કે 'સંત–સજ્જનનો સંગ બુદ્ધિનો વધારો કરે છે, લક્ષ્મીનો વધારો કરે છે, વ્યવહારદક્ષપણું આપે છે, શ્રેયને પલ્લવિત કરે છે, પાપને દળી નાખે છે, ઉન્નતિની સાથે મેળ સાધી આપે છે, વિજ્ઞાનનું પરિશોધન કરી આપે છે, કળાકૌશલ્યમાં વધારો કરે છે. સંતની સંગત શું નથી આપતી?'

આ બાબતમાં કવિએ જરા પણ વધારે પડતી વાત નથી કરી. સત્સંગનો મહિમા વર્ણવવો મુશ્કેલ છે. સારી સોબતને અંગે મનુષ્ય-સૃષ્ટિમાંથી અને કુદરતની શક્તિઓમાંથી તેના લાભદાયકપણા માટે અનેક દાખલાઓ આપવામાં આવ્યા છે. શુભ ઉપદેશ આપનાર હોય કે વિદ્વાન હોય, અનુભવી કે ધડાઇ ધડાઇને આમળ આવેલા હોય, ધર્મશાસ્ત્રમાં કે વિજ્ઞાનમાં કુશળ માણસો હોય તેની સોબત કરવામાં લાભ, લાભ અને લાભ જ થાય.

અને માણસનું મન વાડ પર ચઢતી વેલ જેવું છે. એને જેવો જે દિશાનો અને જેટલો ઊંચો ટેકો આજુબાજુ મળે તેટલી વેલ તેના ફરતી વીંટાઇ જાય છે. એને વાડનો ટેકો ક્યાં અને કેટલો આગળ ધપાવનારો મળે છે તે પર તેની પ્રગતિનો આધાર રહે છે. ગપ્પાં મારનાર મળે તો માણસ વાતોએ ચઢી જાય, બ્રહ્મચારી મળે તો બ્રહ્મચારી કે સંતોષી થાય, અનુભવી મળે તો બીજાની ઠેસોનો લાભ પોતે મેળવે, ભણેલા મળે તો મહેનત કરીને એકઠાં કરેલ તેના ભણતરનો લાભ પોતે અતિ અલ્પ પ્રયાસે મેળવે અને શુદ્ધ ઉપદેશક હોય તો તેની છાયામાં પોતે સાધક બની જાય. હીનની સોબતે માણસ ઊતરતો જાય છે, સરખો મળે તો ભેટી પડે છે, પણ વિશિષ્ટ મળે તો પોતે પણ વધારો કરી આગળ ધપે છે. ધર્મમાં કુશળ થવા ઇચ્છનારે સંત-સાધુ, ત્યાગી કે ઉપદેશ આપનાર બહુશ્રુતની પર્યુપાસના વારંવાર કરવી અને તેના જેવા થવા યત્ન કરવો. એ રીતે ધર્મકૌશલ્ય પ્રાપ્ત થાય.

---

शुभोपदेशदातारो, वयोवृद्धा बहुश्रुताः ।
कुशला धर्मशास्त्रेषु, पर्युपास्या मुहुर्मुहुः ॥

વિવેકવિલાસ ૮-૩૮.

( ૩૩ )

**જાણી લ્યો કે તમારે આનંદને ખરેખર માણવો હોય તો તેનો ત્યાગ કેવી રીતે કરવો તે તમારે જાણવું જોઇએ.**

વ્યવહારની પૌદ્ગલિક ચીજો ન મળી હોય ત્યાં સુધી તેનો મોહ ખૂબ રહે છે. નાના બાળકને ઘડિયાળ લેવાનો, જરા આગળ વધેલા વિદ્યાર્થીને કોટ પાટલુનનો, નવોઢા પત્નીને રેશમી સાડીનો ન મળેલ હોય ત્યાં સુધી એટલો બધો મોહ અને શોખ થાય છે કે એને રાતદિવસ એને માટે સ્વપ્નાં આવે, એની ઝંખના થાય, એ પોતે ઉપયોગમાં લેશે ત્યારે પોતાનું ગૌરવ કેટલું વધી જશે તેનાં કાલાંઘેલાં ખ્યાલો તેનાં મનોરાજ્ય પર અથડાયા કરે; પણ એ વસ્તુ મળ્યા પછી એનો શોખ ઓસરવા માંડે છે અને પાંચ પંદર દિવસ પછી તો એ વસ્તુની પ્રાપ્તિની મહત્તા તેના દિલ પરથી ઓસરી જાય છે. આનું કારણ શું ?

પૈસા ન હોય ત્યારે પૈસાદારની હવેલી પાસેથી નીકળતાં એના ઘરનો હીંચકો સોનાનો લાગે. એના કચડ કચડ અવાજમાં સંગીત લાગે, એના વિચારમાં મોજ લાગે અને પૈસા આવી જાય, મળી જાય કે પેદા થઇ જાય, ત્યાર પછી એનું માધુર્ય ચાલ્યું જાય, એની મોજ હીણી થઇ જાય અને એનું તેજ આવરાઇ જાય. આમ થવાનું કારણ શું ?

અને મળેલ ધન ચાલ્યું જાય, એકઠી કરેલ પૂંજી વેડફાઇ જાય, સંઘરેલ ફરનીચર કચડાઇ જાય, મેળવેલ વસ્તુ ચોરાઇ જાય. જાળવી જાળવીને રાખેલ લેખિની તૂટી જાય ત્યારે કચવાટનો પાર રહે નહિ, આર્ત્તધ્યાનની પરંપરા ચાલે, એની પાછળ રહસ્ય શું છે ? અને ખાવાના શોખ પૂરા ન થાય, ભાવતી મીઠાઇ ખાવા ડૉક્ટર મનાઇ

કરે, દાંત પડી જવાથી શેરડી ચુસાય નહિ ત્યારે મનમાં બળાપો થયા કરે. બાળપણમાં ગાંઠીઆનો લોટ કરીને પણ ગાંઠીઆ ખાવાનો શોખ પૂરો પાડવો પડે, પાન ન ચવાય તો સૂડીથી તે કાપીને ખારણીમાં ખાંડીને તેને ખાવા પડે અને છતાં તૃપ્તિ ન થાય તેનો બળાપો મનમાં થયા કરે તેનો હેતુ શો છે? આનો જવાબ વિચાર કરતાં બેસી જાય તેવો છે.

પૌદ્ગલિક સર્વ વસ્તુ અસ્થિર છે, પુદ્ગલના સર્વ સંયોગો અલ્પકાલીન છે, તેનો વિયોગ ચોક્કસ થવાનો છે અને થાય ત્યારે કચવાટ થવાનો છે એ વાત સમજીને તેની સાથે કામ લેવામાં આવે તો જરા પણ ખેદ થાય તેવી સ્થિતિ ન થાય. પૌદ્ગલિક સ્થૂળ ભોગોને પોતે વખતસર તજી દે તો ત્યાગમાં આનંદ થાય છે, લીધેલ નિયમો પાળતાં અંદર સંતોષ થાય છે, પરાણે છોડવા પડે ત્યારે કચવાટ–કકળાટ થાય છે. ભાણામાં દૂધપાક આવે, પણ મારે આજે દૂધનો ત્યાગ છે એ વિચારે દૂધપાકને હાથ ન અડાડાય ત્યારે આનંદ થાય છે, પણ વૈદ્યે કરી કરવાની કહી હોય અને તેને છોડવો પડે ત્યારે મનમાં દુઃખ થાય છે. ઇન્દ્રિયના સર્વ સ્થૂળ વિષયો માટે આ સર્વકાલીન સત્ય છે. એ તો સ્વયં સમજીને ત્યાગ થાય ત્યારે એ અંદર સુખ આપે છે, પ્રેમ અર્પે છે, શાંતિ નીપજાવે છે, પણ એનો પરાણે કે અનિચ્છાએ ત્યાગ કરવો પડે, વય કે અશક્તિને કારણે એને છોડવા પડે ત્યારે ભારે દુઃખ થાય છે.

માટે જો તમારે સ્થૂળ વસ્તુનો આનંદ ખરેખરો માણવો હોય તો તેના ત્યાગને બરાબર જાણી લેવો જોઇએ, જાણીને એનો સાચો અમલ કરવો અને એમ થશે તો ભર્તૃહરિ કહે છે તેમ 'સ્વયંત્યક્ત (પોતે ત્યાગ કરેલા) એ વિષયો અનંત શમસુખ અર્પે છે' એ સૂત્રની મહત્તા હૃદયમાં જામી જશે; માટે માણવા માટે પણ તેના ત્યાગને બરાબર

પિછાની લેવાની અને તેનો વખતસર ત્યાગ કરવાની રીતને સમજવાની જરૂર છે, માટે સાચી મોજને માણતા શીખો. બાકી ખાઈને રેચ લેવો પડે કે ડાકતરને ત્યાં આંટા ખાવા પડે એમાં મોજ નથી, માણવાનું નથી, દમ નથી. ચાર દહાડાના ચાંદરણા પાછળ ઘોર અંધારી રાત છે.

Know that to really enjoy pleasures you must know how to leave them. —VOLTAIRE

( ૩૪ )

**અરે ભોળા ભાઈ! તું શા માટે મરણથી ડરે છે! અરે ભાઈ! ડરનાર માણસને શું જમરાજા છોડી દે છે? વાત એમ છે કે જમરાજા ન જન્મેલાને કદી પકડતો નથી, માટે જન્મ ન થાય તે માટે પ્રયત્ન કર.**

આ દુનિયામાં, આ જીવનમાં, અત્યારના સંયોગોમાં જો એક વાત ચોક્કસ હોય તો તે મરવાની છે. મોટા માંધાતા હોય કે મોટા દેશી રાજ્યનો દિવાન હોય, તાલીમબાજ હોય કે ગામા હોય, દરરોજ સો બેઠક કરનારા હોય કે પચીશ દંડ કરનાર હોય, પણ એક દિવસ તેને મરવાનું છે એ નિર્ણિત વાત છે. ત્યારે આવી ચોક્કસ વાત હોય, જરૂર હોણહાર હોય, તો પછી એનાથી ડરવું કેમ ઓછે? એ વાત પાલવે

કેમ ? અને ડરવાથી યમરાજા કાંઇ છોડી દે છે ? એ ગરીબ કે ગભરૂં જાણીને કોઇને જતો કરનાર છે ? એણે નમનારને કે ડરનારને, બ્હાવરા બનનારને કે પગે પડનારને—કોઇને છોડ્યા છે ? એ કોઇ એવું બને એવી જરા પણ આશા છે ? ત્યારે નકામા મરણના નામથી ડરીને દુબળા શું કામ થવું ?

હા, મરણથી ડરવું નહિ એ જેટલું જરૂરી છે, તેટલું જ મરણ ઇચ્છવું નહિ એ પણ જરૂરી છે. મરવાની ઇચ્છા શા માટે કરવી ? ત્યાં કઇ જગ્યાએ તમારા માટે છત્રીપલંગ ઢાળી રાખ્યા છે ? અને કયે સ્થાને તમારી રાહ જોઇને તમારું આતિથ્ય કરનાર ખડે પગે ઊભા છે ? અહીં જે પાઠ મળ્યો હોય તે બરાબર ભજવવો અને યમરાજ આવે ત્યારે આનંદપૂર્વક વગર વાંધાએ, વગર સંકોચે ચાલ્યા જવું, બાકી અહીંથી છૂટકો થાય તો આ બલામાંથી છૂટીએ એવું કદી ઇચ્છવું નહિ. અને જવું ચોક્કસ છે માટે હમેશાં તેને માટે તૈયાર રહેવું. અહીંના હિસાબો એવી રીતે ગોઠવવા કે જતી વખતે ડચકાં ખાવાં ન પડે. કેમે કરીને જીવ ન જાય એવો અહીંનો અભ્યાસ ન થઇ જવો જોઇએ. આ ત્રણ વાત ધ્યાનમાં રહે—મરણથી ડરવું નહિ, મરણ ઇચ્છવું નહિ અને મરણ માટે તૈયાર રહેવું, તો મરણનો આખો ડંખ નીકળી જાય અને મરણનો ભય નીકળી જાય એટલે બાજી અરધોઅરધ જીતી જવાય છે.

બાકી જમરાજ વગર જન્મેલાને ગ્રહણ કરતો નથી. નામ તેનો નાશ થાય છે, પણ એવું કરવામાં આવે કે જન્મનો ફેરો જ મટી કે અળસાઇ જાય તો પછી જમરાજનું કાંઇ ચાલે નહિ. ત્યારે જમરાજા ઉપર વિજય મેળવવો હોય, એના ડારામાંથી મુક્તિ મેળવવી હોય, એના અધિકારની બહાર જવું હોય તો એક રસ્તો છે: એવી પ્રવૃત્તિ કરવી કે ફરી વાર જન્મમરણના ફેરામાં જ આવવાનું ન થાય, આખો નવો જન્મ જ ન આવે તો જમરાજના સપાટામાંથી

બચી જવાય. જમરાજા કોઇને છોડતો નથી, એનો ડર રાખવાથી પણ એ બચાવી લેતો નથી, પણ નહિ જન્મેલા ઉપર તેનો જરા સરખો પણ દોર ચાલતો નથી. એટલે જમરાજાથી બચવાનો ઉપાય જન્મવા ઉપર છીણી મૂકવાથી જ પ્રાપ્ત થાય તેમ છે. જન્મના ફેરા ટાળવા હોય તો ચેતનના મૂળ ગુણને બહલાવવા જોઇએ, અહિંસા, સંયમ ને તપમાં રત થઈ જવું જોઇએ, પરભાવરમણતા દૂર કરવી જોઇએ, પરિણતિની નિર્મળતા કરવી જોઇએ, અંતરના પ્રેમથી સદ્‌ગુણી જીવન ગાળવું જોઇએ, વૈરવિરોધનો ત્યાગ કરવો અને મનના નિરંકુશ ફાંફાઓ પર કાબૂ લાવવો જોઇએ. ઇંદ્રિય પર સંયમથી, દેહદમનથી, મન પર અંકુશથી અને આત્મગુણમાં એકતાન જગાવવાથી જન્મમરણના ફેરા ટળે; માટે જો જમરાજ પર વિજય મેળવવો હોય તો પરભાવરમણતા દૂર કરવી, સંયમને ઘરનો બનાવી દેવો અને ધ્યાનધારાના રાજમાર્ગે યોગોત્થાન કરવું. જન્મના ફેરા ટળે એટલે જમરાજનો દોર જાય અને પછી તો સ્વાધીનતા આવે એટલે જમરાજ પણ નમી જાય.

---

मृत्योर्बिभेषि किं मूढ, भीतं मुञ्चति किं यमः ।
अजातं नैव गृह्णाति, कुरु यत्नमजन्मनि ॥

સુ. ર. ભાંડાગાર

( ૩૫ )

**મારો કયો દેશ છે? મારા કોણ મિત્રો છે? અત્યારે કયો કાળ વર્તે છે? કેટલાં આવક અને ખર્ચ છે? હું કોણ છું? મારી શકિત કેટલી?–આ સર્વ વાતનો વારંવાર વિચાર કરવો.**

આત્મચિંતવનનો મહિમા મોટો છે, એનાથી વિચાર કરનાર માણસ પર એક જાતની ચાંપ ( brake ) રહે છે, એની ઘોડા દોડાવનારી કલ્પનાશક્તિ પર લગામ રહે છે, એના અવ્યવસ્થિત કાર્યો પર મર્યાદા રહે છે અને નકામી દોડધામ, અવ્યવસ્થિત શક્તિના ઉપયોગ પર અંકુશ રહે છે. એટલે પ્રત્યેક મનુષ્યે પ્રાતઃકાળમાં વહેલા ઊઠી વિચાર કરવો ઘટે કે પોતે કોણ છે? કયાંથી આવ્યો છે? શામાટે અહીં આવ્યો છે? અહીં રહેવાનો ઉદ્દેશ શો છે? પોતાનું સાધ્ય સાધવા માટે પોતે કેટલાં પગલાં ભર્યાં છે? એ પગલાં સાચાં ભરાયાં છે કે તેમાં મનને મનાવી લેવાની ખાલી ઘેલછા છે? પોતાની સાચી તાકાત કેટલી છે? પોતાના સાચા સ્નેહીઓ કોણ છે? તેઓ સાચી સલાહ આપનારા છે? કે તને સારી લાગે તેવી મીઠી વાતો જ કરનારા છે? તેં પોતે તારા સ્વભાવને કેટલો ઓળખ્યો છે? તું ગામનું સારું ખોટું બોલે છે, પણ તું પોતે કયાં ઊભો છે તેની પારાશીશી કદી મૂકી છે? આવા આવા સવાલો પોતાની જાતને પૂછવા જોઇએ અને તેના પ્રમાણિક સાચા જવાબ આપવા જોઇએ.

અને પછી આજુબાજુ કઈ જાતની આબોહવા વર્તે છે? તારો દેશ સ્વતંત્ર છે કે પરતંત્ર છે? તારા દેશના હિતને માટે તેં શો ફાળો આપ્યો છે? તારામાં જેટલી શક્તિ હોય તેને ગોપવ્યા વગર તેં બને તેટલું દેશહિત કર્યું છે? તારી સમાજ તરફ કંઇ ફરજ ખરી? તેં

દુનિયાનાં દુ:ખદર્દ ઓછાં કરવામાં તારો ફાળો આપ્યો છે? તેં દેખાવ, ધાંધલ અને આડંબરને તારા જીવનમાં સ્થાન આપ્યું છે? આપ્યું હોય તો કેટલું? શા માટે? કઇ અંદરની ઇચ્છાએ? કોની પ્રશંસા માટે? શા માટે એવી બાહ્ય શુષ્ક પ્રશંસામાં મોહાઇ ગયો?

અને તારી આવક કેટલી અને તારો ખરચ કેટલો? તું જમે મૂડી વાપરી નાખે છે કે તેમાં વધારો કરે છે? તારું પોતાનું (આત્મિક) ધન તું વધારે છે કે અવસર એળે જવા દે છે? અગાઉ તો તેં ઘણી તકો ગુમાવી છે, પણ આ વખતે જરા પણ ચેત્યો છે કે આવ્યો તેવો ને તેવો પાછો ચાલ્યો જવાનો?

અને તું પોતે કોણ? તારી અંદરની શક્તિ કેટલી? એ શક્તિ તેં ક્યા કામમાં વાપરી? એ શક્તિનો સંગ્રહ કર્યો કે તેને વેડફી નાખી? એ શક્તિ જમાવી કે ઉડાડી દીધી? અને તું જાતે કોણ? તારાં નામ કે ગામ કે કુળ સાથે તારો સંબંધ કેટલો? તેં ઘરબારને ઘરના ઘર માન્યા છે કે આશ્રમસ્થાન કે ભાડાના ઘર તુલ્ય ધર્મશાળા માની છે? અને તારા મનોવિકારો પર તેં વિજય મેળવ્યો છે કે એને ફાવે તેમ પ્રસાર આપ્યો છે? તું આંતર રાજ્ય પર વિજય મેળવી શક્યો છે કે તું એને તાબે થઈ ગયો છે? અને આ બધાં નાટકમાં તું પાઠ ભજવી રહ્યો છે તેને માત્ર નાટક માન્યું છે કે તારી જાતને આજુબાજુની પરિસ્થિતિને અંગે તન્મય બનાવી દીધી છે? ક્યાં દોડ્યો જાય છે? કેમ દોડે છે? કોણ દોડાવે છે?

આવા ચિંતવન અને આત્માવલોકનની ટેવ પડે તો માણસ જરૂર માર્ગ પર આવી જાય, એની શક્તિનો નકામો ઉપયોગ થતો અટકાવી શકે અને એ સાધ્યને માર્ગે આવી જાય, બાકી સુકાન વગરના વહાણ જેવી સ્થિતિ થાય તો એ ન રહે ઘરનો અને ન રહે ઘાટનો. ઘણા-

ખરા લોકો વિચાર કરતા નથી, કરે તો તેમાં વ્યવસ્થા હોતી નથી, વિચારના જવાબોનો ઉપયોગ કરવાની અંદર શક્તિ હોતી નથી. ધર્મમાર્ગમાં કૌશલ્ય દર્શાવનારનું આત્મચિંતવન અનોખું હોય, ભદ્ર હોય, પ્રેરક હોય, પરિણામ નિપજાવનાર હોય અને સાચે રસ્તે પ્રગતિ કરાવનાર હોય. ધર્મ કૌશલ્યનો આદર્શ સંદેશ આત્મચિંતવનનો છે.

---

को देशः कानि मित्राणि कः कालः कौ व्ययागमौ ? ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥

સુ. ર. ભાંડાગાર

( ૩૬ )

**જેમનાં માન અને મદ જતાં રહ્યાં છે, જેમના આશયનું લોકો અનુમોદન કરે છે, જેમની શરીરકાંતિ શરદૃઋતુના પૂર્ણ ચંદ્ર જેવી છે અને જેઓ પ્રકૃતિથી સારા વ્યવહારમાં વિહરનારા છે—આવા મહાબુદ્ધિશાળી મનુષ્યો આ દુનિયામાં સુખપૂર્વક જીવન જીવી જાય છે.**

બુદ્ધિશાળી માણસ દુનિયાની ટોચ પર જાય છે, એનું જીવન અનેરા પ્રકારનું હોય છે. એનાં જીવનનો વૈભવ ભાત પાડે તેવો હોય છે, એની ખુમારી ઓર પ્રકારની હોય છે, એની હાલચાલ અને રીતભાત

બીજાથી એને જુદા પાડે તેવી હોય છે, એની બોલીચાલી, સભ્યતા અને શિષ્ટતા એને બીજાથી જુદા પાડે તેવી હોય છે અને એનું આખું વર્તન જગત તરફથી પ્રશંસા, પ્રેમ અને પ્રસાદને આકર્ષી શકે તેવું હોય છે.

આવા મનુષ્યમાં માન કે મદનો છાંટો દેખાતો નથી, હોય તેવા બળ ઐશ્વર્ય ઋદ્ધિ બુદ્ધિનું અભિમાન 'મદ'ની કોટિમાં આવે અને ન હોય તેવા ગુણ કે મહત્તા પોતામાં હોવાના દાવાની મગરૂબીને 'માન' કોટિમાં ગણી શકાય. મતલબ કે ખરા બુદ્ધિશાળીમાં મનોવિકાર હોતા નથી. એનામાં ક્રોધ ન હોય, દંભ ન હોય, લોભ ન હોય, કપટ ન હોય, નિંદા ન હોય, ભય ન હોય. આવા અનેક દુર્ગુણોના પ્રતીકરૂપ માન, મદને અહીં અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. એના પેટામાં સર્વ મનોવિકારો, કષાયો અથવા ષડ્‌રિપુઓને સમજી લેવાં. આવા મહા-વૈભવશાળીને સુખમય જીવન હોય તેમાં નવાઇ શી? એવા મનુષ્યની હાજરીથી જ આ સંસાર રહેવા લાયક, જીવવા લાયક ગણાય છે.

એવા મનુષ્યોનો અંદરનો આશય જોયો હોય તો એનાં મનો-રાજ્યો જ અનેરાં પ્રકારનાં હોય છે. એ કોઈના ઉત્કર્ષ તરફ આનંદ બતાવે, એ કોઇની સેવા ત્યાગ જોઇ રાજીરાજી થઈ જાય, એ કોઈનાં સુંદર સંભાષણની વાહવાહ બોલે, એ ધનવાનને જુએ, જ્ઞાનવૃદ્ધને જુએ, વયોવૃદ્ધને જુએ કે સંતપુરુષને જુએ એટલે એની તારીફ કરે, એના નાના ગુણને બહુ માને મનાવે અને એના સદ્‌ગુણ તરફ હૃદયથી વારી જાય. એનું મન જેવું ઉદાર અને આનંદી હોય, તેવી જ એની શરીરની કાંતિ પણ આસો માસના ચંદ્રની યાદ આપે તેવી ભવ્ય, સુંદર અને ખેંચાણકારક હોય. એની માનસિક સરળતા અને એની શારીરિક પવિત્રતા, શુચિતા અને સ્વચ્છતા સામાનાં દિલ પર એકદમ સારી અસર કરે તેવી અને તેને માટે અનુમોદના કરાવે તેવી હોય,

અને એ જે વ્યવહારમાં પડેલાં હોય, જે વ્યાપાર નોકરી, લાભ કે સેવામાં પડેલા હોય ત્યાં પ્રકૃતિથી જ સારે માર્ગે વિહરનારા હોય છે, એને ઢોંગ પસંદ ન હોય, એને દેખાવ કરવાની વૃત્તિ ન હોય, એને ગોટા વાળવાની કલ્પના પણ ન હોય, એને પ્રમાણિક સીધો સાદો વ્યવહાર ધરગથ્થુ થઇ ગયેલો હોય અને એ ગમે તેવા સંયોગોમાં પોતાની જાતને અનુકૂળ બનાવે, કદી અન્ય ઉપર ક્રોધ ન કરે, અન્યનો દ્વેષ ન કરે, અન્ય સાથે સ્પર્ધા ન કરે, અન્ય પર ઉપકાર કરવામાં સંકોચ ન કરે, અન્યનું કામ કરી આપવામાં પોતે કોઇ જાતનો પાડ કરે છે એવો વિચાર પણ ન કરે અને આવા માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં રાજી રહી સુખે જીવન માણે.

મહાબુદ્ધિશાળીના આ જીવનવર્ણનમાં જ્ઞાન અને ચારિત્રનું અદ્ભુત સંમીલન જોવામાં આવે છે, એમાં વ્યવહાર અને વૈરાગ્યનું અસાધારણ મિશ્રણ જોવામાં આવે છે, એમાં મન, વચન અને કાયાના યોગોનું સમીકરણ અને તેની એકવાક્યતા જોવામાં આવે છે, આ બુદ્ધિવૈભવીનું જીવન છે, બાકી સર્વ ફેરા છે, આંટા છે, ખેપ છે. ધર્મમય જીવન જીવવાની ભાવના સેવનારે, ધર્મકૌશલ્યના અભ્યર્થીએ આવા જીવનને મહાલાવવું ઘટે.

---

विगतमानमदा मुदिताशयाः शरदुपोढशशाङ्कसमत्विषः।
प्रकृतसंव्यवहारविहारिणस्त्विह सुखे विहरन्ति महाधियः ॥

योगवाशिष्ट

( ૩૭ )

**જ્યાં સુધી આ શરીર નીરોગી હોય છે, જ્યાં સુધી ઘડપણ દૂર છે, જ્યાં સુધી ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ પડી ગઇ નથી અને જ્યાં સુધી આઉખું પરવારી બેઠું નથી ત્યાં સુધી આત્માના શ્રેય માટે ડાહ્યા માણસે ખૂબ પ્રયાસ કરવો ઘટે; બાકી ઘરને આગ લાગ્યા પછી કૂવો ખોદવો એ પ્રયત્ન તે કેવો ગણાય ?**

અત્યારે તારા હાથ પગ ચાલે છે, આંખો કામ આપે છે, માઇલ બે માઇલનો પંથ તું કાપી શકે છે, બે ચાર દાદરા ચઢી શકે છે, બે દહાડા ઓછું ખાવાનું મળે કે નકોરડા ખેંચી કાઢવા પડે તો ચલાવી શકે તેમ છે, ઉજાગરા કરી શકે તેટલી શક્તિ છે, કુદરતી હાજત કે તરસને ખેંચી શકે તેમ છે—આવી તારી ઠીક ઠીક શરીર-શક્તિ વર્તે છે તેનો લાભ લઇ લે. તને આ ઉપરાંત શારીરિક અનેક લાભો હશે તે તું ગણી લેજે અને તેનો ઉપયોગ કરી લે, તેનો બદલો શરીર પાસેથી વાળી લે, તેનો કસ કાઢી લે.

અને જો હજી તને ઘડપણ નથી આવ્યું, તને ઊંબરો મોટો ડુંગર નથી થઇ પડ્યો, હજી પગમાં 'વા' નથી આવ્યો, હજુ પક્ષઘાતથી કે મીઠી પેસાબથી શરીર દોહળું નથી થઇ ગયું, હજુ આંખે મોતિયા આવવા માંડ્યા નથી ત્યાં સુધી તારી શરીરશક્તિનો લાભ ઉઠાવી લે, તારી જુવાની કે પુખ્ત ઉંમરનો કસ કાઢી લે, તારી ચાલતી ગાડીની મજા માણી લે અને એ ગાડી અટકે તે પહેલાં તેના ખુરદા કરી લે અને અત્યારે તારી સર્વ ઇંદ્રિયો સાબૂત છે, કાનમાં બહેરાશ નથી,

આંખમાં ઝાંખ નથી, સ્વાદમાં ફીક્કાશ નથી, શરીર પર સોજા નથી, નાકમાં ગંધ જીવતીજાગતી છે ત્યાં સુધી તેનો લાભ ઉઠાવી લે, તેને પાળેલ, પોષેલ અને જમાવેલ છે તે માટે લીધેલ તસ્દીનો બદલો લઇ લે.

અને તારી વયના તો કંઇક ચાલ્યા ગયા. એની સાથે રમ્યો, હાલ્યો, માણ્યો, રખડ્યો, નાગો ફર્યો તેમાંનાં કઇંક સ્મશાનમાં પોઢી ગયાં. તું હજુ જીવતોજાગતો બેઠો છે, તો તેનો લાભ ઉઠાવ. અને લાભ ઉઠાવવામાં તારું પોતાનું શ્રેય થાય તે કર, અને શ્રેયમાં પણ લાંબી નજરે જો. પરમ શાંતિ ચિરકાળ માટે મળે અને તારા આ રખડપાટા મટી જાય તેવો તેનો લાભ લઇ લે. તારાં શરીર, આવડત, મગજ અને અનુકૂળતાઓનો સારો ઉપયોગ કરી લે અને આ ભવનો ફેરો સફળ કર. બાકી જ્યારે કાકાનું તેડું આવશે ત્યારે તું કાંઇ કરી શકીશ નહિ. પછી તે વખતે તને પસ્તાવો થશે કે આ કામ રહી ગયું કે પેલું કામ રહી ગયું, એ આવશ્યક ન થયું અને પેલુ ઉદ્વહન રહી ગયું. આવી અનેક વાત મનમાં રહી જશે અને પછી દોડાદોડમાં ખમતખામણા કરવા મંડી જઇશ કે માથા પછાડી પસ્તાવો કરીશ એમાં કાંઇ વળશે નહિ. એ કાકાનો હુકમ ક્યારે છૂટશે અને કેવા સંયોગોમાં છૂટશે, એ છૂટશે ત્યારે તું સાવધ હોઇશ કે બેભાન કે બેફામ હોઈશ—એ કોઇને ખબર નથી અને એ વખતે પછી તું પ્રભુનું સ્મરણ કરવા મંડી જઈશ કે વસીયતનામું લખાવવા મંડી જઈશ એમાં કાંઇ વળશે નહિ. ઘરને આગ લાગ્યા પછી કૂવો ખોદવાનું કાર્ય કોઈ ડાહ્યો માણસ કરે? માટે અત્યારે અને તેટલો લાભ લઇ લે. મળેલી અનુકૂળતાનો બદલો વાળી લે અને તારું પરમ શ્રેય થાય તે માર્ગ પકડી લે. અત્યારે કરેલી સેવા, દીધેલ દાન, સ્વીકારેલ ત્યાગ, આદરેલ સંયમ અને પાળેલ બ્રહ્મચર્ય તારી પડખે ટેકો આપશે. બાકી છેલ્લી ઘડીની દોડાદોડીમાં કાંઇ ભલીવાર નહિ થાય, માટે છે તેનો સારા વખતમાં સ્થાયી લાભ લઇ લે. આનું

નામ ધર્મકૌશલ્ય કહેવાય, એ તું નોંધી રાખજે અને આવો અવસર ફરી ફરી નહિ મળે તે પણ નોંધી રાખજે.

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
प्रोद्दीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥

ભર્તૃહરિ

(૩૮)

અધ્યાત્મ શાસ્ત્રના અભ્યાસથી થયેલા સંતોષ સુખનો અનુભવ કરનાર માણસ રાજાને ગણતો નથી, લક્ષ્મી આપનારને ગણતો નથી, અરે ખુદ ઈંદ્રને પણ ગણતો નથી,

આત્મા સંબંધી હકીકત તે અધ્યાત્મ. એનાં રસમાં જે પડ્યો હોય તે પોતે પોતાનો માલીક છે, પોતાનો શેઠ છે, પોતાનો સરદાર છે, પોતાનો ઉપરી છે, પોતાનો સર્વસ્વ છે. સાચા અધ્યાત્મીની દશા

ઓર જ હોય. દુનિયા એને બાવરો કહે, બેવકૂફ માને, અવ્યવહારુ માને કે ઘેલો ગણે એની એને પરવા કે દરકાર હોતી નથી. એની નજર સામે પડતી નથી, એને અન્યના અભિપ્રાયો સાંભળવાની પડી હોતી નથી, એને પોતા માટે બીજાઓ શું ધારે છે કે કેવું બોલે છે તે જાણવાની જિજ્ઞાસા હોતી નથી. એ તો એના તાનમાં ચાલ્યો જાય, એની મસ્તીમાં મસ્ત રહે, આંતર વિચારણામાં મગ્ન રહે અને દુનિયાના માનમરતબા, અભિનંદન, પ્રશંસા કે પ્રમાણપત્ર તરફ નિરપેક્ષ રહે. એને વ્યવહાર કે વ્યવસાયની કાંઇ પડેલી હોય નહિ, એને વેષચચકા જાળવવાનાં ન હોય, એને અન્યના મત જાણવાની તમન્ના ન હોય, એને દુન્યવી અભિપ્રાયનાં મૂલ્ય ન હોય, એટલે એની નજરમાં રાજા મહારાજા, શેઠીયા કે ઇંદ્ર તરફના કે તેમના સંબંધીના વિચાર જ ન હોય, એની એને તમા ન હોય, એના તરફ એનો ખ્યાલ પણ ન હોય, અને તેઓ પોતાને નવાજશે કે ભેટશે એવી કોઇ પ્રકારની આકાંક્ષા કે અપેક્ષા એને ન હોય. એને જંગલમાં ફરતાં ભય ન હોય. એને નીરસ ભોજન કરતાં ક્ષોભ ન હોય. એને પોતાના વિકાસ સંબંધી જ વિચારણા અંદરખાનેથી નિરંતર ચાલ્યા કરતી હોય, ત્યાં પુદ્ગલાનંદ, શરીર વિભૂષા, ઇંદ્રિયના વિષયો તરફ આકર્ષણ કે સાંસારિક માન, સ્નેહ, દંભ કે ગૂંચવણનું એનામાં તત્ત્વ કે એનો અંશ પણ ન હોય.

આવા અધ્યાત્મના રંગમાં રંગાયેલા સાચા અધ્યાત્મીઓ પોતાના આત્માનો વિકાસ સાધે છે, ઉત્તરોત્તર આગળ વધતા જાય છે અને નિરપેક્ષભાવે દુનિયાને આદર્શ દાખલો આપતા જાય છે. એના ઉચ્ચ વ્યવહાર, વિશુદ્ધ વ્યવસાય અને આદર્શ જીવન અનુકરણીય બને છે. આવા અધ્યાત્મનો વારંવાર અભ્યાસ કરવો, ફરી ફરીને તેની ભાવના કરવી, તેનો ઊંડો ભાવ વિચારવો અને પોતામાં તેનો સ્પર્શ થયો

હોય તો યોગ્ય પાત્રને તેનો વિભાગ આપવો, લાયકને તેનો ભાગી બનાવવો.

બાકી અધ્યાત્મની વાત કરનારા અધ્યાત્મી છે એમ હંમેશા ધારી લેવું નહિ. એમાં દંભ અને માયા ઘણી વાર કામ કરે છે અને કેટલીક વાર તો માણસ આત્મવંચના કરી પોતાની જાતને પણ નોતરે છે અને ઘણી વાર પોતે અધ્યાત્મી છે એમ માનવાને લલચાઇ જાય છે. આવી આત્મવંચનાથી બચી જવા જેવું છે. ' એમ કહે સાધ્યું નહીં માનું, એક હીં વાત છે મોટી ' એમ શ્રી આનંદઘનજી મહારાજ કહે છે એ વાતમાં ઘણું રહસ્ય છે. સાથે અધ્યાત્મ અશક્ય છે, અપરંપાર છે, અગમ્ય છે એમ પણ માનવું નહિ. બાકી ' એ કહી વાત છે મોટી ' એ તો સાચી જ વાત છે. અને છતાં એ મોટી વાતમાં જ જીવનનો સાચો રસ છે. સંસારયાત્રાની સફળતા છે, સાધ્ય સન્મુખ પ્રયાણ છે અને સમતા રસનાં કચોળાં છે. જ્યારે ધનવાનોના ઢગલા કે રાજાનાં રાજ્ય તરફ સમાનભાવ આવે, જ્યારે પરિગ્રહ પર ઉદાસીનતા આવે, જ્યારે વિષયકષાય તરફ અંદરની અરુચિ થાય, જ્યારે વ્યવહાર તરફ ઉદાસીનતા થાય, જ્યારે સામાનો વાંક કે ગુન્હો જોવાને બદલે તેની સાંસારિક દશા તરફ ઉપેક્ષા થાય, જ્યારે ચાલુ વ્યવહાર તરફ ઉદાસીનતા થાય, જ્યારે પોતાને નુકસાન થાય ત્યારે પણ સમભાવ રહે અને જ્યારે નિજાનંદની મસ્તી જાગતી રહે ત્યારે અધ્યાત્મ શાસ્ત્રના સુખનો આસ્વાદ આવે છે અને પછી તો આખું દષ્ટિબિન્દુ જ પલટાઇ જાય છે, પછી સામે જોવાને બદલે અંદર જોવાની રીત આવડી જાય છે અને આખા સંસારવિસ્તારનો પ્રપંચ સમજાતો જાય છે, પરભાવની પરિસ્થિતિ ઓળખાય છે અને પછી જે મોજ આવે છે તે લખવાના શબ્દો નથી, બતાવવાનાં ચિહ્નો નથી, સમજાવવાનાં પ્રસંગો નથી, પણ એ તો આંતર રાજ્યના વિલાસો છે. ' ખોજી હોય સો પાવે ' એટલે એ

અગમ્ય નથી, પણ એની ખોજ જોઈએ, એ માટે તમન્ના જોઈએ, એની તાલાવેલી લાગવી જોઈએ. આ ધર્મ કૌશલ્યનું કેંદ્ર છે.

---

अध्यात्मशास्त्रसम्भूतसन्तोषसुखशालिनः ।
गणयन्ति न राजानं, न श्रीदं नापि वासवम् ॥

શ્રી યશોવિજય ઉપાધ્યાય

(૩૯)

**જો તને સુખની, ધર્મની કે મુક્તિ સામ્રાજ્યની ખેવના હોય તો પારકાની વમેલી ચીજોમાંથી માત્ર એક આશાને વશ કર.**

આ જીવનમાં પારકાની બક્ષીસો તરફ તું નજર રાખે છે. કોઈએ તજેલ, ખોયેલ ચીજો તને મળે ત્યારે તું રાજી થાય છે, પારકાની ફેંકી દીધેલ વસ્તુ તને મફતમાં મળી જતી હોય તેના તરફ તારી સ્પૃહા રહે છે, પણ જો તને ખરા સુખની, સાચા ધર્મની કે સર્વ સંયોગથી મુક્તિ મેળવવાની ઇચ્છા હોય, તને એમાંની કોઈ પણ ચીજ માટે સાચી લગની લાગી હોય તો પારકાની આશા પરનો તારો તાંતણો તોડી નાખ, પરવસ્તુ કે પરવ્યક્તિની આશાના દોરને કાપી નાખ અને પછી તને સર્વ સંયોગોમાં ખૂબ મજા આવશે, તારા જીવન પરનો બોજો હલકો થઈ જશે, તારી માનસિક પરિસ્થિતિમાં મોટો પલટો આવી જશે અને તારો સંસાર ચકરાવાની પરિધ તને પોતાને નાની થઈ જતી દેખાશે.

અને આશાના પાશમાં બંધાયલા મનુષ્યો કેવા કેવા ચેનચાળા કરે છે ? કેવાં ધાંધલો અને હલ્લામણો કરે છે ? કેવા ઘટતા અણઘટતા દોડા અને આંટા કરે છે ? આશાના પાશમાં બંધાયલો મનુષ્ય મોટાની ખુશામત કરે, રાજા મહારાજાની હામાં હા મેળવે, શેઠ સોદાગરના અણઘટતા હુકમોનો અમલ કરે અને અનેક ન કરવાનાં કામ કરે. અહીંથી મળશે, ત્યાંથી મળશે, પણેથી મળશે એવી આશામાં એ દોડાદોડ અને તગડાતગડી કરે અને રાતદિવસ મોડું વહેલું ન જોતાં ખેંચાયા જ કરે, ખેંચ્યા જ કરે, પડયો બોલ સાચાખોટાંની તુલના કર્યા વગર ઉપાડી લે અને લાંબોલહ થઇ જાય. કૂતરાને રોટલી બતાવી ટગાવવામાં આવે તે પ્રકારે આશાના દોરે લટકાયેલો માણસ આશામાં ને આશામાં તણાતો જાય, એના વો'માં તણાતો ખેંચાતો જાય અને પકડાયલી માછલી પેઠે તડફડતો જાય, છતાં ઉપરથી એક બે ટીપાં જરૂર પડશે એ આશામાં એ મધુબિંદુના દૃષ્ટાંતમાં લટકતા માણસની પેઠે બરાબર વર્તે અને કાંઇક મળશે, થોડું પણ મળશે એ આશામાં અધમનાં પડખાં સેવે, અયોગ્યનાં મોઢાં બોલાવે, નીચની ઉપાસના કરે, ચારિત્રમાં અતિ હીન થઈ ગયેલાંને પસવારે અને વિવેકવાનને વિચિત્ર લાગે તેવું વર્તન કરે.

માટે આશાને સર્વ દોષની પ્રાથમિક ભૂમિકા ગણી છે. આખો સંસાર આશા ઉપર રચાયેલો છે. મનુષ્ય ભવમાં તો આશા ખૂબ જ ભાગ ભજવે છે. વેપારીને, વૈદ્યને, વકીલને અને દરેક ધંધાદારીને આશા ઘરાક પર હોય છે તો દાસ દાસી નોકર કે અમલદારને ઉપરી અધિકારીની આશા હોય છે. તે પ્રમાણે નિશાળથી માંડીને ગમે ત્યાં જવું થાય કે ગમે તે સંયોગો કલ્પાય, તેમાં આશાના અંશો જરૂર તરી આવશે. આ આશા છૂટી એટલે અર્ધ સંસાર છૂટી ગયો સમજવો. ખરું સામ્રાજ્ય, સ્વરાજ્ય કે સ્વાતંત્ર્ય મેળવવા માટે આશા દાસીના પાશમાંથી મુક્તિ મેળવવાની

આવશ્યકતા છે. આશાને મહાન લેખકોએ રાક્ષસી કહી છે, સર્પિણી કહી છે, મદિરા કહી છે, વિષમંજરી કહી છે, વિફરેલી વાઘણ કહી છે અને એને અનેક અધમ ઉપનામોએ સંબોધી છે એમાં જરા પણ અતિશયોક્તિ નથી. એ વાત આશાને, આશાના તંતુને, આશાના પાશને બરાબર સમજવામાં આવે તો બરાબર સમજાઇ જાય તેવી છે. આશામાં તણાયેલો માણસ એવા જોખમો ખેડે છે, એવી ભૂલો સહન કરે છે, એવા મહેણાંટોણાં સાંભળે છે અને પોતાની જાતને એટલી નીચી ઉતારી પાડે છે કે એને માટે ગમે તે શબ્દ વપરાય તે યોગ્ય છે. તે જાતે ઘણી મીઠી છે, મોહક છે, ઘેન ચઢાવનાર છે, જાતને ભૂલાવનાર છે અને ઘણી અદ્દશ્ય રીતે અંદરખાનેથી કામ કરનાર છે.

આવી આશાને વશ કરી, એટલે પછી રસ્તો સાફ થઇ જાય છે, પછી પ્રગતિ કૂદકે અને ભૂસકે થતી જાય છે, પછી આળપંપાળ મટી જાય છે, પછી પારકી દયા પરના જીવનનો છેડો આવી જાય છે અને મનમાં એક એવી જાતની ખુમારી આવી જાય છે કે જેમાં અભિમાનનો અંશ ન હોવા છતાં માણસ પ્રવાહથી અલગ થઇ જાય છે. ધર્મ કૌશલ્ય પ્રાપ્ત કરવાની તમન્નાવાળાએ આ જગતને સંમોહિત કરનારી આશા પર વિજય મેળવવાનો અને તેને સ્વવશ કરવાનો આદર્શ રાખવો ખાસ જરૂરી છે. એમાં એની ગુંચવણોનું નિરાકરણ છે અને અખંડ સામ્રાજ્યનું સમીકરણ છે.

---

यदीच्छसि सुखं धर्मं मुक्तिसाम्राज्यमेव च ।
तदापरपरीहारादेकामाशां वशीकुरु ॥

## (૪૦)

## મુનિઓએ કર્યાં તે જ સઘળાં કામો-કર્મો કર્યાં પણ ફળમાં વંચના થઈ-રખડી પડયાં.

ભર્તૃહરિએ વૈરાગ્યશતકમાં ઉપરનો અર્થાંતરન્યાસ કરીને તેની ઉપર કેવાં કર્મો કર્યાં તેના થોડાં નામો આપ્યાં છે અને પછી બતાવ્યું છે કે મુનિ કરે છે તેવાં કામો કર્યાં, પણ આપણને 'તો ઘર દી ને ઘર દહાડાં' રહ્યાં છે. આપણે ત્યાગી, સંન્યાસી, વૈરાગી, મુનિનાં કામો તપાસીએ અને આપણાં પોતાનાં જોઇએ, તો તેમાંનું એક પણ કામ આપણે ઓછું કરતાં નથી એ તુરત જણાઈ આવશે અને છતાં આપણે તો જ્યાંનાં ત્યાં જ છીએ. જુઓ, મુનિ કે ત્યાગી ક્ષમા ધારણ કરે છે. આપણે પણ શેઠીઆના મિજાજ, ઉપરીના હુકમો અને અજ્ઞાનીનાં મહેણાં ખમી ખાઇએ છીએ. મુનિ તપ કરી શરીર સુકવે છે; આપણને કામમાં મોડું થઇ જાય, રસોયો નાસી જાય, બૈરીને અડચણ હોય તો અનેક વાર ભૂખ્યા રહીએ છીએ, અધૂરા રહીએ છીએ, શુકરવારિયા ચણા કે ગાંઠીઆનો આશ્રય લઇ ચલાવી લઇએ છીએ. વૈરાગી મુનિ પગે ચાલે છે, આપણે પણ આખો દિવસ પગો ઘસતાં કે પગને ઘસડતાં ચાલીએ છીએ. મુનિ પોતાના પરિગ્રહનો ત્યાગ કરે છે, આપણે પણ દેવું દેવામાં, લહારી પતાવવામાં કે ટાંચ લાગે ત્યારે પૂર્ણ ત્યાગ કરીએ છીએ. મુનિ શીત ઉષ્ણ આદિ અનેક પરિષહો સહન કરે છે, આપણે પણ બરે બપોરે છત્રી વગર આંટા મારી સૂર્યદેવની આતાપના લઇએ છીએ કે શિયાળામાં ઠંડીના સુસવાટા કરતાં તાપણી પાસે હાથ ધરીએ છીએ. મુનિ પોતાના ઉપાસ્ય દેવ કે આદર્શનું ધ્યાન કરે છે, આપણે પણ આપણા ઉપાસ્ય દેવ ધનનું ધ્યાન કરીએ છીએ. મુનિ મર્યાદિત

કપડાં રાખે છે, આપણે પણ બે પાંચ ધોતિયાં કે પાંચ સાત પહેરણ રાખીએ છીએ. મુનિ ભાતપાણીનો આહાર કરે છે, આપણે પણ રોટલી દાળભાતનો આહાર કરીએ છીએ. મુનિ ભાઇભાંડુનો સંબંધ છોડી દે છે. આપણે પણ ભાઇભાંડુ સાથે ફારગતી કરી ગોળાનાં પાણી સુદ્ધાં હરામ કરીએ છીએ. મુનિ એષણીય આહાર લે છે, આપણે પણ ખાવા યોગ્ય આહારનો જ ઉપયોગ કરીએ છીએ. મુનિ બ્રહ્મચર્ય પાળે છે; આપણે પણ સ્ત્રી પરદેશ જાય, તેની સાથે અબોલાં થાય કે વાંધો પડે ત્યારે અર્ધ બ્રહ્મચર્ય પાળીએ છીએ. ત્યારે આપણાં કર્મોમાં અને મુનિનાં કર્મોમાં ફેર શો ? એ કરે છે તે જ બધું આપણે કરીએ છીએ.

ભૂખમાં અને સહન કરવામાં, રખડપાટામાં અને બોલીચાલીમાં આપણે પણ અનેક પ્રકારે મુનિ જેવાં જ હોઇએ છીએ. મુનિ વાણીનો સંયમ રાખે તો આપણે મહાજનમાં, સભામાં, સમાજમાં ચૂપ થઈ બેસી જઇએ છીએ. મુનિ જોઇને ચાલે તેમ આપણે પણ ખાડાખડિયા સંભાળી પગ મૂકીએ છીએ. મુનિ એક ગામથી બીજે જાય તેમ આપણે પણ સામાન લઈ બહારગામ જઇએ છીએ. મુનિ હાલે, ચાલે, બોલે, જંગલ જાય: તે સર્વ આપણે પણ કરીએ છીએ. મુનિ વહેલાં ઊઠે તેમ આપણે પણ રેલ્વે, બસ કે ટ્રામ પકડવા ઘણીવાર વહેલા ઊઠીએ છીએ. મુનિ ચોળપટ્ટો કે કૌપીન પહેરે તો આપણે ધોતિયું કે સાડી પહેરીએ છીએ. ત્યારે આમાં વાંધો ક્યાં આવ્યો ? અને ફેર શો રહ્યો ? મુનિ કોઇ કામ એવું નથી કરતાં જે આપણે એક યા બીજા આકારમાં નહીં કરતા હોઇએ.

અને છતાં ફળની નજરે જોઇએ તો આપણો ને એનો મેળ જ ન ખાય. સમાન ક્રિયા બાહ્ય નજરે અનેક બાબતમાં એક સરખી હોવા છતાં આપણાં આશયભેદને લઇને આપણે સંસાર વધારીએ.

છીએ, ત્યારે એ સંસારને ઘટાડી આત્મવિકાસ કરતાં જાય છે. આપણે ધન, માલ, હવેલી, ગાડી, વાડીમાં રત થઇએ છીએ ત્યારે એ વસ્તુને આત્મવિકાસનું સાધન ગણી તેનો તે માર્ગે ઉપયોગ કરે છે. આપણી ભૂખમાં, ક્ષમામાં, સહનશીલતામાં, રખડપટ્ટીમાં અને ઉપર ગણાવેલી સર્વ પ્રવૃત્તિમાં આપણો આશય પૌદ્ગલિક હોય છે, સાંસારિક હોય છે, પરભાવનો હોય છે. એટલે આપણી એકે વાત જામતી નથી, ચોંટતી નથી, સ્થિર થતી નથી, લાંબી રાશે લાભ કરાવનાર થતી નથી; ત્યારે એમની દરેક પ્રવૃત્તિ પાછળ સ્વભાવ તરફ રમણ હોઇ, વસ્તુ કે ક્રિયાનો ઉપયોગ સાધન તરીકે માત્ર લાભ લેવા પૂરતો જ હોઇ એની અને આપણી ફળપ્રાપ્તિમાં જમીન આસમાનનો ફેર પડે છે. આશય ફરી જાય, દિશા બદલાઇ જાય, સુકાન પર કાબૂ આવી જાય, તો આપણે પણ તુરત કક્ષા બદલી શકીએ. આશય બદલવાની જરૂર છે. આમાં મુંઝાવા જેવું નથી. આ જીવ પોતે મુનિ મહંત થઇ શકે છે. આશય બદલો, ઉદ્દેશ બદલો.

---

तत्तत्कर्म कृतं यदेव मुनिभिस्तैस्तैः फलैर्वञ्चिताः ॥

ભર્તૃહરિ

( ૪૧ )

ઘડપણ સામે ધમકી આપતું ખડું રહેલું છે, રોગો તો જાણે પાકા વેરી હોય તેમ શરીર સામે પ્રહાર કરી રહ્યા છે, અને તડ પડેલા ઘડામાંથી પાણી ટપકે તેમ આઉખું સરતું જાય છે, છતાં લોકો (પોતાનું કે પારકું) અહિત આચર્યે જાય છે, એ તો ભારે નવાઇની વાત છે.

માણસનું જોર ત્રણ બાબતનું હોઇ શકે. હું જુવાનજોધ છું,

હું હૃષ્ટપુષ્ટ પહેલવાન છું, હું અહીંનો અમરપટો લખાવી લાવ્યો છું, સોના પેટામાં મારે ઘરનાં ઘર છે, મોટી જમીનદારી છે, મારે નોકર ચાકર, સગાંસંબંધી પરિજનોની હૂંફ છે. આવી આવી બાબતો આવે. પછી તો એ તોરમાં ફરે, માથે ફેંટા ઉપર તોરા ચઢાવે, પગે ધમધમાટ કરતો ચાલે, ચમચમ કરતાં જોડાંને દાબી દાબીને ઘુમાવતો જાય, માથે તેલ ધૂપેલ નાખે, આંખમાં આંજણ આંજે, છાતી કાઢીને રોફ મારે વગેરે. પણ એ જરા વિચાર કરે ત્યારે એને માલૂમ પડે છે કે આમ છાતી કાઢીને ચાલવાનો અને મનમાં આવે તેવું બોલી નાખવાનો કાંઇ અર્થ નથી. પછી એને વિચાર આવે છે કે આ જુવાનીનો લટકો તો ચાર દહાડાનો છે. જેવી ઇંદ્રિયો શિથિલ થવા માંડી, આંખ કાનનું તેજ ઘટવા માંડ્યું, પગલાં આડાંઅવળાં પડવાં માંડ્યાં કે બધું સાતડે સાત થઇ જશે અને સામે ઘડપણ ડોળા ઘૂરકતું ઊભું જ છે. પછી આજનો રંગ, આજનો ઓપ કે આજનું ઘમસાણ ટકવાનું નથી.

અને એક ઘડપણનો વિચાર આવે ત્યાં તો તેની નજરમાં અનેક રોગો ખડા થઇ જાય છે. હાથપગમાં વા, ઘૂંટીનાં સાંધાની અકડાઇ, પક્ષઘાત, પરાધીનતા, કાનની બહેરાશ અને આંખનાં બેતાળા-ઓ સર્વ તેની નજરે આગળ ખડા થઇ જાય છે, એ બીજા બુજર્ગો-ના હાલહવાલ નજરે જુએ છે, બીજા વ્યાધિગ્રસ્તોના વ્યાધિઓ, રોગો અને દરદોની હારની હાર જુએ છે, એ શ્વાસ, દમ, સન્નેપાત, ટાઇફોઇડ, ન્યુમોનીઆ અને કૉલેરાના કેર જુએ છે અને એ વ્યાધિઓ તો સામે ઊભા છે એમ એ જાણી વિચારમાં પડી જાય છે.

અને પછી ઘરના ઘર અને ઘરના કારખાનાં, દુકાન, મેડી અને ઓફિસને પોતાનાં માની કરેલ કલ્પનાઓની જાળોની સામે એને દેખાય છે કે આ તો દરરોજ એક દિવસ આવરદામાંથી ઘટતો જ જાય છે. ત્યારે આ આવી આફતને આરે ઊભેલ પોતાને નિરાંત શેની ?

અને કેમ હોઈ શકે ? અને આંખે ઊંધા પાટાની ગણતરી પાછળ પોતે ખોટા દોરવાઇ ગયો છે એમ લાગે !

ત્યારે પછી આ પારકા ઉપરના ખાર શેના ? અને જીવજાન વેર કેવા ? અને પારકાની ચાડીચૂગલી કે નિંદા શા માટે કરવી ? અહીં કોણ બેસી રહેવાનું છે ? અને પાંચ પચીશ વર્ષની રમત ખાતર આ બધી વિટંબણા શા માટે ? કોને માટે ? અને કોણ ભોગવશે ? અને ભોગવી ભોગવીને કેટલું ભોગવશે. ? જ્યારે કાકાનો સપાટો લાગશે અને ગળામાં હાંસડી પડશે ત્યારે એક ચાબખાના સપાટા સાથે આખી બાજી ખોઇ બેસવાની છે, મૂકી દેવાની છે, ન ગમે તો પણ છોડવી પડવાની છે ! તો પછી આવું અહિત કરનાર, નુકસાનકારક કામ કોઇથી પણ કેમ થાય ? પોતે પારકાનું અહિત કરે તેમાં પણ અંતે તો પોતાનું જ અહિત થાય છે અને જ્યાં અહીં રહેવાનાં જ ઠેકાણાં નથી, જ્યાં આખી ગણતરી ખોટા પાયા પર રચાયલી છે, જ્યાં હાલતાં ચાલતાં રોગોની પરાધીનતા સામે ખડી જ છે ત્યાં આવાં ખોટા રસ્તાને કેમ અપનાવાય ? સમજુ માણસ આવા અહિતને માર્ગે પડે એ તો ખરેખર નવાઇની વાત ગણાય. માથે ચાલી આવતી જરાનો વિચાર કરીને, રોગોના પડતા પ્રહારોને અવલોકીને અને દરરોજ ઘટતા આયુષ્યને વિચારીને ડાહ્યો માણસ પોતાનો વિકાસ બગાડી નાખે એવા 'અહિત' ના કામને ન જ આદરે અને એવા કામમાં રસ લે તો એના ડહાપણની કિંમત થઇ જાય.

---

> व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
> रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।
> आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो
> लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥ ભર્તૃહરિ

( ૪૨ )

**જેઓ પોતાના સ્વભાવથી જ લોકોમાં ઉત્તમ હોય છે, તેઓ કદાચ મરણને સ્વીકારશે, પણ ખોટો માર્ગ તો નહિ જ આદરે.**

મહત્તા દુનિયામાં બે પ્રકારની હોય છે. એક સ્વભાવસિદ્ધ, જન્મથી સહચારી અને બનાવટ, દંભ કે દેખાવના રંગ વગરની પ્રકૃતિજન્યા અને બીજી બાહ્ય આડંબરી, લદાયલી, કૃત્રિમ, ઔપચારિક. ધાંધલીઆ મોટા માણસો મહાન દેખાય, કોઈ કોઈ વાર મોટાં માનપત્રો મેળવે, ગામ શહેર કે સંસ્થામાં આગળ પડતો ભાગ લે અને કોઇ કોઇ કાર્ય સેવાભાવે પણ બજાવે, પણ એ મહત્તાનો કસ નીકળે, કસોટી થાય ત્યારે ખરે વખતે એની મહત્તા સુકાઇ જાય છે, એની મોટાઇ સરકી જાય છે અને એ સામાન્ય ભૂમિકા પર આવી જાય છે અને કોઇ વાર તો તેથી પણ નીચો ઊતરી જાય છે. આ આડંબરી મહત્તાની અહિંઆ વાત નથી. એવા ટેટના નકલી હીરા ચળકતા દેખાય, પણ એમાં અંદર પાણી ન હોવાથી એને ઝાંખા પડતા વાર લાગતો નથી. એ જેમ પાણીમાં પડે કે એનું તેજ ઝાંખું થઈ જાય છે અને પછી એના પર ગમે તેટલા બ્રશ કે સેમોઇલેધર લગાડવામાં આવે, પણ એ તેજ ધારી શકતા નથી, બતાવી શકતા નથી અને પોતાની જાતને અવગણનાના અંધકાર પાછળ ધકેલી દે છે. આવી કૃત્રિમ મોટાઈ લાંબો વખત ટકતી નથી, ટકે તો દીપતી નથી અને ઝગારા મારે તો પણ અંતે એનો વિનાશ થાય છે. સાચા કસ વખતે કે પાકી પરીક્ષા વખતે એનું મૂલ્યાંકન મીંડામાં થાય છે અને મેળવેલ કૃત્રિમ મહત્તા જાય છે ત્યારે મોટો કચવાટ પાછળ મૂકતી જાય છે.

બાકી જ્યાં સ્વાભાવિક મહત્તા હોય છે ત્યાં આખો આવિર્ભાવ અનેરો જ હોય છે, એનો આખો ઉઠાવ જ જુદા પ્રકારનો હોય છે, એના સૌજન્યની સૌરભ અજબ મીઠાશ આપનારી હોય છે, એની

વાતચીતમાં ઓર પ્રકારની ખાનદાની હોય છે, એના વિવેક કે સભ્યતામાં ભાત પાડે તેવી નિર્મળતા હોય છે, એના વિચારદર્શનમાં આદર્શ પ્રૌઢતા હોય છે, એની ચાલમાં ભાવભર્યો પ્રતાપ હોય છે, એની બોલીમાં ફૂલ કે મોતી ઝરતાં હોય છે અને એના વાતાવરણમાં આહ્લાદજનક કાંતિ, શાંતિ અને સૌરભ પ્રસરતી હોય છે. એના જીવનના કોઈ પણ પ્રકારમાં ખૂબ ખેંચાણ હોય છે, એના સંસર્ગમાં ઉન્નતતા હોય છે, એના પરિચયમાં હૃદયંગત પ્રેમના ચમકારા મારતા હોય છે અને એની સાથે કામ પાડવામાં મન વિકાસ પામતું રમણ કરી રહે છે. આવા પ્રકૃતિસિદ્ધ મહાન પુરુષો સામે ગમે તેવી લાલચ આવે, ગમે તેટલા તાત્કાળિક લાભના પ્રસંગો આવે અને ગમે તેવી સાચી ખોટી દલીલો કે દાખલાઓ બતાવવામાં આવે તોપણ એવા સિદ્ધ મહાપુરુષને સાચે માર્ગેથી ચાતરી શકાય નહિ. એ તરડાય પણ નહિ કે આડી નજરે એ નીચે રસ્તે ઊતરે નહિ.

એને કદાચ તાત્કાલિક નુકસાન ખમવું પડે, ભોગ આપવો પડે કે અવ્યવહારુપણાનો આક્ષેપ સહન કરવો પડે, તો તે ખમશે, પણ એ મોટાઇનો ત્યાગ નહિ કરે. એ પોતાની સગવડનો ભોગ આપે, પૈસાનો લાભ જતો કરે અને જરૂર પડે તો પોતાનો લાભ જતો કરે, પણ એ ન્યાય માર્ગને છોડે નહિ, પોતાનાં આદર્શોને જતાં કરે નહિ, લાગણીને વશ બની જાય નહિ અને પોતાની સંતતિને વારસો ન આપવાની કે ઓછો આપવાની સ્થિતિમાં પણ એ પોતાની જાતને વેચે નહિ. એને મનમાં ન્યાય, સત્ય, સહાનુભૂતિ, મૈત્રી એવાં તો જામી ગયેલા હોય છે કે એનાથી સ્વભાવતઃ બીજું કાંઇ થાય નહિ, બીજું આડુંઅવળું કરવાનો એના મનમાં સંકલ્પ પણ થાય નહિ અને એના સદાચરણ કે વિવેકી વર્તનમાં જરાપણ ફેર ન પડે.

ગમે તેમ થાય, પણ એ પોતાની જાતને હલકી પડવા દે જ નહિ. એ ગમે તેટલી યાતના ખમે, ટીકા ખમે, નુકસાની ખમે, પણ એ ગમે તેટલા ભોગે પણ સાચા માર્ગને છોડે નહિ અને અન્યાય કે અયોગ્ય માર્ગે ગતિ કરે નહિ. આવા પુરુષોથી પૃથ્વી પાવન છે, આવા પુરુષોથી પરિચયી પોતાને ધન્ય માને છે અને આવા વિશિષ્ટ મહત્તાશાળીને પગલે પગલે પ્રગતિ થાય છે. સાચે રસ્તે ચાલવામાં પોતે કાંઈ વધારે પડતું કરતો હોય એમ એને લાગતું નથી. આવા ઉત્તમ પુરુષોનાં જીવન ધન્ય છે, એનો પરિચય પ્રમોદકારી છે, આનંદ નિર્વિકારી છે, વ્યવહાર ઉન્નતિકારી છે. આવા પ્રકૃતિથી મહાનનો આદર્શ સન્મુખ રાખે ને ધર્મકૌશલ્ય સમજી તેને પોતાના જીવનમાં ઉતારે.

---

ये भवन्त्युत्तमा लोके स्वप्रकृत्यैव ते ध्रुवम् ।
अप्यङ्गीकुर्वते मृत्युं प्रपद्यन्ते न चोत्पथम् ॥

ભાવચંદ્રસૂરિ–શ્રી શાંતિનાથ ચરિત્ર.

( ૪૩ )

**સૂર્ય ઊગે છે અને આથમે છે અને એમ દરરોજ જીવન ક્ષય પામતુ જાય છે, અનેક જાતના ભારે વેપારોના ઘસારામાં કાળ કેટલો ગયો તે જણાતું નથી, ચારે બાજુ જન્મ, ઘડપણ, આફતો, મરણ જોવામાં આવે છે છતાં તેનો ત્રાસ થતો નથી. ખરેખર, મોહરૂપ દારૂ પીને જગત ગાંડુ ઘેલું થઈ ગયું હોય એમ લાગે છે.**

જરા બહારના ચક્ષુ અને અંતરના ચક્ષુ ખોલીને જો. તું ક્યાં ચાલ્યો જાય છે ? ક્યાં તણાતો જાય છે ? કેવાં ઠેબાં ખાય છે ? કેવો પડતોઆખડતો ગોથાં ખાય છે ? અને છતાં જરા વિચાર પણ કરતો નથી કે આ તારી આસપાસ, તારા પગ નીચે, તારાં અંતરમાં શું ચાલી રહ્યું છે ? અરે ભાઈ ! તું તે ગાંડો થઈ ગયો છે કે દારૂના ઘેનમાં પડી લડથડીઆં ખાય છે કે સાવ શુદ્ધ બુદ્ધ ગુમાવી બેઠો છે કે આ તે તને શું થયું છે ? જો, તારી આસપાસ બનતા બનાવોનું જરા પૃથક્કરણ કર અને પછી તારાં વર્તનનો તેની સાથે મેળ મેળવ. તને તુરત દેખાશે કે તું ઊંધે રવાડે ચઢી ગયો છે. ત્યારે તારો ચાલવાનો રોફ, છાતી કાઢવાનો અહંકાર, ધરતી પર પગ ન દઈ ચાલવાના તારાં મનડાનાં વલખાં, તારાં ઘરનાં ઘર માનેલાં ઈંટ પથ્થરનાં રોડાં, તારો મમત, તારો આગ્રહ, તારો ભાઈભાંડું સાથેનો વર્તાવ, તારું પોક મૂકીને ખોટું રડવું, તારા અલકમલકના વેપાર, તારો પારકા અવર્ણવાદનો સ્વભાવ, નાતજાતમાં તારો પડકાર. અને મૂછે તાવ દઈ, પગમાં ચમચમ અવાજ કરતાં જોડાની નીચેની ધરણીના પ્રત્યાઘાતો અને તારાં સ્નેહનાં સંભારણાં અને વિયોગનાં રોણાં એ સર્વ તને ઘટે છે ? તને શોભે છે ? તારા સ્થાનને લાયક છે ?

જો, સવારથી સાંજ પડે અને એક દિવસ તારા આયુષ્યમાંથી

ઓછો થાય છે. તને લાગે છે કે તું મોટો થયો, પણ તારા આઉખા-માંથી ઓછો થયો એવો વિચાર તેં કદી કર્યો છે ? તું તો જાણે અહિંનો અમરપટ્ટો લખાવી લાવ્યો હોય તેમ ન કરવાનાં કામ કરે છે, ન બોલવાનું બોલે છે, અબોલાં લે છે, મોટાં વેર વસાવે છે, કલેશ-કંકાસ કરે છે, રાજદરબારે ચઢે છે–'આમાંનો કોઇ ઢંગ' અહીંથી તારે ચાલ્યા જવાનું છે અને અહીંની તારી સર્વ રૈયાસત અહીં મૂકી ચાલ્યા જવાનું છે એ વાતને, એ નિર્ભેળ સત્યને, અને તારા વર્તનને, જરા પણ મેળ બેસે છે ?

અને વાતવાતમાં માસો અને વરસો ચાલ્યા જાય છે. હજુ થોડાં વખત પહેલાં મૂછો ફૂટી હતી ને વાળ સફેદ થવા આવ્યા પણ તારા ધંધાધાપા અને વેધવચકા ને રીતભાતોના વેવલામાં તને કદી એમ લાગ્યું છે કે 'ખીણુ લાખેણો રે જાય' એકે એક ક્ષણુ લાખોની કિંમતની ચાલી જાય છે !

અને તારી આસપાસ જો. તારી સાથે શેરીમાં રમનારા ગયા, તારી સાથે બેસનારા ગયા, તારી સાથે ઉજાણી કાઢનારા ગયા, તારી સાથે ગમત કરનારા ગયા અને તારી સાથે રખડનારામાંથી કેટલાએ ગયા ! તું કઇકને ચિતામાં પધરાવી આવ્યો, કઇકની કાણે મોકાણે જઇ આવ્યો, કઇકને નવકાર કે શરણાં દઇ આવ્યો, તું પોતે ઘરડો થઇ ગયો, તું નામોને પણ વિસ્મરતો થઈ ગયો, તેં અનેકના જન્મ વખતે થતી તેની માતાની વીણો અને ચીસો સાંભળી, તેં અનેક સ્ત્રીઓને મોં વાળતી જોઈ, અનેકને દુનિયામાં રસાતાળ થતાં જોયાં, કઇકને જીવતાં છતાં મરી રહેલાં હોય તેવી હાલતમાં જોયાં, કઇકના નિઃસાસા સાંભળ્યા, અનેકના તકરારો જાણ્યાં, ભાઇ ભાઇઓનાં વેરો જોયાં, ત્યક્તા સ્ત્રી-ઓને રડતી જોઇ, દમ, કોઢ વગેરે અનેક વ્યાધિગ્રસ્તોને જોયાં, છતાં

તને ત્રાસ થતો નથી? તને આવી રચના પાછળનું રહસ્ય જાણવાનું મન પણ થતું નથી!

આવું આવું જોયા જાણ્યા છતાં તું ઘસડાયા કરે છે. મનને મોટા માને છે અને સફળ જીવનનાં સોણલાં સેવે છે, તો તને એક વાત કહી દેવી પડશે: તું મોહના ઘેનમાં પડી ગયો છે, ગાંડો થઇ ગયો છે. સમજ્યા-વિચાર્યા વગરનું અણઘડ જીવન ગાળી રહ્યો છે, અવિચારી અવ્યવસ્થિત જીવન ગુજારી રહ્યો છે. હારીને પાછા વળતા જુગારીની દશા તારી થવાની છે! હજી પણ ચેત, ઘેનની અસર ઉડાડ, આંખો પર પાણી છાંટ, ચેતનાને જાગ્રત કર અને ગાંડી થયેલી દુનિયાને રસ્તે ચાલવાને બદલે તારો સાચો માર્ગ વિચારી કાઢ; નહિં તો દારૂડીઆની જેવા તારા હાલ થવાના છે! કોઇ ગટરમાં પડીશ અને તારા રામ રમી જશે. કુશળ માણસનાં આ લખણ ન હોય.

---

आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं
व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालो न विज्ञायते ।
दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते
पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ॥

ભર્તૃહરિ

( ૪૪ )

**માણસનું આઉખું સો વર્ષનું ગણાય તેમાંથી અરધો અરધ તો રાતમાં ગયું, બાકી રહેલા અરધાનું અરધું બાળપણમાં અને ઘડપણમાં ગયું અને બાકી જે રહ્યું તે વ્યાધિ, વિયોગ અને દુઃખમાં અને સેવામાં જાય. ત્યારે આવા પાણીના પરપોટા જેવા જીવનમાં માણસને સુખ કયાંથી મળે?**

હસવા જેવી વાત છે, પણ બોધદાયક છે. તેનો મર્મ વિચારવા પૂરતું તેને અત્ર સ્થાન આપ્યું છે. ભગવાને સૃષ્ટિ બનાવી, માણસ પશુ પક્ષીઓ બનાવ્યાં અને તેમને દુનિયામાં મોકલી દીધાં. તેમણે ત્યાં કેટલું રહેવાનું છે, કયારે પાછા આવવાનું છે તેનો આગળથી નિર્ણય કર્યો નહિ. એક વખતે ભગવાને નક્કી કરી નાખ્યું કે માણસ જનાવર સર્વનું આયુષ્ય ૪૦ વર્ષનું સમજવું. કેફીઅત સાંભળ્યા વગર ભગવાને કરેલો આ એકતરફી ફેંસલો માણસોએ જાણ્યો એટલે એને ફાળ પડી. એ તો દોડ્યા ભગવાન પાસે: અરે સાહેબ, હજી ઊગીને ઊડીએ અને ઘર માંડીએ ત્યાં તો વિદાયગીરી લેવી પડે. એ તો આકરું પડી જાય. એમાં અમારો સંસાર કેમ નભે? અમે હાણીએમાણીએ શું સાહેબ? વિચાર કરી કાંઈ તોલ કરો, રસ્તો કાઢો. જવાબ મળ્યો. 'જુઓ, અહીંના હુકમો તો અફર હોય, તમે ધીરજ રાખો, કોઈની ફરિયાદ આવશે તો તમને ફેરબદલો કરી આપવાની તજવીજ થશે.'

આટલી વાત થઇ ત્યાં ઘોડા આવ્યા. ભગવાન પાસે ફરિયાદ કરી 'સાહેબ, તમે અમારી આવરદા ચાલીસ વરસની કરીને તો અમારો કુસ કાઢી નાંખ્યો. દરરોજ દશ વીશ માઇલની મુસાફરી,

અને ખાવામાં ખડ કે ભોગ ચોખડીએ ચણાં કે ભુસું મળે. એમાં તો અમે લાંબા થઇ જઇએ. અમારે આટલાં વર્ષો સુધી લાંબી દોડાદોડ ન પાલવે. દયા કરો! મારા દેવ.' ભગવાને તેમનાં ૨૦ વર્ષ ઓછાં કર્યાં, માણસને આપ્યાં. આયુષ હવે આઠ વર્ષનું થયું, પણ માણસોને નિરાંત ન થઇ. ઘોડા તો રાજી થઇને વિદાય થઇ ગયા.

ત્યાં બળદ આવ્યા. ભગવાનને કરગરીને કહેવા લાગ્યા 'અરે સાહેબ! આખા દિવસમાં ચાર આનાનું ખડ ખાવાનું, ન મળે દાણો કે ન મળે ખોરાક. બાર કલાક ખેતરમાં જોડાવું અને દશ બાર ગાઉનો પંથ કરવો. ચાર રૂપિયાની મજૂરી કરીએ ત્યારે ખાવામાં ચાર આના મળે અને ન ઠેકાણું બેસવાનું કે ન સમય મળે ઊંઘવાનો. અમારી તો ડોક લચી જાય અને એવાં આકરાં ચાલીશ વર્ષમાં ભાર ખેંચીને અમારો આત્મા તો કકળી ઉઠે. દયા કરો.' ભગવાને એની યાચના સાંભળી બળદનાં વીશ વર્ષ ઓછાં કર્યાં. અને માણસોને તે આપ્યાં. માણસનું આઉખું હવે એંશી વર્ષનું થયું, છતાં મનવાના લોભનો પાર નહોતો. એ તો ભગવાન સામે ડોચું ઊઘાડીને વકાસી રહ્યા. ભગવાનને અંદરથી હસવું આવતું હતું.

ત્યાં બગલા આવ્યા. 'સાહેબ, અમે તો ઠાર મરાઈ ગયા. નદી કે તળાવને કાંઠે કે ખાબોચિયાને આરે આખો દહાડો ભગત થઇને ઊભા રહીએ અને માંડમાંડ આખા દહાડામાં એક બે માછલાં મળે. અમારો તે અવતાર છે! અને એવાં ચાલીશ વર્ષ કાઢતાં અમારો તો દમ નીકળી જાય. દયા કરો મારા દેવ!' ભગવાને એને સંતોષવા એના ચાલીશ વર્ષમાંથી વીશ કમતી કર્યાં અને તે માણસને આપ્યાં. માણસને સો વર્ષ પૂરાં કરી આપ્યાં. માણસોનું આયુષ્ય હવે સો વર્ષનું નક્કી કરવામાં આવ્યું. બગલાં રાજી થઇને પાછાં ફર્યાં.

હવે માણસોને સો વર્ષનું આયુષ્ય મળ્યું. તેમાં ચાલીશ તો એ

પોતાના હાથથી જીવે, પૂરતા મોજથી મોટો થાય. પછીના ચાલીશથી સાઠ સુધીમાં ઘોડાની જેટલી દોડાદોડ કરે, પરદેશ રખડે, ડુંગરો ઓળંગે, આંટા ફેરા કરે, હડિયાપાટુ ખાય અને અહીંથી તહીં અને ત્યાંથી પણ ફંગોળાય. આમ કરતાં કદાચ સાઠ સુધી પહોંચે તો પછીના વીશ વર્ષમાં બળદનાં હાલ થાય. બોજો જવાબદારી ઘણી વધી જાય, જોતરાં ખૂબ ખેંચે, દાંત પડી જાય, ખાય થોડું અને વેંઢારે ઘણું, સંતતિનો બોજો, વેપારની લેવડદેવડના ધસડબોરા અને નાતજાત, જમણ સર્વ બંધ થાય, માથે ધોળું બાંધવું પડે, જમવામાં જગલો અને કૂટવામાં ભગલાની દશા થાય અને જાનમાં છોકરાંઓ જાય ત્યારે આભડવા જવાનું ભાઇને માથે અને આમ જોતરાં ખેંચતાં કદાચ એંશીએ પહોંચી જાય ત્યારે પછી બગલા ભગત બને. આખો દિવસ ભગતની જેમ ડોક ઊંચી રાખે. કોઇ એકાદ દેડકું આવી જાય તો ટપ દેતી ડોકને નીચી કરી દેડકાને ગળી જાય અને પાછો ભગત થઈ ડોક ઊંચી કરે. આવા તેના હાલ થાય. ચાલીશથી સાઠ ઘોડાનો અવતાર, એંશી સુધી બળદનાં જોતરાં અને એંશી પછી બગભગતપણું. આવી એની સો વર્ષની કરણી છે. બાકી ભગવાન આવા ફેંસલા કરે નહિ, એને આવી હાલાકી હોય નહિ, પણ વાત સમજવા જેવી છે. એમાં ઊંડું રહસ્ય છે. ધર્મકૌશલ્યની એમાં ચાવી છે.

---

आयुर्वर्षशतं नृणां परिमितं रात्रौ तदर्धं गतं
तस्यार्धस्य परस्य चार्धमपरं बालत्ववृद्धत्वयोः ।
शेषं व्याधिवियोगदुःखसहितं सेवादिभिर्नीयते
जीवे वारितरङ्गबुद्‌बुदसमे सौख्यं कुतः प्राणिनाम् ॥

भर्तृहरि

## ( ૪૫ )

## સો વર્ષના સુખના લબરકા.

ભગવાનને નામે જોડી કાઢેલી પશ્ચાત ભૂમિકા સાથે આપણે હવે માણુસના જીવનના સો વર્ષનો ભર્તૃહરિની પરિભાષામાં વિચાર કરીએ. માણુસ સુખ માટે વલખાં મારે છે, સુખ મેળવવા માટે ત્રેવડો કરે છે, સુખ મેળવવા માટે તાગડાઓ રચે છે અને સુખ મેળવવા માટે સાચાં ખોટાં કાળાં બજાર, મેલાંઘેલાં કે ગોટાળા કરે, પણ એને એમાંથી સુખ મળે છે ? એ એમાંથી સુખ મેળવી શકે છે ? એની સુખ મેળવવાની ઇચ્છા તૃપ્ત થાય છે ? પ્રથમ સો વર્ષની સંખ્યાને તપાસી જઇએ. જો કે સો વર્ષ સુધી પહોંચનાર તો હજારે કે લાખે એક નીકળે. ઘણાખરા તો અંતરિયાળથી લખિતંગ જ થાય છે, કેટલાંયે બાળમરણુનો ભોગ બને છે, અનેક અકસ્માતમાં પાછા થઈ જાય છે, કેટલાંયે પ્લેગ, કૉલેરા અને ક્ષયરોગના ભોગ બને છે અને અનેક હાર્ટફેઇલ થઇ જતાં, ન્યુમોનિયા, ટાઇફોઇડ–વિષમ જ્વરના ભોગ બની ખલાસ થઈ જાય છે. ભરજુવાનીમાં અનેકને વિદાય થઇ જવાનું થાય છે અને આશાભર્યાં કાચા કનૈયા કુંવરો અને આશાની ઝોળીએ ઝૂલતી યુવતીઓ ચાલી જાય છે, છતાં આપણે સો વર્ષનું આયુષ્ય માનીએ, તેનો હિસાબ કરીએ તો તે પણ ભારે અળખામણો, કાબરચિતરો અને ખરડાયેલો માલૂમ પડશે. પ્રથમ આ હિસાબ બતાવીએ. પછી તેના ઉપર નુકતેચીની કરશું.

સો વર્ષના હિસાબમાં ૫૦ વર્ષ તો રાતમાં જાય. અગાઉના જમાનામાં તેલના દીવા નીચે લોકો રાત્રે જીવ જેવું કામ કરતા નહોતા. એટલે પચાસ વર્ષ નીકળી જાય. ગામડાંઓમાં હજુ એ જ સ્થિતિ

ચાલુ છે. શહેરવાળાને કદાચ ૨૦ વર્ષ બચે, કારણ કે એના દોડતા જીવનમાં વીજળી ગેસના પ્રકાશથી થોડું કામ થાય છે.

બાકી રહેલાં ૫૦ કે ૭૦ વર્ષમાંથી બાળપણના પચીશ અને ઘડપણના પચીશ નીકળી જાય. તેનાં સાડાબાર સાડાબાર રાતમાં ગણાઈ ગયા એટલે બાકી ૨૫ વર્ષ રહ્યાં. શહેરમાં વર્ષ થોડાં વધારે ગણાય તે ઘસારામાં ચાલ્યા જાય. હવે આ થોડાં વર્ષ રહ્યાં, તેમાં વ્યાધિઓનો પાર નહિ, શરીરનાં ઠેકાણાં નહિ, વેપારધંધાની ખોટોનો હિસાબ નહિ, યુવતીઓનાં આકર્ષણોનો પાર નહિ, તેમાં પાછા પડતાં કકળાટનો પાર નહિ, શેઠીઆઓના તિરસ્કાર, મિત્રોના દ્રોહ, જ્ઞાતિજનોનાં અવર્ણવાદ, સગાંસંબંધીના વેધવચકા, ખોટા આળપંપાળના આંચકા, ઓળખાણ-વાળાઓ તરફની નિંદા અને આજીવિકા માટેની દોડાદોડીઓ, ધન હોય તો તેના સંરક્ષણના ઉજાગરા, ન હોય તો નથી તેના વલોપાતો, નોકરી હોય તો ઓશિયાળાપણું, નોકરી ન હોય તો નિભાવ કરવાના ફાંફાં, અપમાનના ઓરતા અને પાછા પડતાં થતા ક્ષોભો અને હાલતાં ચાલતાં વર્તમાન અને ભાવીની ચિંતા અને આવા આવા વિરોધા ભાસમાં બાકીનો કાળ જાય છે. એમાં સુખ શું ? અને ક્યાંથી હોય ? અને કોને હોય ? એ તો દુનિયાની અને જીવનની જંજાળમાં જરા સગવડ મળે કે જરા આરામ મળે એટલે માણસ ખાલી સુખના ધર-ડકા લે; બાકી એમાં વસ્તુતઃ સુખ જેવું કાંઈ છે જ નહિ

અને કદાચ બાગબગીચા, ગાડીવાડી કે ખાવાપીવાનું મળ્યું તો પણ તેમાં સુખ શું છે ? સુખ જેવું પણ શું છે ? ખાધું અને જીભે સ્વાદ લાગ્યો, ન લાગ્યો ત્યાં તો પેટમાં ઊતરી જાય. એમાં સુખનો આસ્વાદ શો આવે ? અને એવી માન્યતાનું સુખ પણ કેટલું ટકશે તેની ખાતરી શી ? અને થોડા માન્યતાના સુખ પાછળ દીર્ઘ કાળે દુઃખ આવે, મોજ માણતાં નામ ન લેવાય તેવાં દરદો થઈ આવે

કે ખૂબ ખાવાથી અપચો, અજીર્ણ કે દુઃખાવો થાય અને મંદવાડના ખાટલા ગોઠવાય. એમાં સુખ શું ? અને કોઈ તમારી નજરે સુખી લાગતા માણસને એકાંતમાં મળી પૂછશો તો તમને જણાશે કે તેની પાસે ગમે તેટલી સાહ્યબી હોય કે એ મોટરમાં ફરતો હોય કે તેના હુકમ ઝીલવા ખડે પગે નોકરો હાજર હોય, તો પણ એના મનમાં ચકડોળો ફરતી હોય છે, એના મગજમાં પાર વગરના ઉધામા ફરતા હોય છે અને એના વિચારમાં અનેક આર્તધ્યાનના તરંગો ઘર કરી જામી પડેલા હોય છે અને તમે એને સુખી ન કહી શકો. સુખ એ તો જુદી ચીજ છે. એ સારા ખાણામાં નથી કે દૈવી વૈભવમાં નથી, રૂપવાન સુંદરીમાં નથી કે મોટા વેપારોની ધમાલમાં નથી, નાચ-નખરામાં નથી કે હવેલીનાં ઉપસ્કરમાં નથી. એ ક્યાંથી મળે એ તો શોધ કરવા જેવી વાત છે. બાકી સો વર્ષનું પૂરું આઉખું હોય, પણ જીવન ચાલુ પ્રકારનું હોય, વ્યવહાર લક્ષ્મી હોય, ચાલુ વર્તુળમાં મર્યાદિત હોય તો તેમાં ગમે તેટલાં વર્ષનું જીવન હોય, પણ સર્વ પરપોટા છે, મનનાં મનામણાં છે, પાયા વગરની ઇમારત છે, અર્થ વગરનાં ધકેલા છે. એ માર્ગે જીવનની સફળતા નથી. ધર્મકુશળ મનુષ્ય એવા જીવનની અપેક્ષા કરે નહિ, એવા જીવનની સ્પૃહા કરે નહિ, એ જીવનમાં ઇતિકર્તવ્યતા કે સંતોષ અનુભવે નહિ.

---

शतं जीव शरदः

( ૪૬ )

**માતાની કુક્ષિરૂપ અપવિત્ર ગુફામાં ઘણા ઘણા કલેશોને સહન કરીને અને ત્યારપછી જન્મ પામીને અનેક મોટાં મોટાં કષ્ટોથી હેરાન થાય; અને એમ કરતાં સુખના આભાસવડે કલ્પેલ વિષયસુખમાં કોઈ પણ પ્રકારે સંતાપના છેડાનો જ્યાં સ્પર્શ કરે ત્યાં તો મરણની બહેન જરા–વૃદ્ધાવસ્થા શરીરનો કોળિયો કરી જાય છે.**

સંસારના સુખોની આવી દશા છે ! જ્યાં સુખ નથી ત્યાંથી સુખ મેળવવાના ફાંફાં મારવાં અને પછી ધક્કેલા ખાવા. એ સુખની પાછળનો આખો ખ્યાલ વાહિયાત છે, પ્રયત્નો વંધ્ય છે અને પ્રયાસો પાંગળા છે. આપણે એક જુદા દૃષ્ટિબિન્દુથી આ સુખ પાછળના ઉધામા નિહાળીએ.

વાત એ છે કે જ્યાં વસ્તુત: સુખ નથી, જેને મારીમચડીને સુખ ગણવામાં આવે છે, જે સુખની પાછળ દુ:ખ ઊભું જ છે અને જ્યાં સુખની સ્થિરતા કે સ્થાયિતા નથી ત્યાંથી માણસ સુખ મેળવવા વલખાં મારે છે. આપણે એનો આખો ક્રમ સક્ષેપમાં જોઈ જઈએ.

માતાના પેટમાં ૨૮૦ દિવસ શું સુખ હોય ! ત્યાં તો નાનકડી ગુફા, ઘોર અંધારું અને હાલવા સળવળવાની પૂરી જગ્યા પણ નહિ અને ચારે તરફ લોહી, હાડકાં અને વિષ્ટા ભરેલાં હોય ત્યાં સુખનો સવાલ જ ન રહે. જેમ તેમ કરતાં એ ગુફામાંથી બહાર નીકળવાનું થાય, એટલે બાળકપણાની પરાધીનતા, ટગમગ પગે ચાલવું, ભણવું, ઠુંકારા ખાવા અને જેમ તેમ કરીને દુનિયામાં દાખલ થવું. આ સર્વમાં

તકલીફનો પાર નહિ. વેપારધંધો, નોકરી, હુકમો, ડચકારા અને નિ:સાસામાંથી પાર ઊતરી માણુસ ઘરબાર માંડે, જરા પગભર થાય અને કુટુંબકબિલાવાળો થાય, નાતજાતમાં નામના મેળવે, છોકરાં સારે ઘેર વરે એવી સ્થિતિમાં આવતો જાય, ત્યાં માથામાં રૂપેરી બાલ વધવા માંડે, બે ચાર દેખાય ત્યાંસુધી તો એને સુખનાં બાલ ગણે, પણુ ત્યાં તો વાત વધવા માંડે અને થોડા વખતમાં દાઢી મૂછ અને માથું કાબરચિતરું થઇ જાય, અને પછી તો આંખે બેતાળા, દાંતમાં કોહવાટ, કાનમાં બહેરાશ આવતી જાય. પછી તો વાયુનું જોર, દમ કફ શ્વાસ, ચાલવામાં ઢીલાશ અને અંતે ઉમરો પણુ ડુંગરો થઇ જાય અને પાદર પરદેશ થતા જાય.

આ ઘડપણુ તો ખરેખર મૃત્યુની બહેન જેવું છે. એ ધીમા આંચકાથી આવતું અને માણુસને પરવશ બનાવી દેતું ઘડપણુ ભારે ત્રાસ આપનાર નીવડે છે. એમાં ઘરના માણુસોનો પ્રેમ ઘટતો જાય છે, પરાધીનતા વધતી જાય છે અને ખોંખોં કરતા મરવાને વાંકે જીવવાનું થાય છે, ત્યારે જુવાનીના અત્યાચારો યાદ આવે છે. ખાવાનું ઘણું મન થાય અને કોઈ બનાવી આપે નહિ, બનાવે તો પચે નહિ. દરરોજ વૈદ્યને ત્યાં આંટા ખાવા પોસાય નહિ અને ઉત્તરોત્તર માનસિક વ્યથા વધતી જાય છે અને માનસિક શક્તિ ક્ષીણુ થતી જાય છે. એમાં વળી પક્ષઘાત કે દમ થાય તો તો જીવતે મરવા જેવું થાય છે. અને ‘ડોસો મરતો નથી અને માંચડો મૂકતો નથી.’ એ ઘરની દશા થાય છે.

આમાં ક્યાં સુખ છે ? અને શું સુખ છે ? અને આ બધા ધમધમાટ અને દમદમાટ કોના ઉપર છે ? અને કેટલા વખત માટે છે ? આંખ ઉઘાડીને બીજાને નીહાળવામાં આવે તો દિવા જેવું દેખાય તેમ છે, પણુ આને તો સમજવું નથી, સમજવા જેવું હોય ત્યાં

આંખ મીંચી રાખવી છે અને સુખના ખોટા ખ્યાલમાં મૂર્ખાઇથી નાચવું છે, ગાંડપણના લ્હાવા લેવા છે. જ્યાં વસ્તુતઃ કશું સુખ નથી ત્યાંથી સુખ મળશે એવી આશામાં રંગાઇ રહેવું છે. આખી પૌદ્‌ગલિક રચના ખોટા પાયા પર રચાયેલી છે, વગર સમજના ફાંટા પર નિર્ભર થયેલી છે અને અતિ વિષમ પરિસ્થિતિ ઉપજાવનાર છે. કુશળ માણસ એને બરાબર ઓળખે અને ચેતે.

---

सहित्वा संतापानशुचिजननीकुक्षिकुहरे
ततो जन्म प्राप्य प्रचुरतरकष्टक्रमहतः।
सुखाभासैर्यावत्स्पृशति कथमप्यतिविरति
जरा तावत्कायं कवलयति मृत्योः सहचरी ॥

શાંતસુધારસ

( ૪૭ )

**લક્ષ્મી ચળ છે, જીવતર ચળ છે અને જીવનમાં જુવાની પણ ચળ છે. આવા અસ્થિર સંસારમાં માત્ર ધર્મ જ નિશ્ચળ છે.**

ચારે બાજુએ જોઇએ તો એકદમ આવી પડેલી લક્ષ્મી ચાલી જતી જોવાય છે, આજે જેના ઘરમાં છપ્પન પર ભેરી વાગતી હોય ત્યાં થોડા વખત પછી કાગડા ઊડતા દેખાય છે, જેને ત્યાં આજે

હજારો લાખોનાં ભરણાં થતાં હોય ત્યાં વરસ પછી કોઇના જોડાનો પગરવ દેખાતો નથી, જ્યાં આશીર્વાદ દેવા આજે અનેક તલપાપડ થતા હોય છે ત્યાં થોડા વખત પછી ખબર પૂછવા પણ કોઇ આવતું નથી, જેને લોકો ગાંગજીભાઈ શેઠ કહી બોલાવતા હતા તેને હવે ગાંગલો કહીને બોલાવે છે. આ સર્વ લક્ષ્મી દેવીની માયા છે. એ હોય છે ત્યારે હજાર જાતના તોફાન કરાવે છે, માણુસને ગાંડો બનાવી મૂકે છે, એની આંખમાંથી શરમ ઉપાડી મૂકે છે, એને ખુશામતપ્રિય બનાવી દે છે અને એની જીવન પરની દૃષ્ટિ ફેરવી નાખે છે. દુનિયા જાણે એની મોરલી પર નાચતી હોય, સંસાર જાણે એનો તાબેદાર હોય, વિદ્વાનો અને પંડિતો જાણે એની ચિઠ્ઠીના ચાકર હોય, એવો એનામાં નાદ આવી જાય છે, એવો એનામાં હેંકાર આવી જાય છે પણ વસુ વગરનો થતાં એ પશુ બની જાય છે. લક્ષ્મીને ગોળ-મટોળ દડા જેવા લોઢાના તબક પર અસ્થિર ઊભી રહેતી કલ્પવામાં આવે છે. એ ક્યાં જશે, એનો પગતળેનો દડો કઇ બાજુ સરકશે એ કાંઇ કહેવાય નહિ, પણ એ સ્થિર રહી શકતી નથી, આડીઅવળી તગડાયા કરે છે, અને ચલક ચલાણાની પેઠે આજે અહીં હોય તો થોડા વખત પછી બોલે (બીજે) ઘેર ભાણું માંડે છે. ખરેખર લક્ષ્મી ચળ છે અને અત્યારના કાળા બજારના દિવસોમાં કંઇકને લાખોપતિ થતાં અને ધૂળમાં રગદોળાઇ જતાં નજરે જોઇએ છીએ.

અરે લક્ષ્મી તો શું ? પણ ખુદ જીવતર પણ એવું જ અસ્થિર છે. કાર્યક્રમ વરસોનાં ગોઠવાય અને પાંચમે દહાડે અંદરનો એક મુદ્દામ દાણો ખસી જાય અને આખી બાજી ઊપાડી લેવી પડે અને માણુસ ધનોતપનોત થઈ જાય. આજે ગીત ગવાતાં હોય ત્યાં કાલે મરસિયાં લેવાય, આજે મુજરા લેવાતા હોય, ત્યાં કાલે મ્હોં વળાતાં દેખાય, આજે જયનાદ બોલાતા હોય ત્યાં કાલે પ્રાણુપોક મૂકાય ! આવું

જીવતર છે. એક ઘડીનો ભરોસો નથી, જે સાંકળ વાસીને રાત્રે સૂતા તે સાંકળ સવારે પોતે ઊઘાડશે કે બારણાં ખેડવવાં પડશે એટલો પણ ભરોસો નથી અને વ્યાધિ, અકસ્માત, તાવ, ક્ષય, હૃદયબંધ અને ટાઇફોઇડ, ન્યુમોનિયા અને અનેક જરજીવાતથી ભરેલાં આ વાતાવરણમાં ક્યારે હુકમ-તેડાં આવશે તેની કાંઈ ખબર નથી. જાણવાનાં સાધન નથી અને નિર્ણયના મુદ્દા નથી. આવું જીવતર છે.

અને જુવાનીનો લટકો તો ચાર દહાડાનો છે. જુવાનીનો ચટકો ગયો કે પગ ઢીલા પડે, માથે ટાલ પડે, આંખનાં નૂર જવા માંડે અને લાકડીને ટેકે ચાલવાનું થાય, ત્યારે ઘરમાં અને ગામમાં હાડહાડ થવાનું બને. જુવાનીનો સમય તો વાત કરતાં ચાલ્યો જાય છે. ત્યારે આવા ચલાચલ સંસારમાં કાંઈ સ્થિર ખરું કે બધે અસ્થિરતા અને દોડાદોડ જ છે ? નિત્યમિત્ર જેવી દેહડી જાય, ટેકો આપનાર સગાં જાય, પોતાનાં માનેલાં સ્નેહીઓ જાય, ત્યારે પણ લટક સલામ કરનાર ધર્મ ઊભો રહે છે. એ પાસે આવે છે, એ સાથે આવે છે, એ ટેકો આપે છે અને એ સાચું સગપણ અને ખરો સ્નેહ દાખવે છે; દાખવે છે એટલું જ નહિ પણ એ બરાબર પડખે ઊભો રહે છે અને સર્વ સંયોગોમાં એ માણસને આધારભૂત થાય છે. જે દેહને ઊંચા ખોરાકથી, મૂલ્યવાન દવાથી, સ્નાનવિલેપનથી અને અનેક સુરમ્ય રચનાઓથી પોષેલ હોય તે દેહ પારકો થઇ જાય છે, એને અડનારને સ્નાન કરવું પડે છે, સગાં દૂર થઇ જાય છે ત્યારે ખરો આધાર ધર્મનો થાય છે. એ જવાનું થાય ત્યાં સાથે આવે છે, એ અડીકડીને વખતે પડખે ઊભો રહે છે અને એ અણીને વખતે નાક રાખે છે. આ પ્રમાણે હકીક્ત હોવાથી પોતાનું હિત ઇચ્છનાર માણસે ધર્મને એના સાચા અર્થમાં ઓળખવો, ધર્મને એનાં અંગ પ્રસંગમાં સમજવો, ધર્મને પોતાનો ચાલુ અને આગામી હિતચિંતક તરીકે સ્વી-

કારવો અને એને સાચી રીતે સમજી તદ્રૂપ જીવન બનાવી દેવું. અનિશ્ચળ ધર્મ કલ્પવૃક્ષની જેમ વાંછિતને આપનાર છે, સદૈવ રક્ષણ કરનાર છે, હંમેશને માટે હિતાવહ છે.

---

चला लक्ष्मीश्चलाः प्राणाश्चलं जीवितयौवनम् ।
चलाचले च संसारे धर्म एको हि निश्चलः ॥ ભર્તૃહરિ

(૪૮)

***લાખો જાતના ઉપાયો કરીને જેમ તેમ કરીને વૈભવ મેળવે, સંસારના અભ્યાસથી એ સ્થાયી છે એવી એના ઉપરની હૃદયની ધારણા કરે, ત્યાર પછી અકસ્માત ક્રૂર હૃદયવાળો શત્રુ કે રોગ કે ભય કે ઘડપણ અથવા મરણ એ સર્વની ઉપર ધૂળ નાખે ! !***

માણુસ અનેક ઉપાયે પૈસા મેળવે: કોઇ જાતમહેનત, કોઇ સાચાં ખોટાં કરીને, કોઇ ઉંધાચત્તાં સમજાવીને, કોઇ કાળાં બજાર કરીને, કોઇ ઉજાગરા વેઠીને, કોઇ અક્કડ શેઠીઆની નોકરી ઉઠાવીને, કોઈ ફાંટાદાર મેનેજરનાં મેણાંટોણાં ખમીને પૈસા મેળવે; પૈસા મેળવવા માટે મહાઆરંભ મહાપરિગ્રહ કરે, અનેક જીવોનો નાશ થાય તેવા મોટાં કારખાનાં ચલાવે, લાખો માછલી કપાઈ જાય તેવા માછલીના ધંધા કરે અને કોઇ કોઇ તો ખૂન કરવા માટેનાં પૈસા પરઠી તેના

ઉપર ધનવાન બને. કેટલાક સીધો વેપાર કરી ધન મેળવે, કેટલાક લાંચ રૂશ્વત લઈ ઘરનાં ઘર કરે અને કઇક તો જૂઠાં બોલી, ખોટાં ખાતાં બનાવી, બનાવટી દસ્તાવેજો કરી, ખોટી સાક્ષી પૂરી–ગમે તેમ કરી ધનવાન થવા પ્રયત્ન કરે અને માલદાર થાય. કોઇ સાચો વેપાર કરીને ધન મેળવે, કોઈ સીધે રસ્તે ધનના ઢગલા કરે, કોઇ ઇન્કમટેક્ષ બચાવી માલદાર બને, કોઇ જાહેર જનતાની ગરજનો લાભ લઇ મ્હોં માગ્યા દામ લે–આવી અનેક રીતે માણસ પૈસા મેળવે, અનેક રીતમાંથી પોતાને ફાવે તે રીતનો સાચો કે સારો ખોટો ઉપયોગ કરી ધનપતિ થાય.

અને નવાણુંને ધક્કે ચઢયા એટલે પછી પૈસા વધારવાનો મોહ લાગે, પછી ધન મળતું જાય તેમ લોભ વધતો જાય. હજારે નિરાંત માનનારને લાખ મળે તો પણ ધરપત ન થાય અને કરોડવાળો છપ્પન કરોડના કોડ સેવે. આમ ધનવાન થતાં આગળ વધતા જાય અને સાથે માને કે પોતે જ ધનવાન થયો છે અને હવે તો ગમે તે રસ્તે પૈસો પોતાની પાસે અનંત કાળ રહેશે અને પોતે લક્ષ્મીપતિ તરીકે અનંત કાળ પર્યંત વાપરશે. પૈસા કમાતી કે સંઘરતી વખતે માણસ માને છે કે પોતે કદી મરવાનો નથી કે ઘરડો થવાનો નથી. પૈસો પોતાનો છે, સ્થાયી છે અને પોતે તેને કદી છોડવાનો નથી કે પૈસો તેને કદી છોડવાનો નથી. એ ધારણા પર એ પોતાની સૃષ્ટિ માંડે છે અને આગળ ઝુકાવતો જાય છે.

આવી અંદરની ખોટી ધારણાને તાબે થઇ એ કોઇ કોઇ વાર જિંદગીની અસ્થિરતાની વાત કરે તેની અંદર પણ એનો દંભ હોય છે. એ માનતો હોય છે કે બીજા ભલે મરે કે દિવાળાં કાઢે, પોતાનો અમરપટો સાચો છે. પણ તેની સામેના ઘણા વિકરાળ તત્ત્વો એની આ ધારણાને ધૂળ ભેગી કરે છે. માંદો પડે અને પથારીવશ થાય કે

રામ બોલો થઇ જાય, ચોર ચોરી જાય કે દેણદાર ખૂટી જાય, પોતે ઘરડો થઇ જાય કે કાળનો સપાટો આવી લાગે એટલે બાંધેલા ભ્રમો તૂટી જાય છે અને પોતે હાથ ઘસતો રસ્તે પડી જાય છે. એના ધનની સ્થિરતાનાં વાદળો વીખરાઇ જાય છે અને કાં તો ધન પલાયન કરી જાય છે અથવા એને છોડીને પોતાને રસ્તો પકડવો પડે છે. વાંદરાને પકડવા માટે નાના મ્હોંવાળી ગાગરમાં બોર ભર્યાં હોય અને એમાં મુઠો નાખી બોરને પકડનાર વાંદરો એમ માને છે કે એને ગાગરે પકડી રાખ્યો છે, પણ મદારી કાકાનો એક કોરડો વાગે કે હાથ છૂટી જાય છે, ગાગર નીચે પડે છે ત્યારે મોડું મોડું એને ભાન થાય છે કે ગાગરે એને નહોતો પકડ્યો પણ પોતે ગાગરને પકડી રાખી હતી. સાંસારિક સર્વ અધ્યાસો, આકાંક્ષાઓ, સ્નેહો અને રંગો આવા પ્રકારના હોય છે. સ્થાયી નથી એને એ સ્થાયી મનાવે છે, અસ્થિરને સ્થિર મનાવે છે, પરભાવને સ્વભાવ મનાવે છે અને ખોટી માન્યતા પર રચાયેલી કલ્પિત સૃષ્ટિમાં પ્રાણી હવાંતીઆં મારે છે. આખી માન્યતાનો પાયો જ ખોટો છે અને ન કરવા યોગ્ય સ્થાને કરેલ પ્રેમ અંતે જરૂર દગો દે છે, તેમ એને ખોટા પાયા પર રચાયેલી માન્યતાને કારણે થયેલો રાગ દગો દે છે. ધર્મકુશળ માણસ આવા અધ્યાસમાં ન ફસાય, આવા ઉપસ્પોટીયા પ્યાલોથી લેવાઇ ન જાય.

---

उपायानां लक्षैः कथमपि समासाद्य विभवं
भवाभ्यासात्तत्र ध्रुवमिति निबध्नाति हृदयम् ।
अथाकस्मादस्मिन् विकिरति रजः क्रूरहृदयो
रिपुर्वा रोगो वा भयमुत जरा मृत्युरथवा ॥

શાંત સુધારસ

( ૪૯ )

**વિદ્યાપ્રાપ્તિ અને ધનપ્રાપ્તિને અંગે માણસે વિચાર કરવો કે પોતે કદી ઘરડો થવાનો નથી કે કદી મરવાનો નથી; અને જમદેવે ચોટલી પકડેલ છે એવો વિચાર ધર્માચરણ પરત્વે કરવો.**

બહુ સાદો લાગતો અને સંસ્કૃતના અભ્યાસીએ અનેક વાર સાંભળેલો આ સુભાષિત શ્લોક ખૂબ રહસ્યથી ભરેલો છે. એની વિચારણા કરતાં અનેક પ્રકારની ગૂંચવણોનો નિકાલ થઈ જાય તેમ છે અને જીવનમાર્ગ સરળ થાય તેવી તે વિચારણાના ગર્ભમાં મહત્તા છે. કોઇ પ્રાસાદિક અનુભવીએ પોતાના જીવન-અનુભવનો એમાં નીચોડ કાઢ્યો છે અને એ અનુભવની પ્રસાદી લેવામાં ખૂબ આનંદ થાય તેવું તારતમ્ય શોધી કાઢ્યું છે.

નિશાળમાં ભણવા જાય કે કૉલેજમાં આંટા ખાય તે વખતે માણુસ વિચાર કરે કે-'ભણનાર પણ અંતે મરે છે, ન ભણનારો પણ આખરે તો એ જ રસ્તે જાય છે અને જરૂર મરણ પામે છે, તો પછી ભણવાનો માથાકૂટ શા માટે કરવી ?' આ વિચાર ખોટો છે, લાંબી નજરની ગેરહાજરી બતાવનાર છે અને પ્રગતિનો રોધક છે. જ્ઞાન તો દીવો છે, જાગતી જ્યોત છે, આંતરચક્ષુઓ ઉઘાડનાર છે. દિવ્ય માર્ગનો દર્શન કરાવનાર છે અને અંધારી રાતનો બાર વાગ્યાનો હોંકારો છે. જ્ઞાની સમજુ વિચારક મરે તો યે નામ રાખે અને જીવે તો યે એનાં આંતરપ્રવાહો અનેરા હોય. અજ્ઞાની અભણ માણુસની એની સાથે સરખામણી પણ ન થાય. અને ધન કમાવા માણુસ પ્રયાસ કરે ત્યારે જો આડોઅવળો વિચાર કરે તો તો એ કથીરે ચઢી જાય. એણે તો એક જ વિચાર કરવો રહ્યો કે પોતે શરીરે અપંગ થવાનો નથી,

ખાટલે પડીને ખાવાનો નથી, આંધળો થઇને લાકડીને ટેકે ચાલવાનો નથી અને પારકો ઓશિયાળો રોટલો અડવાનો નથી. એ પ્રેરણાત્મક વિચાર જો સ્વીકાર્યો હોય તો જ પૈસા મેળવવાની કે પેદા કરવાની ખટપટમાં પડી શકાય તેમ છે, કારણ કે પૈસા પેદા કરવા એ સહેલી વાત નથી. માથાનો પરસેવો પગે ઊતરે ત્યારે પૈસા મેળવાય છે એટલે જે કદી ઘરડાં થવાના નથી કે મરવાના નથી એવો વિચાર કરી શકતા હોય એ જ ધનપ્રાપ્તિ અને ધનસંરક્ષણના કામમાં જોડાય છે.

જ્ઞાન અને ધનને એક કક્ષામાં મૂકવા જેવા નથી, પણ પ્રેરણાની નજરે એ એક જ કોટિમાં આવે તે અપેક્ષાયે એમાં વાંધા જેવું નથી. એમ ન થાય તો ધનની પાછળ માણસ ઉજાગરા ન કરે, આંટાફેરા ન ખાય અને મોડા વહેલો જમે પણ નહિ.

પણ ધર્મની વાત આવે ત્યાં તો 'જાવું છે જી! જાવું છે, જાવું છે જરૂર' એ જ ભ્રમણા રાખવી ઘટે. એમાં કાલની વાત નહિ, સવાર સાંજનો સોદો નહિ, મુદ્દત પાડવાનો હિસાબ નહિ. કૃષ્ણ મહારાજે એક સારા દાનની વાત કાલ ઉપર મુલતવી રાખી એટલે એના ચાલાક પુત્રે વિજયડંકો વગાડ્યો. કારણ પૂછતાં જણાયું કે નેમનાથ ભગવાન કહેતા હતા કે ઘડીનો ભરોસો નથી, રાત્રે સૂતા પછી બંધ કરેલાં બારણાં કોણ ઉઘાડશે તે કહી શકાય નહિ, પણ પિતાજી! તમે ભિક્ષુકને કાલે આવવા કહ્યું એટલે કાલ સુધી રહેવાની આપની પાકી ખાતરી છે—એ આનંદ-ઉત્સાહમાં આ વિજયડંકાનો ધ્વનિ કર્યો, અને આપણે તો મહિના મહિનાના અને વરસોની મુદતો નાખીએ અને અનેકને વાયદા આપીએ. આ વાત સમુચિત ન ગણાય. સારાં કામ કરવામાં તો ઘડીનો ભરોસો રાખવો નહિ. કાલની વાત કાલા (ભોલા) કરે. એમાં તો કર્યું તે કામ અને સાધ્યો તે વેધ. જેમાં એક આડી રાત જાય તેમાં તો

આખી સૃષ્ટિ ફરી જાય, પોતાના વિચાર–વાતાવરણમાં ફેરબદલો થઇ જાય, પરિસ્થિતિ પલટો પામી જાય અને આસામીના સામી (સ્વામી–ભિખારી) થઈ જવાય. એ તો જમરાજા ચોટલી પકડી બેઠા છે કે ગળચી દબાવી રહ્યો છે અને હમણાં શ્વાસ ચાલ્યો જશે અને રામ રમી જશે એ વિચારે જ કામ લેવા જેવું છે. અને આવતી કાલે કે હવે પછી બીજાં કામો કયાં કરવાનાં નથી, એ તો હાથમાં લીધું કે વિચારમાં આવ્યું તે કામ કરી નાખવું એ જ યોગ્ય વાત છે. મન વિચિત્ર છે, પુદ્ગલ અસ્થિર છે, સ્નેહ સાંકડા છે, જીવાદોરી લટકતી છે અને પળે પળનો પણ વિશ્વાસ નથી એ નજરે કામ કરનાર જ ખરો સાધક બની શકે છે. મુલતવી રાખવાનાં માઠાં ફળો અનુભવગમ્ય છે અને વાત વીફરી જતાં મનની મનમાં રહી ગઈ એવા તો અનેક દાખલા નજરે જોયા છે, માટે ધર્મકાર્યમાં કાલે કરવાનું આજે કરવું અને આજે કરવાનું હમણાં જ કરવું.

---

अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत्
गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥

હિતોપદેશ

( ૫૦ )

**ધર્મનું મુદ્દામ સ્વરૂપ–સ્પષ્ટ રહસ્ય સાંભળો, સાંભળીને એની મનમાં ધારણા કરી લો. તે આ છે:— પોતાને જે અનુકૂળ ન થાય કે ન લાગે તેવી બાબત પારકાના સંબંધમાં આચરવી નહિ.**

મુદ્દાસર લખનારા પ્રાસાદિક લેખકો, મહાન સાહિત્યિકો અને ઓજસ્વી સાક્ષરો સૂત્ર જેવી વાણી બોલે છે, એ અનેક વાતોને એક નાનકડા સૂત્રમાં એવી સરસ રીતે વણી દે છે કે એને જેમ જેમ વિચારવામાં આવે તેમ તેમ એમાંથી મહાન રહસ્યો તારવી શકાય. અનુભવી લેખકો આવા સૂત્ર વચન જનતા પાસે રજૂ કરે તે ત્રિકાલાબાધિત સત્ય હોય છે અને દરેક યુગે એનાં ઓવારે પાણી પીધેલ હોય, છતાં દરેક યુગમાં એમાંથી નવાં નવાં સત્યો નીતરતાં રહે છે, એક શબ્દ ઓછો લખાય અને છતાં પોતાનો આશય બતાવી શકાય તો પુત્રજન્મ જેવો એ કાળના લેખકોને આનંદ થતો હતો.

આવા સૂત્ર–સિદ્ધાંત જેવી વાત અત્રે રજૂ થાય છે. લેખકને ધર્મનું રહસ્ય બતાવવું છે, અને ધર્મનું રહસ્ય લખવા વિદ્વાન બેસે તો આખી જિંદગી પૂરી થઈ જાય અને હજારો લાખો પાનાં ભરાય. આ લેખકે ધર્મનું રહસ્ય અરધા શ્લોકમાં ભરી દીધું અને તેમ કરીને એમણે પોતાનો ખરો લેખનસંયમ દાખવ્યો છે. એ લેખક કહે છે કે સર્વ ધર્મનો સાર સાંભળી લો અને સાંભળીને એને તમારા હૃદયમાં અવધારો, એને હૃદયમાં પાકું સ્થાન આપી દો. તમે અનેક પ્રકારનાં ફાંફાં મારશો અને મંદિરે મંદિરે આંટા ખાશો કે પથ્થર એટલા દેવ કરશો કે અનેક પ્રકારના યોગો કરશો, તેમાં તમારું ઠેકાણું પડે કે ન

પડે એ જુદી વાત છે, એને ઘણી બાબતો પર આધાર રાખવો પડે છે, પણ હું તમને એક નાનકડો મંત્ર આપું, ટૂંકામાં ધર્મનો સાર બતાવી આપું અને તમે એ સૂત્રને અનુસરશો તો તમે સાચા ધર્મને બરાબર અનુસરશો. તમે ખરા ધર્મી થશો અને તમારું જીવન સફળ થશે, તમારો ફેરો મૂલ્યવાન બનશે અને તમારું સાધ્ય તરફ પ્રયાણ બરાબર થશે.

તમને દુનિયાદારીમાં, વ્યવહારમાં, વર્તનમાં, અન્ય સાથેની લેવડ-દેવડમાં, બોલીચાલીમાં અને હરવા ફરવામાં કેટલીક વાત ઠીક લાગે છે, સારી લાગે છે, રુચિકર જણાય છે, સુયોગ્ય લાગે છે અને કેટલીક બાબતો ઘૃણા કરાવનારી બાલિશ, તુચ્છ, અધમ, અયોગ્ય લાગે છે. પ્રથમ-ની બાબતોને આપણે અનુકૂળ ગણીએ છીએ, બીજી બાબતોને પ્રતિકૂળ ગણીએ છીએ. આ હકીકત આપણા દરરોજના અનુભવની છે, આપણી સાથે વણાઈ ગયેલી છે, આપણી સાથે એકમેક થઇ ગયેલી છે. કોઈ સભ્યતાથી બોલે તે ગમે, ગાળાગાળી કરે તે ન ગમે, સાચું બોલે તે ઠીક લાગે, અસત્ય બોલે તે અઠીક લાગે, કોઇ નિંદાચુગલી કરે તે ન ગમે, પ્રશંસા પ્રેમ કરે તે ગમે. એટલે તમે સારું નરસું જાણો છો, અનુકૂળ પ્રતિકૂળને ઓળખો છો વિવેક સભ્યતાને પિછાનો છો, ચારિત્રને જાણો છો, સંયમને પિછાનો છો, અને તમને સારા ખરાબની પરખ છે. હવે તમારે જ્યારે પારકાને અંગે કોઇ વર્તન કરવું હોય, કાંઈ બોલવું હોય કે કોઇ ક્રિયા કરવી હોય તો તે વખતે તમારી જાતને સ્થાને મૂકો. તમે તમારા આચાર, ઉચ્ચાર કે વિચારને કેવો ગણો ? તે તમારે માટે શું ધારે ? જે વાત તમને ન ગમે તે તેને પણ ન ગમે તો તમને ન ગમે તેવી વાત તેના પ્રત્યે ન કરો.

અને આટલું કરો તો તમે ધર્મી થઇ જાઓ, આટલું કરો તો તમારો બેડો પાર થઈ જાય. તમારા પ્રત્યે તેનું વર્તન કે ઉચ્ચાર કરે તે

તમને ખરાબ લાગે તેવું હોય તેવું તમારે સામા પ્રત્યે ન કરવું. આટલી સાદી ટૂંકી સીધી સરળ વાત છે અને તમને તે આવડે છે એમ તો આપણે ઉપર ધારી લીધું છે. આટલી વાત કરજો એટલે તમને કોઈ વાતની અડચણ નહિં થાય. તમારા પર ટીકા નહિ થાય અને તમારો સંસારપ્રવાસ સફળ બનશે, આનંદમય બનશે, પ્રેરક બનશે, પ્રેમમય બનશે અને તમારા મન પરથી અસાધારણ બોજો ઊતરી જશે અને હળવુંફૂલ છતાં ગૌરવવંતું બનાવશે. તદ્દન સાદી વાત છે, કરવી સરળ છે અને કુલધર્મના અનેક ઉપદેશોનો એ સાર છે.

---

श्रुणुत धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥

ધર્મસર્વસ્વ

## ( ૫૧ )

## દુષ્કર પણ કલ્યાણકર

ઉપોદ્ઘાત–શ્રીયુત જ્યોર્જ એરંડેલ સાહેબે એકઠા કરેલ Thoughts of the Great નામનું એક પુસ્તક મને લભ્ય થયું. એની પ્રસ્તાવનામાં એમણે મહાપુરુષોનાં વિશિષ્ટ વિચારોનો સંગ્રહ કેટલો લાભ કરનાર થાય છે, જીવન વહનમાં એને કેવી રીતે ઉચ્ચગ્રાહી રાખે છે અને નૈતિક કે આધ્યાત્મિક દૃષ્ટિએ આવાં સુગ્રહિત પુષ્પો કેટલા કલ્યાણકર નીવડે છે તેના પર નાનો સરખો ઉલ્લેખ કર્યો છે. તેમના મતે દુનિયાના મહાપુરુષોનાં વચનો વાંચવા તે તેમની સાથે જીવવા બરાબર થાય છે. અને ખરી મહત્તા કેવી હોય છે, ક્યાં હોય છે, કોને વરેલી હોય છે તે પર વિચાર થાય તો પોતાના જીવનઘડતરમાં બહુ અમૂલ્ય ફાળો આપે છે. જીવનરહસ્ય શોધવા માટે, સાદાઇ અને સ્વચ્છતા સમજવા માટે, ઉચ્ચ સૃષ્ટિમાં વિહાર કરવા માટે આ અમૂલ્ય વારસાઓ સમજવા અને જીવવા જેવા હોય છે. તેમણે સંગ્રહ કરેલા સેંકડો મહાન મૌક્તિકોમાં તેમણે એક સ્થાને ૨૪ સૂત્રો રજૂ કર્યાં છે. તેને ગોઠવનાર લેડી ઇલીઝાબેથ કેર્યુ નામની મહાન લેખિકા છે. એ ચોવીશ સૂત્રોની ગોઠવણ મને અવનવી લાગી. 'અમુક કાર્ય કરવું કે જીવન જીવવું એ આકરું કે કઠણ કામ છે, પણ એમ કરવું એ ખૂબ લાભકારક છે, ભારે હિતકારી છે, ખૂબ કલ્યાણકારી છે.' આ પદ્ધતિના સંગ્રહમાં મને ભારે મૌલિકતા લાગી અને ચોવીશે સૂત્રો ખૂબ વિચારણીય, મર્મસ્પર્શી અને હૃદયંગમ લાગ્યાં.

પછી મેં તેના ઉપર ખૂબ વિચાર કર્યો. ચોવીશે વિષયોને પ્રથમ 'વ્યવહાર કૌશલ્ય'માં ગોઠવ્યા. તે લેખો લખ્યા પછી તે જ ચોવીશે

લેખોને 'વ્યાપાર કૌશલ્ય'માં પણ સુયોગ્ય સ્થાન આપી શકાય તેમ લાગતાં તે પર કુલ ૧૨ લેખ લખ્યા.

ત્યારપછી એજ લેખ પર વધારે વિચારણા કરતાં એ ચોવીશે લેખોને 'ધર્મ-કૌશલ્ય'માં વધારે મહત્ત્વનું સ્થાન છે, એ ધર્મને ખલિષ્ઠ આકારમાં રજૂ કરી આત્મસમર્પણ તરફ ખેંચે તેવા છે, અને સાધ્ય સન્મુખ લાવનાર મુદ્દાઓને આ લેખમાળામાં ખાસ સ્થાન હોવું ઘટે એ દૃષ્ટિએ એ ચોવીશે વિષયોને એક એક જુદા જુદા નંબર તળે મૂકવા માટે કુલ ૨૫ લેખ લખવા ધારણા કરી છે. વ્યવહાર, વ્યાપાર અને ધર્મનો જરા પણ વિરોધ નથી, હોઈ શકે નહિ, પણ આપણા દૃષ્ટિબિંદુને ફેરવીએ તો મહાન સત્યની તે જુદી જુદી બાજુઓ છે તેમ લાગશે. વ્યવહાર અને વ્યાપારના લેખો યથાસ્થાને પ્રકટ થશે. ધર્મનો વિષય વધારે ઝીણવટથી વિચારવા યોગ્ય છે અને વિચારીને જીવન સાથે વણી દેવા યોગ્ય છે, તેથી એ ચોવીશે વિષયો લેવાની ધારણાએ આ નવીન પદ્ધતિની લેખમાળા શરૂ કરી છે. એની વ્યવહારુ ઉપયોગિતા વાંચતા જણાઈ આવશે અને આંતરજીવનની શોધમાં જરૂર મદદ કરશે.

---

It is sometimes hard, but it always pays.

Thoughts of the Great

( ૫૨ )

## ક્ષમા યાચવી કઠણ પણ કલ્યાણકારી છે.

સંસારમાં રખડાવનાર, માણસને જનાવર બનાવનાર, મગજ ઉપરનો કાબૂ ગુમાવનાર ષડ્રિપુ જાણીતા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. જૈન પરિભાષામાં ચાર કષાયો એટલા જ ભયંકર છે અને સંસારના મૂળ છે. એ અનુક્રમે ક્રોધ; માન, માયા અને લોભ છે. એમાં ક્રોધ તો માણસને લાલ પીળો બનાવી દે છે, માણસાઇ ગુમાવી દે છે અને બોધ, સમજણ કે ઉપદેશને દૂર હડસેલી મૂકે છે. એને અંગારા મળે એમ એ વધતો જાય છે અને પ્રથમ તે કરનારને સળગાવી મૂકી પોતાની અસર ચારે તરફના વાતાવરણમાં ફેલાવે છે. ગમે તેવા તપસ્વી, ત્યાગી કે વૈરાગીનો ક્રોધ હોય તો તે પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે, પોતાની જાતને ભૂલાવી દે છે અને પોતે અહીં થોડાં વર્ષનો મેમાન છે એ વાતને પણ વિસરાવી દે છે. આવા પ્રકારના ક્રોધ પર સંયમ રાખવાનુ શસ્ત્ર 'ક્ષમા' છે. ક્ષમા જેના દિલમાં વસે છે તેને પોતાની જાત પર સંયમ આવે છે, કાબૂ આવે છે, વાણી અને વર્તન પર અંકુશ આવે છે અને એના જીવન તરફના ખ્યાલ વિવેકસરના, આડંબર વગરના અને રીતસરના બંધાઇ જાય છે.

'ક્ષમા' એટલે અહિંસક ભાવનું પોષણ. ક્રોધ હિંસામાંથી જન્મે છે, ત્યારે ક્ષમા અહિંસામાંથી જન્મે છે. માણસ જ્યારે પોતાની જાતનો વિચાર કરે, પોતાનું સ્થાન લક્ષમાં રાખે, પોતાનું અહીંનું વસવાટ, સ્થાન અને તેનો સમય વિચારે ત્યારે તે વિચારમાં પડી જાય છે. ઘડી બે ઘડી માટે ગાંડા ગદોડવા, કોઇ પર ગુસ્સો કરી ધમપછાડા કરવા અને એલફેલ બોલવું એ સમજુને ન છાજે. એ તો સામાની

સ્થિતિ પર દયા કરે, એના રખડપાટા માટે ખેદ કરે અને ક્ષમા કરવામાં પોતે કાંઇ ખોવાનો નથી એ વિચારે ઠંડો પડી જાય. ક્ષમા નબળા માણસથી ન થાય, એ તો ખરા વીરપુરુષને જ વરે. એને ક્ષમા કરવામાં કર્તવ્યનિષ્ઠા લાગે, એને ક્ષમા કરવામાં ગૌરવ લાગે અને એને ક્ષમા કરવામાં શૂરવીરનો પાસ લાગે. ક્ષમા એ કાચાપોચાનું કામ નથી, નબળા સબળાનો વિલાસ નથી, પાકા રસિયા સંસારીનું વહેન નથી.

પણ કોઈ ગુન્હેગારને, આડું બોલનારને, નુકસાન કરનારને, ગાળ આપનારને કે હુમલો કરનાર કે ખોટા આક્ષેપ કે બદનક્ષી કરનારને ક્ષમા આપવી એ કઠણ વાત છે, આકરી બાબત છે, મન પર અસાધારણ કાબૂ દાખવનાર હકીકત છે. મારમાર કરતો સામેથી માણસ આવતો હોય, તેને મારી હઠાવવાની પોતાની તાકાત હોય અને છતાં હાથ ન ઉગામવો, પણ સામા બે હાથ ધરી એને માફી બક્ષવી અથવા ઊલટી તેની માફી માગવી એ ખૂબ આકરી બાબત છે. પણ આકરી છે એટલે જ એનો મહિમા છે. ડંખનાર ભયંકર ચંડકૌશિકને ક્ષમા આપનાર, તેને ઠપકારવાને બદલે ઉપદેશ આપનાર અને તેને ઠેકાણે લાવનાર વીરલા તો કોઇ 'વીર' જ હોય, પણ એનું અનુકરણ કરી ક્ષમા આપનાર કે ઊલટી માફી માગનાર તો જવલ્લે જ હોય છે. એવા ક્ષમા કરનાર કે માગનારને ભવસમુદ્ર તરવો સહેલો પડે છે. એનો વિકાસ સત્વર થાય છે અને એ સાધ્યને રસ્તે છે એમ દેખાય છે.

---

It's difficult to apologise, but it always pays.

Thoughts of the Great.

( ૫૩ )

## નવે નામે ફરી શરૂઆત કરવી એ મુશ્કેલ છતાં હિતકારી છે.

ધર્મક્ષેત્રમાં બે પ્રકારની વ્યક્તિઓ કામ કરતી દેખાય છે. એક પ્રકારને આંતરવિકાસની લલના લાગેલી હોય છે અને એને બાહ્ય દેખાવ, ઉપચાર કે કૃત્રિમતાને માટે કાંઇ પડી હોતી નથી. એ તો પોતાના કામમાં મસ્ત રહે છે, પોતાને રસ્તે ચાલ્યો જાય છે અને લોકો તેને માટે શું ધારે છે કે શું બોલે છે તે જાણવાની કે જણાઈ જાય તો તે પર નિગાહ કરવાની એને વિચારણા પણ થતી નથી. 'યું જાણે જગ બાવરો, યું જાણે જગ અંધ' દુનિયા એને ગાંડો કે બાવરો માણસ ધારે છે, એને ઘેલો કે અગડબંબ કહે છે અને એની નજરે દુનિયા અંધ દેખાય છે, પડછાયા પાછળ મરી રહેલી અને અસ્થિર પાછળ વલખાં મારતી દેખાય છે. દુનિયાનો અને તેનો એકે વાતે મેળ બેસતો નથી અને દુનિયા એ શું કરે છે કે એનાં મનોરાજ્ય કયાં વસે છે ? એનું આંતર સત્ત્વ કેવું છે ? કેટલું અગાધ છે ? કેવા મૂલ્યવાન રત્નોથી ભરેલું છે અને એની બેપરવાઈ પાછળ કેવો મોટો મુદ્દો રહેલો છે તે કદી જાણતી નથી, એનો લાભ લેતી નથી, એને બરાબર ઓળખતી પણ નથી. આ એક પ્રકારના મનોરાજ્યમાં વસનાર યોગીઓ હોય છે. એનો ઇતિહાસ જણાયો નથી, લખાયો નથી અને એણે ઇતિહાસમાં રમવા કે અમર થવા કદી સંકલ્પ કે વિચાર સરખો પણ કર્યો હોતો નથી.

બીજા પ્રકારના માણુસો પોતાનાં પ્રત્યેક કાર્ય દુનિયાને હિસાબે જ કરે છે, એના કામથી દુનિયા એને માટે શું ધારશે, એને કેટલું માન સન્માન આપશે, એનું સન્માન કેવું થશે, એને સમાજમાં આગળ પડતું સ્થાન કેમ મળશે તેનો જ ખ્યાલ કરે છે. આવા

દુન્યવી સાધકો જ્યારે કોઇ વખત છબરડો વાળી નાખે છે અને દુનિયાની નજરે હળવા બની જાય છે ત્યારે ભારે વિમાસણમાં પડી જાય છે. એને માનશિખર ઉપરથી નીચે ઊતરવું પાલવતું નથી અને કરેલ ક્ષતિનો પશ્ચાત્તાપ કરવો ગમતો નથી. એ નવે નામે શરૂઆત કરતા નથી અને પોતાનો સાચો ખોટો બચાવ કરવામાં જિંદગી વેડફી નાખે છે.

પાછા પડેલાને, બાજી હારેલાને, ધર્મ હારી બેઠેલાને, મહાન પાપનો ભોગ બનેલાને પ્રાયશ્ચિત્ત કરવું ગમતું નથી, નવે નામે શરૂ કરવું સૂઝતું નથી અને ફરી વખત બાજી રમવામાં પોતાની આબરૂનો થતો હ્રાસ સ્વીકારવો ગમતો નથી. આ વાત અનુચિત છે. જૈનો જેને પ્રતિક્રમણ કહે છે તે કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત અને ભવિષ્યમાં ન કરવાનો નિર્ણય બતાવે છે. એમ કરી જાહેરમાં પાપનો સ્વીકાર કરવો એ ઘણી મુશ્કેલ બાબત છે, પણ જે માણસ ભ્રષ્ટ થઈ ગયા પછી પણ માર્ગાનુસારીપણાથી શરૂઆત કરે છે તે જરૂર આગળ વધે છે અને તેમ કરનાર અંતે પોતાનો વિકાસ સાધે છે. પાછા હઠી નવી શરૂઆત કરવી એ પાકા વિચારનું પરિણામ છે, આત્મજીવનનો પાયો છે, ઉચ્ચગ્રાહની સીડીએ ચઢવાનો ઉત્કટ માર્ગ છે અને પ્રશંસનીય ગુણપ્રાપ્તિનું દ્વાર છે. સાચો ધર્મી મનુષ્ય પોતાનું આ સ્થાન બરાબર સમજી તેને સ્વીકારી લે.

---

It's diffiicult to begin over again, but it pays to do so.

Thoughts of the Great.

( ૫૪ )

## સલાહ લેવી-એ મુશ્કેલ છતાં લાભકારી બાબત છે.

ધર્મક્ષેત્રમાં સલાહ આપવાનું કાર્ય ગુરુ કરે છે. જ્યારે જ્યારે ધર્મજીવનમાં ગૂંચવણ દેખાય, પોતાની ઇચ્છા પ્રમાણે પ્રગતિ ન થાય, વિષય ચર્ચા કે વિચારણામાં ધાટ ન બેસે ત્યારે પોતાના સમાન-વયસ્કની અથવા વૃદ્ધ અનુભવીને પૂછવાનું મન થાય છે, પણ વળી મનમાં એમ આવી જાય કે આવી બાબત બીજાને પૂછવા જતાં તે 'આપણામાં એટલી પણ આવડત નહિ હોય' એમ ધારી આપણી અવગણના કરશે, અથવા આપણે માટે હલકો મત બાંધશે. આવા વિચારે માણસ આગળ વધતો નથી અને વગર સલાહે પોતાની રચેલી જાળમાં અટવાયા કરે છે.

એ જ પ્રમાણે તત્ત્વચર્ચામાં કે યોગાનુસંધાનમાં પોતાને ધડ ન બેસે ત્યારે માણસ ચક્કરમાં પડી જાય છે, અથડાય છે, ગોટવાઈ જાય છે અને જ્ઞાન કે યોગાભાસમાં પડી જાય છે. એનું આત્મમાન કે અભિમાન એને પડખેઅડખે પૂછવા દેતું નથી અને યોગ જેવી બાબતમાં એ હઠયોગમાં કે ચક્રભ્રમણમાં પડી જાય છે, અનેક વાર આત્મવંચનામાં અટવાઈ જાય છે અને પછી તો પહેલે પગથિયે પણ ન હોય ત્યાં પોતે શિખર પર ચઢી ગયેલ છે એમ માની પોતાની જાતને હાસ્યાસ્પદ બનાવી મૂકે છે અને પછી ગમે તેવી કુદ્દલીલો કરી પોતાને માર્ગ મળ્યો છે એવી ભ્રમણામાં પડી જાય છે. જ્ઞાન અને યોગ, ક્રિયા અને ગુણપ્રાપ્તિમાં મનુષ્યે અન્યની સલાહ લેવાની ખાસ જરૂર હોય છે છતાં ગૌરવના શિખર પર ચઢેલ માણસ એવી સલાહથી વંચિત રહી બાહ્ય દેખાવ કે ઉપરની માન્યતામાં રાચી જઈ મનને મનાવી લે છે.

એને ગુરુને પૂછતાં સંકોચ થાય છે, સહાધ્યાયીને પૂછતાં માન-

હાનિ જણાય છે, ગમે તેને પૂછતાં પોતાની સ્થાનભ્રષ્ટતા દેખાય છે અને નિરર્થક ગુંગળાઈ અટવાયા કરે છે અથવા સંદેહના રંગે રગડાઈ કીચડમાં ગોથાં ખાધાં કરે છે. અભ્યાસમાં કે યોગપ્રગતિમાં આવા મનુષ્યોને બહુ નુકસાન થાય છે, વિચારણાની અપૂર્ણતાને એ યોગ્ય દિશાએ લઈ શકતો નથી અને પરિણામે અકળાય છે, કુટાય છે, હેરાન થાય છે અને સંદેહ કે સંશયની ભઠ્ઠીએ ચઢી આત્મધનને બાળી મૂકે છે. પણ અન્યની સલાહ લેવામાં જાય શું? આપણી અપૂર્ણતા પૂરી કરવાનું સાધન અન્યની લેવાતી સલાહ છે અને ગુરુ તરફની પરાધીનતામાં અલ્પતા નથી, પણ એ તો ખરેખરો લ્હાવો છે, મિત્રની સલાહ સોનાની નીવડે છે. પોતાની પ્રગતિ અનેક દિશાયે વધારી મૂકવાનું સાધન આ બહારની સલાહ હોઈ ખૂબ અનુકરણ માગે છે અને સાર્વત્રિક સર્વોદય માટે બહુ અગત્યનાં સાધનો પૂરાં પાડે છે. એમાં પ્રગતિને પ્રેરણા મળે છે, રસ્તો સાંપડવાની વાતને પ્રકાશ મળે છે અને જીવનકસોટીને પ્રેરણા મળે છે; માટે અન્યની સલાહ ધર્મક્ષેત્રમાં તો ખૂબ જરૂરી છે. ગુરુ તરફ ભક્તિ બતાવનાર મન ઉચ્ચ ગ્રાહનું સાચું સ્થાન છે અને પોતાની પ્રગતિને માપનાર અને તેને બતાવનાર દર્શક તરીકે સાચી પારાશીશી છે, સાચો ધર્માર્થી માણસ વગર સંકોચે સલાહ લે, સમજીને પોતાનું વર્તન તદનુસાર ગોઠવે અને તેમ કરીને પારખી સાચી સલાહનો પૂરતો લાભ મેળવે.

---

It is difficult to take advice but it pays to do so.

Thoughts of the Great.

(૫૫)

## સ્ખલનાનો સ્વીકાર કરવો મુશ્કેલ છતાં હિતકારી છે.

માણસ ઊંઘતો હોય તેને પૂછીએ કે 'કેમ ભાઇ ! સૂઈ ગયા ?' તેના જવાબમાં તે કહેશે કે–ના રે ! બરાબર જાગું છું. આવા ઊંઘતા માણસ પાસે સાચો જવાબ મેળવવો જેટલો મુશ્કેલ છે તેટલો જ ભૂલનો સ્વીકાર કરાવવો કે કરવો મુશ્કેલ છે, માણસમાં અભિમાન એવી વસ્તુ છે કે એને પોતાની ભૂલ જણાય, છતાં એનો સ્વીકાર કરવામાં સંકોચ થશે, એ બહાનાં કાઢશે, બીજા પર આળ લગાવશે, પણ સરળતાથી પોતાનો વાંક કે ગુન્હો એ કબૂલ કરશે નહિ. પોતાનો વાંક કે વાંસો માણસ જોઇ શકતો નથી, તેનું કારણ તેના ઊંધા ચશ્મા અને સરળતાનો અભાવ જ હોય છે.

અને મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. જાણતાં અજાણતાં એ અનેક ભૂલો કરી બેસે છે અને પછી એને ભૂલ બતાવવામાં આવે ત્યારે કદાચ એ સમજી જાય, તો પણ એ ભોળા ભાવે કે સરળ સ્વભાવે પોતાની ભૂલનો સ્વીકાર નહિ કરે. અને આડાંઅવળાં અનેક બચાવો કરશે, એ બીજા પર આરોપ મૂકવા લલચાઈ જશે, પણ સરળપણે પોતાની ભૂલ થઇ ગઇ છે એ વાત કબૂલ નહિ કરે. એ સામનો કરવા કે બીજાને સંડોવવા મંડી જશે, પણ પોતાની ભૂલ થઈ ગઇ છે એમ કહેતાં એનું નવનેજા પાણી ઊતરી જશે, કારણ કે ભૂલનો સ્વીકાર કરવામાં એ પોતાના ગૌરવનો ઘાત ગણે છે, પોતાના સ્વમાનની કલ્પનાનો હ્રાસ થતો દેખે છે અને કસુરના સ્વીકારમાં એ અલ્પતા માની બેઠેલ છે.

અને ધર્મદૃષ્ટિએ જોતાં પ્રતિક્રમણ એટલે દિવસરાત, પક્ષ, ચાતુર્માસ કે વર્ષની સ્ખલનાઓને સંભારી તેનો સ્વીકાર અને ભવિષ્યમાં તે

ભૂલોનું પુનરાવર્તન ન થવા દેવાની ભાવના જ છે. આવા દ્રવ્ય પ્રતિક્રમણ કરનાર પણ ઉઘાડી ભૂલ સમજાય તેનો સ્વીકાર જલ્દી નહિ કરે. આ મનની નબળાઈ છે, સંયમનો અલ્પ ભાવ છે, મનોવિકારની પરીક્ષા, નિદાન કે ચિકિત્સાની ગેરહાજરી છે અને પ્રગતિવાંછુને રસ્તામાં પડેલ ઠોકરો છે. સાચા આત્મમાર્ગને અનુસરનારમાં તો એટલી સાહજિકતા ઘટે કે એ પોતાની ભૂલ જુએ કે શરમાઇ જાય, આત્મસાખે ક્ષમા માગે, ઉઘાડી રીતે ખમતખામણા કરે, જાહેર રીતે માફી માગે અને સરળ ભાવે અંતરના ઊંડાણમાંથી ખેદ બતાવે. એટલે ભૂલનો સ્વીકાર કરવો દેખીતી રીતે મુશ્કેલ લાગે તેવી બાબત હોવા છતાં જેની નજર અંતર આત્મા તરફ હોય, જેને પોતાના વધારાની ખેવના અને ચીવટ હોય, દુન્યવી દૃષ્ટિ કરતાં જેની આંતરદૃષ્ટિ ખીલેલી હોય, તે તો સરળતાથી ભૂલનો સ્વીકાર કરે અને એ સ્વીકારમાં રહેલ આનંદનો અનુભવ કરે. ભૂલ સ્વીકારથી માણસ નબળો કે હલકો થતો નથી, ક્ષુલ્લક કે તુચ્છ ગણાતો નથી. વીર બહાદુર હોય તે જ ભૂલનો સ્વીકાર કરી શકે છે અને તેવા સ્વીકારમાં જેને મોજ આવે તે સરળતાથી સંસાર તરી જાય છે, ઉમંગથી નાવને સાધ્ય સમીપ લઇ જાય છે અને પોતાનો કલ્યાણકારી માર્ગ સ્ખલનાના અંગીકારમાં જ છે એમ સમજી જાય છે.

---

It is difficult to admit error but it pays to do so.

Thoughts of the Great

## (૫૬)

**મશ્કરી–ઠેકડીને ખમી ખાવી** એ મુશ્કેલ છતાં **હિતકારી** વાત છે.

કોઈ ઠેકડી કરે, ઠઠ્ઠા ઉડાવે, ટીકા કરી ચાળા પાડે, નાક ઊંચું કરી કે બીજી કોઇ પણ રીતે તિરસ્કાર બતાવે; માર્મિક વચન બોલે, ટોળ કરે, મહેણાં ટોણાં આપી આપણે ભોગે જીભનો મેલ ઉતારે, પોતાની મોટાઇ બતાવવા હાંસી કરે, તિરસ્કાર બતાવવા ઉપહાસનાં વચન બોલે,–આ સર્વ મશ્કરી, ઠેકડી કે ઠઠ્ઠાની કક્ષામાં આવે.

માણસ નાનો મોટો, ગરીબ તવંગર, ફીડીનો બાધેલો કે મોટર-માં ફરનારો હોય, એના ઘર આગળ સેંકડોની આવજા હોય કે એ પોતે પારકે ઘેર ધક્કા ખાતો હોય–ગમે તેવો માણસ હોય તેને સ્વમાન જેવી બીજી ચીજ ઓછેવત્તે અંશે જરૂર હોય છે. ગરીબના માથામાં પણ આંગળી ખૂંચતી નથી અને જાહેર તિરસ્કાર, અપમાન કે બદનક્ષી ખમી ખાવાની તેવડ ભાગ્યે જ કોઇમાં હોય છે. 'એ મોટો હોય તો એના ઘરનો!' એ વલણ સાધારણ રીતે સાર્વત્રિક હોય છે. એકાંતમાં એકાદ ધોલ ખાવાની તેવડવાળા પણ જાહેરમાં પોતાની જાતને ઉતારી પાડવા કોઈ સાચો ખોટો પ્રયત્ન કરે તો તુરત સામે પાટલે બેસી જાય છે અને આવી હલકી મશ્કરી સહન કરવી એ તેટલા માટે બહુ મુશ્કેલ બાબત છે, પણ જે ખરા ધર્મપ્રિય માણસ હોય છે તે મશ્કરી કે હાસ્યને પણ ખમી ખાય છે. એનામાં એટલી અદ્દભુત શાંતિ હોય છે કે એને પોતાને મનમાં જરા પણ દુઃખ લાગતું નથી, ક્રોધની સામે ક્રોધ કરવાનું એને ગમતું નથી અને તાપ, કે ઉગ્રતાનો સામનો કરવો એને ઉચિત લાગતો નથી.

એને મશ્કરી કરનારની દયા આવે છે, એને ઠઠ્ઠા કરનાર તરફ શાંતિ રાખવાની સમજણ આવે છે, અને એ સામાની લઘુતા દીનતા

તરફ ખેદ બતાવે છે. એ મહેણાંના બદલામાં ટોણાં મારે નહિ, એ પોતાની જાતને ગુસ્સામાં પરવશ ન કરી મૂકે, એ સામાના હાસ્યથી ભટકી કે ખખડી ન જાય. એ ધર્મવીર માણસ મશ્કરીનો સામનો ન કરે, બદનક્ષીનો કેસ ન માંડે, ગુસ્સામાં હાથ પગ ન અફાળે અને નાપસંદગી બતાવીને સામાની ખફગી ન વહોરી લે. એ વિષને વધારે નહિ, ભાટાઇને તુંડાઇથી જાળવે નહિ, અધમતાની સામે હલકાઈનો બોલ ન કાઢે, એ પોતાની અલ્પતા વિચારી સામાના હાસ્યને હસી કાઢે, વિરોધને વધવા ન દે અને પોતાની ગૃહસ્થાઇ અને ધર્મ-પ્રિયતા બતાવે.

આવા પ્રકારની સહનશીલતા રાખવી ઘણી મુશ્કેલ બાબત છે, મન પર એટલો કાબૂ રાખવો આકરી બાબત છે, પણ જેને ધર્મ-પ્રિયતા જાગી હોય અને પોતાનો આત્મવિકાસ સાધવાનો આદર્શ હોય તે આવે વખતે પોતાની જાત પરનો કાબૂ ગુમાવે નહિ અને સહનશીલતા અને ધીરજનો દાખલો બરાબર બેસાડી આપે. ક્રોધ કરવાથી કે આક્રોશ કરવાથી કાંઈ મળતું નથી, ધોબી સામે ધોબી થવાની વૃત્તિ સાહજિક છે, પણ જે તેની ઉપરવટ જઇ જાત પર સંયમ રાખે, હાસ્યને ખમી ખાય તે સાચો ધર્મ સમજેલ છે એમ જાણવું. મુશ્કેલ પ્રસંગમાં જાત પર કાબૂ રાખવો અઘરો તો છે, પણ એ પ્રસંગે હિતકર–કલ્યાણકારી માર્ગ લેવો એમાં ખૂબ લાભ છે, વેરઝેરનો ઉદ્‌ભવ અટકે છે અને અંતે આત્મિક પ્રગતિ થાય છે.

---

It is difficult to face a sneer but it pays to do so.

Thoughts of the Great.

( ૫૭ )

## પરોપકારી થવું કઠણુ છે પણુ એ ખૂબ લાભકારી છે.

જેના હૃદયમાં ધર્મ વસી ગયો હોય તેને પરોપકાર કરવો, ઉદારતા દાખવવી, વચન ક્રિયા કે વિચારથી દાન કરવું, પોતાની પાસે શક્તિ, ધન, આવડત કે ઐશ્વર્ય હોય તેનો ઉપયોગ પારકા માટે કરવો એ સાહજિક બની જાય છે. જ્યારે ધર્મની ખરી જમાવટ થઇ હોય ત્યારે તો એની અસ્થિમજ્જામાં ધર્મ માટે તરવરાટ થઈ ગયો હોય છે. એને પછી સખાવતી થવાનું કહેવાની, ભલામણુ કરવાની કે પ્રેરણા કરવાની જરૂર રહેતી નથી. એ ધનની અસ્થિરતા સમજે છે, એ અહીંનો વસવાટ ટૂંકો છે એ જાણે છે, એ સગપણ, સંબંધ અને મેળાપની અસ્થિરતા જાણે છે અને એ શક્તિનો કે ધનનો ઉપયોગ બીજાના ઉત્કર્ષ કે વિકાસ કરવામાં કરે છે અને એની સાર્થકતા પરોપકાર કરવામાં જ સમજે છે.

બાકી ઘણા માણસો એટલા બધા કંજુસ અને દુર્બળ હોય છે કે એને પારકા માટે ધનનો કે વખતનો ઉપયોગ કરવામાં પણુ સંકોચ થાય છે. એ દાન આપવામાં હાથને લંબાવી શકતા નથી, એ પારકા માટે ધનવ્યય કરવામાં પોતે ગરીબ થઇ જશે એમ માને છે. એ ધનના ઢગલા જોઇને આનંદે છે અને એના મનની દશા ચમડી તૂટે પણુ દમડી ન તૂટે એવી હોય છે. કોઇ એને સખાવત કરવાનો કે મનની વિશાળતા રાખવાનો ઉપદેશ આપે ત્યારે એ એને કડવો ઝેર જેવો લાગે છે અને એની પાસે કોઈ ખરડો લઇને જાય ત્યારે એ અનેક બહાનાં કાઢી પોતાની ઉદારતા દાખવી શકતો નથી. આવા માણસો માખીની જેમ મધ ભેગું કરે છે, ખાતા નથી, ખાવા દેતા નથી અને આખરે અહીં સર્વ મૂકી ઉઘાડે હાથે ચાલ્યા જાય છે.

પણુ હૃદયથી ધર્મવૃત્તિવાળા માણસો તો જ્યારે પોતાની શક્તિ

કે મિલકતનો ઉપયોગ પરને માટે થાય ત્યારે પોતાની જાતને તેટલા પૂરતી કૃતાર્થ માને છે. એને દ્રવ્ય કે આવડતનો ઉપયોગ પરને માટે થાય તેમાં ભારે મોજ આવે છે, એ મોટા અન્નનાં સત્રો કે વિદ્યાધામો નીરખી આનંદ માને છે અને પોતાને એવો ધનવ્યય કરવા ક્યારે તક મળશે એવી ભાવના કરે છે. એને ખાતરી હોય છે કે મોટા ધનપતિ ચાલ્યા ગયા તેની સાથે લક્ષ્મી ગઇ નથી.

ઉદાર દિલના થવું, સખાવતી માનસ રાખવું, સમાજ કે જનતાની આફત વખતે પોતાના ભંડારો ખુલ્લા મૂકી દેવા એ મુશ્કેલ કામ છે, પણ એવું ખમીર કરી દેવું, એવો સ્વભાવ પાડી દેવો અને સેવામાં જીવન ગાળવાની સખાવતી વૃત્તિ રાખવી એ ખેલદીલી બતાવે છે, એવા પરોપજીવી માણુસો પોતાનું કામ કાઢી લે છે, દેશને દોરવણી આપે છે અને સમાજને દાખલારૂપ નીવડે છે. મનને એવું બનાવી દેવું જોઇએ કે એ પારકાનું દુઃખ જુએ કે રડવા લાગી જાય, એ જરૂરીઆત જુએ ત્યાં ઘરનાં ભાતાં બાંધીને સેવા માટે ઊતરી જાય, એ દુકાળ, જળપ્રલય કે મારામારીના પ્રસંગે પોતાની જાતને ભૂલી જઈ, સેવામાં ઝુકાવી દે અને તેમ કરવામાં રાત કે દિવસ ન ગણે, ભૂખ કે તરસ ન ગણે, એ બીજાં કામ ભૂલી જાય અને એને પરની સેવાનું વ્યસન પડી જાય. આવી વિશાળતા, ઉદારતા, મહાનુભાવતા આવવી મુશ્કેલ છે, પણ આત્મવિકાસ માટે જરૂરી છે, લાભકારી છે, મહાકલ્યાણકારી છે. સજ્જન પુરુષની સમૃદ્ધિ પરોપકાર માટે જ હોય. એમાં ગોટાળાને, દેખાદેખીને, ધાંધલને સ્થાન ન હોય. સ્વભાવસિદ્ધ મહાનતાનાં મૂલ્ય અનોખાં જ હોય છે.

---

It is difficult to be charitable, but it pays to do so. Thoughts of the Great.

( ૫૮ )

## વિજયને પચાવવો એ આકરી છતાં હિતકારી વાત છે.

પોતાની ધારણા પ્રમાણે સફળતા ન મળે, બાજી ઊલટી પડી જાય, નફાનો વેપાર ખોટમાં આવી પડે, સગાંસ્નેહીનું મરણ થાય, પરીક્ષાનું પરિણામ ઊલટું આવે ત્યારે માણસ કકળાટ કરવા લાગી જાય છે. એને જાણે દુનિયા આખી પોતાની સામે સંપ કરીને હેરાન કરવા મંડી ગઇ હોય અને જાણે એક પછી એક ખરખરાના સમાચારની હાર મંડાણી હોય એમ જ લાગે છે. એવે વખતે એને કોઇ દિલાસો કે ઉપદેશ આપે ત્યારે એને જરા ધીરજ કે આશ્વાસન મળે છે, પણ સંકટ સમયે મનની સ્થિરતા રાખવી બહુ આકરી પડે છે. જ્યારે એક તરફ નુકસાનીના સમાચાર એક પછી એક આવ્યા કરતા હોય, ઘરમાં ખાવાનું ઠેકાણું ન હોય, છોકરાઓના અભ્યાસને અટકાવવો પડ્યો હોય, તેવે વખતે મનની સ્થિરતા રાખવી ભારે મુશ્કેલ પડે; છતાં ખમીરવાળા માણસો આફતના પ્રસંગોમાં ધક ઝીલે છે, આફતથી દબાઇ ન જતાં તેનો સામનો કરે છે અને પડતાં આખડતાં પણ ખડાં થઈ જાય છે. આફત વખતે માણસની કસોટી થાય છે એ ખરી વાત છે, છતાં આપત્તિ વખતે પોતાનું વર્ચસ્ જાળવી રાખનારા અને પડતાં પડતાં પણ ઊભા થઇ જનારા માણસો જોવામાં આવે છે. જેના સંસ્કારી હૃદયમાં ધર્મવાસના જામી ગઇ હોય છે તે ગમે તેવા આકરા બનાવો વખતે પણ પોતાની જાત પરનો કાબૂ ખોઇ નાખતા નથી. દુઃખમાં કે ત્રાસમાં દબાઇ જતા નથી, પાટુ ઉપર પાટુ પડે તો પણ કડભર થઇ જતા નથી. આવા માણસો અવલોકન કરતાં મળે છે અને તેમને ટેકો ધર્મનો હોય છે, એ બારીક અવલોકનને અંતે આપણને સમજાય છે.

પણ ફત્તેહના ડંકા વાગતા હોય, અભિનંદનના તારો આવતા હોય, વિજયના દુંદુભી વાગતા હોય, જાહેર સભામાં ધન્યવાદ મળતા

હોય, હારતોરાના ઢગલા થતા હોય, વધામણું આપનારની હાર લાગી હોય ત્યારે વિજયને પચાવવો એ ભારે આકરી વાત છે, આમાં દેખીતો વિરોધ લાગે તેવી વાત છે, પણ તે બરાબર સાચી વાત છે. વિજય વખતે માણસ ઘેલો થઇ જાય છે, ફત્તેહ મળે એટલે એ સાતમે આસમાને ચઢી જાય છે, લોકોની પ્રશંસા સાંભળી એ અંતે 'પોતામાં પણ કાંઇક છે' એમ માનતો બની જાય છે. 'મેં મારી ફરજ ઉપરાંત કાંઈ કર્યું નથી.' અથવા 'હું તો સામાન્ય અદનો આદમી છું' એમ બોલતાં બોલતાં એને અંદર ગલીપચી થાય છે અને પોતાનું જીવન ધન્ય છે, પોતે ચાલુ જનતાથી વધારે છે, એમ એને અંદર ઊંડે ઊંડે લાગવા મંડી જાય છે. વિજય પચાવવો મુશ્કેલ છે. ડંકો વાગે ત્યારે ડોકને ખરેખર નમાવવી કે કાન આડા હાથ દેવા મુશ્કેલ છે. મીઠી ખુશામત, બહારની પ્રશંસા કે બિરુદાવલીની ગાથા ખમી ખાવી ઘણી આકરી છે. એ તો જીવનને સમજનાર, રસ્તો ઓળખનાર, સ્વપરનો વિવેચક શાણો વિવેકી હોય તો વિજયને પચાવી શકે, આત્મધર્મને સમજનાર પોતાનું સ્થાન જાણી લે. બાકી શિખરે ચઢેલો માણસ ત્યાંથી આગળ તો ક્યાં જાય? એનો ઘાત એ હાથે જ વહોરી લે. પણ વિજયને પચાવવાની ધર્મબુદ્ધિ હૃદયમાં જાગતી રાખનાર ખરો ધર્મપ્રિય છે, સાચો નરપુંગવ છે, વિકાસ માર્ગે અવિચ્છિન્ન પ્રયાણ કરનાર સાચો યોદ્ધો છે એમ સમજવું. વિજય કાચો પારો છે, એને જીરવવા માટે સાથે માત્રાનો મેળ જોઇએ. સાચા ધર્મપ્રિયને એ આવડે ત્યાં ધર્મનું મૂલ્ય છે.

---

It is difficult to endure success but it pays to do so.

**Thoughts of the Great**

( ૫૯ )

## ભૂલ ન થવા દેવી એ મુશ્કેલ છતાં લાભકારક વાત છે.

ધર્મદૃષ્ટિએ સ્ખલનાને ભૂલ ગણવામાં આવે છે. તમારો નિયમ સવારે પાંચ વાગે ઊઠવાનો હોય અને ન ઊઠો તો તે સ્ખલના કહેવાય, એટલે એ ભૂલ કહેવાય. તે જ પ્રમાણે તમે સારા અવસરે હકારાત્મક કે નકારાત્મક નિયમ કર્યાં હોય તે નિયમમાં જરા પણ સ્ખલના થવા દેવી એ ભૂલ કહેવાય છે. દરરોજ પાંચ માળા ગણવી કે બે ચાર સામાયિક કરવાનો નિયમ હકારાત્મક કહેવાય અને અણગળ પાણી ન પીવું કે કંદમૂળનું ભક્ષણ ન કરવાનો નિયમ કરવો એ નકારાત્મક નિયમ કહેવાય છે. એવા નિયમમાં જરા પણ ઠોકર ખાવી, ગોટાળો કરવો કે અપવાદ સેવવો એ સ્ખલના કહેવાય અને તેટલા માટે તે ભૂલ કહેવાય.

એ જ પ્રમાણે વ્યવહારના નિયમોમાં, નીતિનાં ધોરણોમાં, વચન વિચાર કે વર્તનના અમલમાં જરા પણ સ્ખલના કરવી તેને ધર્મદૃષ્ટિએ ભૂલ કહેવામાં આવે છે.

કેટલાંક ધર્મઅનુષ્ઠાનમાં શૌચની ક્રિયાનાં જવા આવવાના નિયમો હોય છે, એ બાંધેલા કે ફરમાવેલા નિયમોમાં સ્ખલના કરવી, તેનો અત્યાચાર કરવો, તેનો ભંગ કરવો કે માર્ગ કે આજ્ઞાનો લોપ કરવો તે સ્ખલના છે અને એ સ્ખલનાઓ ભૂલની કોટીમાં બરાબર આવે છે.

ધર્મપ્રિય માણસે કોઇ જાતની ભૂલ ન કરવી એ મુશ્કેલ બાબત છે, પણ તેમ ન થવા દેવું એ અંતે સારો લાભ કરનાર અને ઇષ્ટ સ્થાને કે ધારેલા આદર્શો પહોંચવામાં ખૂબ મદદગાર થઇ પડે છે. કોઇ પણ પ્રકારની

માનસિક, વાચિક કે કાયિક સ્ખલનાથી દૂર રહેવું, સ્ખલના થવા દેવી જ નહિ એ ભારે ચીવટ, દૃઢ સંકલ્પ અને એકનિષ્ઠાનું જ પરિણામ હોય છે. સ્ખલના થવા ન દેવી કે ઇરાદાપૂર્વક કોઇ બાબતમાં ન કરવી એ ખૂબ ઇચ્છવા લાયક હોવા છતાં મુશ્કેલ કામ છે. છદ્મસ્થ મનુષ્ય અનેક ખાડામાં પડી જાય છે, ગુંચવણમાં લપેટાઈ જાય છે, અડચણ આવે ત્યારે તેને સપાટે ચઢી જાય છે, આગળ વધતાં ઠેસ વાગે ને અટવાઇ જાય છે અને કઇક વાર થાકથી, ત્રાસથી, બેદરકારીથી કે ગફલતીથી ભૂલનો ભોગ થઇ પડે છે. એવી ભૂલ ન થવા દેવા માટે હૃદયબળ ખૂબ કામ આપે છે, અંદરનો નિશ્ચય કારગત નીવડે છે, સાવધાનતા જાગૃતિ રાખે છે અને સતત જાગૃતિ અને ખંતને પરિણામે માણસ સ્ખલના ઉપર પણ ધીમો પણ મક્કમ વિજય મેળવે છે.

આવા પ્રકારની સતત જાગૃતિ રાખવી એ આકરી વાત છે. દુન્યવી આકર્ષણો, સ્થૂળ લાલચો, પૌદ્ગલિક ખેંચાણો અને અંતરનિર્ણયની ઉણપ માણસને ભમતો રખડતો, ભૂલાવા ખાતો કરી મૂકે છે. એની ઉપરવટ થઇ જે માણસ સ્ખલના પર વિજય મેળવે છે, ભૂલ પર સામ્રાજ્ય મેળવે છે, સ્થૂળ પર અંતરનું બળ વાપરે છે, તે ખરો ધર્મપ્રિય-ધર્મી માણસ છે અને તે અંતે વિજયશ્રી મેળવી સાધ્ય તરફ આગળ વધે છે અને તે મળે ત્યારે જ વિરમે છે.

---

It is difficult to avoid mistakes but it pays to do so.

Thoughts of the Great.

( ૬૦ )

## ચીવટથી પ્રયત્ન ચાલુ રાખવો મુશ્કેલ છે, છતાં લાભકારી છે.

ધર્મપ્રિય માણસ ભૂલ કરે, ગોટાળે ચઢી જાય, પાછો પડે પણ એની માન્યતાની બાબતમાં હિંમત ન હારે, સાધ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પાછો ન હઠે, પણ ચીવટથી પોતાના મુદ્દાને વળગી રહે અને અંદરખાનેથી જરા પણ મુંઝાયા વગર પોતાનો કાર્યક્રમ ચાલુ રાખે. આ વાતને અને ભૂલ ન કરવાના મુદ્દાને જરા પણ વિરોધ નથી, તે આપણે જોઇએ.

આત્મ સન્મુખ દૃષ્ટિવાળા માણસે ત્રાટક સાધવાનું નક્કી કર્યું છે એમ આપણે ધારીએ. ત્રાટક સાધવામાં એક પ્રિયમૂર્તિને હૃદયમાં ધારી લેવી અને એના પર એટલી એકાગ્રતા કરવી કે પછી ગમે તે વખતે તે ત્રાટકમૂર્તિ માનસ ચક્ષુ સમક્ષ ખડી થઈ જાય. આ કાર્ય કામ અને કાયા પર કાબુને પરિણામે સાધી શકાય છે, અને યોગના પ્રથમ પગથિયા જેવી સાદી હકીકત છે. છતાં યોગને માર્ગે ચડેલ પણ પંથે ન પડેલ સાધકને એમાં પણ ઘણી મુશ્કેલી પડે છે. એ સાધ્યને જલદી સિદ્ધ કરી શકતો નથી, પણ એ ગભરાયા વગર ત્રાટક સાધવા પ્રયત્ન ચાલુ રાખે છે. આવા પ્રકારની ચીવટ રાખવી એ મુશ્કેલ બાબત છે, ઘણાને આકરી પડે છે. કેટલાક અર્ધરસ્તે કંટાળી જાય છે, પણ જો એ પોતાના પ્રયત્નને વળગી રહે તો અંતે એને કાર્યસિદ્ધિ વરે છે અને એને પોતાને ખૂબ લાભ થાય છે. એનો અંતરાત્મા પ્રસન્ન થાય છે અને ધ્યેયપ્રાપ્તિ વખતે થતા ભવ્ય આનંદનો એ પ્રસાદ અનુભવે છે.

પણ એવા પ્રકારના પ્રયત્નો ચાલુ રાખવા એ કપરી વાત છે. વિઘ્નના ભયથી પ્રયત્ન આદરે જ નહી એવા ઘણાખરા હોય છે, કામ

કરતાં અડચણુ થાય ત્યારે કામને છોડી દેનારા પણુ ઘણા હોય છે, પણુ ગમે તેટલા વિઘ્નો આવે પણુ 'કાર્યં સાધયામિ, વા દેહં પાતયામિ' શરીર પડે તો પણુ અટકયા વગર કામ સાધવાની ધગશવાળા અને કામને વળગી રહેનાર બહુ ઓછા હોય છે; પણુ એવા માણુસો જ ખરા ધર્મપ્રિય છે એમ સમજવું. અને વિઘ્નથી ડરવાનું શું ? માણુસની પરીક્ષા જ વિઘ્ન વખતે છે. સીધો સરળ રસ્તો હોય એના પર ગાડી ગબડાવે જવી એ તો ધાંધલી ધાંચણુ પણુ કરે, એમાં ખૂબી શી ? એમાં બલ કયું ? એમાં ખરી ધગશ કયાં ? એવી જ રીતે ધર્મના અભ્યાસમાં, ધર્મક્રિયાના સંવ્યવહારમાં, પુસ્તક વાંચનમાં, આવશ્યક ક્રિયા કરવામાં, કાળ ગ્રહણુ કરવામાં કે સંયમ કે ત્યાગ કરવામાં ચીવટપૂર્વક પ્રયત્ન ધપાવે રાખવો એમાં ખરી વિશાળતા, આદરતા, આદેયતા અને મૂલ્યવત્તા છે, અને ધર્મવ્યવહારમાં કાયરતાનું કામ નથી, ઉપરછલ્લા રસને અવકાશ નથી, ગોટાળીયાપણુાને સ્થાન નથી, વિકાસક્રમમાં આગળ ધપનારે સાધ્યને લક્ષમાં રાખવું, કયાં જવું છે તેને જ નજર સન્મુખ રાખવું અને પ્રયત્ન કરતાં અંતરાય તૂટી જશે, રસ્તો મોકળો થશે, માર્ગ મળી આવશે અને દૂર છેટે સાધ્યના દર્શન થશે; માટે ચાલુ પ્રયત્ન ચીવટથી રાખવો, બની શકે ત્યાં સુધી ભૂલ ન થવા દેવી અને પાછા પડાય તો પણુ પ્રયત્ન ચાલુ રાખવો એનું નામ ધર્મપ્રિયતા અને રસિકતા છે.

---

It is difficult to keep on trying but it pays to do so.

Thoughts of the Great.

( ૬૧ )

## આત્માના અવાજને અનુસરવું એ મુશ્કેલ છે, પણ હિતકારી છે.

દરેક મનુષ્યને અંતરાત્મા જેવી ચીજ જરૂર હોય છે. ભયંકર ખૂનીને પણ એક વાર તો ખૂન કરતાં જરૂર આંચકો આવે છે, પણ તેનો પ્રબળ મનોવિકાર તેના પર સામ્રાજ્ય મેળવે છે અને અંતરના અવાજને કાં તો બહેર મારતો કરે છે, કાં તો તેને સુવાડી દે છે અથવા તેનો બળવત્તર કેફ માણસના હૃદયમંદિરનો કબજો લે છે. જેવો હૃદયનો કબજો પારકાના હાથમાં ગયો કે મનુષ્યની પરાધીનતા શરૂ થઇ જાય છે અને પરવશ પડેલો પ્રાણી પછી ગમે તેવા ગાંડા ગદોડે છે, અમાનુષી કાર્યો કરે છે, ન બોલવાનું બોલે છે અને માણસ મટી જનાવર પણ બની જાય છે.

આત્મિક શુદ્ધ દશા અને પૌદ્‌ગલિક વિલાસ દશા વચ્ચે હંમેશા યુદ્ધ ચાલે છે. જેવો શુદ્ધ આત્માનો કાબૂ છૂટી જાય છે કે માણસ ખોટા અભિમાનનાં ખ્યાલથી, અથવા પોતાની મકકમતાનો દેખાવ જાળવવા ખાતર કે આગલા વૈર વિરોધને તાબે થઈ ટૂંકી નજરનો ખ્યાલ કરે છે અને ષડ્રિપુને તાબે થઇ પૌદ્‌ગલિક દશામાં અટવાઇ જાય છે. પછી એ ધનના લોભે, અથવા વિષયવિલાસની તૃપ્તિને અંગે અથવા ઐહિક સમૃદ્ધિ પોતાની કરવાના દુન્યવી ખ્યાલાતોને તૃપ્ત કરવા અણઇચ્છવા યોગ્ય કાર્યો કરી બેસે છે, લાંબી નજરે આત્માની ઉન્નતિના કે વિકાસના ખ્યાલને બદલે વિકારતૃપ્તિને પોતાનું સર્વસ્વ માની બેસે છે અને પહેલે સમયે અથવા શરૂઆતમાં જે આંચકો આવેલો હોય તેને દાબી દઇ વ્યવહારના કે વિકારના ઊભરાને તાબે થઇ જાય છે અને અંતરાત્માના વિશુદ્ધ વિશિષ્ટ અવાજને ગુંગળાવી નાખે છે. અને એને સલાહકાર કે શિખામણ આપનાર પણ દુન્યવી માણસો જ મોટે ભાગે મળે છે. એ એને કહે છે કે એ તો બધાને ત્યાં થતું

આવ્યું છે ! એમ જો દુનિયામાં સાફાઇ કરનારા થઇએ તો છોકરાં-ઓને મોસાળ મોકલવા પડે. એ તો બધાને જેમ થતું હોય તેમ થાય. પોતે તે એવા ક્યા મોટા ત્યાગી કે સંન્યાસી થઇ બેઠા છે તે વળી ભારે ચોખલીઆ થઈ બેસીએ ?' આ સર્વ વ્યવહારડાહ્યાંઓની સલાહ વહેવારૂ થવાની હોય છે અને 'વહેવારૂ' શબ્દ ઘણીવાર ગોટા વાળવાના અર્થમાં વપરાય છે.

અંતરાત્માનો અવાજ તો એક મહાન ચીજ છે. એ દરેકને હોય છે, પણ તેનાં પર તુરેત જ બીજી ક્ષણે પૌદ્‌ગલિક સાંસારિક વિકારનું જોર આવે છે અને તે અંતરાત્માના અવાજને દાબી દઈ તેના પર માયાનું જાળું ગોઠવી દે છે. અને પછી તો જોઇ લો ભાઇ-શ્રીના ગોટાળા ! એ તો પછી આત્માની ભીડના તુચ્છ કાર્ય ઉપર પટ પૉલીશ લગાવશે અને વસ્તુતઃ આત્માને અંદર ઊંધાડી દેશે. ખરો આત્મલક્ષી ધર્મપ્રિય માણસ તે વખતે સ્નેહ, સંબંધ, નામ કે મારા-તારાપણું વિસારી મૂકી માત્ર અંતરાત્માના અવાજને આગળ કરે છે. એથી એને ઐહિક અને આમુષ્મિક લાભ થાય છે અને કદાચ દુનિયા એને ગાંડો, મૂરખો કે અવ્યવહારૂ કહે તેની એ દરકાર ન કરતાં આત્માના અવિકારી ફરમાનને અનુસરે છે. આ આત્મિક અવાજને શોધવો, પાળવો અને પોષવો મુશ્કેલ તો પડે, પણ ધર્મપ્રિય માણસને જો સાચો ધર્મ વસ્યો હોય અને પોતાને ખરો વિકાસ સાધવો હોય તો આ આત્માના અવાજને જાણી-સમજી તેને જ અનુસરવું એ જ ખરી ધર્મ-પ્રિયતા છે, તેમાં ચેતનનો વિકાસ છે અને અંતે વિજય વરમાળ છે.

---

It is difficult to obey conscience but it pays to do so.

Thoughts of the Great

( ૬૨ )

## ભૂલનો લાભ લેવો એ મુશ્કેલ છે, છતાં લાભદાયક બાબત છે.

ભૂલ થવા ન દેવી એ એક વાત છે. અથવા ભૂલનો સ્વીકાર કરી લેવો બીજી વાત છે. ભૂલ ન થવા દેવી એ સાવધાનતા બતાવે છે અને થઈ ગયેલ ભૂલનો સ્વીકાર કરવો એ સરળતા બતાવે છે પણ સ્ખલના કે ભૂલને અંગે એક ત્રીજી એટલી જ મહત્ત્વની વાત છે અને ધર્મદૃષ્ટિએ આત્મવિકાસની નજરે તેનું પણ ઘણું મહત્ત્વ છે. થયેલ ભૂલનો લાભ લેવો એ કૌશલ્ય બતાવે છે, સાચી ધર્મપ્રિયતા બતાવે છે અને માણસને ચાલુ થરની ઉપરવટ લાવી મૂકે છે. સ્ખલના કે ભૂલનું આ અતિ ઉજ્જ્વળ અંગ ખૂબ વિચારણા માગે છે, એમાં પશ્ચાત્તાપ સાથે દૃઢ સંકલ્પ, ધર્મકુશળતા સાથે વ્યવહારદક્ષતા સંકળાયલી હોય છે અને તેને બરાબર તત્ત્વરૂપે સમજી તેમાંથી લાભ ઉઠાવવો એ માણસની ક્ષમતા, આવડત અને આગળ પ્રગતિના નિશ્ચયનું ભાન કરાવે છે.

કોઇ પણ બાબતમાં સ્ખલના થઇ જાય તો સાચો ધર્મપ્રિય સજ્જન પોતાનાં મનમાં વિચાર કરે છે, કે પોતાની કઇ નબળાઇને લઇને એ ભૂલ થઈ ગઇ, એ ન ખાવાના, પીવાના, પહેરવાના, વર્તવાના કયા નિયમ કે ધોરણનો ભંગ કરવાને પરિણામે અથવા કયા મનોવિકારને વશ પડી જઇને પોતે ભૂલ કરી બેઠો એનું એ જાતે આત્મનિરીક્ષણ કરે છે, એ પોતાની જાત પર વિચારણા કરે છે, વિશુદ્ધ વર્તનની પારાશીશી એ પોતાના મગજ ઉપર મૂકે છે અને કયા કારણે સ્ખલના થઇ, કયાં બેદરકારી થઇ, કયા પ્રકારની લાલચને પોતે વશ થઈ ગયો. આવી અનેક બાબતનું એ નિરીક્ષણ કરી જાય છે અને સ્ખલના બીજાની દોરવણી કે સૂચનાથી થઈ ગઇ હોય તોપણ તે પોતાની ભૂલ, પોતાની અલ્પદૃષ્ટિ અને પૌદ્ગલિક ગૃદ્ધિ તેમાંથી શોધી કાઢે છે.

અને આવા પ્રકારના આત્મનિરીક્ષણને પરિણામે ભવિષ્યમાં એવા સંયોગો ન થવા દેવા, અથવા આવી પડે તો તેને તાબે ન થવા દઢ નિર્ણય કરે છે. એ થએલ સ્ખલના માટે ખૂબ ખેદ પામે છે અને ભવિષ્યમાં એવી જ સ્ખલના ન થઈ જાય તેનો નિર્ણય કરે છે. આવી રીતે થયેલ ભૂલમાંથી પણ લાભ લઈ શકાય છે અને તે માટેની જવાબદારી સ્વીકારવાની જેનામાં ધીરજ હોય અને ભવિષ્યમાં એવા સંજોગોમાં ચેતતા રહેવાની જેની નિશ્ચિંતતા હોય તેને ખૂબ લાભ થાય છે, તેની પ્રગતિ વધી જાય છે, તેનો સાધ્ય તરફનો માર્ગ સરળ બનતો જાય છે અને તેવો મનુષ્ય થયેલ ભૂલમાંથી લાભ ઉઠાવે છે અને નુકશાનના સોદાને નફાકારક સોદામાં ફેરવી શકે છે.

ભૂલમાંથી લાભ ઉઠાવવો એ ઘણી મુશ્કેલ વાત છે. સાધારણ રીતે માણસ ભૂલનો બચાવ કરવા લાગે છે, બીજાના પડવાઈઓના દાખલા આપે છે અને પોતે સતની પૂંછડી હોય તેવો ડોળ કરે છે. આવા માણસો મોટી સંખ્યામાં હોય છે. ઘણાખરા તો તેથી આગળ વધીને ભૂલનો સ્વીકાર પણ કરતા નથી, પણ સરળભાવે ભૂલને સમજી તેમાંથી લાભ ઉઠાવવો એ ભારે આકરી વાત છે, સરળ સ્વભાવી અને અલ્પભવીને જ એ સૂઝે છે અને જેને સૂઝે છે તે ખરેખર ધર્મ-પ્રિય છે અને એને ધર્મકુશળતા વરી છે એમ સમજવું. બાકી જનતાને ચીલે ચાલતાં તો અનેક ભવો કર્યા અને ખાડા ટેકરામાં પડી ગયા. ભૂલનો લાભ ઊઠાવી તેની ઉપરવટ જાય તે સાચો ધર્મી સમજવો.

It is dificult to profit by mistakes but it pays to do so.

Thoughts of the Great.

( ૬૩ )

## ચાલુ ચીલામાંથી બહાર જવું મુશ્કેલ પણ લાભકારક છે.

મહાપુરુષનું આ ભવ્ય વાક્ય ખૂબ વિચારણા માગે છે. પ્રથમ rut શબ્દનો અર્થ વિચારીએ. એ શબ્દનો કોશમાં બેવડો અર્થ આપ્યો છે: (૧) ધરેડમાં કાપો, ચીલામાં તરેડ—આ એક અર્થ છે. (૨) વિષયેચ્છા, મદ, સંયોગ. જનાવરો અમુક સમયે સંયોગ કરે છે તેવી ઇચ્છા. આ બન્ને અર્થમાં એ શબ્દ ખૂબ સમજવા જેવો છે અને તેનો ભાવ ધર્મદૃષ્ટિએ વિચારવા યોગ્ય છે.

સામાન્ય રીતે મનુષ્ય વિષયને તાબે થઇ જાય છે, ઇંદ્રિયના ભોગમાં ડૂબી જાય છે અને એની તૃપ્તિમાં મનખા દેહની સફળતા માને છે. અમુક સમયે જનાવરને પણ વિષયેચ્છા ખૂબ થાય છે અને તેનાથી અળગાં રહેવું એ જનાવર માટે જેમ મુશ્કેલ છે તેમ મનુષ્યને પણ વિષયેચ્છા ઉપર સંયમ રાખવો ઘણો મુશ્કેલ છે. આ વાત પાંચે ઇંદ્રિયોના વિષયોને લાગુ પડે છે, પણ સંભોગ સંયોગને—સ્પર્શેન્દ્રિયને ખાસ લાગુ પડે છે. આ ચાલુ સંયોગો પર સંયમ મેળવવો એ આકરી બાબત છે, મુશ્કેલ લાગે તેવી હકીકત છે, પણ તે ચાલુ વ્યવહારમાંથી બહાર નીકળી જવું એ આત્મવિકાસની નજરે ખૂબ હિતકારક છે. આત્મવિકાસ સાધવાની ઇચ્છાવાળા ધર્મપ્રિય મનુષ્યે આ દુન્યવી સંભોગની ઘટનાથી દૂર રહેવું એ આકરી બાબત છે, પણ અંતે ચેતનના વિકાસને અંગે ખૂબ લાભકારક છે. વિકાસના પંથે પડવાને ઉત્સુકતા ધરાવનાર પ્રાથમિક દૃષ્ટિએ સંયમ કેળવે એ ઇચ્છનીય છે, યોગની શરૂઆત સૂચવનાર વિકાસ માર્ગના પંથીને પહેલી જરૂરિઆત સૂચવનાર આ સૂત્ર છે અને એનો ભાવાર્થ સમજવામાં અને એને અનુસરવામાં શુભ શરૂઆતનું સ્થાન છે.

એ rut નો અર્થ ચાલુ ધરેડ—ચીલો કરીએ ત્યારે તો આ ભાવ

ખૂબ રસપ્રદ બને છે. સાધારણ રીતે ધર્મપ્રિય મનુષ્યમાં ચાલુ ચીલો બહુ અગત્યનો માર્ગ ગણાય છે. એણે નહાવાના, ખાવાના, પહેરવાના, બોલવાના નિયમો બાંધેલા હોય છે. એ વસ્તુ વપરાશની પણ સંખ્યા અને તેનો તોલ માપ મુકરર કરે છે અને ચાલુ નિયમોને અનુસરવામાં પોતાની ફરજ માને છે. ઘણાખરા માણસો સ્વતંત્ર વિચારણા કરી શકતા પણ નથી અને કરવા જાય તો અત્યુદ્રેક, ગોટાળા કે મનનાં મનામણામાં વિવશ બની જાય છે. એવા મનુષ્ય માટે ચાલુ ચીલે ચાલ્યા કરવું એ લાભપ્રદ છે, એ માર્ગ આચરવા જાય તો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઈ જાય છે અને બુદ્ધિબળનો ઉપયોગ છૂટછાટ કે અપવાદસેવનને અંગે જ કરવા લાગી જાય છે. એમને માટે તો ચાલુ ચીલો બહુ લાભકારક છે, એને સ્થિર રાખનાર ઉપકારક તત્ત્વ છે અને પરિણામે એનો વિકાસ એ રીતે જ સધાય છે, પણ આંતરવિકાસમાં ખૂબ આગળ વધેલા અને પોતાને સ્વયં નિર્ણય સામે માર્ગે કરી શકે તેવા આત્મજીવી જો કદાચ ચીલામાંથી ચાતરે તો તેમાં તેમનું હિત છે. અસાધારણ યોગબળવાળા જીવનના રસ સાથે સંયમને વણી દેનારા અને મન પર અસાધારણ કાબૂ ધરાવનાર ચાલુ પ્રવાહથી આડાઅવળા થાય, જંગલમાં રહે કે મહાન પડિમા વહે તો તેમને ઘણો લાભ થાય છે. ચાલુ દુનિયા માટે તો ચીલાનો માર્ગ જ સારો છે. ઘણા અનુભવથી દોરાયલો છે અને તેનું અનુસરણ લાભકારક છે. પણ અસાધારણ વિભૂતિ વિશિષ્ટ માર્ગે વિકાસની નજરે સંચરે તો તેને પોતાને જરૂર લાભ થાય. સમાજસ્વાસ્થ્ય બગડે નહિ, મૂળ માર્ગને હાનિ ન પહોંચે તે રીતે તે પોતાની આત્મસાધના કરે તો વૈયક્તિક રીતે તે લાભ મેળવે. આમ જનતા માટે તો ચીલો જ સારો છે.

---

It is difficult to keep out of a rut but it pays to do so. Thoughts of the Great.

( ૬૪ )

## ખમવું અને ખમાવવું મુશ્કેલ છે, પણ હિતકારક છે.

ચાલતાં કોઇએ ગાળ દીધી, હલકો શબ્દ વાપર્યો કે માથા પર પાણી નાંખ્યું, તો આપણો મિજાજ જશે. નાખનાર કે બોલનાર બબૂચક છે તે જોયા કે તપાસ્યા વિના મુખમાંથી હલકો શબ્દ કે ગાળ નીકળી જશે! ધનનો નાશ થાય, વેપારમાં નુકસાન જાય કે પાસા ઊલટા પડે ત્યારે પોતાની બિનઆવડત, ધૃષ્ટતા કે ગણતરીની ક્ષુદ્રતાનો વિચાર ન કરતાં સામાને જવાબદાર કે જોખમદાર ગણી ગમે તેવું એલફેલ બોલી જવાય છે અને કઈક વાર તો પાડાને વાંકે પખાલીને ડામ દેવા જેટલી હદે પણ માણસ ચાલ્યો જાય છે.

પણ દૈવી પ્રકૃતિવાળો મનુષ્ય તે વખતે શાંતિ રાખે, મન પર કાબૂ રાખે, વચન પર સંયમ રાખે, સામાની દીનતા કે પોતાની અલ્પજ્ઞતા વિચારી ગળચવો ગળી જાય, સામાનો પ્રત્યક્ષ વાંક હોય તો પણ તેની તરફ દયાની દૃષ્ટિ ફેંકે અને સમતા રાખે, ગમે તેવા અપમાનને પણ ખમી જાય તે ભારે ખેલદિલી, ખૂબ વિચારઉદારતા અને વિશિષ્ટ સૌજન્ય દાખવે છે. જેને અન્યની લાગણીનો ખ્યાલ હોય તે તો ખૂબ શાંતિ રાખે છે, સામાને એમ શા માટે કરવું પડ્યું? તેની બેદરકારી કે ધૃષ્ટતા હતી તે વિચારે અને અપમાનને કે અગવડને ખમી ખાય એવી ખેલદિલી કે વિશાળતા બહુ ઉમદા ખમીર બતાવે છે, જાત પરનો ભારે કાબૂ બતાવે છે અને પોતાની જાતને વિસ્મરણ કરી દેવાની દૈવી સંપત્તિ એણે હસ્તગત કરી છે એમ દેખાડી આપે છે.

અને પોતાથી એક નાનો સરખો ગુન્હો કે નાનકડી ભૂલ થઈ

જાય કે એને ક્ષમા માંગવામાં સંકોચ ન થાય, સામો ક્ષમા યાચે તો તેનો સ્વીકાર કરવામાં સંકોચ ન થાય અને ખમવાની અને ખમાવવાની ધડ બેસી જાય તો તેના દિલમાં સાચો ધર્મ વસ્યો એમ જાણવું. એ જાણે છે કે પ્રત્યેક મનુષ્ય કર્મને વશ છે, દરેક સંસારી કર્મ આગળ લાચાર છે અને સર્વ મનુષ્યો સ્વભાવને પરવશ છે. એવા પ્રસંગે એ પોતાનું અપમાન ધ્યાન પર પણ ન લે, એ પોતાનાં નુકસાનના આંકડા પણ ન મૂકે, પણ સમતા રાખી શાંતિનો પ્રચાર કરે, ઉશ્કેરાયલાં વાતાવરણને ઠંડું પાડે અને પોતાનાં મનમાંથી અગવડ કે અપમાનની વાતને દૂર કરે.

એને ક્ષમા માગવામાં કે ભૂલનો સ્વીકાર કરવામાં સંકોચ ન થાય, સામાનો ખુલાસો એ મુક્ત મને સ્વીકારે અને આ રીતે ખમવા અને ખમાવવાના દૈવી ધોરણે પોતાનું કાર્ય આગળ ધપાવે જાય. એને ધર્મપ્રિયતા અને કર્મનું સામ્રાજ્ય શું છે તેનો પાઠ શીખવ્યા જ કરે અને ખમવામાં મહત્તા છે એ બતાવી આપે, અને પ્રસંગે ખમાવવાનું કારણ આવી પડે તો પોતાનું સ્થાન કે ગૌરવનો જરા પણ ખ્યાલ કર્યા વગર એ ઝૂકી પડે અને વાતને વિસરી જાય. આ ખમવા અને ખમાવવાની રીતિ ભારે આહ્લાદક છે, ખૂબ ગૌરવવાળી છે અને માણસને દેવ બનાવે તેવી ભવ્ય છે. પણ એટલી સરળતા, નિર્મળતા અને વિચારસ્વચ્છતા આવવી મુશ્કેલ છે, દુનિયાના ચાલુ વ્યવહારમાં રચેલાપચેલા કે વકીલની સલાહ પ્રમાણે વ્યવહાર કરનારા તો જરા સરખા માનખંડનને પણ ખમે નહિ, ખમવાની સલાહ મેળવી પણ શકે નહિ અને કોઈ એવી સલાહ આપે તો એ ભાઈની નિર્માલ્યમાં ગણના થાય. ચાલુ સપાટીની ઉપર આવનાર, મન પર ભવ્ય કાબૂ ધરાવનાર, આગળ પાછળનો લાંબી નજરે ભવ્ય ખ્યાલ કરી શકનાર અને

જીવનની ક્ષુદ્રતા, અલ્પતા અને પોતાના સ્થાનની સાચી કિંમત કરનાર મહાસત્ત્વશાળી સાચો ધર્મપ્રિય માણસ ખમવા ખમાવવાની મહત્તા સમજે અને જીવી જાણે.

---

It is difficult to forgive and forget but it pays to do so.

Thoughts of the Great.

## [ ૬૫ ]

**વિચારવું અને પછી કરવું એ મુશ્કેલ છતાં હિતકારક છે.**

ઘણા માણસોની પદ્ધતિ એવી હોય છે કે મગજમાં તુક્કો કે બુટ્ટો આવ્યો કે તુરત તે પ્રમાણે બોલી નાંખે કે કરી નાંખે. તેઓ જાણતા નથી કે 'હોઠ બહાર તે કોટ બહાર' બોલેલાં બોલ કે કરી નાખેલા કામ હાથ કે મુખમાંથી છૂટી ગયાં પછી તેના ઉપર આપણો કાબૂ રહેતો નથી. અને પછી તો તળાવકાંઠે ઊભા રહી પાણીમાં પથ્થર નાંખ્યો, તો તેના જેટલાં કુંડાળા થાય તે કાંઠે ઊભા ઊભા જોયાં જ કરવાં પડે છે. બીજી પળે મનમાં વિચાર આવે કે પથ્થર ન ફેંક્યો હોત કે વચનબાણ ન માર્યું હોત તો વધારે સારૂં

હતું, પણ પછી તો હાથ છૂટી કે મ્હોં છૂટી બલા થઈ જાય છે અને બોલી કે કાર્યનાં સારાં માઠાં તાત્કાળિક કે દીર્ઘકાલીન સર્વ પરિણામો ભોગવે જ છૂટકો થાય છે.

ચાલુ પ્રવાહમાં પડેલા દુન્યવી માણસો તો ઘણુંખરા આ રીતે 'તડ ને ફડ'નો હિસાબ રાખે છે, પાછળથી ધક્કો લાગે એટલે એમની ગાડી ચાલે છે અને ચાલ્યા પછી અટકતી નથી. પણ જેઓને લાંબો હિસાબ લેવો દેવો છે, જે પ્રત્યેક વિચાર, વચન અને ક્રિયાની દીર્ઘકાળ સુધી ચાલતી અસર સમજનાર છે, જે પ્રત્યેક કાર્યના જવાબ આપવાં પડશે એમ જાણે છે, તેનાં પ્રત્યેક વિચાર, વચન અને કાર્યની પાછળ લાંબી ગણતરી અને ચોક્કસ હિસાબ હોય છે અને એ કાર્યની સામાજિક અને વૈયક્તિક અસરનાં આંકડા મૂકી પ્રવૃત્તિ કરે છે અને કામ હાથ ધરતાં પહેલાં સાત ગરણે ગળીને ચોખવટ કરવાની પોતાની ફરજ સમજે છે.

આવેશમાં આવીને કોઇ કામ કરી નાખવું કે મુખથી બોલી નાખવું એ સહેલી વાત છે, અને દુનિયાનાં ઘણાંખરાં કામો એ જ ધોરણે થાય છે. પણ માણસ બોલે છે કે લખે છે કે વિચારે છે, ત્યારે એને ખ્યાલ રહેતો નથી કે એનાં પ્રત્યેક કાર્ય, વચન કે વિચારની એની ઉપર સારીમાઠી, સાધારણ કે સ્થાયી અસર થયા વગર રહેતી નથી. આવા પ્રકારનો વિચાર કરીને તે કાર્ય, વચન કે વિચારની શી અસર થશે તેની ગણતરી ગણીને જે મૌખિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિ કરે છે તે સાચો ધર્મપ્રિય માણસ ગણાય છે, તેને પોતાની જવાબદારીનો પૂરો ખ્યાલ હોય છે, અને તે જાણતો હોય છે કે વચન, વિચાર કે કાર્ય પોતાનાં વિકાસ ઉપર ચોક્કસ અસર જરૂર મૂકી જાય છે. એને મન નાનકડું વાક્ય પણ શિરસાટેની વાત હોય છે અને

વ્યવહારમાં નજીવું લાગતું કામ પણ એના ધ્યાનમાં બરાબર હોય છે. એ ગોટા વાળવામાં માને નહિ, એ કોઈ વાતને કે ઉચ્ચારને નિરર્થક ગણે નહિ અને એ પ્રત્યેક વિચારને યોગ્ય માવજત અને મૂલ્ય આપે છે.

આટલી ચોખલીઆ વૃત્તિ રાખવી અને પોતાનાં વાણી, વિચાર કે વર્તન ઉપર સંયમ રાખવો એ મુશ્કેલ કામ છે, પણ જે આ પ્રકારનો સંયમ રાખે છે તે વિકાસ સાધી શકે છે, આગળ ધપે જાય છે અને જીવનની સફળતા પ્રાપ્ત કરે છે. ઉડાઉ માણસો મળેલી તકને ગુમાવે છે, પ્રાપ્ત થયેલ અનુકૂળતાને વેડફી નાખે છે અને વિચાર કે વર્તનના મૂલ્યની ગેરહાજરીમાં મહામૂલ્યવતી તકોને જતી કરે છે. સાચો ધર્મપ્રિય માણસ વર્તનના પ્રત્યેક અંગને મૂલવે છે અને મૂલવીને તેમાંથી સારતત્ત્વ સંગ્રહે છે, જમાવે છે અને મેળવેલ પૂંજીમાં વધારો કરે છે.

---

It is difficult to think and then to act but it pays to do so.

Thoughts of the Great.

[૬૬]

યોગ્ય ઠપકો વહોરી-**સ્વીકારી** લેવો મુશ્કેલ છતાં હિતકારક છે.

માણસ ગમે તેટલો સાવધાન હોય તો પણુ તે ઠપકાને પાત્ર અવશ્ય થાય છે, કારણુ કે મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. અને ભૂલને અંગે ઓછેવત્તે અંશે એ ઠપકાને પાત્ર જરૂર થાય. પણુ હકીકત એવી બને છે કે મનુષ્ય પોતાની ભૂલ અને પોતાનો વાંસો જોઇ શકતો નથી અને પરિણામે ભૂલનો સ્વીકાર કરવાની કે ઠપકો સહન કરી સાંભળી લેવાની વૃત્તિ બહુ ભાગ્યે જ થાય છે, ત્યારે પોતાની ભૂલ ઉડાવવાની, ઠપકો બીજાના શિરે ઢોળી દેવાની અને પોતે જાણે નિર્દોષ, નિખાલસ અને માત્ર ટીકાકાર દ્રષ્ટા હોય એવો દેખાવ કરવાને એ લલચાઈ જાય છે, અને ઘણીવાર તો પોતે ચાહન ગુન્હો કર્યો હોય અથવા પોતાની ભૂલ જાણુતાં અજાણુતા થઈ ગઈ હોય તો પણુ તેનો બચાવ કરવાની વૃત્તિ તેનામાં થઇ આવે છે. ઘણાખરા માણસો પોતાની ભૂલ બીજા ઉપર ઢોળી નાખવામાં ગર્વ લેનારા હોય છે, પોતાનો દોષ જાણુવા છતાં તેનો નનૈયો વાસનાર બની ગયેલા હોય છે અને કોઈ ઠપકો આપે તો તેમાં પોતાનું અપમાન સમજનારા હોય છે. છેવટે કાંઇ ન ફાવે તો સામા ઉપર ઢોળનારા, તેમ ન બને તો બ્હાના કાઢનારા અને અંતે કાંઈ નહિ તો વસ્તુમાં કે પડોશીમાં કે નજીકનામાં સાચી ખોટી વાતનો, સૂચનાનો કે આડે ઊતરવાનો આરોપ કરનારા હોય છે.

બાકી કોઇ પણુ કાર્યની પોતાની સાચી જવાબદારી સ્વીકારવામાં તો ઘણી સરળતા, દીર્ઘ વિચારણા અને મનોમંથનની જરૂરિયાત રહે છે. એ સર્વ સહેલાં શબ્દો હોવા છતાં ગુણ તરીકે વ્યવહારમાં બહુ મોંઘેરા સદ્દગુણો હોઇને ખૂબ મનોમંથન અને આત્મપ્રતિભાસ માગે તેવી વાત છે.

માણુસ પોતાના તાનમાં મસ્ત હોય છે. એનામાં વિશેષ વિચારણા ન હોય તો એ સાચી કે ખોટી બાબતમાં જવાબદારી સ્વીકારવા તૈયાર હોતો નથી. એણે ભૂલ કરી હોય કે એની સ્ખલના થઇ ગઇ હોય, તો પણ એ પોતાનો બચાવ કરવાનાં છીંડા શોધશે, એ વસ્તુની, સામાની, સંયોગોની ભૂલ બતાવવા લલચાઇ જશે; પણ સરળતાથી સાચી ભૂલ વખતે પણ ઠપકો સાંભળવા તૈયાર નહિ હોય. એના હાથમાંથી ઠામ કે વસ્તુ પડી જાય કે એ ઊંઘતો પકડાઇ જાય, તો પણ એ પોતાનો ગુન્હો સ્વીકારવાની સરળતા ભાગ્યે જ દાખવશે.

એનું કારણ માન નામનો મનોવિકાર છે. માણસ પોતાને પોતાના વર્તુલમાં નાનો બનવાની કે કહેવાવાની વાત પસંદ કરતો નથી. એના દિલમાં ઠપકાનો સ્વીકાર કરવો એ એક જાતની માનહાનિ લાગે છે. એટલા માટે યોગ્ય બાબતમાં સાચા ઠપકાનો સ્વીકાર કરવો આકરો પડે છે. એ વસ્તુનો, પાત્રનો, પડખે અડખેના સંયોગોનો વાંક કાઢશે, એ ગુન્હાને કે ભૂલને બીજા પર ઢોળી દેવા વલખાં મારશે, પણ સાચી બાબતની જવાબદારી સ્વીકારી લેવાની સરળતા ભાગ્યે જ બતાવશે. તેટલા માટે યોગ્ય બાબતમાં ઠપકો ખમી ખાવાની બાબત મુશ્કેલ તો જરૂર છે, પણ તે સ્વીકારવાની આવડત જેનામાં આવી જાય છે તે અંતે સંયમી જીવન જીવી સરળતાનો દાખલો બેસાડે છે અને એવી સરળ વૃત્તિ અંતે એના આત્મવિકાસમાં ખૂબ મદદ કરે છે. અને આવી રીતે ઠપકાનો સ્વીકાર કરવામાં નાનપ માનવાનું કારણ નથી. સરળતાથી પ્રાણીની પ્રગતિ ખરેખરી થાય છે અને ધર્મ રત્નને મૂલવનાર વઝર આંચકે એને આદરી સાચી ગુણવત્તા બતાવે છે.

---

It is hard to shoulder deserved blame but it always pays.

Thoughts of the Great

( ૪૭ )

## જેને ધીરજ કબજામાં નથી તેને તત્ત્વજ્ઞાન પણ હોતું નથી.

આ ભારે અદ્દભુત વાત છે અને અનુભવથી જ સમજાય તેવી છે. ત્યારે પ્રથમ તો આપણે તત્ત્વજ્ઞાન શું ચીજ છે તેનો વિચાર કરીએ અને પછી તેને અને ધીરજને શો સંબંધ છે તે વિચારીએ. તત્ત્વજ્ઞાનમાં એટલે સદ્દબુદ્ધિમાં ઘણા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે. આત્મા સંબંધી અને આત્માના પદાર્થ સાથેની વિચારણા જે શાસ્ત્ર કરે તેને તત્ત્વજ્ઞાનનું મહાશાસ્ત્ર કહેવામાં આવે છે. અંગ્રેજીમાં એને ફીલોસોફી (Philosophy) કહેવામાં આવે છે. તેનું મૂળ વિચારીએ તો આપણને જણાય છે કે philos=loving & sophia=wisdom એટલે ફીલોસોફીને અને બુદ્ધિને ઘણો નજીકનો સંબંધ છે. એટલે બુદ્ધિશાળી માણસની બુદ્ધિ જ્યાં પહોંચે ત્યાં ફીલોસોફી સુરાજ્ય કરે છે. એમાં અત્યારના વિજ્ઞાનનો સમાવેશ થાય અને ચેતનજી અને પુદ્દગલને સંબંધ ક્યારે ? કેમ ? અને શા માટે થયો ? અને તેનું અંતિમ પરિણામ શું થવું યોગ્ય લાગે છે તે સર્વ વાતોનો અને ખાસ કરીને વિજ્ઞાનનો સમાવેશ તત્ત્વજ્ઞાનમાં થઈ જાય. એ રીતે જોતાં ફીલોસોફીમાં તો સર્વપ્રકારની વિચારણાનો સમાવેશ થાય અને આત્માનું અંતિમ ધ્યેય તો નિર્વાણ અને કૈવલ્ય સંપૂર્ણ જ્ઞાન જ તેની પ્રાપ્તિ થાય. એટલે ફીલોસોફી બુદ્ધિનો વિષય બની ગમે તે પ્રદેશમાં માથું મારી શકે. એ પ્રમાણે જોતાં શાસ્ત્રીય સર્વે વિષયોનો સમાવેશ આ ફીલસફીમાં જરૂર આવી જાય છે એમ સિધ્ધ થયું.

એને ધીરજ સાથે શો સંબંધ છે ? એવો સવાલ ઊઠે તો બહુ વિચારણા થાય. અને તેવા દ્રવ્યાનુયોગના કઠણ વિષયનો ધીરજ સાથે સંબંધ શો છે તે જણાઈ આવે. સાદી નામના મુસ્લીમ વિચારક

કહે છે કે જેને ધીરજ નથી તેને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આ બતાવે છે કે તત્ત્વજ્ઞાનનાં પ્રાપ્તિ ધીરજ માગે છે. એમાં ઉતાવળ ચાલે નહિ, ગોટા વાળવા ઓજે નહિ, પણ સામ્યવૃત્તિ રાખી ધીરજ રાખવી પડે. એમાં જ્યારે ઉતાવળ થાય ત્યારે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ, ગોટા વાળવા હોય તેનામાં ધીરજ ન હોય અને ધીરજ વગર વસ્તુ કે આત્માને ઓળખાય નહિ. એટલા માટે તત્ત્વરુચિને ધીરજ ને સંબંધ શો છે તે સમજવામાં આવ્યું હશે. જેનું વર્ચસ ધાર્મિક હોય તેણે ધીરજ રાખવી ઘટે. તેને ઉતાવળ કોઈ પણ કાર્યમાં ઓજે નહિ અને એમ હશે કે તેમ હશે તેવી શંકાને પણ સ્થાન નથી. એટલે કોઈ પણ પ્રકારના ગોટાળાને અને ઉતાવળને તત્ત્વજ્ઞાનપ્રાપ્તિ સાથે બને નહિ. તેટલા માટે ધર્મરુચિ જીવડો હોય તેણે જો તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય તો તેણે પ્રથમ કેળવણી ધીરજની લેવી જોઇએ અને આપણે જેને સામાયિક કહીએ છીએ તેમાં રાખવા યોગ્ય સમભાવ કેળવવો જોઇએ. એમાં કોઈ જીવને ગોટા વાળવા પરવડે તેમ નથી. ધર્મિષ્ટ માણસે તો આત્મા અને પદાર્થને–પુરુષ અને પ્રકૃતિને, આત્મા અને પુદ્ગળને ઓળખવા જ જોઇએ અને પાયામાં ધીરજને સારી રીતે કેળવવી જોઇએ એ વાતનો સાર છે.

---

Whosoever has not patience, neither doth he possess philosophy.

( ૬૮ )

**તે સખાવત બૂરી ચીજ છે જે સ્વાતંત્ર્યનો ખ્યાલ ભુલાવે છે અને જે સંન્યાસીમાંથી આવકારદાયક શરમને વીસરાવે છે.**

સખાવત દરેક માણુસે કરવી જોઇએ, પછી તે રુપિયાનું, નોકરીનું, અથવા ગમે તે રૂપ લે પણ સખાવત વિચારણા માગે છે. રોબર્ટ સધે નામનો લેખક કહે છે કે તમે ગમે તેવી સખાવત કરો તેમાં અમને વાંધો નથી, પણ તેમાં બે વાતનો ખ્યાલ રાખજો. એક તો એ સખાવત કરતી વખતે સામા માણુસના સ્વાતંત્ર્યને બરાબર સ્થાન હોવું જોઇએ. ઘણા માણુસો સખાવત કરતી વખતે ધ્યાન ન રાખવાને પરિણામે સામાના સ્વાતંત્ર્ય ઉપર ઘા કરે છે અને જાણે સખાવતનો લેનાર માણુસ હલકો હોય તેવો ખ્યાલ કરવા મંડી જાય છે. તેમ ન જોઇએ. સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારવાની ભૂલ સમજુ માણુસ તો ન જ કરે, પણ છીછરીઆ સખાવત કરનારે અથવા પોતાની નામના કાઢવા ખાતર સખાવત કરનારે જાણ્યે અજાણ્યે આ પ્રકારની ભૂલ કરે છે અને સામો માણુસ જાણે કે પરતંત્ર હોય તેમ વર્તવા લલચાઇ જાય છે, તેમને કહેવામાં આવ્યું છે કે એમાં તમારી મોટી ભૂલ થાય છે, તમારો હક્ક સખાવત કરવામાં સામાની એટલે સખાવત લેનારના સ્વાતંત્ર્યને એક પણ સ્થાનકે ઘાત કરશે તો તે સખાવતના નામને યોગ્ય નહિ રહે, માટે તમારે સખાવત કરવી હોય તો કર્યે જાઓ, પણ સામાના સ્વાતંત્ર્યને કદાપિ પણ હણુશો નહિ. સ્વાતંત્ર્ય હણુવાનો ખ્યાલ સરખો કરશો તો તમે સખાવતને મારી નાખશો અને તમારો ઇરાદો હશે કે નહિ હોય તો પણ તમે પાપના પોટલાં બાંધશો.

બીજી એક વાત છે તે પણ સખાવતના અંગે સમજવા જેવી

છે. દરેક માણસને સ્વમાનનો અને શરમનો ખ્યાલ હોય છે. તેને કોઇપણ પ્રકારે તમે સખાવતથી જાળવી લેજો; એ કાંઇ જેવી તેવી વાત નથી. સખાવતનાં વાજાં, ઢોલ, તાંસાં વગડાવશો નહિ અને સામા માણસને શરમમાં નાખશો નહિ. એમ કરવા જશો તો સખાવતના મૂળમાં આગ ઉઠશે, જેના તાપમાં તમે અને સખાવત લેનાર સળગી ઉઠશો. એટલે સખાવત કરતી વખતે પોતાની ફરજ વિચારી જજો અને સ્વતંત્રતા કે શરમના ખ્યાલને બે ઘડી તદ્દન વિસરી જજો. તમારું દાન મુંજીને કરવાનું ન હોય. તમે સખાવત કરો એ તમારાં હૃદયની વાત છે તે કદિ પણ વિસરશો નહિ. એનાં તે વળી ઢોલ તાંસા હોય અને એ તમને શોભે પણ ખરું ? માટે સામાની શરમને પણ તમારે હણવી નહિ એ ધ્યાનમાં રાખવું અને સખાવતના ઝરાને સુકવશો નહિ. એ જેમ ઉલેચાશે તેમ તમને અધિકાધિક આનંદ આપશે, પણ તમને અહીં સધેએ જે વાર્તા કહી છે તેને કદિ પણ વિસરશો નહિ. એ તમારું આત્મનિષ્ઠપણું અને ધર્મિષ્ઠપણું બતાવે છે, તેના હાર્દમાં સૂક્ષ્મ બોધ છે અને તે બહુ વિચારવા યોગ્ય છે. તમારે જો ખરા ધર્મિષ્ટ થવું હોય, ગણાવું હોય, તો આ રીતે સખાવત કરજો. સખાવતમાં સ્વાતંત્ર્ય નાશ અને ઊઘાડા પાડવાની વૃત્તિ ન જ હોવી જોઇએ.

---

That charity is bad which takes from independence its proper pride, from mendacity its salutary shame.

ROBERT SOUTHEY.

( ૬૯ )

**જે મનુષ્યો પોતાની આબરૂ અને લક્ષ્મીને શિખરે પહોંચ્યા હોય તે કોઈ પણ યુગના મોટામાં મોટા માણસો નથી, પણ જે માણસો પોતાની જાતને સ્વચિત્તના વહાલપણાને બદલે બીજાને ઉત્તેજન આપે છે અને તેમાં પોતાનાં પ્રેમને પાઠવે છે તે ખરેખરા મોટા છે.**

મનુષ્ય બે પ્રકારના હોય છે: એક તો જેઓ પોતાની જાતનું જતન કરે છે તેઓ અને બીજા અન્યને ઉત્તેજન આપનાર હોય છે. આવા પ્રકારના માણસો ખરેખરા મોટા છે અને મોટાઇના નામને યોગ્ય છે. આપણે મોટા નામ કાઢનારને મોટા માનવા લલચાઇ જઇએ છીએ અથવા ઘણા પૈસા જેની પાસે હોય તેને મોટા માનવા લલચાઈ જઇએ છીએ. પણ મોટાઈ પૈસામાં નથી. પણ જે માણસો પોતાની જાતને માટે વિચાર કરવા કરતાં પરને સુખ કેમ થાય તેનો જ મુખ્યત્વે વિચાર કરે અને બીજાની સુખસગવડ જાળવી રાખે તે સાચા મોટા માણસ છે. તેમની નામના ભલે ન થાય, પણ તે સાચા મોટા માણસ છે અને તેના સાનિધ્યમાં રહેવું તેમાં આત્મસંતોષ છે. તેઓને જાળવવા, બીજા માટે વિચાર કરવો તેમાં જ મોટી વાર્તા છે, તે આપણું કર્તવ્ય છે. તેઓની સેવના કરવી એ લહાવો સમજવો. આવા માણસો કોણ છે? જેઓ પોતાના મનના વિચાર બદલે, બીજાનાં જ વિચાર કરે અને બીજાને જ ઉત્તેજિત દશામાં રાખે.

આવાં માણસોને કેમ શોધવા એ મુખ્ય સવાલ છે, પણ તેવાને શોધી કાઢવા મુશ્કેલ નથી. આપણને ખંત અને ચીવટ હોય

તો તેવા માણુસો જરૂર મળે .અને આપણને પ્રસંગ પ્રાપ્ત થાય તો તેના સાચા સાનિધ્યમાં રહેવું તેમાં આપણું કામ થઇ જાય. અને શોધખોળ કરવામાં તો આપણી દાનત સાફ જોઇએ. એટલે વાત એમ છે કે શોધખોળ કરી તેવા માણુસોને શોધી કાઢવા અને તે જ ખરા લાયક મોટા માણુસ છે એમ સમજવું. પ્રથમ તો આવા માણુસો મળવા મુશ્કેલ લાગશે પણ તેવા માણુસો જરૂર મળી આવશે. તેમને શોધી કાઢવામાં બહાદુરી છે પણ એમને શોધવા તો જરૂર પડે. કુશળ માણુસ ધર્મદૃષ્ટિએ આવા ખરા મોટા માણુસોને શોધવા પ્રયત્ન કરે, એમને શોધવામાં મહત્તા છે, એમને ઓળખવા એમાં જીવનસાફલ્ય અને એમની સાનિધ્યમાં જીવન પસાર કરવું એ બુઝ છે; માટે બનતા સુધી આવા ત્યાગીને શોધવા અને એમની નિશ્રામાં જીવન કાઢવું અને જિંદગીનો લહાવો લેવો એ બચ્ચાંનાં ખેલ નથી એટલું યાદ રાખવું. જીવનનો લહાવો લેવો. મનખા દેહને એળે જવા દેવો નહિ. નહિ તો આ ભવ પણ એક ફેરા સમાન થઇ જશે.

---

The greatest men of any age are not those who have reached the pinnacle of fame or fortune, but those whose hearts were emptied of self-love to become of comfort and encouragement for others.

( ૭૦ )

## ઇંદ્રિયોની વૃત્તિનો સ્વભાવ જ એવો છે કે તે કદિ સંતોષ પામે નહિ, જેથી માણુસ નિત્ય દુઃખી અને અસંતોષી રહે છે.

ઇંદ્રિયો કદી તૃપ્ત થતી નથી. આજે ધરાઇને ઊઠયો હોય તો પણુ કાલે સવારે તેના પેટમાં ગલુડિયાં રમતાં જણુાય છે, તે જ પ્રમાણે દશ ઘડિયાળો લીધેલી હોય તો અગીઆરમી લેતાં આંચકો આવતો નથી, અને તે જ પ્રમાણે પૌદ્ગલિક સર્વ બાબતોનું સમજવું. આંખનું જોવાનું કાર્ય, કાનનું સાંભળવાનું કાર્ય કદી પણુ પૂરું થતું નથી, અને નાક તો સુંઘ્યા જ કરે છે. તે જ પ્રમાણે શરીરના સર્વે ભોગો માટે સમજવું. આજે ઇંદ્રિયો ધરાઇને બેઠી છે એમ તેટલા માટે સમજવાનું નથી, એ તો સર્વદા અસંતોષી રહ્યા કરે છે અને ભૂખી થઈ જાય છે. એને કોઈ પણુ કાર્ય પરિપૂર્ણ લાગતું નથી અને તે ઇંદ્રિયો તો પોતાનો બદલો અન્નમાં, શાકમાં, શુશ્રૂષામાં અને પોષણુમાં વધારે ને વધારે લે છે. એટલે એ ઇંદ્રિયો આપણુામાં પહેલા અસંતોષનું ઘર બને છે. આપણુને આજે કદાચ પૌદ્ગલિક ચીજથી આનંદ થાય તે વધારે વખત ટકતો નથી. 'હાશ' કોઈ દિવસ થતી નથી અને ઇંદ્રિયભોગને વધારે ને વધારે પ્રમાણુમાં મેળવવા માણુસ વલખાં માર્યા કરે છે. એને મનુષ્યભવનું દુઃખ કહો કે ગમે તે કહો, પણુ તે સ્વીકારીને જ ચાલવું પડે છે અને એ રીતે આપણો સંસાર વધ્યા કરે છે. ઇંદ્રિયો મનગમતું આપવાથી તૃપ્ત થતી નથી, પણુ દમવાથી તૃપ્ત થાય છે. નહિ તો આપણુા ચાલુ અસંતોષનો આરો આવતો નથી. એ સત્ય આપણે સમજી લેવાની તેટલા માટે જરૂર છે. પોષણુ દમનથી થાય છે એ નવો પણુ લાભકારી સિદ્ધાંત છે તે પ્રથમ સમજવું જોઇએ.

ઇંદ્રિય અજબ વસ્તુ છે એ તો સમજાય તેવી વાત છે. એનાં દુઃખનું કારણ આપણામાં ચાલુ રહે તો અસંતોષ અને પરિણામે થતી દુઃખી અવસ્થા પર આધાર રાખે છે, અને તે છે જ એમ ધારીને આપણે આ લેખની શરૂઆત કરી છે, તો થાય તેટલું તેનું દમન કરો, કારણ કે ઇંદ્રિયપોષણ નકામું છે એમ અનુભવીઓ કહે છે અને આપણે તેનો સ્વીકાર કરવો પડે તેમ છે. જેઓ ઇંદ્રિયની આ અસ્વસ્થ અવસ્થા સમજતા ન હોય તે ગમે તેમ વર્તે, પણ તમારો હૃદયમાં તો ખરો ધર્મ વસ્યો છે એટલે તમે ઇંદ્રિયોને દમશો એવી અમારી ખાતરી છે. તમે એને પંપાળ્યા કરશો ત્યાં સુધી તમારો અસંતોષ અને દુઃખી અવસ્થાનો છેડો નહિ જ આવે એ આર્ય સત્ય છે અને તેના સ્વીકારમાં નિજાનંદ છે. તમે તમારી દિશા બદલો, તેટલા માટે રસ્તો બદલી નાખો અને ઇંદ્રિયોના પોષણને છોડી દો, એમાં જ તમારો સાચો જયજયકાર છે અને ગૌરવ છે. તમે ઇંદ્રિયને પોષો નહિ, પણ દમો એટલે તમારી અભીષ્ટ મનોવાંછના ફળશે, એમાં અમને મુદ્દલ શક નથી અને તમારા અસંતોષ અને દુઃખી અવસ્થાનું અમે જે નિદાન કર્યું છે તે અનુભવને પરિણામે જ થયેલ છે. એટલે તમને ઇંદ્રિય-દમનમાં ખૂબ મજા આવશે. તે વાતને તમે વિચારો એટલી પ્રાર્થના છે અને તે અસ્થાને નહિ થાય તેવી અમારી ખાતરી છે.

---

It is a function of organs that they are never satisfied. People always remain unsatisfied and painful by organs.

( ૭૧ )

**માણસ જ્યારે વૃત્તિનો દાસ બને છે ત્યારે તજ્જન્ય જન્મતાં રાગદ્વેષમાં જકડાય છે, રાગદ્વેષ જ દુઃખમૂલક ભવની લોખંડી બેડીઓ છે.**

વૃત્તિઓ માણસને દાસ બનાવે છે. અમુક વાત ગમે અને અમુક વાત ન ગમે, તે વૃત્તિઓ છે. વૃત્તિ પસંદગી અપસંદગીને જન્મ આપે છે. આ અમુક વસ્તુ ગમે, બીજી વસ્તુઓ ન ગમે, તેનું કારણ, ભાવાભાવનું કારણ અને પસંદગી યા ખોટનું કારણ આ રીતે વૃત્તિઓ જ બને છે. એના પર જેને અંકુશ મૂકતાં આવડે તે આ સંસારને જીતી જાય છે. પછી તેને ભાવ, અભાવ કે પસંદગી, અપસંદગીનો અવકાશ રહેતો નથી. પછી તેને સર્વ વસ્તુઓ પ્રત્યે એકાકાર નિઃસારતાનું રહસ્ય સમજાય છે. એના મનથી સર્વ વસ્તુઓ સરખી લાગે છે અને કોઇ તરફ તેને ભાવ કે અભાવ થતો નથી કે પસંદગી અપસંદગીનો અવકાશ રહેતો નથી. એને મનથી સર્વ વાત સરખી જણાય અને મનુષ્યપ્રેમ તેને પસંદગી, અપસંદગી કરાવતો નથી, માટે વૃત્તિ પર વિજય મેળવવો અતિ જરૂરી છે; એમાં કોઈ પ્રકારની શંકા રહેતી નથી. તેટલા માટે સર્વ મનુષ્યોએ વૃત્તિ પર વિજય મેળવવા પ્રયત્ન કરવો. અમુક વાત ગમે છે અને અમુક વાત ગમતી નથી એવી વૃત્તિ રાખવી ન જોઇએ, અને સર્વ વસ્તુને સરખી ગણી એ ભાવ મનુષ્ય તરફ ફેરવવો જોઇએ. એમાં અમુક મનુષ્ય ગમે, અમુક ન ગમે એમ થવું ન જોઇએ. એ ભાવાભાવ અથવા પસંદગી કે વૈરવૃત્તિનો વિરોધી બને છે, અને એ ભાવ પણ કેળવવો જોઇએ. જો કે એ વૃત્તિને અંકુશમાં લેવી ઘણી મુશ્કેલ છે, પણ મુશ્કેલ માટે જરૂરી છે, કારણ કે સંસારનો નિકાલ વૃત્તિ પરનો અંકુશ છે.

એ સર્વ કારણુ રાગદ્વેષજન્ય છે. એમાં વૃત્તિને દાસ બનાવતાં આવડે તો ભારે કામ થઈ જાય છે, કારણુ કે સંસાર એક ઝાડ જેવો છે અને સંસાર વૃક્ષનાં મૂળ કષાયો છે, કષાય એટલે ક્રોધ, માન, માયા અને લોભ. સંસારવૃક્ષનાં મૂળમાં ડામ લાગે તેટલા માટે તેને કાપી નાખવો જોઇએ, કારણુ કે રાગદ્વેષ એટલે કષાયના અર્થમાં એ શબ્દો વપરાય છે અને કષ એટલે જ સંસાર તેનો જેનાથી આય એટલે લાભ થાય તે કષાયો છે. અને તે સંસાર વૃક્ષના મૂળ છે, એટલે વૃત્તિનો અંકુશ કરવો એટલે રાગદ્વેષ પર વિજય થાય છે. અને પરિણુતિમાં જે સંસારનો રસ પડે છે તે અનોખો છે. તે સંસારને ભારે વધારી મૂકે છે તે પર વિજય મેળવવા માટે રાગ દ્વેષ પર વિજય મેળવવાની જરૂર છે, એ વગર એટલે એવા વિજય વગર સંસાર વધતો જ જાય છે અને આ પ્રાણીને સંસારરૂપ બેડીમાં રાખનાર જો કોઇ વસ્તુ હોય તો આ રાગદ્વેષ જ છે અને રાગદ્વેષને એ ઉત્પન્ન કરનાર છે. રાગદ્વેષ અને ભાવ અને અભાવ અથવા પસંદગી અપસંદગી રાગદ્વેષ ઉપર આધાર રાખે છે અને રાગદ્વેષ બેડીરૂપ છે અને સંસારજન્ય છે એમાં તો કોઇ જાતની શંકાને સ્થાન નથી માટે વૃત્તિજન્ય રાગદ્વેષને છોડો, કારણુ સર્વ વાતનો આધાર રાગદ્વેષ પર છે. તે જેમ સંસારને મુકાવનાર ઔષધ છે, તેમજ સંસારને વધારનાર અને સંસારમાં રાખનાર એ બેડીરૂપ છે. બેડીને તોડવી કે રાખી મૂકાવી એ વૃત્તિ પર આધાર રાખે છે.

---

When a man becomes servant of likes and dislikes, he is involved in fascinations and dislikes. These fascinations and dislikes are like a brake of Bhavas and Samsara.

## (૭૨)

## દુઃખ એ મનુષ્યને શિખવનાર મોટો ધર્મગુરુ છે. તેની નીચે આત્માઓ વિકસે છે.

દુનિયાના સર્વ માણુસો સુખને ચાહે છે અને તે મેળવવા માટે પ્રયત્ન કરે છે. તે માટે શિક્ષણુની જરૂરિયાત રહેતી નથી. બીજા માણુસો તમારી સાથે કેવી રીતે વર્તે છે તે સુખપ્રાપ્તિનો એક નિર્ણિત ઉપાય છે અને તેને સમજવામાં ઘણાં મનુષ્યો નિષ્ફળ જાય છે. અજંપાનું કારણુ બને છે. અજંપાને માણુસ દુઃખ માને છે, પણુ તે વાસ્તવિક રીતે દુઃખનું કારણુ સમજતો નથી અને નકામાં વૈરવિરોધ વધાર્યા કરે છે. એમ જોતાં જણુાશે કે દુઃખ એ વસ્તુતઃ દુઃખ નથી, પણુ આભાસ માત્ર છે. દુઃખમાં વધારે દીન-ગરીબ તરફ નજર થાય છે અને તમે જો વાસ્તવિક દુઃખની તારવણી કરવા માગતા હો તો તમારાથી વધારે દુઃખી માણુસને જોશો અને તેનું દુઃખ સમજશો તો તમને તમારું દુઃખ સહન કરવું જરા પણુ મુશ્કેલ લાગશે નહિ. તેટલા જ માટે દુઃખમાં વધારે દુઃખી માણુસને જોવાનું કહેવામાં આવ્યું છે. એ રહસ્ય જે સમજે તેને વાસ્તવિક રીતે દુઃખ ખમવું મુશ્કેલ લાગતું નથી. એ દુઃખને આનંદથી ભોગવી લે છે અને સર્વથા વધારે લાભ દુઃખ સહન કરનારને એ થાય છે કે એનો આત્મા વધારે વિકાસ પામે છે; એટલે દુઃખમાં વધારે દુઃખીને દેખવા, આંધળાને જોવું, ભાઇ વગરના, બહેન વગરના, ધન વગરના માણુસને જોવા, તંદુરસ્તી બાબતમાં નબળા ઉપર નજર રાખવી. એનો પરિણુામે આત્મવિકાસ વધી જશે એ મહાન લાભ છે અને દુઃખ ઊડીને ચોંટી જતું નથી એ વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે અને ઘણી ગંભીર રીતે વિચાર કરવા લાયક છે. એમાં જે પાછા પડે છે તે દુઃખ સહન કરી શકતા નથી અને નકામી રીતે આત્માનો વિકાસ અટકાવી દે છે.

તેને આ ગ્રંથકાર કહે છે કે તમારી આત્માની પ્રગતિ પણ આ દુ:ખ સહન કરવાની તમારી ટેવ પર આધાર રાખે છે, માટે તમારે તમારા આત્માને ઓળખવો અને તેની પ્રગતિ રુંધાય તેવું કામ કરવું નહિ. અને દુઃખ સહન કરવું એ તો આત્મિક ધર્મ છે. અને તે તમે સારી રીતે જાણો છો તેથી આત્મવિકાસ માટે પણ તમારે દુઃખ સહન કરવું જોઇએ. એમાં કોઇ પ્રકારનો વિસંવાદ નથી, તેથી આત્મવિકાસને સાધ્ય ગણો અને જે રીતે તમારું વર્ચસ તમારા આત્માને લાભકારી જણાતું હોય તે આદરો, દુ:ખને સમતાથી સહન કરવું એ આત્મવિકાસની એક ચીજ છે, જરૂરી છે અને તમારા આત્મવિકાસને લાભ કરનારી બાબત છે, માટે તેને તમે આદરો અને જૂઠી આળપંપાળ છોડી દો, અને નાની મોટી બાબતમાં કકળાટ ન કરો, દુ:ખ સહન કરતી વખતે તો આકરું લાગે છે, પણ આત્મવિકાસને અંગે તે જરૂરી છે અને તમને તો સુખ અને દુ:ખ બન્નેનો અનુભવ છે. પણ તમારું હિત દુ:ખનો પક્ષ કરવામાં જ છે એમ આ ગ્રંથકાર કહે છે અને તમે તેને સમજવા પ્રયત્ન કરો છો એ તમારું લક્ષ્ય છે અને તેને સમજીને અનુસરો તેમાં તમારું ભૂષણ છે.

ધર્મી માણસ દુ:ખથી ગભરાય નહિ, તેમજ નાસી છૂટવાનો પ્રયત્ન કરે નહિ, એ પ્રયત્ન નકામો હોય. તેને લાભ ન જ કરે. માટે જે આવી પડે તેને સહન કરવું તેમાં જ તમારી ભવ્યતા છે. એમ કરવાથી તમને દુ:ખની માત્રા લાગશે નહિ અને તમે દુ:ખને પણ સુખ તરીકે ભોગવી શકશો, માટે કેડ બાંધો અને આવી પડે તેને સહન કરવા તૈયાર થાઓ. અંતે તમારો વિજય છે એ ખાતરીથી માનજો.

---

Pain is the great teacher of mankind. Beneath it souls develop.

[૭૪]

**જો બરાબર તુલના કરવામાં આવે તો છેક છેલ્લી ઘડી સુધી મુલતવી રાખેલ સખાવત એ પોતા સિવાય અન્યના પૈસાની સખાવત છે એમ સમજવું.**

આવી રીતે સખાવતમાં પૈસા નાખવાં તે બીનઉપયોગી છે, કારણ કે પોતાને હાથે વાવેલ હોય તેનો ભોક્તા તો માણસ પોતે થાય છે, પણ આ તો પુત્ર પુત્રી સગાંસ્નેહીઓને આપી જવાના પૈસા તે માણસ વસિયતથી સખાવતમાં વાપરે છે. આ માણસનો ધન પ્રત્યે અધ્યાસ એટલો બધો છે કે એને ખબર પડતી નથી. તે પોતાના પૈસાની સખાવત કરે છે કે પારકા પૈસાની. સખાવત વગર માણસ ગુજરી જાય તો અને જો તે મનુષ્ય વસીઅતનામું કર્યા વગર ગુજરી જાય તો જેને ઇન્ટેસ્ટેટમાં પૈસા જવાના હોય તે માણસના પૈસા તે સખાવતમાં વાપરે છે એમ સમજવું. ત્યાં ઇન્ડીઅન-સકસેશન એક્ટ પ્રમાણે વડીલોપાર્જિત પૈસા અને સ્વોપાર્જિત પૈસાનો તફાવત માનવામાં આવતો નથી, એટલે માણસ વીલ વગર જો મરી જાય તો જેને પૈસા જવાના હોય તેના તે વપરાય છે અને વીલ કરે તો વસિઅત પ્રમાણે તે પારકાના પૈસાની સખાવત કરે છે. પારકાને આપવાના પૈસાનું વસિઅતનામું આ રીતે હિંદુ સિવાયના બીજા માણસો તિજોરીમાં મૂકી રાખે છે. તે પ્રમાણે પૈસા જેને જવાના હોય તે સિવાયના સર્વ વસિઅતનામા વગરના વારસદારો કહેવાય છે. તેને મળવાના પૈસા આ રીતે છેક છેલ્લી ઘડી સુધી સખાવતને મુલતવી રાખનાર વાપરે છે. એ રીતે એ સખાવત પારકે પૈસે થઇ કહેવાય. એટલે બળતું ઘર કૃષ્ણાર્પણ થાય છે એમ સમજાય છે.

અને પારકાને આપવા માટે ગોઠવણ કરનાર પણ જો સખાવતના

કામમાં તે પૈસાની રકમ માટે વસિઅતનામાથી તે રકમ મૂકી જાય તો પણ એ બીજા માણસના પૈસા થયા. એટલે વીલ કરનાર અથવા ન કરનાર પારકાના પૈસે ઉદાર બને છે; અને તેટલા જ માટે છાપાંઓમાં વીલ વગર જનારની રકમ એ પારકી થાપણ જ તરીકે આવે છે. એટલે અમુક વર્ષમાં પૈસા ડેથડ્યુટીના આવે તે સર્વ પારકી થાપણ છે એમ સમજવું. પોતે ન વાપર્યા તે પૈસાને અંગે વસિયતનામું થાય અને એ સખાવત થાય તેની પારકાના પૈસામાં ગણના થાય છે એ વાતમાં વિચાર કરવા જેવું તો ઘણું લાગે છે, પણ તે જુદી જ વાત છે. તમે પારકાના પૈસાની એટલે પારકાને આપવાના પૈસાની સખાવત ન જ કરી શકો એવી બેકનની સૂચના છે. એટલે તમારા હાથે સારું ટ્રસ્ટ કરો કે બીજી રીતે તમારી હયાતિમાં પૈસાનો સદ્વ્યય કરો, છેક છેલ્લી ઘડી સુધી એ વાત મુલતવી રાખો મા એવો એનો કહેવાનો આશય છે અને 'હાથે તે સાથે' જ છે. બળતાં ઘરને કૃષ્ણાર્પણ કરનાર આ દુનિયામાં જોવામાં આવે છે, પણ તે પોતે ન જ વાપરી શકે. પણ બળતા ઘરનો લેવાય તેટલો લાભ લીધો, અને આ ભવમાં હયાતિમાં ન લાભ લીધો એવી વાત થશે; માટે છેલ્લી ઘડી સુધી સખાવતને મુલતવી ન રાખો. કરવું હોય તે હમણા કરો અને જેમ બને તેમ જલદી સખાવત કરો એમ કહેવાનો આશય છે. ધર્મિષ્ટ માણસ છેક છેલ્લી ઘડી સુધી સખાવતને મુલતવી ન રાખે.

---

He that defers his charity until he is dead is, if a man weighs it rightly, rather liberal of another man's goods than his own —Bacon

(७४)

**सेतानने हंमेशा परना सुधारा पसंद न पडे, तेमज तेथी ते गभराय अने तेने तो परनी सखावत अने धीरजनो भय थया करे.**

संत अने सेतान वच्चे जे अनेक तफावत छे तेमांना अत्र त्रण तफावतो पर खास ध्यान खेंचवामां आव्युं छे. तेमां बे प्रकारनी वात छे के केटलीक चीज तेने गमती होय छे, अने केटलीक चीज तेने अणगमती होय छे. सेतानने जे गमे ते सारा माणुसने न गमे एटले संतपुरुषने ए वात गमे तेवी होती नथी. संतथी सेतान ऊलटा प्रकारनो होय छे ते आटला उपरथी समजाय छे. एटले संतपुरुषने जे गमे ते सेतान (हलकी वृत्तिवाळा) माणुसने न गमे. त्यारे एवी कई चीजो छे के जे सेतानने गमे अने तेनाथी ऊलटी कई चीजो छे जे सेतानने न गमे अने संतपुरुषने गमे. तमे अवलोकन करीने तपास करशो तो जणाशे के सेतान हंमेशा सुधारानी विरुद्ध होय छे, ए सुधारानी समीक्षा करतो नथी, एने सुधारा तरफ विराग होय छे अने एनी आखी मनोदशा सुधारानी तरफेणमां होती नथी. ए सुधाराने तोडी पाडे, ए सुधारानी विरुद्ध विचारो बतावे, अने जे रीते बने ते रीते ए सुधाराने वगोवे. एवा पुरुषो सेताननी असर नीचे आवे छे एम तमारे मानी लेवुं. खूब विचार करीने करवा धारेला सुधारामां पण तेनी निंदा अने खांपणशोधन होय त्यारे समजवुं के सदरहु सुधारो योग्य छे अने तेनी स्खलना करनार सेताननी असर तळे छे. आ सेतानना प्रथम लक्षण पर वात थई. एमां चालु जमानाने योग्य सुधारा पूरती वात थई अने एवा

સુધારા તરફ અણુગમો બતાવનાર સેતાનની અસર નીચે છે એમ આપણી તારવણી થઇ.

તેવી જ રીતે સેતાનને સખાવત અને ધીરજ ગમતા નથી. સખાવત એટલે બીજાને લાભ થાય તેવું કામ અને ધીરજ તે શાંતિ, આત્માને પોતાને લાભ કરનાર કામ. આવું પરને અને સ્વને લાભ કરનાર કામ સખાવત અને ધીરજનું છે, તેને કાંઈ ગમતું નથી. એ સખાવતી કામ તરફ તથા ધીરજ તરફ પોતાની નાપસંદગી બતાવે છે. સેતાનને એ સખાવતી કામો સામે વિરોધ છે, અને સખાવતરૂપે કરેલ ધર્માદો અને તે માટે કરેલ ટ્રસ્ટડીડ કે વસીયતનામું ગમતાં નથી અને તે 'ધીરજના ફળને કદી મીઠાં' માનતો નથી. તે રીતે સખાવત અથવા ધીરજથી જે વિરુદ્ધ છે તે સેતાનની અસર તળે અથવા સેતાની પુરુષ છે એમ સમજવું. સેતાનને સુધારાનું કોઇ કામ ગમતું નથી તેમજ સખાવતના કામ તરફ તે અણુગમો બતાવે છે, એટલે સારા કામ એને ગમતાં નથી અને ખરાબ કામને એ પસંદ કરનાર છે એવો નિષ્કર્ષ નીકળી આવે છે. આમાં ધર્મપ્રિય મનુષ્યે સંતને અનુસરવો કે તેના વિરોધી સેતાનને અનુસરવો તે વિચાર કરીને જોવા યોગ્ય છે. અમારી સલાહ તો એ છે કે સંતપુરુષને અનુસરાય તેટલું અનુસરો, તેને ગમે તે કરો અને તે દ્વારા તમારી ધર્મપ્રિયતા બતાવી આપો. તમને સેતાન ધર્મિષ્ટ બનાવી ન શકે એ તો તમે જાણો છો, તો પછી તમારી ગણના અધર્મપ્રિયમાં થશે અને તમને સેતાનને અનુસરનાર ગણવામાં આવશે, તમે એવું ન જ ઇચ્છો. ધર્મપ્રિયતા સંતને અનુસરવામાં છે.

---

The devil loves nothing better than the intolerance of reforms and dreads nothing so much as their charity and patience J. R. Lowecll

## ( ૭૫ )

## પ્રેમાળ શબ્દો, સહાનુભૂતિપૂર્વકનું ધ્યાન અને માણસની કોમળતા પર આઘાત કરે તેવા પ્રસંગો સામે સાવધાની— આમાં પાઈનો ખર્ચ નથી, પણ એનાં મૂલ્ય અણમોલ છે.

જીભને મીઠી રાખવામાં પાઈનો ખરચ નથી. સાકરવાળી જીભ ગમે તેવા માણસને વશ કરે છે. વેપાર કરવો તો ચીની સાકરનો જ કરવો, એળિયાનો વેપાર તો ગમાર કે અક્કલહીણુ માણસો કરે. અને અહીં રહીને કેટલું રહેવું છે? એમાં વળી કડવી જીભ વાપરીને વેર વસાવવાં બોજે પણ ખરા? અને મીઠું બોલવામાં જાય શું? એકની એક સ્ત્રીને 'બા' કે 'મા' કહી શકાય અને બાપની બૈરી પણ કહી શકાય અને એ વાત ખોટી નથી, પોતાની સગી મા તે પોતાના સગા બાપની બૈરી થાય જ. પણ બાને બાપની બૈરી કહે ત્યારે ખબર પડે કે એમ બોલવામાં તથ્યાંશ હોવા છતાં વિવેક નથી, વ્યવહાર નથી, મર્યાદા નથી, આવડત નથી, માનસુવિધાનો અભ્યાસ નથી, એટલે સત્ય બોલવું જેટલું જરૂરી છે, તેટલું જ પ્રિય બોલવું જરૂરી છે. દુનિયાદારીના કામમાં પ્રેમાળ શબ્દો બોલનાર કામ કાઢી લે છે, સામાને પોતાનો બનાવી શકે છે અને પોતાને માટે સારો મત ઉત્પન્ન કરી શકે છે અને પ્રેમાળ શબ્દ બોલવામાં તસ્દી નથી, તકલીફ નથી, પ્રયાસ નથી, પાઈનો ખરચ નથી અને ગોઠવણ કરવી પડતી નથી. એનાં મૂલ્ય અમૂલ્ય છે અને જીવનપંથને સરળ કરનાર અનુપમ માત્રા છે.

અને બોલતાં ચાલતાં કે વાત કરતાં સામા ઉપર પૂરતું ધ્યાન છે, તેની વાત ઉપર સહાનુભૂતિ છે, તેની માગણી માટે બનતું કરવાની તમન્ના છે અને બનતું કરી છૂટવાની પોતાની ફરજ છે, એમ બતાવવું અને સામાના મન પર ઠસાવવું. એ બાપડો કેટલું ગોખી

ગોખીને તમારી પાસે રાવ ખાવા કે ભલામણનો પત્ર લેવા કે કાંઇ કામ કરાવવા આવ્યો હોય તેના તરફ તોછડાઈ બતાવવી, તેને રોફ બતાવવો, પોતે ઘણા વ્યવસાયી છે એમ બતાવવા ધાંધલ કરો કે પોતાને તો આવા સેંકડો લફરાં લાગેલાં છે એમ બતાવો જેથી એને કેવો અને કેટલો આઘાત લાગે તેની કલ્પના કરો છો ? કેટલીકવાર તો દૂર દૂરથી એ તમને મળવા આવેલ હોય, તમે એનું કામ જરૂર કરી આપશો એવી આશાભેર એ તમારી ફરતી ફેરકુદડી ખાતો હોય, તમે ક્યારે ન્હાઓ છો અને ક્યારે ફુરસદમાં હો, તેની તપાસ કરીને આવ્યો હોય, અને તમે એને આદર પણ ન આપો, ભભકામાં રોફ બતાવો અને જાણે તમે કોઇ જુદી જ દુનિયામાં હો—આવો દેખાવ, આવો દમામ, આવો રોફ કદી ન કેરતાં બને તેટલું કામ કરી આપજો, તેને ધીરજ આપજો, તેના કામ તરફ લાગણી દાખવજો અને જીવનમાં આવાં કામો જ સાથે લઇ જવાનાં છે એટલું અવધારજો.

અને સામાને ઘા વાગે એવું કદી બોલતા કે વર્તતા નહિ. હવે જોયા તમારા બાપદાદા ! હજુ તો દીકરીના લોહીના પૈસા ખાઈ ગયા છો અને ગામનાં જમણોમાંથી ગોળપાપડી ચોરી લાવ્યા છો તેની ચિકાશ તો ધૂઓ ! અથવા હરામજાદા, મૂરખા, ગદ્ધા, મીઠા વગરના, બેવકૂફ—આવા આવા શબ્દભંડોળ કાઢતા નહિ. શબ્દનાં બાણ આકરાં વાગે છે, હાથ નીચેનો ઓશિયાળો માણસ કદાચ ખમી પણ ખાય, પણ એના હૃદયમાં આઘાત પડે, એ નરી હિંસા છે, એ કદી ભૂલો નહિં. અને તમને એવા આઘાતો કરવાનો શો હક્ક છે ? તમે શેઠ હો કે અમલદાર હો, સત્તાધિકારી હો કે પ્રમુખ હો, ઉપરી હો કે ગૃહપતિ હો—સામાને આઘાત લાગે તેવું તમારાથી બોલાય નહિં, વર્તાય નહિં.

આ ત્રણે બાબતો ચીવટ રાખવાથી સુધરે, ધ્યાનમાં રાખવાથી

પલટો લે અને પ્રેમની કલ્પના અને જીવનની મર્યાદા વિચારવાથી અમલમાં આવે. એના ઉપયોગમાં એક પાઇનો ખર્ચ નથી, એનાં વ્યવહારમાં મહેનત નથી, એના અમલમાં તકલીફ નથી. આવી રીતે વગર પ્રયાસે મળતું ઉચ્ચ પ્રાગતિક જીવન કરવાનો નિશ્ચય કરી લો અને તમે ઉચ્ચ આદર્શ રાખશો એટલે તમારી આસપાસનું વાતાવરણ પણ પલટાઇ જશે અને તમે અસલ ખાનદાન ઉચ્ચગ્રાહી ચારિત્રશીલ માણસ છો એવી તમારી છાપ પડી જશે. તમને અંતરનો આનંદ થશે. અંતે ચાલ્યા જવાનું તો છે જ, બધું મૂકીને જવાનું છે, તો આ વગર ખર્ચની માણસાઇ મોટાઇનો લહાવો લો અને જીવનને ધર્મમય, આનંદમય, પરોપકારી, ઉપયોગી અને આદર્શવાદી બનાવો. આવા વગર ખરચના ધર્મને જીવવા પ્રયત્ન કરશો એ સાચું ધર્મ કૌશલ્ય છે અને અલ્પ પ્રયાસે સાધ્ય છે.

---

Kindly words, sympathising attentions, watchfulness against wounding men's sensitiveness —these cost very little, but they are priceless in their value.

H. W. ROBERTSON.

( ૭૬ )

**લબલબ કરતી જીભે અને કવખતના ઉત્સાહે ધર્મને જેટલું નુકસાન કર્યું છે અને સત્યને વિકૃતરૂપે જેટલું બતાવ્યું છે તેટલું કોઇ પણ વસ્તુએ કર્યું નથી.**

ધર્મની બાબતમાં ઉત્સાહની જરૂર છે એની ના નથી, પણ તે વખતસરનો હોવો ઘટે. ધર્મ એ તો મહાન ચીજ છે, એ માટે ઉત્સાહ જરૂરી છે. પણ તે માટે વખત શોધવો જોઇએ. કવખતે ઉત્સાહ બતાવવામાં આવે તો વાત વટકી પડે છે અને મારી જાય છે. તમે ધર્મની બાબતમાં ખાસ ધ્યાન રાખીને જોશો તો તમને માલૂમ પડશે કે એમાં કવખતનો ઉત્સાહ નકામો નીવડે છે. વખત જ્યારે થયો હોય ત્યારની વાત જૂદી છે. તે વખતે જે ગાણું ગાવામાં આવે અથવા ધર્મની વાતો કરવામાં આવે તો યોગ્ય થઈ પડે છે અને સામા ઉપર તેની અસર નીપજાવી શકાય છે. વખતે વાત શોભે અથવા મારી ન જાય અને ધર્મ શાંતિનું વાતાવરણ ફેલાવનાર તત્વ હોવાથી તે સહેજસાજમાં મળી જાય તેવી ચીજ નથી. આ બે બાબત બરાબર યાદ રાખવા જેવી છે, તેમાં જે ગફલત કરે છે તે જરૂર ખત્તા ખાય છે. આપણો તો અનુભવ છે કે ધર્મનું આખ્યાન ચાલતું હોય, સ્મશાનમાં અને રોગીને જે બુદ્ધિ થાય તે જો કાયમ રહે તો સર્વ પ્રાણી બંધનથી જરૂર મૂકાઇ જાય અથવા કોણ બંધનથી મૂકાય તેવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તે બતાવે છે કે સર્વ બંધનથી તો જરૂર મુકાય પણ એમાં વાંધો એક છે કે ધર્માખ્યાનની તક–પ્રસંગ જરૂર શોધવી ઘટે. એ જેમ તેમ ચાલે નહિ અને બધી વાત ચાલી જશે એમ ધારી લેવા જેવું પણ નથી.

અને ધર્માખ્યાન આક્ષેપક શૈલીએ ન કરવું ઘટે, એ તો શાંતિની

સરિતા છે એટલે વખતની પસંદગી કરવામાં આવે અને આક્ષેપક શૈલી મૂકી દેવામાં આવે તો ધર્માખ્યાનની જરૂર સારી અસર થાય.

આની સાથે સત્યને લેવામાં આવ્યું છે અને બતાવ્યું છે કે ધર્માખ્યાનનો વખત પસંદ કરવો ઘટે અને તે લબ લબ ન હોવું ઘટે તેમ સત્યનો પણ વખત હોવો ઘટે અને તે ધમાધમિયું અથવા અવાજ કરનારું ન હોવું ઘટે. આ બાબતમાં બેદરકાર રહેવાથી વાત મારી જાય છે અને સત્યને નુકસાન પહોંચે છે. એટલે સાચી વાત કહેવી હોય તો તેનો અવસર બરાબર પસંદ કરવો ઘટે અને ભાષા મધુરી હોવી ઘટે. આ બંને બાબતમાં જેઓ બેદરકાર રહે છે તેઓ સત્યને પણ ધર્માખ્યાનની જેમ ફાંસીએ ચઢાવે છે અને વાત એટલે સુધી વધી જાય છે કે વાત મારી જાય છે અને સત્ય પણ અસત્યનું બીજ થઈ જાય છે. અથવા ટૂંકમાં કહેતા વાત પોતે મારી જાય છે. એટલા માટે સાચી વાતને કહેવાનો પ્રસંગ શોધવા જેવો છે અને તેને પણ મધુર ભાષાથી જ્યારે અલંકૃત કરવામાં આવેલ હોય ત્યારે તે જામે છે અને ધારી અસર ઉપજાવે છે. કવખતે તે પણ શોભતું નથી. ધર્મી માણસ આ રીતે ધર્માખ્યાનનો વખત પસંદ કરે અને તે પણ મધુરી ભાષામાં હોવો જોઈએ, એ પૂરતી ચીવટનું પરિણામ છે. ધર્માખ્યાન અને સત્યને આ રીતે વખતસરની અને મધુરી ભાષામાં જોડવાની વાત ખૂબ વિચારણા માગે છે.

---

Nothing has wrought more prejudice to religion or brought more disparagement upon truth than boisterous and unreasonable zeal.

—Barrow

(૭૭)

**જો આપણને સારાપણામાં વિશ્વાસ હશે તો આપણે સારો વિચાર કરશું અને સારું કરશું. જ્યારે વિશ્વાસ આવે છે ત્યારે ભય ઊઠી જાય છે.**

જૈન ધર્મમાં આસ્થાને મજબૂત સ્થાન છે–તે એટલે સુધી છે કે ઉમાસ્વાતિ મહારાજ કહે છે તે પ્રમાણે **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** તેમાં તેમણે દર્શનને જ્ઞાનથી પણ વધારે પ્રાધાન્ય આપ્યું છે અને મૂળ સૂત્રોમાં જોશો તો તેમાં દર્શનને જ જ્ઞાનથી વધારે પ્રાધાન્ય આપ્યું છે, એટલે દર્શનમાં તમને શ્રદ્ધા હોવી જોઇએ. અને તે ખાસ જરૂરી છે. તમે જ્ઞાન વગર ચલાવી શકો. જો કે જ્ઞાનને પણ એટલું જ અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે, પણ *તમે દર્શનનો એકડો કાઢી–ભૂંસી નાંખી શકો નહિ એટલે આસ્થાને* ઘણું મહત્ત્વનું સ્થાન આપી તેનું મૂલ્ય વધારવામાં આવ્યું છે. જો તમે આસ્થા રાખો તો પર્વતને પણ ડોલાવી શકો અને મહામુશ્કેલ લાગતા કામને પણ કરી શકો. કેટલાક લોક શ્રદ્ધા અને અંધશ્રદ્ધામાં તફાવત પાડે છે તે ખોટો છે, શ્રદ્ધામાં અંધતાનો અંશ આવી જાય છે. **पुरुषविश्वासे वचनविश्वासः** એટલે તમે જે પુરુષના અનુયાયી હોવાનો દાવો કરો તેની આપ્તતાની પરીક્ષા કરો તેમાં કાંઇ વાંધો નથી, પણ એક વાર વિશ્વાસ આવ્યો એટલે બેસી જાઓ અને તે લોકાલોકના ભાવ કરો–તે સ્વીકારો. એમાં તમે કાંઈ ખોટું કરતા નથી. એટલે આસ્થા–શ્રદ્ધા હોવી જ જોઇએ અને તેને અપનાવવાનો આપણે ધર્મ સ્વીકારવો જ જોઇએ એટલે સર્વ વાતમાં આસ્થા મોટી ચીજ છે. એ વગર આપણું ગાડું ચાલે તેમ નથી જ.

આપ્ત પુરુષ નિઃસંગી, અમાયી, અલોભી, હોવો જોઇએ,

એનામાં કષાયો ન હોવા જોઇએ, એ અક્રોધી, અમાની હોવો જોઇએ અને ખાસ કરીને એ નિઃસ્વાર્થી હોવો જોઇએ. એ સર્વ તમારા પ્રણેતા આપ્ત પુરુષમાં છે કે નહિ તેની ખાતરી કરો અને પછી લોકાલોકના જે તત્ત્વો એ કહે તે સ્વીકારો, એમાં જ્યાં તમારી બુદ્ધિ અટકે ત્યાં શ્રદ્ધાને સ્થાન લેવા દો અને તમે એક સારાપણાનો જ દાખલો લો. તમને તે પર શ્રદ્ધા હશે તો તમે સારો વિચાર કરશો અને તમારી આવડત અને શક્તિ પ્રમાણે સારું જ કરશો. એમ સારા-પણા ઉપરથી કોઇ પણ સદ્ગુણ ઉપર જઈ શકશો અને 'આપ ભલા તો જગ ભલા' એ કહેવતનો તમને સાક્ષાત્કાર થશે. માટે સારા-પણામાં પણ તમારી શ્રદ્ધા હોવી જોઇએ અને તમને ભય છે કે સારા થવામાં તો સામો ગેરલાભ લઇ લે, એ તમારી વાત ખોટી છે. શ્રદ્ધા હોય તો ભય ઊડી જાય છે, માટે શ્રદ્ધાને કાયમ કરો અને તેનો બને તેટલો લાભ લો. ધર્મિષ્ઠ માણસને શ્રદ્ધા એ પ્રથમ અંગ અને ભારે અગત્ય ધરાવતું અંગ છે અને તમે ધર્મિષ્ઠ છો એમ ધારીને આ શ્રદ્ધાનો બોધપાઠ તમને આપવામાં આવ્યો છે. તીર્થંકર કે આચાર્યે તેને મહત્ત્વ આપ્યું છે, તેમને કોઇ પ્રકારનો સ્વાર્થ નહોતો અને તેમના વચન સદીઓથી ઉપકારક નીવડ્યા છે. આ સર્વ વાતનું ધ્યાન રાખી તમે શ્રદ્ધાળુ થાઓ અને વક્તાના ગુણદોષ તપાસો. આ અગત્યના સૂત્ર પર ખૂબ વિચાર કરો એ ઇચ્છવા યોગ્ય છે.

---

If we have faith in goodness, we should think and do good. When faith comes ~~in,~~ fear flees.

(૭૮)

સારાં માણુસો પોતાના આનંદની બાબતના શેઠ
હોય છે, ખરાબ માણુસો તેના ગુલામ હોય છે.

માણુસોના આનંદનો વિષય જુદી જુદી જાતનો હોય છે. કોઇને પાના-ગંજીપો રમવામાં આનંદ આવે છે, કોઈને 'સાતટાપળીઆ દા'માં આનંદ આવે છે, કોઇને વિષયકષાય મંદતામાં આનંદ આવે છે, કોઇને ક્રોધ કરવામાં મજા આવે છે, કોઇને વ્યસનને તૃપ્ત કરવામાં મજા આવે છે, કોઇને હિંસામાં મજા આવે છે, કોઇને અસત્ય બોલવામાં મોજ છે, કોઇને ચોરીમાં આનંદ આવે છે, કોઇને પરસ્ત્રી સાથે આનંદ આવે છે, કોઇને પરિગ્રહમાં-પૌદ્‌ગલિક બાબતમાં આનંદ આવે છે, કોઇને રાગદ્વેષ કરવામાં મોજ આવે છે, કોઇને કલહ કરવામાં મોજ આવે છે, કોઇને નિંદા કરવાનો નાદ લાગે છે, કોઇને રતિ અરતિમાં મોજ પડે છે, કોઇને માયામૃષાવાદમાં મજા આવે છે, કોઈને મિથ્યાત્વમાં મોજ પડે છે, કોઇને વિષયસેવનમાં તો કોઇને ઇંદ્રિયને તૃપ્ત કરવામાં મજા આવે છે, કોઇને ખાવામાં મોજ આવે છે, કોઇને પીવામાં મોજ પડે છે, કોઇને લૂંટવામાં મજા આવે છે, કોઇને પરધન અપહરવામાં મજા આવે છે અને કોઇને પારકા અવર્ણવાદ બોલવામાં મોજ પડે છે. આવી મનુષ્યની વિચિત્રતાઓ વર્તે છે, એમાં જે સારા માણુસો હોય છે તે પોતાના મોજના વિષયની ઉપર સામ્રાજ્ય ચલાવે છે. જાણે પોતે ધણીરણી હોય તેમ મોજને પોતાના પગથી દાબે છે અને શેઠ તરીકે મોજના વિષય તરફ પોતાનો હુકમ ચલાવે છે. એને મોતની બીક લાગતી નથી, એને પરકાયપ્રવેશનો છંદ લાગે છે અને એ સર્વ વાતને પોતાના પગ નીચે દાબે છે. એનો મોજ સાફ, સારો અને સમજાય તેવા સારા વિષયોમાં જ હોય છે, એ જરા પણ ડર્યા વગર મોજના સારા વિષયો પર

સામ્રાજ્ય કરે છે અને ઘોડાને એડી મારવા પેઠે એ આગળ ધપાવ્યે જ જાય છે. એને કોઇની શરમ આવતી નથી અને એ કોઇનો લીધો લેવાતો નથી. એને આનંદ વિષયોમાં મજા આવે છે અને તે પર સામ્રાજ્ય ચલાવવામાં મોજ આવે છે.

પણ જે માણસ ખરાબ હોય છે તે એનાથી ઊલટા જ પ્રકારનો હોય છે, એ આનંદના વિષયોનો ગુલામ–સેવક બની જાય છે અને તેને શોધ્યા કરે છે અને શોધની નિષ્ફળતામાં એ પોતાની જાતને, આનંદ વિષયોને લજવે છે, પણ એમાં અજ્ઞેય સત્તા કેટલું અને ક્યાં કામ કરે છે તેની એ તુલના કરતો નથી. અને સાધનમાં ક્યાં ખામી રહી છે તે શોધતો નથી. આ તેની મનોદશા તેને વિષયનું દાસત્વ સ્વીકારાવે છે અને ગમે તેવાં નીચ, હલકાં, અદ્દલ કામ તેની પાસે કરાવે છે અને એની વિષયોની ઝંખના જોઇ હોય તો તેને માટે દયા આવે તેવી સ્થિતિ થાય છે. એ અતિ અધમ મનોદશાને વશ થતો જોવામાં આવે છે અને એની ઝંખના જોઇ હોય તો શેઠની અવકૃપાને પાત્ર થાય છે. વિજયની ઝંખનામાં અનેક પ્રકારના દુર્ધ્યાનમાં એ પડી જાય છે અને ગુલામી મનોદશાનો વધારે ભોગ બને છે. એને મળે નહિ કાંઇ તો પણ એ ઝંખના કર્યા કરે છે અને હેરાન-પરેશાન થવામાં જીવન નિર્ગમન કરી અંતે ચાલ્યો જાય છે. સમજુ અને ધાર્મિક વૃત્તિવાળા માણસો તેટલા માટે વિષયના ગુલામ ન થતા તે પર સામ્રાજ્ય ચલાવે છે.

---

Good men are masters of their pleasures but bad men are their slaves. Maganbhai

( ૭૯ )

**અસત્યને તો પગ તળે દાબી દેવું જોઇએ અથવા તેની દીવેટ સંકેલી લેવી જોઇએ અને મારા મત પ્રમાણે તો મારી બાજુમાં જ્યાં પણ અસત્યની ગંધ સરખી આવતી હોય ત્યાં પીચકારીથી એ જગ્યા સાફ કરવી જોઇએ.**

પગ તળે દાબવાની વસ્તુ કઇ? જે વસ્તુને આ દુનિયામાં જીવવાનો હક ન હોય તે. અથવા સંકોરી લેવા જેવી ચીજ કઈ? અસત્ય. અસત્ય એટલી ખરાબ વસ્તુ છે કે એને પગ નીચે રગદોળવું જોઇએ અને જો તેની દીવેટ ચાલતી હોય તો એને ઓલવી નાખવી જોઇએ. પણ અસત્યને ચલાવવાની બુદ્ધિ ન રાખવી. અસત્ય–જુઠાણું એ ખરાબ વસ્તુ છે અને તેને સાફ કરવા માટે જરાએ સંકોચ ન રાખવો. આપણામાં વસુરાજાની કથા છે કે–એણે **અજ** એટલે ન ઊગે તેવું ધાન્ય, ત્રણ વર્ષનું જૂનું ધાન્ય, એ અર્થ કરવાની જરૂર હતી તેને બદલે તેણે એનો અર્થ બોકડો કર્યો તો તેનું સિંહાસન જે આરપાર દેખાય તેવું હતું ત્યાંથી તે તે જ વખતે પડી, મરી નારકીએ ગયો. અસત્યને તો મૂળમાંથી ડાંભી દેવું જોઇએ, એની દીવેટ ઓલવી નાખવી જોઇએ અને એ હોય ત્યાંથી પીચકારી મારીને એનો વગર-સંકોચે નાશ કરવો જોઇએ, અને તેમ કરવામાં કોઈ પણ પ્રકારનું પાપ નથી થતું, પણ ઉપયોગી ધર્મ થાય છે એમ સમજવું જોઇએ. અસત્યથી પરના પ્રાણ જાય છે, ખોટી સાક્ષી આપવાથી અનેકની આશા તૂટી પડે છે અને સગપણ કે વેવિશાળ જેવી બાબતમાં અસત્યને ઉત્તેજન આપવાથી કંઈકના પ્રાણ જાય છે એ સત્યને બરાબર નિગાહમાં રાખવાની ખાસ આવશ્યકતા છે.

જુઠાણાને ચલાવી લેનાર ઉઘાડા પડે છે અને જ્યારે ઉઘાડા

પડે ત્યારે તેની એવડી ફજેતી થાય છે, એ વાતને લક્ષ પર લેવી જોઇએ અને જુઠાણાને તો મૂળથી તિલાંજલી આપવી જોઇએ. કેટલાક માણસો એમાં કાંઇક અપવાદ શોધે છે તે અનુચિત અથવા પાપકારી હકીકત છે. અસત્યને તો મૂળમાંથી ડાંભી ઘરને સાફ રાખવું જોઇએ. જેમ કૅાલેરા કે પ્લેગના જંતુથી બચાવ કરવા માટે માણસો ઘરને પીચકારી લગાવે છે તેમ અસત્યને ડાંભી દેવું જોઇએ, વગરસંકોચે ડાંભી દેવું જોઇએ અને એનો જો પ્રકાશ પડતો હોય તો વગરસંકોચે ઘરમાં અંધારું થાય તો વાંધો નહિ, પણ એ પ્રકાશને સંકોરી નાખવો જોઇએ. એવા અસત્યને કોઇ પણ સંયોગોમાં નભાવી ન જ લેવું જોઇએ. એ સંબંધમાં કોઇ વાતનો અપવાદ શોધનારા મૂર્ખ છે એમ સમજવું. પછી તો મૂર્ખાઇમાં પણ તરતમતા જોવી પડે, એમાં રામરામ કોણે કર્યા, કોને કર્યા તે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યાં તો મૂર્ખાઇની હરિફાઇ થાય, અને આપણને શંકા આવી જાય, કે એ ચારમાં કોણ વધારે મૂર્ખ. બીરબલની વાર્તામાં ચાર મૂર્ખ માણસોની વાર્તા આવે છે તે જોવા વાંચવા વિચારવા યોગ્ય છે. તેમાં આપણો નંબર દાખલ ન જ કરાવવો ઘટે.

---

A lie should be trampled on and extinguished wherever found, I am for funigating at the atmosphere when I suspect that falsehood, like pestilence, breathes around me. *Carlyle.*

( ૮૦ )

## નજીવી બાબતમાંથી લાભ તારવવો એ મુશ્કેલ છતાં હિતકારક છે.

આ ઘણી અગત્યની બાબત છે. ઘણી વખત આપણે નાનામાં નાનો લાભ લઇને સંતોષ પકડીએ છીએ. તેમ ન થવું જોઈએ, પણ નાની વાત ગણવી કોને ? તે બાબતમાં મતભેદ થવો સંભવિત છે. આપણે ઘણી વખત બાબતને, વસ્તુઓને કે કાર્યને અગત્ય આપીએ છીએ, પણ વસ્તુત: ત્યાં જ ભૂલ થાય છે. આપણા કામને કે બાબતને ઘણી વખત અગત્યની ગણીએ છીએ અને બીજાનાં કાર્યને અથવા બાબતને એટલી અગત્ય આપતા નથી; એ ખોટી વાત છે. એવે પ્રસંગે માણસની કિંમત થાય છે, એટલે માણસે કોઈ પણ કાર્યને નજીવું ગણવું ન જોઈએ. અક્કલવાન માણસ હોય તો નજીવી દેખાતી બાબતમાંથી પણ લાભ મેળવી શકે એટલે અક્કલની કિંમત બાબત ઉપર કે કાર્ય પર નથી થતી. તેમાંથી લાભ કેમ અને કેટલો મેળવવો તેનું મૂલ્ય થઇ જાય છે. જ્યારે અક્કલવાન માણસ લાભ મેળવી શકે છે ત્યારે ધર્મિષ્ટ માણસ તો ઘણો લાભ મેળવી શકે છે. વસ્તુત: એની નજરે કોઇ બાબત કે કાર્ય નજીવું હોય જ નહિ.

નજીવા દેખાતા કાર્યમાંથી લાભ તારવવો એ અક્કલનો અને આવડતનો નમૂનો પૂરો પાડે છે. તેટલા માટે નજીવા દેખાતા કાર્યમાંથી લાભ તારવવો એ આવડતનું કામ છે.

નજીવામાંથી શું લાભ મેળવી શકાય ? એ સવાલ જરા અટપટો હોઇ ખુલાસો માંગે એ જરૂરી છે. એટલે નજીવાંને નજીવું કાર્ય કે ક્રિયા માનવી નહિ અને પોતાની ગરીબાઇ હોય તો તેથી ગભરાવું નહિ.

માણસની પ્રથમ ફરજ પોતાની જાત તરફ છે. કેટલાક તેમાં પાછા પડે અને નિઃસ્વાર્થ વૃત્તિએ મોટા કામ કરે છે, એમાં એનું ડહાપણ જ કામ આવે છે. એમાં આંતરવૃત્તિ જ જોવાની છે અને કોઇ કાર્યને નજીવું ગણવું નહિ. એમાં જ આનંદ રહેલો છે અને કાર્ય કે બાબતને સાચો ન્યાય થાય છે.

ધર્મિષ્ટ માણસનું એટલા માટે એ લક્ષણ બતાવવામાં આવ્યું છે કે નજીવામાં નજીવી લાગે તેમાંથી પણ તે લાભ જ મેળવે અને બીજાને લાભ કરે અને આવી વૃત્તિ તો ખાસ કેળવવી જોઇએ એમ આપણને લાગ્યા વગર રહે તેમ નથી અને કોઇ બાબત તે નજીવી છે અથવા કોઇ કાર્ય નજીવું છે એમ સુજ્ઞ માણસે ધારવું જ નહિ. અને બને તેટલો દરેક ક્રિયાનો લાભ મેળવવો એ સાદું સૂત્ર છે, છતાં શાસ્ત્રકારના વચન રહસ્યમય છે અને વિચારમાં નાંખી દે એવી પવિત્ર ક્રિયા છે. એમાંથી લાભ તારવતાં આવડે તો જ એની કિંમત છે. અને સુજ્ઞ ધર્મિષ્ઠ માણસ હોય એને એ આવડત હોય છે. સુજ્ઞ માણસ તેટલા માટે બાહ્ય લાભ કરતાં કર્તવ્ય તરફ નજર રાખે.

---

It is hard to make best of a little but it pays to do so.

Thoughts of the Great

( ૮૧ )

## મિજાજના પારા પર અંકુશ રાખવો મુશ્કેલ છતાં હિતાવહ છે.

મન ઉપર અંકુશ રાખવો બહુ હિતાવહ છે, એ જણાવવાની ભાગ્યે જ જરૂર હોય. પોતાની જાત પર કાબૂ રાખવો અને વખતે વખતે કે કોઈ પણ વખતે પોતાની જાત પૂરતો અંકુશ જાળવી જવો એ બહુ જરૂરી છે. ક્રોધ એ એક દુર્ગુણ છે અને એ પોતાનું ઘર બાળનાર છે અને પછી તેના પર અંકુશ ન હોય તો પાડોશી કે આજુબાજુમાં રહેનારને પણ જરૂર નુકશાન કરનાર છે. ક્રોધ એ બોધને અને સંયમને રોકનાર નીવડે છે અને જ્યારે તે અતિ ઉગ્ર હોય છે ત્યારે તે બહુ નુકશાન કરનાર નીવડે છે, કારણ કે પોતે પાપી છે અને પાપને પોષણ આપનાર છે અને દુરિતનો પક્ષપાત કરનાર છે. તેટલા માટે ઉપાધ્યાયજી જેવાને કહેવાની જરૂર પડી છે કે મોટા માણુસને ક્રોધ હોય જ નહિ અને હોય તો એનું ફળ બેસે નહિ એવો નજીવો જ હોય છે. એમણે પોતાના મિજાજ ઉપર અંકુશ રાખવાની જરૂરિઆત પર ઘણું લખી નાખ્યું છે પણ એ વાતની મહત્તા બતાવવા માટે આ એક જ વાત બસ છે અને વધારામાં તેઓશ્રીએ લખેલી ક્રોધની સજ્ઝાય વાંચવા ભલામણ છે. એ વાત તો ઘણી અગત્યની છે અને મિજાજ ખૂબ વધી જાય ત્યારે બહુ ભલામણપૂર્વક તેમણે જણાવ્યું છે 'ન હોય ને હોય તો ચિર નહીં તે આપણા ધ્યાનમાં આવે છે. મોટા માણુસ જો ખરેખરા મોટા હોય તો તેમણે પોતાની જાત પર, પોતાના મિજાજ પર અંકુશ રાખવો ઘટે. જો કે એમ કરવું બહુ મુશ્કેલ છે પણ એમ કરવાથી સંસાર આછોપાતળો થઇ જાય છે અને સરળ થઇ જાય છે અને સંસાર પાતળો પડી જાય એ જેવો તેવો લાભ નથી; માટે સુજ્ઞ માણુસોએ અને ખાસ કરીને ધર્મિષ્ટ ગણાતાં માણુસોએ પોતાના મિજાજ પર

બરાબર અંકુશ રાખવો જોઈએ. જો કે જીવનમાં એવા પ્રસંગો બને છે કે અંકુશ રહેવો મુશ્કેલ લાગે છે, પણ એમ કરવું એટલે કે મિજાજ કરવાનો કોઈ પણ પ્રસંગ આવી પડે ત્યારે તેના પર અંકુશ રાખવો જરૂરી અને હિતકારક છે. આ બાબતમાં જરા પણ સંદેહ જેવું નથી અને જે વખતે આપણે શાસ્ત્રમાં તેનાં દૃષ્ટાંતો વાંચીએ છીએ ત્યારે તો જરૂર એમ લાગે છે કે મિજાજ પર અંકુશ રાખવો જરૂરી છે. દાખલા તરીકે સમરાદિત્યનો કેસ જોતાં તેણે જે આચાર કર્યો છે તે યોગ્ય હોવા છતાં જો તે વખતે એણે અંકુશ રાખ્યો હોત તો એનું કામ થઈ જાત; કારણ કે માસખમણ ઉપર માસખમણ કરવાં એ કાંઈ બચ્ચાંના ખેલ નથી; એ તો કરે તેને જ ખબર પડે; છતાં એ સર્વ બાહ્ય ક્રિયા હતી અને અંતરમાં એને શાંતિ નહોતી. એટલા માટે અહીં મન પર અંકુશ રાખવાની બાબતને મહત્ત્વ આપવામાં આવી છે અને તે ખાસ આખો રાજયોગ પ્રકટ કરે છે.

---

It is difficult to subdue an unruly temper, but it always pays.

Thoughts of the Great.

## ( ૬૨ )

## ઉચ્ચ ધોરણ

**ઉચ્ચ ધોરણ જાળવી રાખવું મુશ્કેલ છતાં ખૂબ હિતકારક છે.**

જિંદગી ધોરણસર ચાલે છે. આપણે જેવા થવું હોય તેવા ધોરણ દરેક માટે મુકરર હોય છે. કોઈ શિવાજી મહારાજને, કોઈ ચિત્તોડના મહારાણાને, કોઈ ગ્લેડસ્ટનને, કોઈ લક્ષ્મીબાઈને પોતાનાં ધોરણ બનાવે છે અને તે આપણા સંયોગોમાં કેમ વર્તે અને જીવન ચલાવે તે ધોરણે વર્તે છે; ત્યારે કોઈ મારો કાપો કરનાર મહમદને અને કોઈ ભાંગતોડ કરનાર ઔરંગઝેબને પોતાના ધોરણ તરીકે રાખે છે.

એટલે ધોરણ બે પ્રકારના સ્વાભાવિક રીતે દરેક મનુષ્યના સંબંધમાં થાય છે, અથવા માણસો બે પ્રકારના નૈસર્ગિક રીતે હોય છે. કેટલાક માણસ મહાવીરસ્વામીને પણ ધોરણમાં રાખે છે અને કોઈ બુદ્ધ ભગવાનને પોતાના આદર્શ તરીકે સ્વીકારીને ધોરણને ઉચ્ચ બનાવે છે. આ રીતે ધોરણના બે પ્રકાર થયા: ઉચ્ચ અને નીચ. જેમ ધોરણ ઊંચું હોય તેમ સારું અને જેમ ધોરણ નીચું હોય તેમ ખરાબ. જેમ ધોરણ ઉચ્ચ રાખે તેની કીર્તિમાં, સન્માનમાં અને એકંદરે એના આદર્શમાં સારી વાત છે. એ તો ઊઘાડી વાત છે. ઉચ્ચ ધોરણ રાખવું અને તેને નીભાવી લેવું અને જ્યારે જ્યારે પ્રસંગ આવી પડે ત્યારે ઉચ્ચ ધોરણ જાળવી રાખવું બહુ મુશ્કેલ છે એમ મારા કહેવાનો આશય છે. આ પ્રમાણે કહેવાનું કારણ છે તે ખાસ સમજવા યોગ્ય છે. તેની સમજણ ઉપર જીવનની ફત્તેહનો આધાર છે. ઉચ્ચ ધોરણ ગમે તેટલું રાખવામાં આવે, આદર્શમાં મહાવીરસ્વામી કે બુદ્ધ ભગવાનને રાખવામાં આવે, પણ જ્યારે વર્તનનો પ્રસંગ આવે છે ત્યારે ઉચ્ચ

ધોરણ નીભાવી રાખવું મુશ્કેલ છે. વાણીમાં એક એવી નબળાઈ છે કે તે વાતો કરશે ત્યારે ચૌદમા ગુણસ્થાનકની વાતો કરશે, પણ વર્તનનો વખત આવશે ત્યારે છઠ્ઠા કે સાતમા ગુણસ્થાનકનું ઠેકાણું રહેતું નથી. આ વર્તન અને ધોરણનો તફાવત ઘણું પ્રોત્સાહક છે. તેટલા માટે અહિં કહેવામાં આવ્યું છે કે ધોરણને ઉચ્ચ રાખવું અને વર્તનનો પ્રસંગ આવે ત્યારે એને ઉચ્ચ ધોરણ પર રાખવું મુશ્કેલ છે. ઘણું વખતે માણસ ગોટા વાળતો માલૂમ પડ્યો છે તે ઉપરથી અહિં જણાવવામાં આવ્યું છે કે ઉચ્ચ ધોરણ રાખવું અને નિભાવવું મુશ્કેલ છે અને વિચાર કરતાં આ હકીકત ખરેખર હિતાવહ હોય એમ લાગે છે. આવો હિતકારક માર્ગ તો ખરેખર ત્યાગી અને વૈરાગી જ લઈ શકે, બીજા માણસો તો પતિત જ થઈ જાય છે. તેટલા માટે એક માણસ કેવો છે તેનો નિર્ણય કરવા માટે તેનું ધોરણ, તેનું પોતાનું શું ધોરણ છે, શો આદર્શ છે તે પર ન રાખતાં જ્યારે તે અવસર આવી પડે છે ત્યારે એ ધોરણને વળગી રહે છે કે નહિ તે પર જ રાખ્યો છે. અને આવી વાતો કરનારને બકવાદી વર્ગમાં ગણવામાં આવ્યાં છે. હિત ક્યાં અને કેવું છે તે તો હવે આપણે સમજીએ છીએ.

---

It's hard to maintain a high standard but it always pays.

Thoughts of the Great

## (૪૩)

# આફતમાં આધાર

## કાળી વાદળીઓમાંથી રૂપેરી ચમકારો શોધવો એ મુશ્કેલ છતાં હિતકારી છે.

આ માણસના સંબંધમાં આપત્તિ આવવી મુશ્કેલ નથી, ઘણા જ સંપત્તિમાંથી વિપત્તિમાં પણ પડે છે અને કોઈને એક આફતમાંથી બીજી આફતમાં પણ પડતા જોઈએ છીએ. આપણને ખરેખર ખેદ થાય એવી પરિસ્થિતિમાં ઘણાને આવી પડતાં જોઈને આપણને ખેદ થાય છે અને આપણને લાગે છે કે એ માણસને આવી આફત ન જોઈએ, પણ આપણને એનો માર્ગ સૂઝતો નથી અને આપણે આપત્તિને અંગે કાંઈ કરી શકતા નથી. શા માટે આપણને વિપત્તિમાંથી માર્ગ સૂઝતો નથી, એનાં કારણો આપણે જાણતા નથી અને વિપત્તિમાં સપડાયા કરવામાં આવે છે ત્યારે આપણે વિચારમાં પડી જઈએ છીએ. અને આપત્તિ ઉપર જ વિચાર કરીએ છીએ અને આફત, આફત અને આફત આપણી નજરમાં ચડી આવે છે ને વિષમ સ્થિતિ થઈ જાય છે. આ પરિસ્થિતિ યોગ્ય નથી કારણ કે તેના રસ્તા હોય છે જેના ઉપર નજર પડતી નથી. આ પરિસ્થિતિ યોગ્ય નથી એમ કેટલીક વખત લાગી આવે છે એનો રસ્તો કાઢવો જોઈએ, તેના ઉપર ધ્યાન આપવાની બહુ જરૂર રહે છે.

આ રીતે વિચાર કરતાં જણાશે કે દરેક આપત્તિમાંથી બહાર નીકળવાની, અથવા એ આફતમાં મૂંઝાઈ ન જવાની હકીકત બહુ જરૂરી છે, અને એ જ દરેક આફતમાં રૂપેરી દોરી છે.

બે રીતે આ સવાલનો નિર્ણય શક્ય છે. એક તો આફતને

આફતરૂપ ન માનવી અને બીજું આફતમાં રૂપેરી દોરી એટલે આફતમાંથી બચવાનો માર્ગ છે એમ બરાબર માનવું. આ માન્યતા કલ્પિત નથી, એ તો આવડતની સાદી વાત છે અને એને શોધી કાઢવામાં હુશિયારીનો ઉપયોગ કરવાનો છે. એ મળવી મુશ્કેલ છે પણ દરેક આપત્તિમાંથી છટકબારી તો જરૂર હોય છે અને એને શોધી શકાય છે એ ચોક્કસ વાત છે. આટલી વાત સ્વીકારવામાં આવે તો આફત આપત્તિરૂપ લાગતી નથી અને તેનો બોજો હોય તે પણ હળવો બનતો જાય છે અને જીવન જીવતું જાગતું અને નાચતું લાગે છે. અને આ સંસારમાં માન વધે છે, તેવા પ્રકારનું જીવન ભારરૂપ કે વેઠરૂપ લાગતું નથી અને આફતને પણ વટાવી દેવામાં આવે છે એટલે તે આપત્તિરૂપ લાગતી નથી. આમાં વિદ્યા અને આવડતનો ઉપયોગ હોઈ તે જીવનનો અતિ મહત્ત્વનો વિષય છે. અને જો આવડતનો ઉપયોગ કરવામાં આવે તો જ એ રીતે કામ થાય છે અને જીવન હળવું બની જાય છે. આ જીવનને હળવું બનાવવાનો એ સરળ રસ્તો છે અને તે રીતે જીવનનો ઉપયોગ સારી રીતે થાય છે અને જીવન ઠીક બને તો આપણો મુદ્દો સિદ્ધ થાય છે. એ મુદ્દો સિદ્ધ કરવામાં આવડત જરૂર ઉપયોગી ભાગ ભજવે છે, પણ એમાં વ્યવહારુ થવાનો પ્રયાસ કરવો અને રૂપેરી દોરી શોધી કાઢવી એમાં બહાદુરી સમાયેલી છે.

---

It is hard *to recognise the silver-lining but it always pays:*

*" Thoughts of the Great."*

(૮૪)

# ઠપકો ખાઇ લેવો

## સાચો ઠપકો ઠાવકાઇથી ખાઇ લેવો એ મુશ્કેલ છતાં લાભકારક વાત છે.

દરેક કાર્યમાં ઠપકો સાંભળવા લાયક તો ન જ લાગે, એ સામાન્ય વાત છે. પણ તે સાંભળી શકનાર અને તેને જીરવનાર ઓછા માણસો હોય છે. ઠપકો આપનાર કોણ છે? સમાજમાં એનું સ્થાન શું છે? અને એણે આપણને ઠપકો શા ઇરાદાથી આપ્યો છે? એના ઉપર એનો આધાર રહે છે, એ તો જાણીતી વાત છે કે ઠપકો જરૂર દેવા લાયક છે. એને સાચા સ્વરૂપમાં સમજનાર જવલ્લે જ હોય છે. ઘણાખરા માણસો તો ઠપકા સામે તાડૂકી ઊઠે છે અને પોતાથી બની શકે તેમ હોય તો ઠપકો આપનારની સ્થિતિ કફોડી કરી મૂકે છે. પણ સૂત્રમાં તો કહે છે: ઠપકો પ્રેમપૂર્વક એટલે ઠાવકાઇથી સાંભળનાર માણસો મળવા મુશ્કેલ છે, એનું કારણ સમજી લેવું વધારે મુશ્કેલ છે અને એવા માણસો ઓછી સંખ્યામાં જોવામાં આવે છે. પણ ઠપકો સાંભળવાની મુશ્કેલી તો છે જ, તેમાં પ્રેમપૂર્વક ઠપકો સાંભળવાની વાતો વધારે મુશ્કેલી ઉત્પન્ન કરે છે અને વધારે એમાં મુશ્કેલી હોવાને કારણે એ વાતને અહીં મહત્ત્વ આપવામાં આવ્યું છે. એવી રીતે અવલોકન કરવાનું પરિણામ અહીં જણાવ્યું છે કે સાવધાનીપૂર્વક ઠપકો સાંભળી લેવો એ અતિ મુશ્કેલ કાર્ય છે એટલે ઠપકાને ઠપકા તરીકે સ્વીકારવાની આ કારણે આવશ્યકતા ઉત્પન્ન થાય છે. એમાં મુખ્ય બાબત એ છે કે ઠપકો ખાઇ જવો અને તે કાર્ય ઠાવકાઇથી કરવું એ અતિ ઘણું મુશ્કેલ છે. ચાલતી વખતે પથ્થરને લાત મારવા જેવું ઘણાં કરી બેસે છે અને

ઠપકો આપનારના ઇરાદા વિષે અનેક જાતની શંકાઓ મનમાં કરે છે. આ સર્વ ગાંડી વાત છે અને સરિયામ મૂર્ખાઈ છે, એટલું જો સમજવામાં આવી જાય તો ઠપકો આપનાર માટે શંકા કરવાનું અથવા તો ઠપકો આપનારની પવિત્રતા કે પ્રમાણિકપણા માટે શંકા રાખવાનું કારણ ન જ રહે અને સમાધાન થઇ જાય. આ દિવા જેવી લાગતી વાતમાં શંકાને સ્થાન અથવા અવકાશ નથી જ. એને બદલે જેઓ ઠપકો આપનારની ઉપર કોઇ પણ પ્રકારની શંકા લઇ જાય છે તે ચાલતા ઠેસ લાગવાથી પથ્થરને લાત મારવા જેવું ભયંકર કાર્ય કરી બેસે છે અને જગત તેને હસે છે અને ઠપકો આપનારની કીર્તિમાં આપમેળે વધારો થઇ જાય છે. ઠપકો આપવો તે સદા માટે મુશ્કેલ છે. ઠપકો આપવાની પોતાની યોગ્યતા સંબંધમાં અને ઠપકો પ્રેમપૂર્વક ઝીરવવાની પોતાની શક્તિમાં તેટલા માટે પ્રત્યેક વધારો કરવો જોઇએ અને પોતાની શક્તિનો વિકાસ કરવો જોઇએ. એમ કરવામાં જે પાછીપાની કરે છે અથવા અખાડા કરે છે તેને આ દુનિયામાં સ્થાન નથી એવું અનુભવીઓ કહે છે. તો પ્રેમપૂર્વક અપાયેલા ઠપકાને પ્રત્યેક માણસે જીરવવાની શક્તિ પ્રાપ્ત કરવી જોઇએ.

---

*It is hard to accept just rebuke gracefully but it pays.*

*"Thoughts of the Great"*

## (૮૫)

# ચારિત્રનું મૂલ્ય

### આબરૂ કરતાં ચારિત્ર્યનું મૂલ્યાંકન વધારે કરવું એ ઘણું મુશ્કેલ છે, છતાં ખૂબ હિતકારક છે.

દરેક માણસની અમુક આબરૂ હોય છે અને તેને જાળવવા માટે તે તનતોડ મહેનત કરે છે. કોઈની આબરૂ સત્યવાદી પ્રમાણિક મનુષ્ય તરીકે હોય છે, અને કોઈની આબરૂ નાટક કે સિનેમા જોનાર તરીકે હોય છે. દરેક મનુષ્યની એ રીતે જોતાં કાંઈ ને કાંઈ નામના હોય છે અને તેને જાળવી રાખવા તે એક સરખી મહેનત કરે છે, પણ તે વખતે તેના ધ્યાનમાં રહેતું નથી કે આ જીવનમાં કોઈક ચીજ આબરૂ કે નામના કરતાં પણ વધારે ઉપયોગી છે. આ તો સામાન્ય વાત થઈ પણ એ ખૂબ મનન કરવા યોગ્ય છે. અને એ બરાબર સમજી જવાય તો ધર્મી મનુષ્યને આ ભવસમુદ્ર સીધો, સરળ અને સાદો બની જાય છે. એ રીતે ગમે તેમ કરીને માણસ પોતાનો સંસાર વધારી ઘટાડી શકે છે એટલી વાત સિદ્ધ દેખાય છે. જીવનમાં અમુક આબરૂ બંધાણી હોય એટલા માટે એની ખાતર માણસ ગમે તે કરે છે અને માણસને પોતાનો ગમે તે કર્મબંધ કરવો તે તેના હાથમાં જ છે. સારા માણસો સારો કર્મબંધ કરે એ પણ અનિવાર્ય છે અને આબરૂદાર માણસો સારા હોય છે અથવા બીજાનો દાખલો જોઈને તેવા થઈ જાય છે અને એ રીતે જેણે નામના કરેલી હોય તે પ્રમાણે તેની આબરૂ જરૂર બંધાય છે. આતો જીવનક્રમ છે. અને એમાં કાંઈ ખોટું નથી. વિચારમાં નાખી દે તેવી બાબત તો તદ્દન જુદી છે અને તે વર્તન અથવા ચારિત્રની છે. માણસની આબરૂ વધે કે ચારિત્ર વધે એ એક અતિ ગૂઢ સવાલ છે અને ખૂબ વિચારણા માગે છે. એવા એવા પ્રસંગે

જીવનમાં આવે છે તે વખતે જ તેની ગણના થાય છે. એનો દાખલો જોઈએ તો જણાશે કે માણસે આબરૂ કરતાં વર્તન–ચારિત્રનું મૂલ્ય બરાબર મૂલવવું જોઈએ. એના સમર્થનમાં ભાગ્યે જ કાંઈ કહેવાની જરૂર હોય એમ લાગે છે, છતાં આબરૂ કરતાં ચારિત્રની કિંમત વધારે કરે એ ઈચ્છવા યોગ્ય છે. જો કે એમ કરવું એ મુશ્કેલ લાગે છે. ચારિત્રની કિંમત બરાબર આંકવી એ મુશ્કેલ હોવા છતાં જરૂરી છે. એમ કરવામાં પાછા પડે તે અંતે નુકસાન છે, પણ તે [illegible]. એટલે [illegible] થાય છે કે વર્તનમાં એ સુધરી શકતો નથી અને ખાલી હેરાન થાય છે; અથવા તો એ આબરૂ અને વર્તન વચ્ચે ગોટાળો કરી મૂકી એ પોતાની આબરૂ ગમે તે રીતે જાળવી રાખવી એ વાતને મહત્વ આપે છે તે વખતે તેને ભાન રહેતું નથી કે આબરૂ તો ખરાબ બાબતમાં પણ હોઈ શકે છે. આ રીતે આબરૂ અને વર્તન વચ્ચે ભારે ગોટાળો થઈ જાય છે અને મુશ્કેલીમાં વધારો થાય છે. પણ વર્તનનો એટલે ચારિત્રનો વિજય અંતે થાય છે એ બાબતમાં જરા પણ શક છે નહિ. એનો સાર અને ભાવ વિચારવા જેવો છે.

---

It is sometimes hard *to value character above reputation* but it always pays to do so.

"*Thoughts of the Great*"

( ૮૬ )

## આફતનો સામનો

**આફત સામે હસતે મ્હોંએ જવું,**
**એ મુશ્કેલ છતાં હિતકારક છે.**

મનુષ્ય જીવનમાં આફત તો જરૂર આવે. આખા સંસારનું બંધારણ વિચારતાં એક સરખી બાબત કોઇની ચાલતી નથી, તેમ જોવામાં આવ્યું છે. એટલે એક અથવા બીજા આકારમાં આફત જરૂર આવે એ ચોક્કસ અને અનિવાર્ય બાબત છે. માણસની ઇચ્છા હોય કે ન હોય, એને આફત જરૂર આવવાની છે, એને માટે સદા સર્વદા તૈયાર રહેવાની જરૂર છે, અને આ દુનિયામાં આપત્તિ ન હોય તો સંપત્તિની કિંમત પણ નથી. સંપત્તિના સાચા મૂલ્ય કરાવનાર તરીકે આફત છે એમ લાગવું જોઇએ. અને એવા પ્રકારના સંસારના બંધારણને આપણે એટલા બધા ટેવાઈ ગયેલા છીએ કે એ પ્રકારની સ્થિતિ જ છે અને તેને ટાળવી કે અન્યથા કરવી મુશ્કેલ છે એમ જાણવા છતાં જ્યારે જ્યારે આપત્તિ આવી પડે છે ત્યારે આપણે રડવા બેસી જઇએ છીએ એ અયોગ્ય, અનુચિત અને આપણને ઠરી ઠામ બેસવા ન દે તે પ્રકારની સ્થિતિ છે અને તેનો સામનો કરવા માટે આપણે તૈયાર રહેવાની જરૂર છે એવું સંપત્તિમાં ઊછરેલાને લાગતું પણ નથી એ ખરા ખેદનો વિષય છે, પણ અનિવાર્ય હોઇ એ વિચારણા માગે છે, આપણે આફતને પ્રથમ તો અનિવાર્ય તરીકે સ્વીકારવી જોઇએ અને સંપત્તિને મૂલ્યવાળી કરનાર તરીકે ગણવી જોઇએ, કારણ કે સંપત્તિની કિંમતનો આધાર આપત્તિ ઉપર જ રહે છે. આફતને હસતે મુખડે ચલાવી લેવી એ વધારે મુશ્કેલ બાબત છે, એને મળવા જવું એ શૂરવીરનું કામ છે અને મન ઉપર ભારે સંયમ માગે છે, મન પર સંયમ તો શૂરવીર-

તાનું એક લક્ષણ જ હોઈ એના પર વિવેચન કરવાનું ભાગ્યે જ હોઈ શકે એમ લાગે છે, પણ શૂરવીરતાનું આવા પ્રકારનું લક્ષણ હોય એ ભારે વિવેચન માગે છે. એટલા માટે અહીં જણાવવું જોઈએ કે શૂરવીર માણસો હોય તે જ આફત સહન કરી શકે છે. આફત સહન કરવામાં શૂરવીરતા જોઈએ એ વાત કદાચ પ્રથમ કોઈને વિચિત્ર લાગે તો જણાવવાની જરૂર છે કે બહાદૂર અને બહુબોલા—બટકબોલા માણસો જ શૂરવીર હોઈ શકે છે. અને ધ્યાન એ યોગનું અંગ હોવાથી જ્યારે જ્યારે યોગમાં પ્રવેશ કરવો હોય ત્યારે ત્યારે શૂરવીરતા હોવી જોઈએ અને શૂરા માણસો જ એ કાર્ય કરી શકે. અને બહાદૂર માણસો જ શૂરવીર હોઈ શકે છે એ તો જાણીતી વાત છે. એ રીતે વિચાર કરી આફત વખતે જરા પણ મેળા ન પડતાં એ આફતને પણ હસી નાખવી જોઈએ. પૈસાની કે બીજી કોઈ પણ આફત આવી પડે ત્યારે તેને પણ હસી નાખતા આવડવું જોઈએ એમ આ સૂત્રનું કહેવું છે અને તે અનુભવસિદ્ધ હોઈ ખૂબ વિચારણા માગે છે. જો કે આફતને હસી કાઢવી એ મુશ્કેલ બાબત છે, પણ એ ટાળી ન શકાય એવી ચીજ છે, આ વાત ખૂબ ધ્યાનમાં રાખવા જેવી છે અને માણસાઈના મૂલ્ય કરાવનાર ચીજને હસી કાઢવા જેવી નથી.

---

It is hard *to smile in the face of adversity* but it always pays.

*'Thoughts of the Great'*

( ૮૭ )

# નાના મનની નિશાની

**નાના મનની નિશાની હું ભાગ્યે જ પિછાની શકું છું, પણ બીજા માણસોનું અંધ અનુકરણ કરવું એ એની બરાબર નિશાની છે એ હું બરાબર જાણું છું.**

આના જેવી કબુલાત ભાગ્યે જ જોવામાં આવશે. ગ્રેવીલ નામનો સુપ્રસિદ્ધ ગ્રંથકાર કહે છે કે હું તો નાના મનની નિશાની પણ જાણતો નથી, પણ જાણતો હોઉં તો એક વાત બરાબર જાણું છું. આવી રીતે ઉમદા મનને, ઉદાર મનને અને મોટા મનને શોધી કાઢવું એમાં પણ ઘણી મુશ્કેલી પડે છે પણ છોટા મનને જાણવું એ વધારે મુશ્કેલ પડે છે, કારણ કે ઉદાર મન હોય તો ઉદારતાથી તેની પરીક્ષા થઇ શકે, ઉમદા કૃત્યથી ઉમદા મનને ઓળખાય, મોટાઇથી મોટા માણસને ઓળખી પારખ પડે, પણ નાના મનને કેમ શોધવું એમાં ભારે મુશ્કેલી જણાય છે; તેની પરીક્ષા કરવા માટે કોઇ જાતનું યંત્ર શોધવું જોઇએ, નહિ તો નાના મનને પારખવા ઘણી મુશ્કેલી પડે છે. એ રીતે વિચાર કરતાં માલૂમ પડે છે કે મોટા મનને શોધવામાં બહુ મુશ્કેલી લાગતી નથી, એ એના ઉમદા કૃત્યથી જણાઇ આવે છે. અમુક વ્યકિત મોટા મનની છે તે શોધવામાં બહુ બહાદુરી વાપરવી પડે તેમ નથી, તે તો તેના કામકાજથી જણાઇ આવે છે. જો તેના કામકાજમાં ઉદારતા, મોટાઇ અથવા સમતા હોય, તે ઉમદા સ્વભાવનો હોય તો સમજવું કે તે મોટા મનનો માણસ છે. હવે છોટા માણસને કેમ શોધી કાઢવો તે વિચારીએ. તેના સંબંધમાં આ વાક્યની યોજના કરવામાં આવી છે.

તો છોટા મનને કે નાના મનને શોધવું શી રીતે ? તે સવાલ ઊભો થયો. ગ્રંથકાર કહે છે કે અનુકરણ કરવું એ મનુષ્યનો ધર્મ છે, પણ જ્યારે મન બીજાને અનુસરવામાં પોતાની અક્કલનો ઉપયોગ ન કરે અને અંધ અનુકરણ કરે ત્યારે સમજવું કે તેનું મન પણ નાનું છે અને તેની અક્કલ પણ ટૂંકી છે. આ એની નિશાની છે એ ચોક્કસ વાત સમજવી. એટલે અનુસરણનો નિયમ સ્વીકારવો એમાં કાંઇ વાંધો નથી પણ અંધ અનુકરણ ન કરવું એ કહેવાનો આશય છે. જે માણસો એ રીતે અંધ અનુકરણ કરે છે તે નાના મનના છે એમ સમજવું.

આ રીતે ધર્મિષ્ટ માણસ વિચાર કરે અને બીજાની સારી કે ખરાબ વાત હોય તેને અનુસરવા પૂરતો પોતાની અક્કલનો ઉપયોગ કરે. જો કે કામ સારું હોય, ગમે તેવું હોય, તો પણ તે આપણાથી અનુસરી શકાય તેવું છે કે નહિ તેનો વિચાર કરવો, તેનું અનુકરણ કરવામાં અંધતા હોવી જોઇએ નહિ એમ વિચારવું. આ વિચારમાં જો અંધતાની બાદબાકી કરવામાં આવે તો તેમાં કોઇ પ્રકારનો વાંધો ન હોવો જોઇએ. એ વાંધો એવા પ્રકારનો છે કે જેમાં કોઇ વ્યક્તિને કોઈ પ્રકારનો વાંધો ન હોવો જોઇએ. અને આ બાબતમાં અંધતાને છોડી દેવામાં કોઇની શરમ ન રાખવી જોઇએ. આ અંધતા નુકશાન કરનારી છે એમ સમજવું જોઇએ. અનુકરણમાં વાંધો નથી પણ અંધતાનો વાંધો છે એમ બરાબર સમજવું ઘટે. ધર્મિષ્ટ માણસ અંધતા નિવારે.

---

I hardly know so true a mark of little mind as the servile imitation of others. —Greville

( ૮૯ )

## કથીર અને સોનું

### દેખાવ અને સાચ વચ્ચે વિવેક રાખવો એ મુશ્કેલ છે, છતાં ખૂબ લાભકારક છે.

દેખાવ કરવો જુદો અને વસ્તુતઃ વાત જુદી હોય એવું અનેક માણુસોના સંબંધમાં બનતું જોવામાં આવે છે. એ વાત ખરેખર સમજવા યોગ્ય છે અને જીવવા યોગ્ય છે. જેઓ પીતળ અને સોનાનો તફાવત જાણુતા નથી તેને આ વાતમાં બહુ રસ નહિ પડે એ સમજાય તેવી વાત છે, પણુ આપણે તો પિત્તળનું કામ નથી, સોનાને ઓળખી કાઢવા માટે જે શક્તિ જોઇએ તેનો ખરેખરો ઉપયોગ કરવા યોગ્ય છે અને તેમાં જે પાછા પડે છે તે આખરે તો પસ્તાય છે પણુ તે પસ્તાવો દૂરનો અને મોડો હોય છે એમ આપણુને લાગ્યા વગર રહેતું નથી. બાકી તો આ જીવન કેટલું છે તે પર વિચાર કરવામાં આવે તો છાતી બેસી જાય તેવી વાત છે, એને સમજવાનો પ્રયત્ન કરીને ખાલી દેખાવ ખાતર આપણું વર્તન થતું હોય તે નિષ્પ્રયોજન છે અને તેટલા માટે નિરુપયોગી છે એમ વર્તન ઉપરથી જણુાઈ આવે છે આ વાત સારી રીતે સમજવા યોગ્ય છે. અને ખોટા દેખાવ કરવાનો નહિ જ એમ નિશ્ચય થઇ જાય છે. આ વાત જિંદગીના પ્રશ્નનો નિર્ણય કરે છે એ નિર્વિવાદ હકીકત છે અને એમાં કોઇ વાતનો વિસંવાદ નથી. આપણુને તેટલા માટે કોઇ જાતનો વિસંવાદ નથી એવો નિર્ણય કરવાની જરૂરિઆત ચોક્કસપણે જણુાઇ આવે છે અને તેના સમર્થનમાં આ સૂત્ર બન્યું હોય તેમ લાગે છે. આપણે તે બરાબર સમજવા–જીવવા માટે પ્રયત્ન કરીએ. ઘણી વાર માણુસ દેખાવ ઉપર મોહી પડે છે અને હેરાન થાય છે, પણુ

જ્યારે વર્તન કરવાનો વખત આવે ત્યારે મનમાં ધારેલું જ કરે છે, અને જે દેખાવ ખાતર સિદ્ધાંતોની વાત કરી હોય તે સર્વ વાતમાં જ રહે છે અને વર્તન અને પસંદ આવે તેવું થતું નથી. આ બાબત ઉપર ધ્યાન ખેંચવાની અને વર્તનની અને દેખાવની એકતા હોવાની બહુ જરૂર છે અને અત્યારે ઘણા માણસોમાં જે વિસંવાદ જોવામાં આવે છે તેથી ખેદ થાય છે, તે સર્વ અટકી પડે છે અને વર્તન અને દેખાવમાં ફેરફાર રહેતો નથી એવી સ્થિતિ જોઇને આનંદ થાય છે અને તે આનંદ આધ્યાત્મિક અથવા આત્મિક હોઈ ખરેખર અનુભવવા યોગ્ય છે એમાં પણ શંકાને સ્થાન નથી. દેખાવ તો જ થઈ શકે કે હાથીના ચાવવાના જુદા હોય અને દેખાવનાં દાંતો જ જુદા હોય. આ પરિસ્થિતિ દેખીતી રીતે અયોગ્ય હોઇને ઇચ્છવા-જોગ નથી. માણસે તેટલા માટે દેખાવ અને વસ્તુતઃ થતી સ્થિતિમાં ફેરફાર ન રાખવો જોઇએ. એથી અનેક જુઠાણામાંથી બચી જવાય છે, અથવા ગોટા વાળવાની વાત દૂર થઇ જાય છે. આ વસ્તુસ્થિતિ સમજી લઇ એરડેલનો આભાર માનવો જોઇએ કે જેમણે આ વાતને પ્રગટ કરી છે. એમના શુદ્ધ વિચારમાં આ સ્થિતિ નીપજાવવાની મુશ્કેલી જણાય છે, તેનું હાર્દ સમજવાની આપણી ફરજ છે.

It is hard to discriminate between sham and the real, but it always pays to do so.

"Thoughts of the Great"

(૮૯)

### [illegible] રાહો

*અમારો વહીવટ તેના સ્થાપનારને સલામત આવક પૂરી પાડે તેવા ઇરાદાથી શરૂ કરવામાં આવ્યો નથી; એની પાછળ ઉચ્ચ આશયો છે.*

થૉમસ બાટા નામનો મહાન ઉદ્યોગપતિ ઝેકોસ્લોવાકીઆમાં ૧૯૪૦ લગભગમાં થઇ ગયો. એણે બૂટ બનાવવાના ઉદ્યોગને મોટા પાયા પર વૈજ્ઞાનિક પદ્ધતિએ મૂકી દીધો. આખા યુરોપમાં તેના નામની વાહવાહ બોલાણી. તેણે એક વસિયતનામા જેવો લેખ લખ્યો છે. નાના વહીવટમાંથી મોટા ઉદ્યોગપતિ કેમ થવાય તેની ચાવીઓ તેણે જાત-અનુભવથી બતાવી છે. તે કહે છે કે કોઇ પણ ઉદ્યોગ માત્ર પોતાનું પેટિયું કાઢવા ખાતર શરૂ કરવો કે ચલાવવો નહિ. ઉદ્યોગનો ઉદ્દેશ સમાજની સેવા અને ઘરાકનું સારું ઇચ્છવામાં અને ઉદ્યોગની શોધખોળ અને પ્રગતિને અંગે ફનાગીરી સ્વીકારવાનો રાખવો જોઇએ. સારી રીતે કામ કરનાર, પ્રમાણિક સેવા કરનાર અને ઘરાકનું સારું ઇચ્છનાર પોતાનું ભરણપોષણ તો જરૂર મેળવે, પણ ઉદ્યોગને શરૂ કરનારની ભાવના સેવાની હોવી જોઇએ અને એવી રીતે કામ કરનાર ઉદ્યોગપતિ થાય છે, પોતાનો વેપાર જમાવે છે અને ગુજારો કરવા ઉપરાંત ઘણું વધારે મેળવી શકે છે.

કેટલાક ઉદ્યોગો શરૂ કરનારની દાનત ગમે તેમ કરીને ધન મેળવવાની હોય છે. એની નજરે ઘરાક મરે કે માંદો પડે એની પરવા હોતી નથી, ઘરાક માલ ખરીદી જરા વાપરે અને ધૂએ એટલે રૂવે એની એને દરકાર હોતી નથી. પોતાને રૂપીઆના અઢાર આના થયા એટલે

એને મન તો ઘી-કેળાં થઇ જાય છે. પછી ઘરાક એના નામ પર થૂંકે કે લ્યાનત કરે એની એને ચિંતા જ હોતી નથી. એ તો પોતાના ગર્વમાં તણાતો જાય છે અને પોતાની છેતરવાની કળામાં પોતાની હુશિયારી માટે પોતાની જાતને થાબડ્યા કરે છે. આ ટૂંકી નજર છે, અવ્યાપારી નજર છે, ટૂંકી દૃષ્ટિનું પ્રદર્શન છે, અવ્યવહારુ બાલિશતા છે. આવી ટૂંકી નજરે ઘણા ફસાઇ જાય છે, ટૂંક અંકોળમાં લેવાઇ જાય છે અને અંતે વેપારી તરીકે પાછા પડે છે.

બાટા કહે છે કે પોતે જ્યારે કોઈ હકીકતને ધંધાને નુકસાન કરે તેવી જાણે ત્યારે પોતે અંગત સ્વાર્થથી દૂર રહેલ છે અને કેટલીક વખતે તો ધંધા ખાતર પોતાની અને પોતાના માણસોની જાતને જીવનના જોખમમાં પણ મૂકી દીધેલ છે. આવા ધંધા ખાતર ભોગ આપવાનો વિચાર માત્ર પૈસા મેળવવા ખાતર થઈ શકતો નથી. માલમાં ભારોભાર કાંજી નાંખવી, ઘીમાં વેજીટેબલ ઉમેરવું, લવીંગમાં તોલ વધારવા માટે ડાંખળીઓ નાખવી, તલના તેલમાં સોંઘું શીંગનું તેલ નાખવું, ઘઉંમાં કાંકરા નાખવા, રૂનાં ઘોકડાં બાંધતાં અંદર પથ્થરો નાખવા, સાકરને બદલે ગોળની ચા આપવી—એ ધંધો વેપારીને શોભે નહિ. કાળા બજાર વેપારીને કલંક ચઢાવે, બળતી વાત કરી માલ ઠસાવવાની ફાનત વેપારીને હલકો બનાવે અને ખોટા રંગ, હલકા ફુગાવા કે કાચા રંગનો ઉપયોગ કદી ડાંઘાંને શીંકે ન ચઢાવે. થોડો વખત ગોટો ચાલે, પણ અંતે દૂધના દૂધમાં જાય અને પાણીનાં પાણીમાં ભળે.

માટે સાચા વેપારી થવું હોય તો વેપારની ધગશ હોવી જોઇએ, વેપારમાં નામના કરવાની તમન્ના હોવી જોઇએ. નામનાની પાછળ સત્યની પ્રતિજ્ઞા જોઇએ અને પ્રતિજ્ઞા પાછળ દૃઢ વિશ્વાસ અને પાકો નિશ્ચય જોઇએ. જેણે વેપાર જમાવવો હોય તેણે ઘરમેળું કરવાની ઇચ્છા

ન રાખવી ઘટે, એણે તો વેપાર ખાતર સંન્યાસ લેવો ઘટે, વેપાર પાછળ સર્વનો ભોગ આપવો ઘટે, અને વેપારમાં ઘરાકનો સર્વોદય ઓછે ખરચે કેમ થાય તેની ચાલુ ચિંતા રાખવી ઘટે. સાચા માણસો અંતે વેપારમાં આગળ વધે, જમાવટ કરે, ઉદ્યોગપતિ થાય અને પોતાના કુટુંબ માટે 'ગુડવીલ' મૂકતા જાય. ગુડવીલનો ઉદ્દેશ ન હોય પણ પરિણામે તો જમાવટ જ થાય. વેપાર માટે સચ્ચાઈ જોઇએ, ધગશ જોઇએ, શોખ જોઇએ, તેની ખાતર સ્વાર્પણ કરવાની વૃત્તિ જોઇએ. લાભ તો થાય જ પણ તે આનુષંગિક હોય, છતાં આખરે તે અનિવાર્ય બને.

---

Our organisation has not been built up with the thought of providing a safe livelihood only for its founders. There have been higher motives.

From Testament of Thomas Bata.

(૯૦)

## વાસ્તવદર્શિતા

**આપણે તો અહીં અને અત્યારે જ રહીએ છીએ; અને આપણે કાંઇ પણ મેળવવાના કે દહાડા વાળવાના હોઈએ તો જે સંયોગોમાં આપણે આવી પડેલા છીએ તેમાંથી જ શક્કરવાર વળવાનો છે.**

મારી પાસે પૈસા હોત તો હું કેળવણીની સંસ્થાઓ સ્થાપત કે ગામને ઝાંપે ચોખા મૂકત કે ગામમાં કોઇને હાથ લાંબો કરવાનો વખત ન રહેવા દેત, અથવા હજારો માણસોને રોજી આપત કે મોટા પાયા ઉપર કારખાનાં કાઢત,

કે અનેક કંપનીઓની સ્થાપના કુદરત વગેરે વગેરે. આ સર્વ ખાલી ઉધામા છે નિરર્થક માનસિક ચાળા છે, હેતુ પરિણામ વગરનાં નિબંળ બહાનાં છે અને આવા વિચારો થાકેલા, હારેલા, પાછા પડેલા, નબળા થઇ ગયેલા કે નાદાર બની ગયેલા જ કરે. હું લખપતિ હોત તો જથ્થાબંધ વેપાર કરત, કે હું કરોડપતિ હોત તો આશ્રમસ્થાનો, વ્યાપારગૃહો કે ઉદ્યોગગૃહો બંધાવત આ તો માંદા પડેલાં મનનાં તર્ક વિતર્કનાં જાળાં છે, સનેપાતના વલોપાત છે, હારેલ જુગારીનાં મનમનામણાં છે. જે ભડવીર હોય, જે કાર્યકુશળ હોય, જે વેપારીના નામને શોભા આપનાર હોય તે કદી આવા વિચાર કરે નહિ. એ તો જંગલમાં મંગળ કરે, ન હોય ત્યાં નવાં વ્યાપારો ખેડે, બીજાને ન સૂઝે તેવી તરકીબો કાઢે, નવીન ભાતોનો ઉઠાવ જમાવે અને કાંકરાના સોના ચાંદી બનાવે. એ કોઈના ડરથી ગભરાય નહિ, એ કોઇના પૈસા જોઇ લોભાય નહિ, એ પાડોશીની ઉન્નતિ જોઈ બળતરા કે ઇર્ષા કરે નહિ, એ એકાદ ઊલટા સપાટાથી શેહ ખાઇ જાય નહિ અને એ વિરુદ્ધ પડતી કુદરત કે આવી પડતી આફતના ફાંદામાં અટવાઇ જાય નહિ. સાચો વેપારી અન્યનો વાંક કાઢે નહિ, અન્યની ઉન્નતિની અદેખાઈ કરે નહિ, અન્યના તેજમાં અંજાઇ જાય નહિ, અન્યનાં ગળાં રેંસવાની તરકીબો રચે નહિ, બીજાની હવેલી જોઇ પોતાની ઝૂંપડી બાળી નાખે નહિ. કુનેહબાજ સાચો વેપારી તો પોતે જે સ્થિતિમાં આવી પડ્યો હોય તેમાં મોજ માણે. એ જાણે કે હું ને મારી હાટડી, પોતે અને પોતાનો ડબલો, પોતે અને પોતાની નાનકડી દુનિયા એ જ પોતાનાં સાચાં હલેસાં છે. એને તુંબડે જ પોતે સંસારસમુદ્ર તરવાનો છે, એ હલેસે જ પોતાની નૌકા આગળ ચલાવવાની છે અને એ જ ગરમ પાણીએ પોતાનાં ચોખા પકવવાના છે. એ જાણે કે પોતાને જે કાંઈ મળવાનું છે તે પોતે છે અને પોતાનાં છે, એનાથી જ પોતે મેળવનાર છે અને એ છે એ જ પોતાનું સર્વસ્વ છે. જો પોતાનો શુક્રવાર (સારો વખત)

કોઈ દિવસ કોઈ પણ વખતે વળનાર હશે તો તે તેમનાથી જ અને તેમની મારફત જ થનાર છે.

આવા દેશમાં આપણે યુરોપ અમેરિકા વગેરે દેશોના વ્યાપારની વાત કરીએ કે નાની હાટડીમાં હજારો ગાંસડીના સોદાની વાતો કરીએ તે ખાલી જીભના લબકારા જ કહેવાય. એમાં કાંઈ વળે નહિ અને વાતો કરવાથી કાંઇ વેપાર થાય નહિ અને વેપાર થાય તો તેમાં ઊંચે અવાય નહિ. દરેક માણસને તેની લાયકાત પ્રમાણે જ મળે છે, અને લાયકાત વગરની ઈચ્છાઓ કરવી એ તો માત્ર શેખચલ્લીને જ શોભે. એટલે આપણા સંયોગો વિચારી, આપણી પોતાની સાધન-સંપત્તિનો હિસાબ ગણી આપણને મળી શકવાની શક્ય સામગ્રીનો હિસાબ ગણી, પોતાની પથારી પાથરવી અને એથી વધારે મોટી કલ્પનાના જાળમાં ફસાઈ નિરંતર અતૃપ્ત દશાની અગ્નિમાં બળ્યા કરવું નહિ. પોતાના નાના કૂબાને હવેલી માનવી, પોતાની નાનકડી હાટડીને મોટી દુકાન માનવી અને પોતાના નાના નોકરમંડળને પરિપૂર્ણ વગદાર વટદાર કામદાર વર્ગ માનવો. વ્યાપારી પાકો હોય તે સમજે કે પોતે છે તે લાખનો માણસ છે, પોતે છે તે બરાબર છે અને પોતે જેવો હોય તેમાંથી પોતાનો રસ્તો કાઢવાનો છે. આટલું સમજે તો અવિરોધપણે પોતાનો માર્ગ ધપાવે અને અદેખાઇ, ઇર્ષ્યા કે કદર્થના કર્યા વગર સંતોષી જીવનનાં સુખને અનુભવે.

---

Here and now is where we live, and if we are to achieve at all, it must be in the condition in which we find ourselves.

**Rev. J. Mellce,**

( ૯૧ )

## માત્ર પૈસાના હાલહવાલ

પૈસા ઘણુંએ ફેતરાં ખરીદી શકે, પણ ખરો માલ નહિ.
એ તમને ખોરાક આણી આપે, પણ ખાવાની રુચિ નહિ;
એ તમને દવા આણી આપે, પણ તંદુરસ્તી નહિ;
એ તમને ઓળખીતા મેળવી આપે, પણ મિત્રો નહિ;
એ તમને નોકરો જમાવી આપે, પણ વફાદારી નહિ.
એ તમને આનંદના દહાડા લાવી આપે, પણ શાંતિના કે સુખના નહિ.

વેપારીનું ધ્યાન પૈસા ઉપર હોય છે. એ વેપારની ફતેહનો ખ્યાલ કેટલી ધનપ્રાપ્તિ થઇ છે તેના હિસાબ પર કરે. એ વેપાર કરતો જાય અને મનમાં આંકડા ગણતો જાય. એ કોઇ વાર નફો ન થતો હોય તો રાશ કરે, કોઈવાર વધારે લાભ કરવા થોડું નુકસાન પણ કરે, એ ઘરાકને રીઝવવા ગમે તેવી ખુશામત પણ કરે અને જો એ ગોટાળીઓ હોય તો પૈસા મેળવવા ખાતર સાચાં ખોટાં પણ કરે, માલની ફેરબદલી કરે અને કાળાં બજાર પણ કરે. એ પૈસા ખાતર ઉજાગરા કરે, એ અક્કલ વગરના પણ માલદાર ઘરાકની પળશી પણ કરે અને એ કમાણી કરવા ખાતર પરદેશ ખેડે, ખડે પગે ઊભો રહે અને રાતદિવસ ન ગણતાં ભૂખ તરસ વેઠે, કબાડાં કરે અને લુસલુસ ખાઇને પાછો દુકાને ફરે. પૈસા મેળવવામાં એ જીવનસર્વસ્વનો ભોગ આપે, નજીવી બાબતમાં આકરાં સોગન પણ ખાઇ બેસે અને સાચાંખોટાં નામાં માંડે, નવાં દસ્તાવેજો બનાવી ઇન્કમટેક્સ બચાવવા કે ઓળવવા ખોટા હવાલા પણ માંડે. ધનને એ જીવનનું રહસ્ય સમજે અને ધન ખાતર ન કરવાનું કરી બેસે.

પણ એણે ધ્યાન રાખવું ઘટે કે ધન તો સાધન માત્ર છે, એનાથી ખરું જીવનસુખ કે આંતરિક આનંદ માણી ન શકાય. ધન ઉપર ઉપરની સાહ્યબી ખરીદી શકે, પણ એના એકલાથી હાશ કરવાનો વારો ન આવે. ધન નોકર ખરીદી કે રાખી શકે. પણ આંતરતેજ કે ચારિત્ર વગર નોકરો પાસેથી નિમકહલાલી એ ન મેળવી શકે. અને ધનથી ખોરાકી મળે, પણ પોતે રોગી થઇ જાય, અન્ન પર અરુચિ થાય તો ધન રુચિ ન ખરીદી શકે. ધનવાન પાસે અનેક સગાં થતાં આવે, ધનવાનના સાળા થવા કઇક આવે, પણ એને જીગરનો દોસ્ત માત્ર ધનના જોરે ન મળે. ધનના જોરથી એ વરઘોડા ચઢાવે, પણ સુખશાંતિનું સ્વપ્નું એને ધનના જોરમાત્રથી ન મળે.

માટે ધનને માત્ર જીવનનું ધ્યેય ન માનવું. ધનમાં ઐહિક સગવડ ખરીદવાની તાકાત હોય છે, પણ આંતરિક આનંદ, આત્માનો આનંદ, આત્મિક એકરૂપતા, નિર્વિકાર ચિદ્રૂપતા, અનંત આનંદઘન ન લાવી શકે. ધન સાથે ચારિત્ર હોય, ધન સાથે પ્રવીણતા હોય, ધન સાથે અંતર્રસિકતા હોય, ધન સાથે સદ્ગુણનો સંચય હોય તો જુદી વાત છે. માત્ર 'ધન ધન' કરી ધનના રાગડા તાણવા અને ધન ખાતર ગમે તેવાં ભવાડાં થવા દેવા એમાં વેપારની કુશળતા નથી. ધન સાથે આંતરવિકાસ અને સદ્ગુણની આંતરસમૃદ્ધિ જમાવવી એ ખૂબ અગત્યની બાબત છે. કુશળ વેપારી માત્ર સ્થૂળમાં રાચી ન જાય. એ અંતરને પણ કેળવે.

---

Money can buy the husk of many things, but not the kernel. It brings you food, but not appetite, medicine but not health, acquaintances but not friends, servants but not faithfulness, days of joy but not peace or happiness. —Henrik Ibsen

## ( ૯૨ )

# જરૂરિયાતો

મિલકત મોટી મોટી વસ્તુઓની માલીકીમાં રહેલી નથી; પરંતુ બને તેટલી ઓછી જરૂરિયાતમાં રહેલી છે.

મિલકતનો લોકોનો ભિન્ન ભિન્ન પ્રકારનો ખ્યાલ હોય છે; કેટલાક ધણી જમીનને મિલકત માને છે, કેટલાંક બેન્ક બેલેન્સ વારંવાર તપાસી તેને પોતાની મિલકત માને છે, કેટલાક ઢોરોને પોતાની મિલકત માને છે, કેટલાક વ્યાપારને પોતાની મિલકત માને છે, અને કેટલાક રોકડ પોતાની પાસે હોય તેને જ મિલકત માને છે. આ સર્વ ખોટાં છે એમ એપીક્યુરસનું કહેવું છે, અને તેનું શાસ્ત્ર સમજવા જેવું છે. આપણે ખરી મિલકત શું છે તેનો વિચાર કરીએ તો આપણને વિચારમાં નાંખી દે તેવી બાબત છે. એમાં મોટાં મહેલની કે કંપનીની વાત નહિ, એમાં બેન્ક બેલેન્સની કે રોકડ રકમની વાત ન હોય ત્યારે શું હોય તે અત્ર સમજાવવામાં આવ્યું છે. તેની દૃષ્ટિમાં થોડી મિલકતોનો વારસો મળવાનો હોય કે બેન્કમાં લાખો રૂપિયા જમે હોય અથવા રોકડ મૂડી હોય તે મિલકત નથી, પણ તે તદ્દન જુદી જ વસ્તુને મિલકત ગણે છે. તે કહે છે કે બેન્ક બેલેન્સથી રાજી ન થાઓ, પણ તમારી જરૂરિયાતને જેમ બને તેમ ઓછી કરો અને આખરે કાંઈ જોઈતું નથી એવી વૃત્તિ રાખો. એ તમારી ખરી મિલકત છે, બીજાં ફાંફાં છે. આ વાત કેમ બને તે સંબંધમાં આપણે મિલકતનું સૂત્ર વિચારીએ તો આપણને જણાશે કે સોવાળાને હજારની આશા, હજારવાળાને લાખની આશા, લાખવાળાને કરોડની આશા, અને કરોડોવાળાને રાજરાજેશ્વર થવાની અને રાજરાજેશ્વરને ઇંદ્ર થવાની હોંશ હોય છે અને એટલા માટે આશા-તૃષ્ણાને આકાશ સાથે સરખાવવામાં આવે છે. કેમ કે એનું માપ કોઈથી થઈ શકતું નથી

અને મૂળ આશા તો નિરંતર વધતી જાય છે. આકાશ કેટલા ફૂટ લાંબું છે અને કેટલું પહોળું છે તેનું જો કોઈ માપ કરી શકે તો ઇચ્છાનું માપ થાય, પણ તે શક્ય નથી એટલે આશા–તૃષ્ણાને આકાશ સાથે સરખાવવામાં આવેલ છે. આકાશનું માપ શકય હોય તો તૃષ્ણા અથવા ઇચ્છાનું માપ શકય છે. આકાશને માપી ન શકાય તો તૃષ્ણાને માપી ન જ શકાય, આવો અભિપ્રાય વિદ્વાનોનો છે. તેઓ જણાવે છે કે તૃષ્ણાની ખાતર પોતાનો તપ કે પોતાનું જ્ઞાન જે ખોઇ બેસે છે તે મૂર્ખ છે, અને કાગડાને ઉડાડવા માટે ચિંતામણિરત્નનો ઉપયોગ કરનાર જેવા છે. પણ જેને કાંઈ જોઇતું નથી, જેની જરૂરિયાતો મર્યાદિત છે તે ખરા ધનવાળા છે, તેને વારંવાર નમન કરવામાં આવે તો તે યોગ્ય છે, તેના ગુણો દેવલોકમાં પણ ગવાય છે અને તે ખરા તાલેવંત છે. એટલે પોતાની ઇચ્છાઓને મર્યાદિત કરવી એ અતિ મહત્વનું કામ છે, અને તે જ ખરેખરા ધનવાળા છે એમ સમજવું. જે માણસો પોતાની જાતને થોડાં વીઘાં જમીન અથવા રોકડથી પૈસાદાર માને છે તે આ દૃષ્ટિએ વિચારતાં થાપ ખાતાં માલૂમ પડે છે; તાલેવંતપણું થોડી વસ્તુ, ફરનીચર કે જમીન અથવા રોકડમાં નથી, પણ તેના ત્યાગમાં છે. મારે કાંઈ જોઇએ નહિ એ એનો મુદ્રાલેખ હોય છે.

ધર્મિષ્ટ માણસની જરૂરિયાતો ઘણી રીતે મર્યાદિત હોય છે, અને એવા જ માણસો સાચા ધર્મપ્રિય હોઇ શકે છે. જો કે વ્યાખ્યાનમાં એનું સ્થાન છેલ્લું હોય તો તેથી તે ગભરાય નહિ, પણ પોતાને કાંઇ જોઇતું નથી એવા નિજાનંદને તે સાચી રીતે ધનવાન હોવાપણું માને અને તે જ સત્ય છે.

---

Wealth consists not in having great possessions, but in having few wants.

EPICURUS

જીવનને ઘડવામાં ઉપયોગી બે પ્રાણવાન પ્રકાશનો

# જ્ઞાનપ્રદીપ

આ ગ્રંથમાં સ્વ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ-સંગ્રહ રજૂ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાચન-મનન કરવા જેવો છે. લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮-૦ રાખવામાં આવેલ છે (રવાનગી ખર્ચ અલગ)

# કથાદીપ

લેખક મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

તત્વચિંતક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી(ચિત્રભાનુ)ના આ ગ્રંથ સંબંધી સુવિખ્યાત નવજીવન પત્ર પરિચય આપતાં જણાવે છે કે:-

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગ્રહિત થયેલી ૨૩ લઘુકથાઓ આપણા જીવનને ઘડવામાં ઉપયોગી થાય એવી છે. તેમાં મુનિશ્રીનું ઊંડું ચિંતન તેમજ નિર્મળ દર્શન દૃષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલાં વિચાર મૌક્તિકો પણ સુવિચારપ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવું છે કિંમત દોઢ રૂપિયો (પોસ્ટેજ અલગ) બન્ને ગ્રંથો આજે જ મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**